॥ नमो नमो निम्मलदंसणस्स ॥

# આગમસૂત્ર

## સટીક અનુવાદ

૨૦

અનુવાદ શ્રેણી સર્જક -

**મુનિ દીપરત્નસાગર**

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ

नमो नमो निम्मलदंसणस्स

પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# આગમસટીક અનુવાદ

# પ્રજ્ઞાપના-૧

-: અનુવાદ-શ્રેણીના સર્જક :-

## મુનિ દીપરત્નસાગર

તા. ૨૩/૧૦/૨૦૦૯ શુક્રવાર ૨૦૬૬ કા.સુ.૫

આગમ સટીક અનુવાદ
ભાગ ૧ થી ૪૨ સંપૂર્ણ
મૂલ્ય-રૂા-૧૦,૦૦૦

૦ શ્રી શ્રુત પ્રકાશન નિધિ ૦

સંપર્ક સ્થળ

આગમ આરાધના કેન્દ્ર, શીતલનાથ સોસાયટી
ફ્લેટ નં. ૧૩, ચોથે માળે, વ્હાઈ સેન્ટર,
ખાનપુર, અમદાવાદ.





## આગમ સટીક અનુવાદના

આ ભાગ - **૨૦** માં છે...

૦ ''પ્રજ્ઞાપના''-ઉપાંગસૂત્ર-૪-ના

—૦— પદ-૧-થી

આરંભીને

—૦— પદ-૫-સુધી

-- x -- x -- x -- x -- x -- x -- x --

-: ટાઈપ સેટીંગ :-
શ્રી મહાકાલી એન્ટરપ્રાઈઝ
ચાંદલોડિયા, અમદાવાદ.
(M) 9824419736

-: મુદ્રક :-
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ, અમદાવાદ.
Tel. 079-25508631

## ૦ વંદના એ મહાન્ આત્માને ૦

વિક્રમ સંવત-૨૦૬૧માં ફાગણસુદ-૩ નો દિવસ અને મંગલપારેખના ખાંચામાં શ્રી શાંતિનાથ પરમાત્માની વર્ષગાંઠનો પ્રસંગ, અતિભવ્ય અને ઘણી જ લાંબી રથયાત્રાના પ્રયાણની ઘડીએ, આગમોના ટીકા સહિતના અનુવાદ કરવા માટેની મનોભાવનાનું જેમના મુખેથી વચન પ્રાગટ્ય થયું, અંતરના આશીર્વાદ, સૂરિમંત્રથી અભિમંત્રિત વાસ ચૂર્ણનો ક્ષેપ અને ધનરાશિની જવાબદારીના યથાશક્ય સ્વીકાર સહ જેમની કાર્ય પ્રેરણાની સરવાણીમાં ભીંજાતા મારા ચિત્તે આશિર્ષ અનેરો હર્ષોલ્લાસ અનુભવ્યો. જેમની હયાતી દરમ્યાન કે હયાતી બાદ પણ, જેમના નામસ્મરણ માત્રથી આ કાર્ય વિઘ્નરહિતપણે મૂર્ત્ત સ્વરૂપને પામ્યું, એવા...

**પૂજ્ય આચાર્યશ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજી મ૦ ના**

**ચરણ કમળમાં સાદર કોટીશઃ વંદના**

## ૦ કેમ ભૂલાય એ ગુરુદેવને પણ ? ૦

ચારિત્ર પ્રતિ અંતરંગ પ્રીતિથી યુક્ત, અનેક આત્માઓને પ્રવ્રજ્યા માર્ગે પ્રયાણ કરાવનાર, સંયમમૂર્તિ, પ્રતિ વર્ષ ઉપધાન તપ વડે શ્રાવકધર્મના દીક્ષા દાતા, શારીરિક સમસ્યાઓ વચ્ચે પણ બંને શાશ્વતી ઓળીની આરાધનાને ન ચૂકનારા, સાગર સમુદાયમાં ગચ્છાધિપતિ પદને શોભાવનારા અને સમર્થ શિષ્ય પરિવારયુક્ત એવા મહાન વિભૂતિરત્ન–

**પૂજ્ય આચાર્યશ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ૦**

જેમના આજીવન અંતેવાસી, શાસનપ્રભાવક

**પૂજ્ય આચાર્યશ્રી હર્ષસાગરસૂરિજી મ.સા.**

જેમણે આ અનુવાદ કાર્ય માટે ઘણાં વર્ષો પૂર્વે પ્રેરણા કરેલી અને આ કાર્ય સાદ્યંત પાર પહોંચાડવા માટે વિપુલ ધનરાશિ મોકલાવી.

*ઉક્ત બંને આચાર્ય ભગવંતોની અસીમ કૃપા અને તેઓ દ્વારા પ્રેરિત સંઘો થકી થયેલ ધનવર્ષાના બળે પ્રસ્તુત કાર્ય મૂર્ત્તસ્વરૂપ પામ્યું.*



**આગમ સટીક અનુવાદના**

**આ ભાગ ૨૦ ની**

**સંપૂર્ણ દ્રવ્ય સહાયના પ્રેરણાદાતાશ્રી**

**પ.પૂ. આ.દેવ શ્રી ભક્તિસૂરીશ્વરજી મ.ના**

**સમુદાયવર્તી**

***પૂજ્ય આચાર્યશ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજી***

**તેઓશ્રીની પ્રેરણાથી લાભલેનાર**

**શ્રી ભાવનગર જૈન શ્વે.મૂ.પૂ.સંઘ**

**ભાવનગર**

# અનુદાન દાતા

**આગમ સટીક અનુવાદના કોઈ એક ભાગના સંપૂર્ણ સહાયદાતા**

સચ્ચારિત્ર ચુડામણી પૂજ્ય ગચ્છાધિપતિ સ્વ૦ આચાર્યદેવ
શ્રીમદ્ દેવેન્દ્રસાગરસૂરીશ્વરજીના આજીવન અંતેવાસી
**સદ્‌ગુણાનુરાગી પૂજ્ય આ૦દેવશ્રી હર્ષસાગરસૂરિજી મ.ની**
જ્ઞાનઅનુમોદક પ્રેરણાથી પ્રેરિત
શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ
તથા શ્રી શેઠ ફૂલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, સુરત.
**૧૬ ભાગોના સંપૂર્ણ સહાયક થયેલ છે.**

**પરમપૂજ્ય સરળ સ્વભાવી, ભદ્રિક પરિણામી, શ્રુતાનુરાગી**
**સ્વ૦ આચાર્યદેવશ્રી વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની**

પુનિત પ્રેરણાથી **૧૦ ભાગો માટે**
નીચેના સંઘો સહાયક થયા છે.

(૧) શ્રી મંગલપારેખનો ખાંચો, જૈનસંઘ, અમદાવાદ બે ભાગ.
(૨) શ્રી ભાવનગર જૈન શ્વે૦મૂ.પૂ. સંઘ, ભાવનગર બે ભાગ.
(૩) શ્રી આદિનાથ જૈન શ્વે૦ મૂ.પૂ. સંઘ, નવસારી બે ભાગ.
(૪) શ્રી ગિરિરાજ સોસાયટી આદિનાથ જૈન સંઘ, બોટાદ બે ભાગ.
(૫) શ્રી જૈન શ્વે૦ મૂ.પૂ. તપાગચ્છ સંઘ, બોટાદ એક ભાગ.
(૬) શ્રી પાર્શ્વભક્તિધામ જૈન ધાર્મિક ટ્રસ્ટ, તણસા એક ભાગ.

*[પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજીની પ્રેરણાથી તેમના સમુદાયવર્તી શ્રમણીવર્યાઓ તરફથી પ્રાપ્ત સહાયની નોંધ આગળ છે.]*

સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી વૈયાવચ્ચ પરાયણ **પંન્યાસ પ્રવર શ્રી વજ્રસેનવિજયજી મ.સા.**ની પ્રેરણાથી એક ભાગ-શ્રી હાલારતીર્થ આરાધના ધામ, વડાલિયા, સીંહણ, તરફથી

આગમ સટીક અનુવાદ શ્રેણીના સર્જક **મુનિશ્રી દીપરત્નસાગરજી**ની પ્રેરણાથી આ બે દાતાઓએ મળીને એક ભાગ માટે સહાય કરી છે.

(૧) શ્રી જૈન શ્વે૦ મૂર્તિ૦ સંઘ, થાનગઢ

(૨) શાહ હંજારીમલજી ભૂરમલજી, કર્નૂલ.

**પૂ૦પૂ૦ ક્રિયારૂચિવંત, પ્રભાવક, આદેય નામકર્મધર સ્વર્ગસ્થ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજીથી પ્રેરિત પુન્યવંતી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત અનુદાનો**

૧- વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ભક્તિસૂરીશ્વરજી સમુદાયવર્તી મિલનસાર **સાધ્વીશ્રી સૌમ્યપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી ત્રણ ભાગો માટેની દ્રવ્ય સહાય પ્રાપ્ત થઈ છે, તે આ પ્રમાણે—

- (૧) શ્રી કારેલીબાગ, શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, વડોદરા.
- (૨) શ્રી કારેલીબાગ, જૈન સંઘની શ્રાવિકા બહેનો, વડોદરા.
- (૩) શ્રી ભગવાન નગરનો ટેકરો, જૈનસંઘ, અમદાવાદ.

૨- સુવિશાળ પરિવારયુક્તા **સાધ્વીશ્રી ભાવપૂર્ણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી "શ્રી ક્ષેત્રપાલ ભક્તિ ટ્રસ્ટ" - નવસારી તરફથી.

૩- વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્યદેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **પ.પૂ. સાધ્વીશ્રી ધ્યાનરસાશ્રીજી તથા સાધ્વીશ્રી પ્રફુલ્લિતાશ્રીજી**ની પ્રેરણાથી -

"શ્રી માંગરોળ જૈન શ્વે૦ તપ૦ સંઘ, માંગરોળ - તરફથી.

૪- પરમપૂજ્યા જયશ્રીજી-લાવણ્યશ્રીજી મ૰ના પરિવારવર્તીની **સાધ્વીશ્રી સત્યાનંદશ્રીજી મ.સા.**ની પુનિત પ્રેરણાથી
"શ્રી ગાંધીનગર જૈન સંઘ, બેંગલોર - તરફથી."

૫- પરમપૂજ્ય ક્રિયારૂચીવંત આ૰દેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૰ના સમુદાયવર્તી **શ્રમણીવર્યા મોક્ષનંદિતાશ્રીજી** મ૰ની પ્રેરણાથી
"શ્રી વલ્લભનગર જૈન શ્વે૰મૂ૰પૂ૰ સંઘ, વલ્લભનગર, ઈન્દૌર

**પરમપૂજ્ય આગમોદ્ધારક, સામાચારી સંરક્ષક, બહુશ્રુત આચાર્યદેવ આનંદસાગરસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી શ્રુત અનુરાગીણી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત સહાયો.**

(૧) પરમપૂજ્યા નીડરવક્તા **સાધ્વીશ્રી ચંદ્રયશાશ્રીજી** મ૰થી પ્રેરિત
-૧- શ્રી ત્રિલોકપદ્મ ચિંતામણિધામ જૈન સંઘ, અંધેરી, મુંબઈ.
-૨- શ્રી મહાવીરનગર જૈન દહેરાસરજી ટ્રસ્ટ, નવસારી.

(૨) અપ્રતિમ વૈયાવૃત્ત્યકારિકા પ.પૂ. મલય-પ્રગુણાશ્રીજી મ૰ના શિષ્યા સુસંવાદી પરિવારયુક્તા **સાધ્વીશ્રી પ્રશમશીલાશ્રીજી** મ૰ના શ્રુતાનુરાગી શિષ્યા સા૰શ્રી પ્રશમરત્નાશ્રીજીની પ્રેરણાથી-
"શ્રી શ્વેતાંબર જૈન તપાગચ્છ સંઘ," વાંકાનેર.

(૩) પરમપૂજ્યા માતૃહૃદયા **સાધ્વીશ્રી અમિતગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી
- "શ્રી આદિનાથ જૈન શ્વે૰ સંઘ," ભોપાલ.

(૪) પરમપૂજ્યા વર્ધમાનતપસાધિકા, શતાવધાની **સાધ્વીશ્રી અમિત-ગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી-૧૦૦ ઓળીની પૂર્ણાહૂતિ નિમિત્તે
"કરચેલીયા જૈન શ્વે૰ મહાજન પેઢી," કરચેલીયા, સુરત.

(૫) શ્રમણીવર્યા ભક્તિરસિક પૂજ્ય મલયાશ્રીજી મ૦ના વ્યવરદક્ષ શિષ્યા **સાધ્વીશ્રી હિતજ્ઞાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી જૈન મરચન્ટ સંઘની શ્રાવિકા બહેનો, અમદાવાદ.

(૬) પરમપૂજ્યા મલય-કૈવલ્ય-ભવ્યાનંદશ્રીજી મ૦ના સુવિનિતા મિષ્ટ ભાષી, તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પૂર્ણપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી
"સર્વોદય પાર્શ્વનાથ ચેરિટેબલ ટ્રસ્ટ," મુંબઈ

## આગમ-સટીક અનુવાદ સહાયકો

(૧) પ.પૂ. ભગવતીજી દેશનાદક્ષ **આ૦દેવશ્રી નરદેવસાગરસૂરિજી મ૦સા૦**ની પ્રેરણાથી - "શ્રી વિશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ," જામનગર.

(૨) વર્ધમાન તપોનિધિ પૂજ્ય આ.દેવ **શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ૦** ની પ્રેરણાથી – "અભિનવ જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ," અમદાવાદ.

(૩) શ્રુતસંશોધનરસિક પૂજ્ય **આ૦દેવશ્રી મુનિચંદ્રસૂરિજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી વિજયભદ્ર ચેરિટેબલ ટ્રસ્ટ," ભીલડીયાજી.

(૪) પ.પૂ. જયલાવણ્યશ્રીજી મ૦સા૦ના સુશિષ્યા **સા૦ સૂર્યપ્રભાશ્રીજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી ભગવતીનગર ઉપાશ્રયની બહેનો," અમદાવાદ.

(૫) પરમપૂજ્યા વરધર્માશ્રીજી મ૦ના શિષ્યા તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પ્રીતિધર્માશ્રીજી** મ૦ની પાવન પ્રેરણાથી.

- (૧) શ્રી પાર્શ્વભક્તિ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, ડોંબીવલી.
- (૨) શ્રી રાજાજી રોડ શ્વે૦મૂ૦પૂ૦ તપા૦ જૈન સંઘ, ડોંબીવલી.

(૬) સ્વનામધન્યા **શ્રમણીવર્યાશ્રી સૌમ્યગુણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી.
"શ્રી પરમ આનંદ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ," પાલડી, અમદાવાદ.

**મુનિ દીપરત્નસાગરજી દ્વારા પ્રકાશિત સાહિત્ય-એક ઝલક**
**કુલ પ્રકાશનોનો અંક-૩૦૧**

## १-आगमसुत्ताणि-मूलं

### ૪૯-પ્રકાશનો

આ સંપુટમાં મૂળ આગમો છે. જેમાં ૪૫ આગમો ૪૫ અલગ-અલગ પુસ્તકોમાં મુદ્રિત કરાવાયેલ છે. ચાર વૈકલ્પિક આગમો પણ તેમાં સમાવાઈ ગયેલ છે. એ રીતે ૪૫ + ૪ કુલ (૪૯) આગમોનું આ સંપુટમાં સંપાદન છે. તેમજ પ્રત્યેક સૂત્રને અંતે પૂજ્ય સાગરાનંદસૂરિશ્વરજી સંપાદિત આગમો તથા તેની વૃત્તિના અંકો પણ ટાંક્યા છે.

અમારા આ પ્રકાશનમાં શ્રુતસ્કંધ, શતક/અધ્યયન/વક્ષસ્કાર/પદ, પ્રતિપત્તિ, ઉદ્દેશક, સૂત્ર/ગાથા આદિ સ્પષ્ટતયા જુદા નજરે પડે તેવી વિશિષ્ટ મુદ્રણકલાને પ્રયોજેલ છે. પુસ્તકો અલગ-અલગ અને નાના કદના હોવાથી વાંચન કે કંઠસ્થ કરવાની અતિ સરળતા રહે છે.

૪૫-આગમની પૂજા, પૂજન, રથયાત્રા કે શ્રી ગૌતમસ્વામી પૂજનાદિ માટે અલગ-અલગ પીસ્તાળીશ પુસ્તકો હોવાથી ગોઠવણી સરળ બને છે.

आगमसद्दकोसो, आगमनामकोसो, આગમવિષયદર્શન, આગમકથાનુયોગના મૂળ સંદર્ભ જોવા માટે આ પ્રકાશન વસાવવું જરૂરી જ છે. જેની કિંમત છે રૂા. ૧૫૦૦/-દર્શન-પૂજન માટે આજીવન ઉપયોગી છે.

## ૨. આગમ-ગુજરાતી અનુવાદ

### ૪૭-પ્રકાશનો

આપણા મૂળ આગમો અર્ધમાગધી ભાષામાં છે. જેઓ ભાષાજ્ઞાનથી વંચિત છે, શાસ્ત્રીય કારણોથી આગમના અભ્યાસથી વંચિત રહ્યા છે, આગમોની વાંચના પ્રાપ્ત કરી શકતા નથી ઈત્યાદિ કારણે આગમિક પદાર્થોનું જ્ઞાન પામી શક્યા ન હોય તેવા ભવ્યાત્માઓ શ્રી કલ્પસૂત્ર માફક સરળતાથી આગમોનું વાંચન અને બોધ પ્રાપ્ત કરી શકે, તેમજ ભવભીરુ આત્માઓ પોતાનું જીવન માર્ગાનુસાર બનાવી શકે તેવું પ્રકાશન.

સાત ભાગોમાં સમાવિષ્ટ ૨૮૦૦ જેટલા પૃષ્ઠોમાં પીસ્તાળીશ આગમોનો અક્ષરશઃ અનુવાદ ધરાવતા આ "આગમદીપ" સંપુટમાં બીજા બે વૈકલ્પિક આગમોનું ગુજરાતી પણ આપેલ જ છે.

અંદાજે ૯૦,૦૦૦ શ્લોક પ્રમાણ મૂળ આગમનો આ ગુજરાતી અનુવાદ રૂા. ૨૦૦૦/-ની કિંમતે ઉપલબ્ધ થઈ શકે છે. પણ હાલ તેની એક પણ નકલ બચેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની લોકપ્રિયતાનો પૂરાવો છે. અનેક પૂજ્યશ્રીએ આ ગુજરાતી અનુવાદનો સ્વાધ્યાયાદિ અર્થે ઉપયોગ કરેલો છે.

## ३. आगमसुत्ताणि-सटीकं
### ૪૬-પ્રકાશનો

જેઓને મૂળ આગમો વાંચ્યા પછી તેની વિસ્તૃત સમજ મેળવવી છે. તેમાં રહેલા પદાર્થોને ઊંડાણથી અવગાહવા છે, તેમાં રહેલા તત્ત્વો આધારિત કથા, દૃષ્ટાંત કે દ્રવ્યાનુયોગને જાણવો છે, તેવા વિશિષ્ટ જ્ઞાનપિપાસુ માટેનું અમારું આ ૧૩,૦૦૦ જેટલા પૃષ્ઠોમાં પથરાયેલ અને ત્રીશ ભાગોમાં વિભાજીત એવું દળદાર પ્રકાશન છે.

આ પ્રકાશનમાં મૂળ આગમો પર પ્રાપ્ત બધી જ નિર્યુક્તિઓ, ૩૯ આગમો પરની વૃત્તિ, શેષ આગમોની સંસ્કૃત છાયા, કેટલાંક ભાષ્યો તથા ચૂર્ણિઓ ઈત્યાદિ સર્વે વિવેચનોનો સમાવેશ કરાયેલ છે.

સૂત્રો અને ગાથાના સ્પષ્ટ અલગ વિભાજન, પ્રચુર પેરેગ્રાફ્સ, અધ્યયન, ઉદ્દેશક, સૂત્ર આદિની સુસ્પષ્ટ અલગ પેજ લાઈન તેમજ અમારા મૂળ અને અનુવાદિત આગમોમાં અપાયેલા ક્રમાંક મુજબના જ સૂત્ર ક્રમાંકન તથા વ્યવસ્થિત અનુક્રમણિકાને લીધે કોઈપણ પસંદિત ચોક્કસ વિષયવસ્તુ કે સમગ્ર અધ્યયનના વાંચનમાં સરળતા રહે તે રીતે આ સંપુટનું સંપાદન અને મુદ્રણ કરાયેલું છે.

આ પ્રકાશનના અભ્યાસમૂલ્ય અને સંશોધનક્ષેત્રે ઉપયોગિતા તેમજ સમગ્ર વિશ્વમાં આગમ પ્રકાશનની આવી એક જ માત્ર શ્રૃંખલા ઉપલબ્ધ હોવાને કારણે રૂા. ૧૧,૦૦૦/- મૂલ્ય હોવા છતાં તેની એક પણ નકલ સ્ટોકમાં રહેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની મહત્તા સાબિત કરે છે.

## ૪. આગમ-વિષય-દર્શન

આ એક એવું પ્રકાશન છે, જેમાં ૪૫-આગમોની વિશદ્‌રૂપે અનુક્રમણિકા અપાયેલ છે, છતાં તેના પૃષ્ઠો છે. – ૩૮૪.

પ્રત્યેક આગમના પ્રત્યેક સૂત્ર કે ગાથાના વિષયોને એ જ આગમોના સૂત્રોના ક્રમાંકન અનુસાર, અતીવ સુસ્પષ્ટ રૂપે અને પૃથક્-પૃથક્ સ્વરૂપે અપાયેલી આ અનુક્રમણિકાથી તમે તમારો મનગમતો-આવશ્યક કે તમારા સંશોધન અને લેખનને અનુરૂપ વિષય સહેલાઈથી પસંદ કરી શકો છો.

ગુજરાતી ભાષામાં તૈયાર કરાયેલ આ અનુક્રમણિકાથી તમે અમારા અનુવાદિત આગમોમાં તો મૂળ વિષય જોઈ જ શકો છો. તદુપરાંત મૂળ આગમો કે આગમસટીકં માં પણ તમારી પસંદગીનો વિષય શોધવો આ બૃહત્ અનુક્રમ પરથી ખૂબ જ સરળ છે.

રૂા. ૪૦૦/-ની કિંમતને લક્ષમાં ન લઈ તેનું ઉપયોગિતા મૂલ્ય સમજશો.

## ૫. आगमसद्दकोसो

### ૪-પ્રકાશનો

આ શબ્દકોશ - એટલે સંદર્ભસ્થળ નિર્દેશ સહિતની "આગમ-ડીક્ષનેરી" જેમાં તમને મળે છે મૂળ આગમમાંથી લેવાયેલા ૪૬,૦૦૦ શબ્દો અને તેના ૩,૭૫,૦૦૦ જેટલા આગમ સંદર્ભો સહિત મૂળ-અર્ધમાગધી શબ્દોના સંસ્કૃત અર્થ અને ગુજરાતી એક કે વધુ અર્થો.

ચાર ભાગોમાં સમાવિષ્ટ ૨૪૦૦ જેટલા પાનાઓનો આ પુસ્તકનો સેટ મેપલીથો કાગળ, પાકુ બાઈન્ડીંગ અને આકર્ષક મુખપૃષ્ઠ તો ધરાવે જ છે. પણ તમારે માટે તેની ઉપયોગિતા છે — अ થી ह પર્યંતનો કોઈપણ શબ્દ શોધવા માટે. ત્યાં ફક્ત શબ્દનો અર્થ જ જોઈને બેસી નથી રહેવાનું. પણ પીસ્તાળીશે પીસ્તાળીશ આગમોમાં આ શબ્દ જ્યાં જ્યાં વપરાયો હોય તે-તે બધાં સ્થાનોનો નિર્દેશ પણ મળશે જ - જેના દ્વારા એક જ શબ્દ જો જુદા જુદા સંદર્ભમાં વપરાયો હશે, તો તે ભિન્ન-ભિન્ન સંદર્ભયુક્ત અર્થ કે વ્યાખ્યા પણ જાણી શકાશે.

— વળી આવા સંદર્ભો જોવા માટે તમારે જુદા જુદા પ્રકાશનોના આગમોને ફેંદવાની કોઈ જરૂર નથી. તમે માત્ર અમારું आगमसुत्ताणि — સંપુટ સાથે રાખો. તમારે ઉપયોગી શબ્દો મૂળ આગમ કે આગમ-સટીકં માં મળી જ જવાના

## ૬. आगमनामकोसो

આગમ શબ્દકોશની એક પૂરક ડીક્ષનેરી તે આ "આગમ નામકોશ". આ પ્રકાશન આગમસટીકં માં આવતા નામો (કથાઓ)ની ડીક્ષનેરી છે. આ ડીક્ષનેરીમાં કથાના પાત્રોના નામો તો કક્કાવારી ક્રમમાં આપેલા જ છે. સાથે સાથે તે પાત્રો કે નામોનો સંક્ષિપ્ત પરિચય પણ છે.

તમારે મૂળ આગમ ઉપરાંત નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ કે વૃત્તિમાં જો આ નામ કે તે નામ સાથે સંકડાયેલ કથા કે દૃષ્ટાંત જાણવા છે તો અમારી ડીક્ષનેરીમાં તે-તે નામને અંતે નિર્દેશ કરાયેલ આગમ સંદર્ભ જોવો. આગમ સંદર્ભ જોતાં જ તમને તે સંદર્ભવાળા આગમનું નામ, પંચાંગીનો પ્રકાર અને સૂત્રક્રમ મળી જશે. જેના આધારે તમે તે કથા કે દૃષ્ટાંતનો સહેલાઈથી અભ્યાસ કરી શકશો.

આ નામકોશનું મહત્ત્વ તો ત્યારે જ સમજાય જ્યારે એક જ નામ ધરાવતા એકથી વધારે પાત્રોનો અલગ-અલગ પરીચય કે જુદી જુદી કથાઓ તમને જોવા મળે. તે પણ ફક્ત રૂા. ૨૦૦/-ની કિંમતમાં.

સંદર્ભ મુજબ કથા જોવા માટે અમારું आगमसुत्ताणि-सटीकं તો છે જ.

## ૭. आगमसूत्र हिन्दी अनुवाद

### ૪૭-પ્રકાશનો

મૂળ આગમના ૯૦,૦૦૦ જેટલાં શ્લોક પ્રમાણ સાહિત્યના મૂળ પ્રકાશન પછી જેમ તેનો ગુજરાતી અનુવાદ કર્યો, તેમ હિન્દી અનુવાદ પણ કર્યો. ફર્ક એટલો જ કે આ હિન્દી અનુવાદ બાર ભાગોમાં આશરે ૩૨૦૦ જેટલા પાનાઓમાં પથરાયેલો છે. ગુજરાતી અનુવાદ કરતા ૩૦૦થી પણ વધારે પૃષ્ઠો તેમાં ઉમેરાયા છે. જે ફક્ત કદની વૃદ્ધિ જ નથી, પણ અર્થવિસ્તાર અને પેરેગ્રાફોની પ્રચૂરતા પણ ધરાવે જ છે.

હિન્દીભાષી મહાત્માઓને પણ આગમના પદાર્થજ્ઞાનથી વંચિત ન રહેવું પડે તે આશયથી તૈયાર કરાયેલ આ આગમસૂત્ર હિન્દી અનુવાદ હિન્દી ભાષાની સમૃદ્ધિ અને સાહિત્યિક મૂલ્ય તો ધરાવે જ છે. તે ગુજરાતી ભાષી આગમરસિકો અને તત્ત્વજિજ્ઞાસુઓ માટે પણ મહત્ત્વનું સંદર્ભશાસ્ત્ર બની રહ્યું છે.

રૂા. ૨૭૦૦/-નું મૂલ્ય ધરાવતા આ आगमसूत्र-हिन्दी अनुवाद માં પણ ક્રમાંકન તો મૂળ આગમ, આગમ ગુજરાતી અનુવાદ અને आगम सटीकं અનુસાર જ થયેલ છે. તેથી અભ્યાસીઓને તુલના કરવી સરળ પડે છે.

## ૮. આગમ કથાનુયોગ

### ૬-પ્રકાશનો

આગમ કાર્ય વિષયક આ અમારું નવમું પ્રકાશન છે. જેમાં "કથાનુયોગ" નામે અનુયોગની મુખ્યતા છે. આ પ્રકાશનમાં મૂળ આગમો, આગમો પરની નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિ કે અવચૂરી એ તમામનો સમાવેશ કરી આ આગમ કથાનુયોગનું સંકલન અને ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. જે છ ભાગોમાં વિભાજીત છે ૨૨૦૦ જેટલા પૃષ્ઠોમાં સમાવિષ્ટ છે અને કથાઓને દશ વિભાગમાં ગોઠવેલ છે.

આ કથાનુયોગમાં તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ એ ઉત્તમપુરુષો સંબંધી કથાનક કે માહિતીનો સંગ્રહ છે, શ્રમણ વિભાગમાં ગણધરો, પ્રત્યેકબુદ્ધો, નિહ્નવો, અન્ય શ્રમણોની કથાઓ છે. તે સાથે આશરે ૯૦થી વધુ પૃષ્ઠોમાં ગોશાળાનું કથાનક તેના પૂર્વભવ, વર્તમાનભવ અને ભાવિ ભવો સહિત મૂકેલ છે. તે સિવાય શ્રમણી કથા, શ્રાવક કથા, શ્રાવિકા કથા, અન્યતીર્થી કથા, પ્રાણી કથા, પ્રકીર્ણ કથા અને દૃષ્ટાંતોના અલગ વિભાગો છે. પ્રત્યેક કથાને અંતે તેના આગમ સંદર્ભો પણ મૂકેલા છે, જેથી મૂળ માહિતી સ્રોત જોઈ શકાય. છટ્ઠા ભાગમાં અકારાદિક્રમે પ્રત્યેક કથાના નામોની ગોઠવણી અને તેની સાથે પૃષ્ઠાંક આપેલા છે, જેથી કોઈપણ કથા શોધવી અત્યંત સરળ બને છે.

આ "આગમ કથાનુયોગ" કેવળ કથારસિકો તથા વ્યાખ્યાતાઓ માટે અત્યંત ઉપયોગી પ્રકાશન છે. જેનું મૂલ્ય માત્ર રૂા. ૧,૫૦૦/- છે. તેમજ સન-૨૦૦૪માં જ પ્રકાશિત થયેલ હોવાથી હજી સરળતાથી ઉપલબ્ધ છે.

## ૯. આગમ મહાપૂજનવિધિ

આ એક લઘુ પુસ્તિકા છે. જેમાં પીસ્તાળીશ આગમ મહાપૂજન ભણાવવા માટેની સરળ, સ્પષ્ટ, શાસ્ત્રીય વિધિ છે. સાથે-સાથે પંડિત શ્રી રૂપવિજયજી કૃત્ ૪૫-આગમ પૂજાઓ પણ આપી દીધેલ છે. અષ્ટપ્રકારી પૂજાના અભિનવ દુહા પણ છે.

કોઈપણ વિધિકારકને સહેલાઈથી પૂજન કરાવતા ફાવે તે રીતે વિધિ સાથે સૂચનાઓનો નિર્દેશ છે. તેમજ આગમ મંડપની રચના, માંડલુ, આવશ્યક સામગ્રી, વિધિમાં પ્રત્યેક કાર્ય માટે જરૂરી એવા સહાયકોની કાર્ય વહેંચણી પણ જણાવેલ છે.

મોટા ટાઈપ, પદ્યોની સુંદર ગોઠવણી, પ્રત્યેક પૂજન માટેનું અલગ પેજ, દરેક પૂજનને માટેની સૂચના, તે પૂજનની સાથે જ અપાયેલી હોય તેવું આ એક માત્ર પ્રકાશન છે.

## ૧૦. આગમસૂત્ર સટીક અનુવાદ

### ૪૮-પ્રકાશનો

પ્રસ્તુત પ્રકાશનમાં આગમોના મૂળસૂત્રોનો અક્ષરશઃ અનુવાદ તો છે જ. સાથે સાથે આગમોની નિર્યુક્તિ અને ટીકાનો પણ અનુવાદ કરેલ હોવાથી અમે "સટીક અનુવાદ" એવું નામકરણ કરેલ છે. જેમાં ૪૫ આગમો ઉપરાંત બે વૈકલ્પિક આગમો અને કલ્પ [બારસા] સૂત્રના સમાવેશથી ૪૮ પ્રકાશનો થાય છે. જેને આ સાથે અમે ૪૨-ભાગોમાં પ્રકાશિત કરેલ છે.

આ સટીક અનુવાદમાં છ છેદ સૂત્રોનો અનુવાદ માત્ર મૂળનો જ છે, તેમાં સટીક અનુવાદ નથી. સંસ્કૃત અને પ્રાકૃત ભાષાજ્ઞાનથી વંચિત શ્રુતરસિકો કે સ્વાધ્યાય પ્રેમીઓને આ અત્યંત ઉપયોગી પ્રકાશન છે, જેનું સંયુક્ત મૂલ્ય રૂા. ૧૦,૦૦૦/- છે, કે જે કિંમતમાં તો કોઈ ૪૫ સટીક આગમોનો અનુવાદ પણ ન કરી આપે.

આ સટીક અનુવાદ સંપુટમાં-અંગસૂત્રો, ઉપાંગ સૂત્રો અને મૂળસૂત્રોનો સંપૂર્ણ સટીક અનુવાદ છે. પયન્ના સૂત્રોમાં પણ ઉપલબ્ધ ટીકાઓનો અનુવાદ કરેલો જ છે, નંદી અને અનુયોગ બંને સૂત્રોનું વર્તમાન પદ્ધતિથી સાનુવાદ વિવેચન કરેલ છે અને છેદસૂત્રો, કલ્પસૂત્ર અને કેટલાંક પયન્નાઓનો મૂળનો અનુવાદ છે.

— x — x —

**આ હતી આગમ સંબંધી અમારા ૨૫૦ પ્રકાશનોની યાદી**

— x — x —

## આગમ સિવાયના સાહિત્ય સર્જનની ઝાંખી

**(૧) વ્યાકરણ સાહિત્ય :-**

૦ અભિનવ હૈમ લઘુપ્રક્રિયા ભાગ-૧ થી ૪ [૪]

— મહોપાધ્યાય વિનયવિજયજી કૃત્ "લઘુપ્રક્રિયા" પર સિદ્ધહેમ શબ્દાનુશાસન અને તેની સાથે સંબંધિત અનેક સંદર્ભગ્રંથોના ઉપયોગથી તૈયાર કરાયેલો એવો આ દળદાર ગ્રંથ છે. જે કાઉન આઠ પેજમાં તૈયાર થયેલ છે. સંસ્કૃત વ્યાકરણના અભ્યાસ માટેનું આ પ્રકાશન છે. જે ગુજરાતી ભાષાના માધ્યમથી તૈયાર થયેલ છે. તેમાં મૂળસૂત્ર, તેનો અર્થ, વૃત્તિ, વૃત્ત્યર્થ, અનુવૃત્તિ, વિશેષ વિવેચન જેવા સાત વિભાગો અને પ્રચૂર પરિશિષ્ટો છે.

૦ કૃદન્તમાલા :- [૧]

— આ લઘુ સર્જનમાં ૧૨૫ ધાતુઓના ૨૩ પ્રકારે થતાં કૃદન્તોનું કોષ્ટક છે.

**(૨) વ્યાખ્યાન સાહિત્ય :-** [3]

૦ અભિનવ ઉપદેશ પ્રાસાદ ભાગ-૧ થી ૩.

— આ એક સ્વતંત્ર વ્યાખ્યાનમાળા છે. "મન્નહ જિણાણં" નામક સજ્ઝાયમાં આવતા શ્રાવકના ૩૬ કર્તવ્યો ઉપરના ૧૦૮ વ્યાખ્યાનો તેમાં ગોઠવેલા છે. પ્રત્યેક વ્યાખ્યાન માટે દશ-દશ પેજ ફાળવેલ છે. જે પ્રત્યેકમાં શ્લોક-જૈનેત્તર પ્રસંગ - સંબંધિત કર્તવ્યની તાત્ત્વિક વ્યાખ્યા અને સમજ-જૈનકથા અને કર્તવ્યને અનુરૂપ સ્તવનાદિ પંક્તિની સુંદર ગુંથણી છે.

૦ નવપદ-શ્રીપાલ [૧]

— શાશ્વતી ઓળીના વ્યાખ્યાનરૂપે આ પુસ્તકનું સર્જન થયું છે, જેમાં નવે પદનું અલગ-અલગ વિવેચન સાથે નવ દિવસમાં શ્રીપાલચરિત્ર પણ પૂરું થાય, તે રીતે ગોઠવેલા નવ વ્યાખ્યાનોનો સમન્વય છે.

**(૩) તત્ત્વાભ્યાસ સાહિત્ય :-**

૦ તત્ત્વાર્થસૂત્ર પ્રબોધ ટીકા-અધ્યાય-૧ [૧]

૦ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા-અધ્યાય-૧ થી ૧૦ [૧૦]

— આ ગ્રંથમાં તત્ત્વાર્થ સૂત્રના દશે અધ્યાયોનું અલગ-અલગ દશ પુસ્તકમાં અતિ વિસ્તૃત વિવેચન ધરાવતું દશાંગ વિવરણ છે. જેમાં સૂત્રહેતુ, મૂળસૂત્ર, સંધિરહિત સૂત્ર, સૂત્રાર્થ, શબ્દજ્ઞાન, અનુવૃત્તિ, અનેક સંદર્ભ ગ્રંથોને આધારે તૈયાર કરાયેલ અભિનવ ટીકા, સૂત્રસંદર્ભ, સૂત્રપદ્ય, સૂત્રનિષ્કર્ષ જેવા દશ વિભાગો છે.

પ્રત્યેક અધ્યાયને અંતે સૂત્રક્રમ, અકારાદિ ક્રમ, શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદ જેવા પરિશિષ્ઠો તથા દશમા અધ્યાયના પુસ્તકમાં અંતે શબ્દસૂચિ, વિષયસૂચિ, સંબંધકારિકા જેવા ઉપયોગી પરિશિષ્ઠો છે.

o તત્ત્વાર્થ સૂત્રના આગમ આધાર સ્થાનો. ૧

— આ સંશોધન કક્ષાનું એક વિશિષ્ટ પુસ્તક છે. જેમાં તત્ત્વાર્થ સૂત્રના પ્રત્યેક સૂત્રનો મૂળ આગમમાંથી ઉપલબ્ધ સંદર્ભ, સંદર્ભ પાઠ, સંદર્ભ સ્થળનો ઉલ્લેખ છે. તેમજ શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદની તાલિકા અને વિશ્લેષણ છે.

**(૪) આરાધના સાહિત્ય :-** 3

o સમાધિમરણ :-

અંત સમયે અને ભાવિ ગતિ સુધારવા માટે મરણ સમયે ચિત્તની સમાધિ જળવાય રહે તેવી આરાધના વિધિ, આરાધના સૂત્રો, આરાધના પદ્યો, આરાધના પ્રસંગો વગેરે સાત વિભાગોમાં આ ગ્રંથ સર્જેલો છે.

o સાધુ અંતિમ આરાધના

o શ્રાવક અંતિમ આરાધના

સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો અંત સમય સુધારવા માટે નિત્ય કરવાની એવી આ આરાધના છે, મૂળ પ્રાકૃત અને સંસ્કૃતમાં ગ્રંથસ્થ થયેલ આ વિધિને સરળ ગુજરાતીમાં રજૂ કરેલ છે. પંચાંગના કદની આ પુસ્તિકા સાથે રાખવી પણ સરળ છે.

**(૫) વિધિ સાહિત્ય :-** 3

o દીક્ષા-યોગાદિ વિધિ

o વિધિ સંગ્રહ ભાગ-૧

o સાધુ-સાધ્વી કાળધર્મ વિધિ

**(૬) પૂજન સાહિત્ય :-** ૧

o આગમ મહાપૂજન વિધિ-*જેની નોંધ આગમ વિભાગમાં છે.*

o પાર્શ્વ પદ્માવતી પૂજનવિધિ

**(૭) યંત્ર સંયોજન :-**

o ૪૫-આગમ યંત્ર

o વિંશતિ સ્થાનક યંત્ર

**(૮) જિનભક્તિ સાહિત્ય :-** ૯

- चैत्यवन्दन पर्वमाला
- चैत्यवन्दनसंग्रह-तीर्थजिन विशेष
- चैत्यवन्दन चोविसी
- ચૈત્યવંદન માળા

– આ એક સંપાદન ગ્રંથ છે. જેમાં પર્વદિન તથા પર્વતિથિના ચૈત્યવંદનો, ચોવિસ જિનની ચોવિસી રૂપ ચૈત્યવંદનો, વિવિધ તીર્થમાં બોલી શકાય તેવા અને જિનેશ્વર પરમાત્મા વિષયક વિવિધ બોલ યુક્ત એવા ૭૭૯ ચૈત્યવંદનોનો વિશાળ સંગ્રહ છે.

- શત્રુંજય ભક્તિ
- शत्रुञ्जय भक्ति
- સિદ્ધાચલનો સાથી - સિદ્ધાચલ ભાવયાત્રા, સ્તુતિ-ચૈત્યવંદનાદિ
- વીતરાગ સ્તુતિ સંચય-૧૧૫૧ ભાવવાહી સ્તુતિનો સંચય
- ચૈત્ય પરિપાટી

**(૯) પ્રકીર્ણ સાહિત્ય :-** ૯

- શ્રી નવકાર મંત્ર-નવ લાખ જાપ નોંધપોથી
- શ્રી ચારિત્ર પદ એક કરોડ જાપ નોંધપોથી
- અભિનવ જૈન પંચાંગ
- अभिनव जैन पञ्चाङ्ग
- અમદાવાદ જિનમંદિર-ઉપાશ્રય આદિ ડિરેક્ટરી
- બાર વ્રત પુસ્તિકા તથા અન્ય નિયમો
- શ્રી જ્ઞાનપદ પૂજા
- કાયમી સંપર્ક સ્થળ
- ચોઘડીયા તથા હોરા કાયમી સમયદર્શિકા

**(૧૦) સૂત્ર અભ્યાસ-સાહિત્ય :-** ૫

- જૈન એડ્યુકેશનલ સર્ટિફિકેટ કોર્સ
- પ્રતિક્રમણસૂત્ર અભિનવ વિવેચન ભાગ-૧ થી ૪

**આ રીતે અમારા ૩૦૧ પ્રકાશનો થયા છે.**

— x — x —

## બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ

## નમો નમો નિમ્મલદંસણસ્સ

### પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# -: ભાગ-૨૦ :-

૦ આ ભાગમાં ‘‘પ્રજ્ઞાપના’’ સૂત્ર જે પંદરમું આગમ છે અને ઉપાંગસૂત્રોમાં ચોથું ઉપાંગ છે તેનો આરંભ થાય છે. આ સૂત્રને પ્રાકૃતભાષામાં पन्नवणा સૂત્ર કહે છે. સંસ્કૃત નામ પ્રજ્ઞાપના છે. ગુજરાતીમાં પણ આ જ નામે પ્રસિદ્ધ છે. ચોથા અંગ સૂત્ર સમવાય નું આ ઉપાંગ છે. જેમ સ્થાન અને સમવાય બંને અંગ સૂત્રોની પદ્ધતિમાં ઘણું સામ્ય છે, તેમ તે અંગસૂત્રોના ઉપાંગરૂપ એવા જીવાભિગમ અને પ્રજ્ઞાપના પણ ઘણાં સંકડાયેલ છે. જીવાભિગમમાં વૃત્તિમાં ઘણાં સ્થાને પ્રજ્ઞાપનાની સાક્ષી જોવા મળેલ છે વળી ભગવતીજી સૂત્રમાં તો અનેક સ્થાને સાક્ષીપાઠ સ્વરૂપે ‘जाव पन्नवणाए’ એમ લખાયું છે.

આ પ્રજ્ઞાપના સૂત્રમાં ૩૬ [અધ્યયનો] પદો છે. જેમાં ચાર પદોમાં પેટા ઉદ્દેશા તથા ચારપદોમાં પેટા દ્વારો છે. આ સૂત્રમાં દ્રવ્યાનુયોગ ઠાંસી ઠાંસીને ભર્યો છે. જેમાં સ્થિતિ, વ્યુત્ક્રાંતિ, સંજ્ઞા, યોનિ, ભાષા, શરીર, કર્મ, કષાય જેવા અનેક તાત્ત્વિક વિષયોની વિશદ્ છણાવટ છે. પ્રશ્નોત્તર શૈલી છે.

આ આગમમાં પૂ૰ મલયગિરિજી ઉપરાંત પૂ. હરિભદ્ર સૂરિજી કૃત્ વૃત્તિ પણ મળે છે. જેના આધારે અમે વિવેચન કર્યુ છે.

અમે પ્રજ્ઞાપના સૂત્ર સટીક અનુવાદને ત્રણ ભાગમાં વિભાજીત કરેલ છે. ભાગ-૨૦-માં પહેલા પાંચ પદો છે. ભાગ-૨૧-માં પદ-૬ થી પદ-૨૦ છે. ભાગ-૨૨માં પદ-૨૧ થી ૩૬ લીધાં છે.

સામાન્યથી ઉપાંગ સૂત્રોના કર્તાના નામ પ્રાપ્ત થતા નથી, પણ આ ઉપાંગના કર્તારૂપે आर्य श्यामाचार्य નું નામ મળે છે. સૂત્રાત્મક રૂપે તૈયાર થયેલ તત્ત્વાર્થસૂત્રની માફક તાત્ત્વિક વિષયોની વિશિષ્ટ સંકલનારૂપ આ સફળ અભિનવ પુરુષાર્થ છે.

‘‘ક્યાંક કંઈક છોડ્યું - ક્યાંક કંઈક ઉમેર્યું’’ તે આ વિવેચન—





# ૧૫-પ્રજ્ઞાપના-ઉપાંગસૂત્ર-૪/૧

## અનુવાદ તથા ટીકાનુસારી વિવેચન

૦ વૃત્તિકારશ્રી કૃત્ મંગલનો અનુવાદ —

-(૧)- નમસ્કાર કરતાં દેવોના મુગટના પ્રતિબિંબના છદ્મ વિહિત બહુરૂપ અને ભવપંકથી સર્વ જગત્‌નો ઉદ્ધાર કરતા શ્રી મહાવીર મંગલરૂપ થાઓ. -(૨)- જિનવચનરૂપ અમૃતના સમુદ્રને હું વંદુ છું કે જેના બિંદુ-માત્રથી જીવો જન્મ-જરા-વ્યાધિ રહિત થાય છે. -(૩)- કામધેનું અને કલ્પલતાથી શ્રેષ્ઠ એવા ગુરુના ચરણ-કમળને પ્રણમો કેમકે તેની ઉપાસનાથી પ્રાણી નિરૂપમ બ્રહ્મને પામે છે. -(૪)- જડબુદ્ધિવાળો પણ ગુરુચરણ ઉપાસનાથી વિપુલમતિ થઈને હું શાસ્ત્રોને અનુસરીને પ્રજ્ઞાપનાની વૃત્તિ રચું છું.

પ્રજ્ઞાપના એટલે ? પ્રકર્ષથી - સર્વે કુતીર્થિકોના તીર્થકરોને અસાધ્ય એવા યથાવસ્થિત સ્વરૂપ નિરૂપણ દ્વારા, જે વડે જીવાજીવાદિ પદાર્થો શિષ્યની બુદ્ધિમાં ઉતારાય તે પ્રજ્ઞાપના. આ પ્રજ્ઞાપના સમવાય નામક ચોથા અંગનું ઉપાંગ છે. કેમકે તેમાં કહેલા અર્થનું પ્રતિપાદન કરે છે. ઉક્ત પ્રતિપાદન અનર્થક છે તેમ ન કહેવું. કેમકે પ્રતિપાદિત અર્થ અહીં વિસ્તારથી કહેલ છે. તે મંદમતિ શિષ્યના અનુગ્રહાર્થે હોવાથી સાર્થક છે.

આ ઉપાંગ પણ સર્વજીવજીવાદિ પદાર્થનું શાસન કરતું હોવાથી શાસ્ત્ર છે. તેથી આરંભ પ્રયોજનાદિ મંગલ કહેવું જોઈએ. કહ્યું છે — શાસ્ત્રારંભે પ્રયોજનાદિ, ઇષ્ટાર્થસિદ્ધિ માટે મંગલ છે.

૦ હવે પ્રયોજનાદિનો અર્થ —

પ્રયોજન બે ભેદે — અનંતર અને પરંપર. પ્રત્યેકના બે ભેદ છે — કર્તૃગત અને શ્રોતૃગત. દ્રવ્યાસ્તિકનયથી આગમ હોવાથી નિત્ય છે, કોઈ કર્તા નથી. તેથી કહ્યું છે — આ દ્વાદશાંગી હંમેશા હતી - છે - રહેશે, નિત્ય છે, શાશ્વતી છે. પર્યાયાસ્તિક નયથી અનિત્ય હોવાથી, તેનો કર્તા અવશ્ય છે. તત્ત્વ વિચારણાથી આગમ, સૂત્ર અને અર્થ ઉભયરૂપ હોવાથી, અર્થાપેક્ષાએ નિત્ય અને સૂત્રાપેક્ષાએ અનિત્ય હોવાથી તેના કર્તાપણાની કથંચિત્ સિદ્ધિ થાય છે. સૂત્રના કર્તાનું અનંતર પ્રયોજન સત્ત્વાનું ગ્રહ અને પરંપરાએ મોક્ષપ્રાપ્તિ છે.

આગમના અર્થનું પ્રતિપાદન કરનારા અર્હતોને શું પ્રયોજન છે ? કંઈ જ નહીં, કેમકે તેઓ કૃત કૃત્ય છે. ‘‘પ્રયોજન વિના અર્થ પ્રતિપાદનનો પ્રયોસ નિર્હેતુક છે’’ એવી શંકા ન કરવી. કેમકે અર્થ પ્રતિપાદન પ્રયત્ન તીર્થંકર નામ કર્મના વિપાકોદયથી

થાય છે. બીજે પણ કહ્યું છે — તીર્થંકર નામ કર્મ કેમ વેદાય ? અગ્લાનપણે ધર્મદેશનાથી.

શ્રોતાને અનંતર પ્રયોજન આ અધ્યયનના અર્થનું પરિજ્ઞાન અને પરંપર પ્રયોજન મોક્ષપ્રાપ્તિ. શ્રોતાઓ અધ્યનના અર્થને જાણી સંસારથી વિરક્ત થાય, સંયમ માર્ગે આગમાનુસારી સમ્યક્ પ્રવૃત્તિ કરે અને પ્રવૃત્ત થયેલ તેમને સંયમોત્કર્ષ વડે સર્વ કર્મક્ષય થતાં મોક્ષપ્રાપ્તિ થાય છે.

અભિધેય - જીવ અને અજીવનું સ્વરૂપ.

સંબંધ - બે પ્રકારે, ઉપાય-ઉપેયભાવ, ગુરુપર્વક્રમ લક્ષણ. તેમાં પહેલો તર્કાનુસારી શિષ્યને ઉદ્દેશીને કહેલો છે, બીજો શ્રદ્ધાનુસારી શિષ્યને અનુલક્ષીને કહેલો છે.

મંગળ - આ સૂત્ર સમ્યગ્જ્ઞાનનું કારણ હોવાથી અને તેથી તે પરંપરાએ મોક્ષપદનું સાધન હોવાથી શ્રેયરૂપ છે. તેથી વિઘ્ન નિવારણાર્થે અને શાંતિ માટે, શિષ્યને જણાવવા માટે શાસ્ત્રની આદિ-મધ્ય-અંતે મંગલ કહેવું જોઈએ. આદિ મંગલ નિર્વિઘ્ને શાસ્ત્ર પાર પામવા છે, મધ્ય મંગલ ગૃહિત શાસ્ત્રાર્થના સ્થિરીકરણાર્થે છે. અન્ય મંગલ શિષ્ય પરંપરના અવિચ્છેદાર્થે છે. ઈત્યાદિ - x - x - x - હવે આદિ મંગલ સૂત્રની વ્યાખ્યા —

● **સૂત્ર-૧ :-**

***જરા, મૃત્યુ અને ભયથી રહિત સિદ્ધોને વિવિધ અભિવંદન કરીને, ત્રૈલોક્ય ગુરુ જિનવરેન્દ્ર મહાવીરને વાંદુ છું.***

● **વિવેચન-૧ :-**

સિત - બાંધેલા, આઠ પ્રકારના કર્મઈંધણને ધ્માત-બાળી નાંખેલ છે. કઈ રીતે ? જાજ્વલ્યમાન અગ્નિથી તે સિદ્ધ. અથવા નિર્વૃત્તિ નગરી ગયા પછી જેને પાછું આવવાનું નથી, અથવા જેઓ કૃતાર્થ થયેલા છે. અથવા જેણે માંગલ્યને અનુભવેલ છે. અથવા જેઓ નિત્ય છે કેમકે તેઓ અનંતસ્થિતિવાળા છે. અથવા ભવ્યોએ જેના ગુણો જાણેલ હોવાથી સિદ્ધ છે. કહ્યું છે — જેમણે પુરાતન કર્મો બાળી નાંખ્યા છે, નિર્વાણ મહેલને શિખરે રહે છે, પ્રસિદ્ધ - ઉપદેષ્ટા અને કૃતકૃત્ય છે, તે સિદ્ધો મને મંગલકર્તા થાઓ.

સિદ્ધો અનેક ભેદે હોવાથી કહ્યું — જરા, મરણ, ભયથી રહિત. તેમાં જરા - વયની હાનિ, મરણ - પ્રાણત્યાગ, ભય - સાત ભેદે. એ ત્રણે, ફરી ઉત્પન્ન ન થવા વડે નષ્ટ થયા છે, તેઓને. મન-વચન-કાયા વડે. અહીં ત્રણ યોગ વ્યાપાર રહિત તે દ્રવ્યવંદન. પ્રણામ કરીને. આના દ્વારા - x - એકાંત નિત્ય, એકાંત અનિત્ય પક્ષનો નિષેધ સૂચવેલ છે. - x - તે આ રીતે - અપ્રચ્યુત - નાશ ન પામેલ, ઉત્પન્ન ન થયેલ અને સ્થિર એક સ્વભાવ તે નિત્ય. - x - x - સ્વભાવથી એક ક્ષણ રહેવાના ધર્મવાળું તે અનિત્ય. - x - x -

હવે ઉત્તરક્રિયા બતાવે છે — જિનવરેન્દ્ર મહાવીરને હું વંદન કરું છું. કષાયાદિ



શત્રુ પ્રત્યે પરાક્રમ કરે છે માટે વીર. મહાન્ એવા વીર તે મહાવીર. મહાવીર એ ગુણનિષ્પન્ન નામ છે. જે અનન્ય સાધારણ, પરીષહોપસર્ગાદિના વિષયમાં વીરત્વને આશ્રીને દેવો અને અસુરોએ કરેલ નામ છે. કહ્યું છે — ભય ભૈરવમાં અચલ અને પરીષહ-ઉપસર્ગમાં ક્ષાંતિક્ષમ હોવાથી દેવોએ કરેલ ‘મહાવીર’ નામ. આના વડે અપાયાગમ અતિશય સૂચિત કર્યો છે. તે કઈ રીતે ?

જિનવરેન્દ્ર - જેઓ રાગાદિ શત્રુને જિતે તે જિન. તે ચાર ભેદે છે — શ્રુતજિન, અવધિજિન, મનઃપર્યવજિન, કેવલિજિન. તેમાં કેવલિજિનનું ગ્રહણ કરવું, તેઓ સામાન્ય કેવલી પણ હોય. તેથી તીર્થંકરત્વના સ્વીકાર માટે ઈન્દ્ર શબ્દ લીધો. પ્રકૃષ્ટ પુન્યસ્કંધરૂપ તીર્થંકર નામકર્મના ઉદયથી તીર્થંકર. આના વડે જ્ઞાનાતિશય અને પૂજાતિશય કહ્યો. કેમકે જ્ઞાનાતિશય વિના જિનોમાં ઉત્તમત્વ અને પૂજાતિશય વિના જિનવરોમાં ઈન્દ્રત્વ ઘટી ન શકે.

વળી તેઓ કેવા છે ? ત્રૈલોક્ય ગુરુ. યથાવસ્થિત પ્રવચનનો ઉપદેશ કરે તે ગુરુ. ત્રણે લોકને ઉપદેશે છે માટે ત્રૈલોક્ય ગુરુ. આના વડે વચનાતિશય કહ્યો. આ અપાયાગમાદિ ચારે અતિશયો, દેહ સૌગંધ આદિ અતિશય ઉપલક્ષણથી છે. તેથી ચોત્રીશ અતિશયવાળા ભગવન્ મહાવીરને હું વાંદુ છું એમ કહેલ સમજવું.

ઋષભાદિને છોડીને શા માટે ભગવંત મહાવીરને વંદન ? વર્તમાન તિર્થાધિપતિ અને આસન્ન ઉપકારી હોવાથી.

● **સૂત્ર-૨ :-**

***ભવ્યજનોને મોક્ષનું કારણ અને જિનવર મહાવીરે શ્રુતરત્નોના નિધાનભૂત એવી સર્વ ભાવોની પ્રજ્ઞાપના બતાવી છે.***

● **વિવેચન-૨ :-**

અહીં પ્રજ્ઞાપના વિશેષ્ય છે, બાકીના સમાનાધિકરણ અને વ્યધિકરણ વિશેષણો છે. સામાન્ય કેવલીમાં તીર્થંકરપણાથી ઉત્તમ છે માટે જિનવર. તે સામર્થ્યથી મહાવીર. કેમકે બીજા કોઈના વર્તમાન તિર્થાધિપતિત્વનો અભાવ છે. અહીં છદ્મસ્થ, ક્ષીણમોહ જિનની અપેક્ષાએ સામાન્ય કેવલી પણ જિનવર કહેવાય છે. તેથી તેવા કેવલીને શિષ્ય જિનવર ન સમજે માટે તીર્થંકરપણાના બોધને માટે બીજું વિશેષણ મૂક્યું - ભગવત - સમગ્ર ઐશ્વર્યાદિરૂપ. - x - જેને ભગ છે તે ભગવાન. ત્રણ લોકના અધિપતિ હોવાથી બીજા પ્રાણીની અપેક્ષાએ અતિશય ભગ - ઐશ્વર્યાદિ વર્દ્ધમાન સ્વામીનું છે એટલે પરમ અર્હત્ સંબંધી મહિમાયુક્ત ભગવંતે પ્રજ્ઞાપના બતાવી છે. કેવી રીતે ? તથાવિધ અનાદિ પારિણામિક ભાવથી સિદ્ધિ ગમનને યોગ્ય તે ભવ્ય, તેવા ભવ્યને નિર્વાણ-સર્વ કર્મમલના ક્ષય વડે સ્વસ્વરૂપ લાભથી પરમ સ્વાસ્થ્ય, તેનો હેતુ સમ્યગ્દર્શનાદિ પણ નિર્વાણ કહેવાય. - x -

શંકા-ભવ્યગ્રહણનું કારણ અભવ્યના નિષેધાર્થે છે, અન્યથા તે નિર્થક છે. તેથી ભવ્યોને જ સમ્યગ્દર્શનાદિ કરે છે, અભવ્યોને નહીં. પણ ભગવંત વીતરાગ

હોવાથી પક્ષપાતનો અસંભવ છે, માટે ઉક્ત વાત ન ઘટે. [સમાધાન] સમ્યક્ વસ્તુના અપરિજ્ઞાનથી આ શંકા છે, સૂર્ય માફક ભગવંત પણ ભેદભાવ વિના પ્રવચનોપદેશ કરે છે. પણ જેમ ઘુવડને સૂર્યપ્રકાશ નકામો છે તેમ અભવ્યને ઉપદેશ ઉપકારક થતો નથી. - x - x - તેથી ભવ્યોને જ ભગવંત વચનથી ઉપકાર થાય છે.

ભગવંતે શું કર્યુ ? સમીપપણે જેમ શ્રોતાને જલ્દી યથાવસ્થિત તત્ત્વનો બોધ થાય તે રીતે સ્પષ્ટ વચનો વડે ઉપદેશ કર્યો છે. કોનો ? પ્રજ્ઞાપનાનો. જે શબ્દ સમૂહ વડે જીવાદિ ભાવની પ્રરૂપણા કરાય તે પ્રજ્ઞાપના. તે પ્રજ્ઞાપના શ્રુત રત્ન નિધાન છે. આ રત્નો બે ભેદે — દ્રવ્યરત્ન, ભાવરત્ન. દ્રવ્યરત્ન-વૈડૂર્ય મરકત ઈન્દ્રનીલાદિ, ભાવરત્ન-શ્રુતવ્રતાદિ. તેમાં અહીં ભાવરત્નનો અધિકાર છે. ''શ્રુતરૂપ રત્નો'' સમાસ છે. - x - x - શ્રુતરત્નોના નિધાન જેવી પ્રજ્ઞાપના તે શ્રુતરત્નનિધાન.

કોની પ્રજ્ઞાપના ? સર્વભાવોની — જીવ, અજીવ, આશ્રવ, સંવર, નિર્જરા, મોક્ષ. આ પ્રજ્ઞાપનામાં ૩૬-પદો છે. તેમાં પ્રજ્ઞાપના, બહુવક્તવ્યતા, વિશેષ, ચરમ, પરિણામ પદમાં જીવ અને અજીવની પ્રજ્ઞાપના છે, ઈત્યાદિ. - x - x - અથવા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવરૂપ સર્વ ભાવોની પ્રજ્ઞાપના છે. બીજી કોઈ પ્રજ્ઞાપના નથી. પ્રજ્ઞાપના પદમાં જીવ-અજીવ દ્રવ્યની, સ્થાનપદમાં જીવના આધારભૂત ક્ષેત્રની, સ્થિતિ પદથી કાળની, બાકીમાં ભાવોની છે.

**● સૂત્ર-૩,૪ :-**

***વાચક શ્રેષ્ઠ વંશમાં ત્રેવીશમાં, ધીરપુરુષ દુર્દ્ધર-ધર પૂર્વશ્રુત સમૃદ્ધ બુદ્ધિ એવા મુનિ વડે... શ્રુતસાગરથી વીણીને પ્રધાન શ્રુતરત્ન શિષ્યગણને આપ્યું, તે આર્યશ્યામને નમસ્કાર.***

**● વિવેચન-૩,૪ :-**

વાચક - 'પૂર્વ'ના જ્ઞાતા, વાચકવર-વાચક પ્રધાન, વંશ-પ્રવાહ. - x - x - ત્રેવીશમાં અર્થાત્ સુધર્માસ્વામીથી લઈને ભગવન્ આર્યશ્મ ત્રેવીશમાં જ છે. કેવા ? ધીરપુરુષ - બુદ્ધિ વડે શોભે છે, તે ધીર. દુર્દ્ધર - પ્રાણાતિપાતાદિ વિરતિ લક્ષણ પાંચ મહાવ્રતને ધારણ કરે છે તે. જગત્‌ની ત્રિકાળ અવસ્થાનું મનન કરે તે મુનિ. વળી પૂર્વના જ્ઞાન વડે બુદ્ધિ સમૃદ્ધ થઈ છે તેવા.

શંકા - વાચક વંશજો અવશ્ય પૂર્વશ્રુત સમૃદ્ધિક હોય, તો આ વિશેષણનું શું પ્રયોજન ? એ સત્ય છે, પણ પૂર્વવિદો પણ છ સ્થાન પતિત હોય છે, ચૌદ પૂર્વીમાં પણ મતિને આશ્રીને છ સ્થાનને કહેશે, તેથી આધિક્ય પ્રદર્શનાર્થે આ વિશેષણ છે. માટે દોષ નથી. - x - x - અપારશ્રુત અને જ્ઞાનાદિ રત્નયુક્ત હોવાથી સાગર જેવું છે - x - x - તેથી સામ્પ્રતકાળના પુરુષને યોગ્ય વીણીને પ્રજ્ઞાપના રૂપ ઉત્તમ શ્રુતરત્ન શિષ્યોને આપેલ છે. અહીં પ્રાધાન્ય બાકીના શ્રુત-રત્નોની અપેક્ષાએ નથી. પણ સ્વરૂપથી છે.

ભગવત્ - જ્ઞાન, ઐશ્વર્ય ધર્માદિવાળા, સર્વ હેયધર્મોથી દૂર ગયેલા અને ગુણો



વડે સમીપ ગયેલા, તે આર્ય શ્યામને નમસ્કાર થાઓ. હવે ઉક્ત સંબંધથી જ આ ગાથા કહે છે —

**● સૂત્ર-૫ :-**

***આ પ્રજ્ઞાપના અધ્યયન વિચિત્ર શ્રુતરત્નરૂપ, દૃષ્ટિવાદના બિંદુ સમાન છે. જેમ ભગવંતે તેને વર્ણવી, તેમ હું વર્ણવીશ.***

**● વિવેચન-૫ :-**

આ પ્રજ્ઞાપના નામે અધ્યયન છે. જો આ અધ્યયન છે, તો તેનો અનુયોગાદિ દ્વાર ઉપન્યાસ કેમ કરતા નથી ? એવો નિયમ નથી કે અધ્યયનાદિમાં અવશ્ય ઉપક્રમાદિ કરવા જોઈએ. નિયમ નથી એમ કેમ જાણ્યું ? નંદિ અધ્યયનાદિમાં દેખાતો નથી. વળી વિચિત્ર અર્થાધિકારથી 'ચિત્રમ્' દ્વાદશાંગના સારરૂપ દૃષ્ટિવાદ-જેમ ભગવંત મહાવીર વર્દ્ધમાન સ્વામીએ ઈન્દ્રભૂતિ આદિ આગળ અધ્યયનનો અર્થ કહ્યો તેમ હું પણ વર્ણન કરીશ.

પ્રશ્ન - છદ્મસ્થની વર્ણન શક્તિ તીર્થંકર સમાન કઈ રીતે હોય ? સામાન્ય અભિધેય પદાર્થ વર્ણન માત્રને આશ્રીને આમ કહ્યું છે વળી હું તેને અનુસરીને વર્ણન કરીશ, સ્વમતિથી નહીં.

આ પ્રજ્ઞાપનામાં ૩૬ પદો છે. પદ, પ્રકરણ, અર્થાધિકાર આ પર્યાય શબ્દો છે તે પદો આ છે —

**● સૂત્ર-૬ થી ૯ :-**

***૧-પ્રજ્ઞાપના, ૨-સ્થાન, ૩-બહુવક્તવ્ય, ૪-સ્થિતિ, ૫- વિશેષ, ૬- વ્યુત્ક્રાંતિ, ૭- ઉચ્છ્વાસ, ૮- સંજ્ઞા, ૯- યોનિ, ૧૦- ચરમ, ૧૧- ભાષા, ૧૨- શરીર, ૧૩- પરિણામ, ૧૪- કષાય, ૧૫- ઈન્દ્રિય, ૧૬- પ્રયોગ, ૧૭- લેશ્યા, ૧૮- કાયસ્થિતિ, ૧૯- સમ્યક્ત્વ, ૨૦- અંતક્રિયા, ૨૧- અગગાહન સંસ્થાન, ૨૨- ક્રિયા, ૨૩- કર્મ, ૨૪- કર્મબંધક, ૨૫- કર્મવેદક, ૨૬- વેદબંધક, ૨૭- વેદવેદક, ૨૮- આહાર, ૨૯- ઉપયોગ, ૩૦- પશ્યતા, ૩૧- સંજ્ઞા, ૩૨- સંયમ, ૩૩- અવધિ, ૩૪- પ્રવિચારણા, ૩૫- વેદના, ૩૬- સમુદ્ઘાત.***

**● વિવેચન-૬ થી ૯ :-**

૧- તેમાં પહેલું પદ પ્રજ્ઞાપનાવિષયક પ્રશ્નને આશ્રીને પ્રવૃત્ત હોવાથી પ્રજ્ઞાપના, ૨- સ્થાન, ૩- બહુવક્તવ્ય ઈત્યાદિ ૩૬-પદો સૂત્રાર્થ મુજબ જાણવા. વિશેષ એ કે — છઠ્ઠું વ્યુત્ક્રાંતિ લક્ષણ અધિકાર યુક્ત હોવાથી વ્યુત્ક્રાંતિ છે. દશમું 'ચરમ'ના પ્રશ્નને આશ્રીને પ્રવૃત્ત હોવાથી ચરમ. ચોવીશમું કર્મબંધક - જે રીતે જીવ કર્મનો બંધક થાય તે રીતે પ્રરૂપવાથી છે. છવ્વીસમું - વેદ બંધક - અનુભવાય તે વેદ, તેનો બંધક, અર્થાત્ કેટલી પ્રકૃતિ વેદતા કેટલી પ્રકૃતિનો બંધ થાય છે તેનું નિરૂપણ. સત્તાવીશમું વેદવેદક - કઈ પ્રકૃતિ વેદતા કેટલી પ્રકૃતિ વેદે તે વેદ વેદક. અઠ્ઠાવીશ - આહારના પ્રતિપાદકત્વથી આહાર. આ રીતે પદોનો ઉપન્યાસ કરેલ છે.

## ❁ પદ-૧-''પ્રજ્ઞાપના'' ❁
-- x -- x -- x --

૦ હવે અનુક્રમે પદ ગત સૂત્રોમાં પહેલા પદનું સૂત્ર કહે છે —

● સૂત્ર-૧૦ :-

***તે પ્રજ્ઞાપના કેટલા ભેદે છે ? બે ભેદે કહી છે. તે આ પ્રમાણે - જીવ પ્રજ્ઞાપના અને અજીવ પ્રજ્ઞાપના.***

● વિવેચન-૧૦ :-

આ સૂત્રનો અહીં શો અવસર છે ? આ પ્રશ્ન સૂત્ર છે. તેને આરંભમાં મૂકીને જણાવે છે કે મધ્યસ્થ, બુદ્ધિમાન્, જિજ્ઞાસુ પ્રશ્ન કરનારને અરિહંત ભગવંતે ઉપદેશેલા તત્ત્વોની પ્રરૂપણા કરવી. - x - તેમાં સે શબ્દ નિપાત છે. અથવા અથ અર્થમાં છે. તે વાક્ય ઉપન્યાસાર્થે છે. કિં બીજાને પ્રશ્ન કરવામાં છે. - x - તેનો સમુદાય અર્થ આ રીતે — પ્રશ્ન કરવા યોગ્ય સ્થાનાદિ પદો દૂર રહો. કેમકે વાણીની પ્રવૃત્તિ અનુક્રમે થાય છે, તેથી પ્રજ્ઞાપના પદ પછી તેઓનો ઉપન્યાસ કરેલ છે, તેમાં એટલું પહેલાં પૂછુ છું કે —

પ્રજ્ઞાપના કેટલા પ્રકારે છે ? - x - x - એ પ્રમાણે શિષ્ય પ્રશ્ન કરતાં, ગુરુ શિષ્ય વચનને અનુસરીને આદર અર્થે શિષ્ય પ્રતિ પુનરુચ્ચાર કરી કહે છે — ''પ્રજ્ઞાપના'' બે ભેદે છે. અહીં શિષ્યના નામ ગ્રહણ વિના ઉત્તર સૂત્રથી સૂચવે છે કે સર્વ સૂત્રો ગણધરના પ્રશ્ન અને તીર્થંકરના ઉત્તરરૂપ નથી, કોઈ સૂત્રો બીજી રીતે પણ હોય, તો પણ બાહુલ્યથી તેમ હોય છે. કહે છે — અરહંતો અર્થ કહે છે, ગણધરો સૂત્રને ગુંથે છે. તેમાં પ્રજ્ઞાપનાનો અર્થ પૂર્વવત્ છે. જો તીર્થંકર જ ઉત્તર દાતા હોય તો અન્ય તીર્થંકર પણ આમ જ કહે છે, તેમ જાણવું પણ જો તીર્થંકર મતાનુસારી કોઈ આચાર્ય કહે તો, ત્યારે તીર્થંકર અને ગણધરોએ બે પ્રકારે કહી છે, તેમ સમજવું.

તે બે ભેદે — જીવ પ્રજ્ઞાપના, અજીવપ્રજ્ઞાપના. જીવે-પ્રાણોને ધારણ કરે તે જીવ. પ્રાણ બે ભેદે — દ્રવ્ય પ્રાણ, ભાવ પ્રાણ. દ્રવ્યપ્રાણ - ઈન્દ્રિય આદિ. ભાવપ્રાણ - જ્ઞાનાદિ. દ્રવ્યપ્રાણોના સંબંધ થકી પણ પ્રાણી નારકાદિ સંસારી જીવો છે. કેવળ ભાવપ્રાણો વડે સમસ્ત કર્મસંગ રહિત સિદ્ધો છે. એ જીવોની પ્રજ્ઞાપના.

જે જીવ નથી તે અજીવ - જીવ વિપરીત સ્વરૂપવાળા. તે ધર્મ-અધર્મ-આકાશ-પુદ્ગલાસ્તિકાય, અદ્ધા સમયરૂપ - તેમની પ્રજ્ઞાપના તે અજીવ પ્રજ્ઞાપના. બંને 'ચ' કાર બંને પ્રજ્ઞાપનાના પ્રાધાન્યને જણાવે છે. સામાન્યથી કહ્યું, હવે વિશેષરૂપે કહે છે—

અલ્પવક્તવ્યતા હોવાથી પહેલા અજીવપ્રજ્ઞાપના —

● સૂત્ર-૧૧ :-

***તે અજીવ પ્રજ્ઞાપના શું છે ? અજીવ પ્રજ્ઞાપના બે ભેદે છે — રૂપી અજીવ પ્રજ્ઞાપના અને અરૂપી અજીવ પ્રજ્ઞાપના.***



● વિવેચન-૧૧ :-

તે અજીવ પ્રજ્ઞાપના શું છે ? બે ભેદે છે — રૂપી અજીવ પ્રજ્ઞાપના, અરૂપી અજીવ પ્રજ્ઞાપના. જેમને રૂપ છે તે રૂપી. રૂપ ગ્રહણ ગંધાદિનું ઉપલક્ષણ છે, તે સિવાય રૂપનો સંભવ નથી. તેથી કહ્યું છે કે — પ્રતિ પરમાણુ રૂપ-રસ-ગંધ-સ્પર્શવાળા છે. - x - x - x - રૂપી એવા તે અજીવોની પ્રજ્ઞાપના તે રૂપી અજીવ પ્રજ્ઞાપના. અર્થાત્ પુદ્ગલ સ્વરૂપ અજીવની પ્રજ્ઞાપના. કેમકે પુદ્ગલો જ રૂપાદિવાળા છે. રૂપ સિવાયના અરૂપી ધર્માસ્તિકાયાદિ અજીવ તે અરૂપી અજીવ. તેમની પ્રજ્ઞાપના, તે અરૂપી અજીવ પ્રજ્ઞાપના.

અલ્પ વક્તવ્યતા હોવાથી પહેલા અરૂપી અજીવ પ્રજ્ઞાપના.

● સૂત્ર-૧૨ :-

***તે અરૂપી અજીવ પ્રજ્ઞાપના કેટલા ભેદે છે ? તે દશ ભેદે કહેલી છે — ધર્માસ્તિકાય, ધર્માસ્તિકાય દેશ અને ધર્માસ્તિકાય પ્રદેશ, અધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય દેશ અને અધર્માસ્તિકાય પ્રદેશ. આકાશાસ્તિકાય, આકાશાસ્તિકાયદેશ, આકાશાસ્તિકાય પ્રદેશ અને અદ્ધા સમય. તે આ અરૂપી અજીવ પ્રજ્ઞાપના છે.***

● વિવેચન-૧૨ :-

હવે આ અરૂપી અજીવ પ્રજ્ઞાપના કેટલા ભેદે છે ? તે દશ પ્રકારે છે — અરૂપી અજીવોના દશવિધપણાંથી તેની પ્રરૂપણા પણ દશ ભેદે કહી છે. તે દશ દશવિધત્વને દર્શાવે છે. તે હવે કહેવાનાર ભેદકથનને પ્રગટ કરવાને કહે છે - x - x - ધર્માસ્તિકાય-જીવ અને પુદ્ગલોના સ્વભાવથી જ ગતિ પરિણામ પરિણતતાના તે સ્વભાવના ધારણ કે પોષણ કરવાથી ધર્મ, અસ્તિ - પ્રદેશો, તેમનો કાય - સંઘાત. - x - અસ્તિકાય-પ્રદેશ સંઘાત. ધર્મ એવો અસ્તિકાય તે ધર્માસ્તિકાય. આના વડે સર્વ ધર્માસ્તિકાયરૂપ અવયવી દ્રવ્ય કહ્યું. અવયવી એટલે અવયવોનો તથારૂપ સંઘાત પરિણામ વિશેષ જ, પણ અવયવ દ્રવ્યોથી જુદું દ્રવ્ય નથી. જેમ લંબાઈ અને પહોળાઈપણે સંઘાતરૂપ પરિણામ વિશેષને પ્રાપ્ત થયેલ તંતુઓને જ લોકમાં પટ કહે છે, તંતુથી જુદુ પટ દ્રવ્ય નથી. - x - x - આ વાદનો વિચાર બીજે સ્થાને કરેલ છે.

ધર્માસ્તિકાય દેશ — તે જ ધર્માસ્તિકાયના બુદ્ધિ કલ્પિત બે વગેરે પ્રદેશાત્મક વિભાગ. ધર્માસ્તિકાય પ્રદેશ-પ્રકૃષ્ટ દેશ તે પ્રદેશ - નિર્વિભાગ ભાગ. તે અસંખ્યાત છે. કેમકે તેનું પ્રમાણ લોકાકાશ પ્રદેશ છે. તેથી જ બહુવચન કહ્યું છે.

ધર્માસ્તિકાયનો પ્રતિપક્ષી તે અધર્માસ્તિકાય. અર્થાત્ જીવ અને પુદ્ગલોના સ્થિતિ પરિણત પરિણામોમાં ઉપકારક અમૂર્ત અસંખ્યાત પ્રદેશ સ્કંધાત્મક તે અધર્માસ્તિકાય. અધર્માસ્તિકાય દેશ આદિ પૂર્વવત્.

આકાશ-પોત-પોતાના સ્વભાવને ન છોડવાની મર્યાદા વડે જેમાં સ્વરૂપથી પ્રતિભાષિત થાય તે. અથવા અભિવિધિ અર્થ-સર્વ ભાવોની વ્યાપ્તિ વડે પ્રતિભાસમાન

થાય તે આકાશ. તેના પ્રદેશોનો સમૂહ તે આકાશાસ્તિકાય આકાશાસ્તિકાય દેશાદિ પૂર્વવત્. વિશેષ આ - પ્રદેશો અનંતા જાણવા. કેમકે અલોક અનંત છે.

અદ્ધા - કાળની સંજ્ઞા છે તે રૂપ સમય, તે અદ્ધાસમય. અથવા કાળનો નિર્વિભાવ ભાગ તે અદ્ધા સમય. આ કાળ વાસ્તવિક રીતે એક જ વર્તમાન સમયરૂપ છે. અતીત-અનાગત સમયરૂપ નથી. કેમકે તેઓ અનુક્રમે વિનાશ પામેલ અને અનુત્પન્ન હોવાથી અવિધમાન છે. સમૂહનો અભાવ હોવાથી કાળમાં દેશ-પ્રદેશની કલ્પના થતી નથી. આવલિકાદિ પણ વ્યવહારથી કલ્પિત જાણવા.

અહીં આ ક્રમ ઉપન્યાસમાં શું પ્રયોજન છે ? આ ધર્માસ્તિકાય પદ મંગલરૂપ છે. કેમકે તે આદિમાં 'ધર્મ' શબ્દ સહિત છે. હવે પદાર્થની પ્રરૂપણાનો પ્રારંભ કર્યો છે. તેથી મંગલને માટે પ્રારંભે ધર્માસ્તિકાય લીધું. તેના વિપક્ષભૂત અધર્માસ્તિકાય હોવાથી પછી અધર્માસ્તિકાયનું ગ્રહણ કર્યુ. બંનેના આધારભૂત આકાશ છે, તેથી પછી આકાશાસ્તિકાયનું ગ્રહણ કર્યુ. પછી અજીવના સાધર્મ્યથી અદ્ધા સમય લીધો. અથવા અહીં ધર્માધર્માસ્તિકાય સર્વવ્યાપક નથી. જો સર્વવ્યાપક હોય તો તેના સામર્થ્યથી જીવ અને પુદ્‌ગલના અસ્ખલિત પ્રચાર પ્રવૃત્તિમાં લોકાલોક વ્યવસ્થા ન ઘટી શકે. પણ લોકાલોક વ્યવસ્થા છે. કેમકે તે-તે પ્રદેશમાં સાક્ષાત્ દેખાય છે, તેથી જેટલા ક્ષેત્રમાં તે બે છે, તેટલો પ્રમાણ લોક, બાકી અલોક. - x - x - આ રીતે લોકાલોકની વ્યવસ્થાનું કારણ ધર્માધર્માસ્તિકાય છે માટે તેનું ઉપાદાન પહેલા કર્યુ. માંગલિક માટે પહેલાં ધર્માસ્તિકાયનું, પછી પ્રતિપક્ષી અધર્મ૦, પછી લોકાલોકવ્યાપી આકાશનું, લોકમાં સમય-અસમય ક્ષેત્ર વ્યવસ્થાકારીપણાથી અદ્ધા સમયનું ગ્રહણ છે.

**• સૂત્ર-૧૩ :- (ચાલુ)**

***રૂપી અજીવપ્રજ્ઞાપના કેટલા પ્રકારે છે ? ચાર પ્રકારે છે — સ્કંધ, સ્કંધદેશ, સ્કંધપ્રદેશ, પરમાણુ પુદ્‌ગલ. પુદ્‌ગલો સંક્ષેપથી પાંચ ભેદે છે. તે આ — વર્ણ પરિણત, ગંધ પરિણત, રસ પરિણત, સ્પર્શ પરિણત, સંસ્થાન પરિણત.***

**• વિવેચન-૧૩ :- (ચાલુ)**

તે રૂપી અજીવપ્રજ્ઞાપના કેટલા ભેદે છે ? આચાર્યએ કહ્યું — ચાર ભેદે. (૧) સ્કંધ-પુદ્‌ગલોના છુટા પાડવાથી શોષણ પામે, મળવાથી વૃદ્ધિ પામે તે સ્કંધ, બહુવચન પુદ્‌ગલ સ્કંધોનું અનંતત્વ જણાવે છે. આ વાત આગમમાં કહી છે, દ્રવ્યથી પુદ્‌ગલાસ્તિકાય અનંત છે. સ્કંધ દેશ - સ્કંધોના જ સ્કંધરૂપ પરિણામનો ત્યાગ ન કરતા એવા બુદ્ધિકલ્પિત બે, ત્રણ ઈત્યાદિ પ્રદેશના સમુદાયરૂપ વિભાગ તે સ્કંધ દેશ. - x - સ્કંધ પ્રદેશ - સ્કંધરૂપ પરિણામને પ્રાપ્ત થયેલા સ્કંધોને જ બુદ્ધિકલ્પિત અત્યંત સૂક્ષ્મ દેશ. જેના ભાગ કલ્પી ન શકાય એવા ભાગો સ્કંધદેશો કહેવાય છે. - x - પરમાણુ પુદ્‌ગલ - અત્યંત સૂક્ષ્મ અણુ, જેના ભાગ કલ્પી ન શકાય એવા નિર્વિભાગ દ્રવ્યરૂપ પુદ્‌ગલો તે પરમાણુ પુદ્‌ગલો અને સ્કંધ રૂપ પરિણામ રહિત કેવળ પરમાણુ જાણવા.



તે સંક્ષેપથી યથાયોગ્યપણે પાંચ પ્રકારે કહ્યા છે. તે આ રીતે વર્ણપરિણત - વર્ણ પરિણામવાળા, એમ ગંધ-રસ-સ્પર્શ-સંસ્થાન પરિણત, ''પરિણત''એ અતીતકાળ નિર્દેશ છે, વર્તમાન અને ભાવિ કાળના સૂચક છે. કેમકે તે બે વિના ભૂતકાળ સંભવે નહીં. કહ્યું છે — જે વર્તમાનને ઉલ્લંઘે તે અતીત થાય છે અને વર્તમાનત્વને તે અનુભવે છે, જે અનાગતને અતીક્રમેલ છે. તેથી વર્ણ પરિણત એટલે વર્ણરૂપે પરિણત છે - પરિણમે છે અને પરિણમશે. એ રીતે ગંધ, રસ પરિણતાદિ કહેવા.

**• સૂત્ર-૧૩ :- (ચાલુ)**

***જે વર્ણ પરિણત છે, તે પાંચ ભેદે કહ્યા છે. તે આ — કાળા-નીલા-લોહિત-હાલિદ્ર-શુક્લ વર્ણ પરિણત. જે ગંધરૂપે પરિણત છે, તે બે ભેદે છે — સુરભિ અને દુરભિગંધ પરિણત. જે રસ પરિણત છે, તે પાંચ ભેદે છે — કડવા, તીખા, તુરા, ખાટા અને મધુર રસપણે પરિણત. જે સ્પર્શ પરિણત છે તે આઠ ભેદે છે — કર્કશ, મૃદુ, ભારે, હલકો, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, રૂક્ષ સ્પર્શ પરિણત. જે સંસ્થાન પરિણત છે તે પાંચ ભેદે છે — પરિમંડલ, વૃત્ત, ત્ર્યસ્ર, ચતુરસ્ર, આયત સંસ્થાન પરિણત.***

**• વિવેચન-૧૩ :- (ચાલુ)**

જે વર્ણ પરિણત છે, તે પાંચ ભેદે કહ્યા છે — કાજળ આદિવત્ કૃષ્ણ વર્ણ પરિણત, ગળી આદિ માફક નીલવર્ણ પરિણત, હિંગલોક આદિવત્ લોહિતવર્ણ પરિણત, હળદરાદિવત્ હારિદ્રવર્ણ પરિણત. શંખાદિવત્ શુક્લવર્ણ પરિણત. જે ગંધ પરિણત છે તે બે ભેદે-ચંદનાદિવત્ સુગંધ પરિણત, લસણ આદિવત્ દુર્ગંધ પરિણત. જો કે કોઈપણરૂપે રહેલ પુદ્‌ગલ સામગ્રીના વશથી સુગંધ કે દુર્ગંધરૂપે પરિણમે છે.

જે રસપણે પરિણત છે, તે પાંચ ભેદે કહ્યા છે — કોશાતકી આદિવત્ કડવા રસરૂપે પરિણત, સુંઠ આદિવત્ તીખા રસરૂપે પરિણત. કાચા કોઠા માફક કષાયરસપણે પરિણમેલ. અમ્લ વેતસાદિવત્ અમ્લરસ પરિણત, મધુરરસ પરિણત.

જે સ્પર્શ પરિણત છે, તે આઠ ભેદે છે — પત્થરની જેમ કર્કશસ્પર્શ પરિણત, રૂ આદિ પેઠે મૃદુ સ્પર્શ પરિમત, વજાદિવત્ ગુરુ સ્પર્શ પરિણત, અર્કતૂલાદિવત્ લઘુસ્પર્શ પરિણત, મૃણાલ આદિવત્ શીતસ્પર્શ પરિણત, વહ્નિ આદિવત્ ઉષ્ણ સ્પર્શ પરિણત, ઘી આદિવત્ સ્નિગ્ધ સ્પર્શ પરિણત, રૂક્ષ સ્પર્શ૦

જે સંસ્થાન પરિણત છે, તે પાંચ ભેદે છે — વલયની જેમ પરિમંડલ સંસ્થાન પરિણત, કુંભારના ચાકડા માફક વૃત્ત સંસ્થાન પરિણત, શીંગોડાની માફક ત્ર્યસ્ર સંસ્થાન પરિણત, કુંભિકાદિ માફક ચોરસ સંસ્થાન પરિણત, દંડાદિ માફક આયત સંસ્થાન પરિણત. આ પરિમંડલાદિ સંસ્થાન ઘન અને પ્રતર ભેદથી બે પ્રકારે છે વળી પરિમંડલને છોડીને બાકીના સંસ્થાન ઓજઃ પ્રદેશ જનિત અને યુગ્મ પ્રદેશજનિત બે ભેદે છે. તેમાં ઉત્કૃષ્ટ પરિમંડલાદિ બધાં સંસ્થાનો નિયત સંખ્યાવાળા પરમાણુઓથી ઉત્પન્ન અને અસંખ્યાતા આકાશપ્રદેશમાં રહેલા છે અને જઘન્ય સંસ્થાન નિયત

સંખ્યાવાળા પરમાણુથી બનેલા, પણ બતાવ્યા વિના જાણી શકાય તેમ નથી માટે શિષ્યોના ઉપકારાર્થે બતાવે છે.

(૧) ઓજઃપ્રદેશ પ્રતરવૃત્ત - પાંચ પરમાણુથી બનેલ અને પાંચ આકાશ પ્રદેશમાં રહેલ છે. એક પરમાણુ મધ્યે, ચાર ચારે દિશામાં. (૨) યુગ્મપ્રદેશ પ્રતરવૃત્ત - બાર પરમાણુનું બનેલ અને બાર આકાશ પ્રદેશમાં રહેલ હોય. તેમાં રુચક રૂપે સ્થાયી બાકીના બબ્બે પરમાણુ ચારે દિશામાં મૂકો. (૩) ઓજઃપ્રદેશ ઘનવૃત્ત - સાત પ્રદેશ વડે બનેલ અને સાત આકાશ પ્રદેશમાં રહેલ હોય, પાંચ પ્રદેશના પ્રતર વૃત્તના મધ્ય ભાગે રહેલા પરમાણુની ઉપર-નીચે એક-એક પરમાણુ મૂકવો. (૪) યુગ્મપ્રદેશ ઘનવૃત્ત - ૩૨ પ્રદેશાત્મક અને ૩૨-આકાશ પ્રદેશમાં રહેલ હોય. - x - (૫) ઓજઃપ્રદેશ પ્રતરત્ર્યસ્ર-ત્રણ પ્રદેશનું બનેલ અને ત્રણ આકાશપ્રદેશમાં રહેલ - x - (૬) યુગ્મપ્રદેશ પ્રતરત્ર્યસ્ર - છ પરમાણુથી બનેલ, છ આકાશ પ્રદેશમાં રહેલ છે - x -

(૭) ઓજઃપ્રદેશ ઘનત્ર્યસ્ર - પાંત્રીશ પરમાણુથી બનેલ અને પાંત્રીશ આકાશ પ્રદેશમાં રહેલ છે. તેમાં તીર્છા નિરંતર પાંચ પરમાણુ મૂકવા. તેની નીચે અનુક્રમે તીર્છા ચાર, બે, ત્રણ, એક પરમાણું મૂકવા. એ રીતે પંદર પ્રદેશવાળું પ્રતર થાય. આ જ પ્રતરના ઉપર સર્વ પંક્તિમાં અંતે રહેલા એક એક પ્રદેશને છોડી દશ પરમાણુ મૂકવા. તેમ જ તેના ઉપર ઉપર છ, ત્રણ, એક એમ અનુક્રમે પરમાણુ મૂકવા. આ બધા મળીને પાંત્રીશ પ્રદેશો છે.

૮- યુગ્મપ્રદશ ઘનત્ર્યસ્ર - ચાર પ્રદેશનું બનેલ અને ચાર આકાશ પ્રદેશમાં રહેલ છે. - x - ૯- ઓજઃપ્રદેશ પ્રતર ચતુરસ્ર - નવ પરમાણુનું બનેલ, નવ આકાશ પ્રદેશમાં રહેલ હોય - x - ૧૦- યુગ્મપ્રદેશ પ્રતર ચતુરસ્ર - ચાર પરમાણુનું બનેલ અને ચાર આકાશ પ્રદેશમાં રહેલ છે - x - ૧૧- ઓજઃપ્રદેશ ઘનચતુરસ્ર-સત્તાવીશ પરમાણુનું બનેલ અને સત્તાવીશ આકાશપ્રદેશમાં રહેલ છે. નવપ્રદેશના બનેલ પૂર્વોક્ત પ્રતરની ઉપર અને નીચે નવ નવ પ્રદેશો સ્થાપવા, તેથી સત્તાવીશ પ્રદેશનું ઘન ચતુરસ્ર થાય.

૧૨- યુગ્મપ્રદેશ ઘન ચતુરસ્ર - આઠ પરમાણુથી બનેલ અને આઠ આકાશ પ્રદેશમાં રહેલ છે. - x - ૧૩- ઓજઃપ્રદેશ શ્રેણ્યાયત - ત્રણ પરમાણુવાળુ અને ત્રણ આકાશ પ્રદેશમાં રહેલ છે - x - ૧૪- યુગ્મપ્રદેશ શ્રેણ્યાયત - બે પરમાણુવાળુ અને બે આકાશ પ્રદેશમાં રહેલ છે. - x - ૧૫- ઓજઃપ્રદેશ પ્રતરાયત - પંદર પરમાણુનું બનેલ અને પંદર આકાશપ્રદેશમાં રહેલ છે. - x - ૧૬- યુગ્મપ્રદેશ પ્રતરાયત - છ પરમાણુનું બનેલ અને છ આકાશપ્રદેશમાં રહેલ છે. - x - ૧૭- ઓજઃપ્રદેશ ઘનાયત - ૪૫-પરમાણુથી ઉત્પન્ન અને ૪૫-આકાશ પ્રદેશમાં રહેલ છે, પૂર્વોક્ત-૧૫ અને ઉપર-નીચે ૧૫-૧૫.

૧૮- યુગ્મપ્રદેશ ઘનાયત - બાર પરમાણુઓનું બનેલ અને બાર આકાશ



પ્રદેશમાં રહેલ છે. - x - ૧૯- પ્રતર પરિમંડલ - વીશ પરમાણુઓનું બનેલ અને વીશ આકાશપ્રદેશમાં રહેલું છે. તેમાં પૂર્વાદિ ચારે દિશામાં ચાર-ચાર અને વિદિશામાં એક-એક પરમાણુ મૂકવા. ૨૦-ઘન પરિમંડલ - ચાલીશ પરમાણુનું બનેલ અને ચાલીશ આકાશ પ્રદેશોમાં રહેલ છે. - x -

આ પ્રમાણે એ સંસ્થાનોની પ્રરૂપણા કરી, કેમકે જો એનાથી પણ ન્યૂન પ્રદેશ હોય તો ઉપરોક્ત સંસ્થાનો થતાં નથી. આ અર્થની સંગ્રાહક ઉત્તરાધ્યયન નિર્યુક્તિગાથા છે. જે ઉપરોક્ત અર્થને કહે છે. હવે વર્ણાદિનો પરસ્પર સંવેધ —

● **સૂત્ર-૧૩ :- (ચાલુ)**

*જે વર્ણથી કાળા વર્ણ પરિણત છે, તે ગંધથી સુરભિગંધ પરિણત પણ છે, દુરભિગંધ પરિણત પણ છે. રસથી તિક્ત રસ પરિણત પણ છે, કટુક-કષાય-અમ્લ-મધુર રસ પરિણત પણ છે. સ્પર્શથી કર્કશ સ્પર્શ પરિણત પણ છે, મૃદુ-ગુરુક-લઘુક-શીત-ઉષ્ણ-સ્નિગ્ધ-રૂક્ષ સ્પર્શ પરિણત પણ છે. સંસ્થાનથી પરિમંડલ સંસ્થાન પરિણત પણ છે, વૃત્ત-ત્ર્યસ્ર-ચતુરસ્ર-આયત સંસ્થાન પરિણત પણ છે.*

*જે વર્ણથી નીલ વર્ણ પરિણત છે, તે ગંધથી સુરભિગંધ પરિણત પણ છે, દુરભિગંધ પરિણત પણ છે. રસથી તિક્ત યાવત્ મધુર એ પાંચે રસ પરિણત છે. સ્પર્શથી કર્કશ યાવત્ રૂક્ષ એ આઠે સ્પર્શ પરિણત છે. સંસ્થાનથી પરિમંડલ યાવત્ આયત એ પાંચે સંસ્થાન પરિણત છે.*

*જે વર્ણથી લોહિત વર્ણ પરિણત છે, તે ગંધથી સુરભિગંધ પરિણત પણ છે, દુરભિગંધ પરિણત પણ છે. રસથી તિક્ત યાવત્ મધુરરસ પરિણત પણ છે. સ્પર્શથી કર્કશ સ્પર્શ યાવત્ રૂક્ષ સ્પર્શ પરિણત પણ છે. સંસ્થાનથી પરિમંડલ યાવત્ આયત સંસ્થાન પરિણત પણ છે.*

*જે વર્ણથી હાલિદ્રવર્ણ પરિણત છે, તે ગંધથી સુરભિ અને દુરભિગંધ પરિણત પણ છે. રસથી તિક્ત યાવત્ મધુરરસ પરિમત પણ છે. સ્પર્શથી કર્કશ યાવત્ રૂક્ષ સ્પર્શ પરિણત પણ છે. સંસ્થાનથી પરિમંડલ સંસ્થાન યાવત્ આયત સંસ્થાન પરિમત પણ છે.*

*જે વર્ણથી શુક્લ વર્ણ પરિણત છે. તે ગંધથી સુરભિગંધ કે દુરભિગંધ પરિણત પણ છે, રસથી તિક્ત યાવત્ મધુર રસ પરિણત પણ છે, સ્પર્શ કર્કશ યાવત્ રૂક્ષ સ્પર્શ પરિણત પણ છે. સંસ્થાનથી પરિમંડલ યાવત્ આયત સંસ્થાન પરિણત પણ છે.*

*[આ રીતે પાંચ વર્ણ આશ્રિત ૧૦૦ ભેદો થયા.]*

*જે ગંધથી સુરભિગંધ પરિણત છે, તે વર્ણથી કાળાવર્ણ પરિણત પણ છે, નીલવર્ણ પરિણત પણ છે, લોહિતવર્ણ પરિણત પણ છે, હાલિદ્ર વર્ણ પરિણત પણ છે, શુક્લ વર્ણ પરિણત પણ છે. રસથી તિક્ત રસ પરિણત યાવત્ મધુર રસ પરિણત પણ છે. સ્પર્શથી કર્કશ સ્પર્શ પરિણત યાવત્ રૂક્ષ સ્પર્શ પરિણત પણ*

છે. સંસ્થાનથી પરિમંડલ સંસ્થાન પરિણત યાવત્ આયત સંસ્થાન પરિણત પણ છે. [૫ + ૫ + ૮ + ૫ = ૨૩ ભેદ.]

જે ગંધથી દુરભિગંધ પરિણત છે. તે વર્ણથી કાળા વર્ણ પરિણત પણ છે. યાવત્ શુક્લવર્ણ પરિણત પણ છે. રસથી તિક્તરસ પરિણત પણ છે યાવત્ મધુરરસ પરિણત પણ છે, સ્પર્શથી કર્કશ સ્પર્શ પરિણત પણ છે યાવત્ ઋક્ષ સ્પર્શ પરિણત પણ છે. સંસ્થાનથી પરિમંડલ સંસ્થાન પરિણત યાવત્ આયત સંસ્થાન પરિણત પણ છે. [૨૩,૪૬ ભેદ]

જે રસથી તિક્તરસ પરિણત છે, તે વર્ણથી કાળા વર્ણ પરિણત પણ છે યાવત્ શુક્લ વર્ણ પરિણત પણ છે. ગંધથી સુરભિ૦ દુરભિગંધ પરિણત પણ છે. સ્પર્શથી કર્કશ૦ યાવત્ ઋક્ષ સ્પર્શ પરિણત પણ છે. સંસ્થાનથી પરિમંડલ સંસ્થાન પરિણત યાવત્ આયત સંસ્થાન પરિણત પણ છે.

જે રસથી કટુક રસ પરિણત છે. તે વર્ણથી કાળા૦ યાવત્ શુક્લ વર્ણ પરિણત પણ છે. ગંધથી સુરભિ૦ દુરભિ ગંધ પરિણત પણ છે. સ્પર્શથી કર્કશ સ્પર્શ યાવત્ ઋક્ષ સ્પર્શ પરિણત પણ છે. સંસ્થાનથી પરિમંડલ સંસ્થાન પરિણત યાવત્ આયત સંસ્થાન પરિણત પણ છે.

જે રસથી કટુક રસ પરિણત છે. તે વર્ણથી કાળા૦ યાવત્ શુક્લ વર્ણ પરિણત પણ છે. ગંધથી સુરભિ૦ દુરભિ ગંધ પરિણત પણ છે. સ્પર્શથી કર્કશ સ્પર્શ યાવત્ ઋક્ષ સ્પર્શ પરિણત પણ છે. સંસ્થાનથી પરિમંડલ સંસ્થાન યાવત્ આયત સંસ્થાન પરિણત પણ છે.

જે રસથી કષાયરસ પરિણત છે, તે વર્ણથી કાળો વર્ણ યાવત્ શુક્લ વર્ણ પરિણત પણ છે. ગંધથી સુરભિ૦ દુરભિ ગંધ પરિણત પમ છે, સ્પર્શથી કર્કશ સ્પર્શ યાવત્ ઋક્ષ સ્પર્શ પરિણત પણ છે. સંસ્થાનથી પરિમંડલ સંસ્થાન યાવત્ આયત સંસ્થાન પરિણત પણ છે.

જે રસથી અમ્લ રસ પરિણત છે, તે વર્ણથી કાળો વર્ણ પરિણત યાવત્ શુક્લવર્ણ પરિણત પણ છે. ગંધતી સુરભિ૦ દુરભિગંધ પરિણત પણ છે. સ્પર્શથી કર્કશસ્પર્શ યાવત્ ઋક્ષ સ્પર્શ પરિમત પણ છે. સંસ્થાનથી પરિમંડલ સંસ્થાન યાવત્ આયત સંસ્થાન પરિણત પણ છે.

જે રસથી મધુરરસપણે પરિણત છે, તે વર્ણથી કાળાવર્ણ૦ યાવત્ સફેદ વર્ણ પણે પરિણત છે. ગંધથી સુરભિ૦ દુરભિ ગંધપણે પરિણત છે, સ્પર્શથી કર્કશ સ્પર્શ૦ યાવત્ ઋક્ષ સ્પર્શપર્ણ પરિણમ છે. સંસ્થાનથી પરિમંડલ સંસ્થાન૦ યાવત્ આયત સંસ્થાનપણે પરિણત છે.

[આ રીતે રસને આશ્રીને ૧૦૦ ભેદ થયા.]

જે સ્પર્શથી કર્કશ સ્પર્શ પરિણત હોય, તે કાળાવર્ણ૦ યાવત્ શુક્લ વર્ણ પરિણત પણ હોય, ગંધથી સુરભિ૦ દુરભિગંધ પરિણત પણ હોય, રસથી તિક્ત



રસ યાવત્ મધુર રસપરિણત પણ હોય, સ્પર્શથી ગુરુ સ્પર્શ યાવત્ ઋક્ષ સ્પર્શ પરિણત પણ હોય, સંસ્થાનથી પરિમંડલ યાવત્ આયત સંસ્થાન પરિણત હોય.

જે સ્પર્શથી મૃદુ સ્પર્શ પરિણત હોય, તે વર્ણથી કાળા વર્ણ યાવત્ શુક્લ વર્ણ પરિણત પણ હોય, ગંધથી સુરભિ૦ દુરભિગંધ પરિણત પણ હોય. રસથી તિક્ત રસ યાવત્ મધુર રસ પરિણત પણ હોય, સ્પર્શથી ગુરુસ્પર્શ યાવત્ ઋક્ષસ્પર્શ પરિણત પણ હોય, સંસ્થાનથી પરિમંડલ સંસ્થાન૦ યાવત્ આયત સંસ્થાન પરિણત પણ હોય.

જે સ્પર્શથી ગુરુસ્પર્શ પરિણત હોય, તે વર્ણથી કાળો વર્ણ યાવત્ સફેદ વર્ણ પરિણત પણ હોય, ગંધથી સુરભિ૦ દુરભિગંધ પરિણત પણ હોય, રસથી તિક્તરસ પરિણત યાવત્ મધુર રસ પરિણત પણ હોય, સ્પર્શથી કર્કશ-મૃદુ-શીત-ઉષ્ણ-સ્નિગ્ધ-ઋક્ષ રસ પરિણત પણ હોય, સંસ્થાનથી પરિમંડલ સંસ્થાન યાવત્ આયત સંસ્થાન પરિણત પણ હોય.

જે સ્પર્શથી લઘુ સ્પર્શ પરિણત હોય, તે વર્ણથી કાળો વર્ણ યાવત્ શુક્લ વર્ણ પરિણત પણ હોય, ગંધથી સુરભિ, દુરભિગંધ પરિણત પણ હોય, રસથી તિક્તરસ યાવત્ મધુરરસ પરિણત પણ હોય, સ્પર્શથી કર્કશ-મૃદુ-શીત-ઉષ્ણ-સ્નિગ્ધ-ઋક્ષ સ્પર્શ પરિણત પણ હોય, સંસ્થાનથી પરિમંડલ સંસ્થાન યાવત્ આયત સંસ્થાન પરિણત પણ હોય.

જે સ્પર્શથી શીત સ્પર્શ પરિણત હોય, તે વર્ણથી કાળો યાવત્ શુક્લ વર્ણ પરિણત પણ હોય, ગંધથી સુરભિ૦ દુરભિ ગંધ પરિણત પણ હોય, રસથી તિક્ત યાવત્ મધુરરસ પરિણત પણ હોય. સ્પર્શથી કર્કશ-મૃદુ-ગુરુ-લઘુ-સ્નિગ્ધ-ઋક્ષ સ્પર્શ પરિણત પણ હોય. સંસ્થાનથી પાંચે સંસ્થાન પરિણત પણ હોય.

જે સ્પર્શથી ઉષ્ણ સ્પર્શ પરિણત છે, તે વર્ણથી કાળો વર્ણ યાવત્ શુક્લવર્ણ પરિણત પણ છે, ગંધથી સુરભિ૦ દુરભિગંધ પરિણત પણ છે, રસથી તિક્તરસ યાવત્ મધુરરસ પરિણત પણ છે. સ્પર્શથી કર્કશ-મૃદુ-ગુરુ-લઘુ-સ્નિગ્ધ-ઋક્ષ સ્પર્શ પરિણત પણ છે. સંસ્થાનથી પરિમંડલાદિ પરિણત પણ છે.

જે સ્પર્શથી સ્નિગ્ધ સ્પર્શ પરિણત છે, તે વર્ણથી કાળો વર્ણ યાવત્ શુક્લવર્ણ પરિણત પણ છે. ગંધથી સુરભિગંધ૦ દુરભિગંધ પરિણત પણ છે. રસથી તિક્તરસ યાવત્ મધુરરસ પરિણત પણ છે, સ્પર્શથી કર્કશ યાવત્ ઉષ્ણ સ્પર્શ પરિણત છે. સંસ્થાનથી પરિમંડલ યાવત્ આયત સંસ્થાન પરિણત પણ છે.

જે સ્પર્શથી ઋક્ષ સ્પર્શ પરિણત છે, તે વર્ણથી કાળો વર્ણ યાવત્ શુક્લ વર્ણ પરિણત પણ છે. ગંધથી સુરભિગંધ૦ દુરભિગંધ પરિણત પણ છે. રસથી તિક્તરસ યાવત્ મધુરરસ પરિણત પણ છે, સ્પર્શથી કર્કશ સ્પર્શ યાવત્ ઉષ્ણસ્પર્શ પરિણત પણ છે. સંસ્થાનથી પરિમંડલ આદિ સંસ્થાન પરિણત પણ હોય.

[આ રીતે પ્રત્યેકના ૨૩-એ રીતે સ્પર્શના ૧૮૪ ભેદ થયા.]

***જે સંસ્થાનથી પરિમંડલ સંસ્થાન પરિણત છે, તે કાળા આદિ પાંચે વર્ણ પરિણત પણ હોય, બંને ગંધ પરિણત પણ હોય, રસથી તિક્તાદિ પાંચે રસ પરિણત પણ હોય, સ્પર્શથી કર્કશાદિ આઠે સ્પર્શ પરિણત પણ હોય. [૨૦ ભેદ]***

***જે સંસ્થાનથી વૃત્ત સંસ્થાન પરિણત હોય, તે વર્ણથી કાળા આદિ પાંચે વર્ણ પરિણત પણ હોય, બંને ગંધ પરિણત પણ હોય રસથી તિક્તાદિ પાંચે રસ પરિણત પણ હોય સ્પર્શથી કર્કશાદિ આઠે સ્પર્શ પરિણત પણ હોય.***

***જે સંસ્થાનથી ત્ર્યસ્ર સંસ્થાન પરિણત હોય તે વર્ણથી કાળા આદિ પાંચે વર્ણ પરિણત પણ હોય, બંને ગંધ પરિણત પણ હોય, રસથી તિક્તાદિ પાંચે રસ પરિણત પણ હોય. સ્પર્શથી કર્કશાદિ આદિ આઠે સ્પર્શ પરિણત પણ હોય.***

***જે સંસ્થાનથી ચતુરસ્ર સંસ્થાન પરિણત હોય તે વર્ણથી કાળા આદિ પાંચે વર્ણ પરિણત પણ હોય, બંને ગંધથી પરિણત પણ હોય, રસથી તિક્તાદિ પાંચે રસ પરિણત પણ હોય, સ્પર્શથી કર્કશાદિ આઠે સ્પર્શ પરિણત પણ હોય.***

***જે સંસ્થાનથી આયત સંસ્થાન પરિણત હોય તે વર્ણથી કાળા-નીલો-લોહિત-હાલિદ્ર-શુક્લ વર્ણ પરિણત પણ હોય, ગંધથી સુરભિ-દુરભિ ગંધ પરિણત પણ હોય, રસથી તિક્ત-કટુક-કષાય-અંબિલ-મધુર રસ પરિણત પણ હોય. સ્પર્શથી કર્કશ-મૃદુ-ગુરુ-લઘુ-શીત-ઉષ્ણ-સ્નિગ્ધ-રુક્ષ સ્પર્શ પરિણત પણ હોય. [સંસ્થાનથી આ ૧૦૦ ભેદ થયા.]***

***તે આ રૂપી અજીવ પ્રજ્ઞાપના, અજીવ પ્રજ્ઞાપના કહ્યા.***

**● વિવેચન-૧૩ :- (ચાલુ)**

જે સ્કંધાદિ વર્ણને આશ્રીને કાળા વર્ણ પરિણત પણ હોય છે, તે ગંધને આશ્રીને સુરભિગંધ પરિણત પણ હોય અને દુરભિગંધ પરિણત પણ હોય અર્થાત્ ગંધને આશ્રીને કેટલાંક સુરભિગંધ પરિણત પણ હોય, કેટલાંક દુરભિગંધ પરિણત પણ હોય, પણ અમુક એક જ ગંધપણે પરિણત હોતા નથી. એ પ્રમાણે રસ, સ્પર્શ અને સંસ્થાને આશ્રીને ભંગો કહેવા. તેમાં બે ગંધ, પાંચ રસો, આઠ સ્પર્શ, પાંચ સંસ્થાન મળીને વીશ ભંગો કાળા વર્ણપણે પરિણમેલ સ્કંધોના થાય. એ રીતે નીલાદિના પણ જાણવા.

ગંધને આશ્રીને - સુરભિગંધ પરિણામ પરિણત પણ વર્ણથી-૫, રસથી-૫, સ્પર્શથી-૫, સંસ્થાનથી-૫, કુલ-૨૩, એ પ્રમાણે દુરભિગંધ પરિણત પણ ૨૩, તેથી ગંધથી ૪૬-ભેદ.

રસને આશ્રીને તિક્તરસ પરિણત - વર્ણથી-૫, ગંધથી-૨, સ્પર્શથી-૮, સંસ્થાનથી-૫, કુલ-૨૦ એ રીતે કુલ-૧૦૦.

સ્પર્શને આશ્રીને કર્કશ સ્પર્શ પરિણત છે, તે વર્ણથી-૫, ગંધથી-૨, રસથી-૫, સ્પર્શથી-૬, કેમકે સ્પર્શના આઠ ભેદમાં પ્રતિપક્ષ સ્પર્શ યોગના અભાવથી બે સ્પર્શ નીકળી જતાં છ સ્પર્શ રહે છે, સંસ્થાનથી-૫- બધાં મળીને-૨૩, એ રીતે કુલ ૧૮૪ ભેદો.



સંસ્થાનને આશ્રીને પરિમંડલ સંસ્થાન પરિણત હોય, તે વર્ણથી-૫, ગંધથી-૨, રસથી-૫, સ્પર્શથી-૮, આ બધાં એકઠા થઈને ૨૦ ભેદ, પાંચે સંસ્થાન થઈ ૧૦૦-ભેદો થશે.

વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, સંસ્થાનના કુલ ૫૩૦-ભેદો છે.

અહીં જો કે બાદર સ્કંધોમાં પાંચે વર્ણો, બંને ગંધો, પાંચે રસો હોય છે. તેથી અપેક્ષિત વર્ણાદિ સિવાય, બાકીના વર્ણાદિ વડે પણ ભાંગા સંભવે છે. તો પણ તે જ બાદર સ્કંધમાં વ્યવહારથી જે કૃષ્ણ વર્ણાદિ યુક્ત અવાંતર પેટા સ્કંધો છે, જેમકે દેહસ્કંધમાં લોચન સ્કંધ કૃષ્ણ છે, તેની અંતર્ગત્ કોઈ સ્કંધ લાલ છે વગેરે તેની અહીં વિવક્ષા છે, તેઓને બીજા વર્ણો સંભવતા નથી.

સ્પર્શ વિચારણામાં અધિકૃત સ્પર્શના પ્રતિપક્ષ સ્પર્શ સિવાય બીજા સ્પર્શો લોકમાં પણ અવિરોધિ જણાય છે. તેથી યથોક્ત જ ભંગ સંખ્યા થાય. - x - x - આ વર્ણાદિ પરિણામોની સ્થિતિ જઘન્ય એક સમય, ઉત્કર્ષ અસંખ્યાતો કાળ જાણવો.

હવે જીવ પ્રજ્ઞાપનાને આશ્રીને પ્રશ્નસૂત્ર કહે છે —

**● સૂત્ર-૧૪ :-**

***તે જીવ પ્રજ્ઞાપના કેટલા ભેદે છે ? બે ભેદે — સંસાર સમાપન્નક જીવ પ્રજ્ઞાપના, અસંસારસમાપન્નક જીવ પ્રજ્ઞાપના.***

**● વિવેચન-૧૪ :-**

તે જીવ પ્રજ્ઞાપના શું છે ? બે ભેદે છે — સંસારી અને અસંસારી જીવ પ્રજ્ઞાપના. સંસરણ એ સંસાર — નારક, તિર્યંચ, મનુષ્ય, દેવ ભવના અનુભવ રૂપ, તે એકી ભાવથી પ્રાપ્ત તે સંસાર સમાપન્ન અર્થાત્ સંસારવર્તી, તે જીવોની પ્રજ્ઞાપના. અસંસાર એટલે મોક્ષ, તેને પ્રાપ્ત તે અસંસાર સમાપન્ન અર્થાત્ મુક્ત, તેવા જીવો, તેની પ્રજ્ઞાપના, તે અસંસાર સમાપન્ન જીવ પ્રજ્ઞાપના.

અલ્પવક્તવ્યતાથી પહેલાં અસંસારી જીવ પ્રજ્ઞાપના કહે છે—

**● સૂત્ર-૧૫,૧૬ :-**

***[૧૫] અસંસાર સમાપન્ન જીવ પ્રજ્ઞાપના કેટલા ભેદે છે ? અસંસાર સમાપન્ન જીવ પ્રજ્ઞાપના બે ભેદે કહેલ છે — અનંતર સિદ્ધ અસંસાર સમાપન્ન જીવ પ્રજ્ઞાપના અને પરંપર સિદ્ધ અસંસાર સમાપન્ન જીવ પ્રજ્ઞાપના.***

***[૧૬] અનંતર સિદ્ધ અસંસાર સમાપન્ન જીવ પ્રજ્ઞાપના કેટલા ભેદે છે ? પંદર ભેદે છે — તિર્થસિદ્ધ, અતિર્થસિદ્ધ, તિર્થંકરસિદ્ધ, અતિર્થંકરસિદ્ધ, સ્વયંબુદ્ધસિદ્ધ, પ્રત્યેકબુદ્ધસિદ્ધ, બુદ્ધ બોધિત સિદ્ધ, સ્ત્રીલિંગ સિદ્ધ, પુરુષલિંગ સિદ્ધ, નપુંસકલિંગસિદ્ધ, સલિંગસિદ્ધ, અન્યલિંગસિદ્ધ, ગૃહલિંગસિદ્ધ, એકસિદ્ધ, અનેકસિદ્ધ.***

**● વિવેચન-૧૫,૧૬ :-**

અસંસાર સમાપન્ન જીવ પ્રજ્ઞાપના કેટલા ભેદે છે ? બે ભેદે — અનંતરસિદ્ધ૦,

પરંપરસિદ્ધ૦. તેમાં જેઓને સિદ્ધ થયાને એક પણ સમયનું અંતર નથી તે અર્થાત્ વર્તમાન સમયે સિદ્ધ થયેલા છે તે અનંતર સિદ્ધ. - x - x -

જેઓને સિદ્ધ થયાને એક, બે, ત્રણ ઈત્યાદિ સમયોનું અંતર પડેલ છે, તે પરંપર સિદ્ધ. વિવક્ષિત પ્રથમ સમયે જેઓ સિદ્ધ થયેલા છે, તેની અપેક્ષાએ જેને સિદ્ધ થયાને બીજો સમય થયો હોય તે પર, એ રીતે ત્રીજો સમય ઈત્યાદિ સમયની વૃદ્ધિ કરતા યાવત્ અનંત અતીત કાળ સુધી મોક્ષે ગયેલ તે બધાં પરંપર સિદ્ધો કહેવાય છે - x - x - च શબ્દ સ્વગત ભેદ સૂચક છે.

અનંતરસિદ્ધ - અસંસાર સમાપન્ન જીવપ્રજ્ઞાપના કેટલા ભેદે છે ? પંદર પ્રકારે છે, કેમકે અનંતર સિદ્ધો સિદ્ધાવસ્થાની પૂર્વેની વિશેષતાના ભેદથી પંદર પ્રકારે છે. તે આ પ્રમાણે —

(૧) તીર્થસિદ્ધ - જેનાથી સંસારસાગર તરાય છે, તે તીર્થ - યથાવસ્થિત સર્વ જીવાજીવાદિ પદાર્થોના સાર્થ પ્રરૂપક તીર્થંકર પ્રણીત પ્રવચન, તે નિરાધાર ન હોય, તેથી તેના આધાર ભૂત સંઘ કે પ્રથમ ગણધરને પણ તીર્થ જાણવા. કહ્યું છે — તીર્થ [શાસન] એ તીર્થ [તરણ સાધન] છે કે તીર્થંકર તે તીર્થ છે ? ગૌતમ ! અરહંત નિયમા તીર્થંકર છે, ચાતુર્વર્ણ સ્કંધ કે પ્રથમ ગણધર તીર્થ છે. તે તીર્થમાં ઉત્પન્ન સિદ્ધ, તે તીર્થસિદ્ધ.

(૨) અતીર્થસિદ્ધ - તીર્થનો અભાવ તે અતીર્થ, આ અભાવ બે રીતે - તીર્થની ઉત્પત્તિ ન થઈ હોય કે તીર્થનો વિચ્છેદ થયો હોય, તેમાં જે સિદ્ધ થાય તે અતીર્થ સિદ્ધ, તેમાં તીર્થની ઉત્પત્તિ પૂર્વે સિદ્ધ તે મરુદેવી આદિ. કેમકે મરુદેવીના સિદ્ધિગમન કાળે તીર્થ ઉત્પન્ન થયેલ ન હતું. તથા સુવિધિનાથ સ્વામી આદિ તીર્થંકરના આંતરામાં જે જાતિ સ્મરણાદિ વડે મોક્ષ પામીને સિદ્ધ થયા તે તીર્થ વ્યવચ્છેદ સિદ્ધ.

(૩) તીર્થંકરસિદ્ધ - તીર્થંકર થઈને જેઓ સિદ્ધ થયા છે તે તીર્થંકરસિદ્ધ... (૪) અતીર્થંકર સિદ્ધ - સામાન્ય કેવલી થઈને જે સિદ્ધ થયા છે તે... (૫) સ્વયંબુદ્ધ સિદ્ધ - સ્વયં બોધ પામીને જે સિદ્ધ થયા છે તે... (૬) પ્રત્યેકબુદ્ધસિદ્ધ - પ્રત્યેક બુદ્ધ થઈને સિદ્ધ થયેલ... સ્વયંબુદ્ધ અને પ્રત્યેકબુદ્ધમાં શો ભેદે ? તેઓમાં બોધિ, ઉપધિ, શ્રુત અને બાહ્ય વેશથી ભેદ છે. તેથી કહે છે કે — સ્વયંબુદ્ધ કોઈપણ બાહ્ય કારણ વિના બોધ પામે છે, કેમકે પોતાના જાતિસ્મરણાદિ વડે બોધ પામેલા તે સ્વયંબુદ્ધ. તેઓના બે ભેદ છે — તીર્થંકર અને તીર્થંકર સિવાયના - અહીં તીર્થંકર સિવાયના સ્વયંબુદ્ધનો અધિકાર છે. નંદિસૂત્ર ચૂર્ણિકારે પણ આ કહેલ છે.

પ્રત્યેકબુદ્ધ કોઈપણ બાહ્ય કારણથી બોધ પામે છે બાહ્ય - વૃષભાદિ કારણ જોઈને બોધ પામેલા તે પ્રત્યેક બુદ્ધ, વળી સંભળાય છે કે - કરકંડૂ આદિ રાજર્ષિને બાહ્ય કારણથી બોધિ પ્રાપ્ત થયેલ છે અને તે બોધિ પ્રાપ્ત કરીને એકાકી જ વિચરે છે પણ ગચ્છવાસી સાધુ માફક સાથે મળીને વિચરતા નથી. નંદીના ચૂર્ણિકાર પણ આમ જ કહે છે.





સ્વયંબુદ્ધને બાર પ્રકારે પાત્ર આદિ ઉપધિ હોય છે. પ્રત્યેકબુદ્ધને જઘન્ય અને ઉત્કૃષ્ટ બે પ્રકારે ઉપધિ હોય છે. જઘન્ય ઉપધિ બે પ્રકારે, ઉત્કૃષ્ટ ઉપધિ વસ્ત્ર સિવાય નવ પ્રકારે હોય છે.

સ્વયંબુદ્ધને પૂર્વ જન્મમાં અધ્યયન કરેલ શ્રુત હોય અથવા ન પણ હોય, જો પૂર્વે અધ્યયન કરેલ હોય તો દેવો વેશ આપે છે અથવા ગુરુ પાસે જઈને વેશને સ્વીકારે છે, જો એકલા વિચરવા સમર્થ હોય અથવા ઈચ્છા હોય તો એકલા વિચરે. અન્યથા ગચ્છવાસમાં રહે છે. જો પૂર્વાધીત શ્રુત ઉપસ્થિત ન હોય તો નિયમા ગુરુની પાસે જઈને વેશ સ્વીકારી, ગચ્છનો ત્યાગ ન જ કરે. આ અંગે આ જ અર્થવાળો સાક્ષીપાઠ પણ વૃત્તિમાં છે.

પ્રત્યેક બુદ્ધને તો પૂર્વે ભણેલ શ્રુત નિયમથી હોય છે. તે જઘન્યથી અગિયાર અંગ, ઉત્કૃષ્ટથી કિંચિત્ ન્યૂન દશ પૂર્વ હોય છે. તથા દેવતા તેને વેશ આપે છે અથવા કદાચિત્ તે લિંગરહિત પણ હોય છે. આ અંગે સાક્ષીપાઠ પણ વૃત્તિમાં નોંધેલ છે.

बुद्ध - આચાર્યો વડે બોધિત થઈ જે સિદ્ધ થાય છે તે બુદ્ધબોધિત સિદ્ધ.

ઉપરોક્ત બધામાં કેટલાંક સ્ત્રીલિંગ સિદ્ધ છે. સ્ત્રીલિંગ એ સ્ત્રીપણાનું સૂચક છે. સ્ત્રીપણું ત્રણ પ્રકારે છે — વેદ, શરીરાકૃતિ, વેશ. અહીં શરીરાકૃતિનો અધિકાર છે. વેદ અને વેશનો નથી. કેમકે વેદ હોવા છતાં સ્ત્રીત્વનો અભાવ હોય. વેશ અપ્રમાણ છે. આવો સાક્ષીપાઠ નંદિ અધ્યયન ચૂર્ણિમાં પણ છે. તે સ્ત્રીલિંગમાં વર્તતા હોય અને સિદ્ધ થયા હોય તે સ્ત્રીલિંગસિદ્ધ.

ઉક્ત કથન દ્વારા - જે આકાશાંબરો [દિગંબરો] કહે છે કે — સ્ત્રીઓને નિર્વાણ નથી તેનો પ્રતિષેધ જાણવો. કેમકે આ સૂત્રથી સ્ત્રી નિર્વાણને સાક્ષાત્ સૂત્ર વડે જણાવેલ છે. તેનો પ્રતિષેધ કરવો તે યુક્તિસંગત પણ નથી. તેથી કહ્યું છે મુક્તિપથ - સમ્યક્ દર્શન જ્ઞાન ચારિત્ર રૂપ છે, તત્ત્વાર્થસૂત્રમાં પણ તે કહ્યું છે. સમ્યગ્ દર્શનાદિ પુરુષોની જેમ સ્ત્રીઓને પણ સંપૂર્ણપણે હોય છે, સ્ત્રીઓ પણ સંપૂર્ણ પ્રવચનના અર્થની રુચિવાળી હોય છે. તેઓ ષડાવશ્યક, કાલિક અને ઉત્કાલિક ભેદવાળા શ્રુતને જાણે છે. સત્તર પ્રકારના નિર્દોષ સંયમનું પાલન કરે છે. દેવ અને અસુરોને પણ દુર્ધર એવા બ્રહ્મચર્યને ધારણ કરે છે. માસક્ષપણાદિ તપશ્ચર્યા કરે છે. તો પછી તેમને મોક્ષનો સંભવ કેમ ન હોય ?

[તેઓ કહે છે —] સ્ત્રીઓને સમ્યગ્દર્શન અને જ્ઞાન હોય છે, પણ ચારિત્ર હોતું નથી. કેમકે તેમને સંયમનો અભાવ છે. તે આ પ્રમાણે — સ્ત્રીઓને અવશ્ય વસ્ત્રનો ઉપભોગ કરવો પડે છે અન્યથા નગ્ન સ્ત્રીઓ તિર્યંચસ્ત્રીની માફક પુરુષોના પરાભવને યોગ્ય થાય છે. પરિગ્રહની પ્રાપ્તિમાં સંયમ હોતો નથી.

[સમાધાન] આ કથન અયોગ્ય છે. સમ્યક્ સિદ્ધાંતના જ્ઞાનનો અભાવ છે. કેમકે પરમાર્થથી ''મૂર્છા એ પરિગ્રહ'' કહેલ છે. તેથી મૂર્છારહિત ભરત ચક્રવર્તી

અંતઃપુરમાં પણ આદર્શગૃહમાં રહેવા છતાં નિષ્પરિગ્રહી કહેવાય છે. અન્યથા કેવલજ્ઞાન સંભવે જ નહીં. જો મૂર્છાના અભાવે વસ્ત્રસંસર્ગ માત્ર પરિગ્રહ હોય તો જિનકલ્પ સ્વીકારેલ કોઈ સાધુને ધૂમસ સહિત ટાઢ પડતી હોય ત્યારે કોઈ ધર્માર્થી પુરુષ તેમના મસ્તકે વસ્ત્ર ઓઢાડે તો તે મુનિ પરિગ્રહી થાય. પણ તેમ માનવું ઈષ્ટ નથી. કેમકે વસ્ત્રના સંસર્ગ માત્રથી પરિગ્રહ થતો નથી. પણ મૂર્છાએ પરિગ્રહ છે. તે સ્ત્રીઓને વસ્ત્રાદિમાં ન હોય કેમકે તેને માત્ર ધર્મોપગરણ રૂપે ગ્રહણ કરે છે. તેણી વસ્ત્ર સિવાય પોતાના રક્ષણમાં સમર્થ હોતી નથી. વળી શીતકાલાદિમાં સ્વાધ્યાયાદિ ન કરી શકે. દીર્ઘકાળ સંયમના પાલન માટે જયણાથી વસ્ત્રો વાપરે તો પરિગ્રહી ન કહેવાય.

પૂર્વપક્ષવાળા એમ કહે છે — સ્ત્રીને પણ સમ્યગ્દર્શનાદિ રત્નત્રય સંભવે છે, પણ સંભવ માત્રથી મોક્ષ ન થાય. માત્ર પ્રકર્ષને પામે. અન્યથા દીક્ષા પછી તુરંત બધાંને મોક્ષપદ પ્રાપ્ત થાય. સ્ત્રીઓને પ્રકર્ષયુક્ત રત્નત્રયનો અસંભવ છે. તેથી નિર્વાણ નથી.

ઉક્ત વાત અયુક્ત છે. સ્ત્રીને રત્નત્રયના પ્રકર્ષનો અસંભવ છે, તે વાતનું કોઈ પ્રમાણ નથી. કેમકે સર્વ દેશ અને કાળમાં સ્ત્રીઓને વિશે રત્નત્રયના પ્રકર્ષનો અસંભવ જણાવનાર કોઈ પ્રમાણ નથી. તેની અપ્રવૃત્તિમાં અનુમાનનો પણ સંભવ નથી. આવા અસંભવને પ્રતિપાદક કોઈ આગમ પણ નથી, ઉલટું સંભવ પ્રતિપાદક પ્રમાણ સ્થાને સ્થાને મળે છે. જેમકે આ પ્રસ્તુત સૂત્ર.

પૂર્વપક્ષ - સ્વભાવથી આતપ સામે છાયાનો વિરોધ છે, તેમ સ્ત્રી પણ સાથે સમ્યગ્દર્શનાદિનો. તેથી સ્ત્રીમાં નિર્વાણના અસંભવનું અનુમાન છે. રત્નત્રય પ્રકર્ષ એટલે તુરંત મુક્તિપદ પ્રાપ્તિ, અયોગી અવસ્થાના છેલ્લા સમયે હોય, અયોગી અવસ્થા ચર્મચક્ષુવાળાને અપ્રત્યક્ષ છે. માટે સ્ત્રીનો રત્નત્રય પ્રકર્ષ ન જાણી શકાય.

જો તેમ હોય તો પુરુષોમાં પણ તે ન જાણી શકાય.

પૂર્વપક્ષ - સર્વોત્કૃષ્ટ પદ પ્રાપ્તિ, સર્વોત્કૃષ્ટ અધ્યવસાયથી થાય. સર્વોત્કૃષ્ટ પદ બે - સાતમી નરક અને મોક્ષ. સ્ત્રીઓને સાતમી નરકે ગમનનો આગમમાં નિષેધ છે. કેમકે તેવી મનોવીર્ય પરિણતિ નથી તે રીતે સ્ત્રીઓને સામર્થ્ય અભાવે મોક્ષ પણ નથી. ઈત્યાદિ૦

ઉક્ત કથનો અયુક્ત છે કેમકે જેમ ''પૃથ્વી આદિ ખેડી ન શકનાર શાસ્ત્રાધ્યયન ન કરી શકે'' તેવું માની શકાય ? - x - x - x - સપ્તમ પૃથ્વીગમન સાથે નિર્વાણ ગમનનું નિયત સાહચર્ય નથી. કેમકે ચરમશરીરીને સાતમી નરકગમન સિવાય પણ નિર્વાણ પ્રાપ્ત થાય છે. - x - x - x - સંમૂર્છિમાદિ પ્રાણી તો ભવસ્વભાવથી જ યથાવત્ સમ્યગ્દર્શનાદિને પામવા શક્તિમાન નથી. માટે તેમને નિર્વાણનો સંભવ નથી. સ્ત્રીઓ તો યથાવત્ સમ્યગ્દર્શનાદિ પ્રાપ્ત કરવા યોગ્ય છે, માટે તેઓમાં નિર્વાણ ગમનનો અભાવ નથી.

વળી ભુજપરિસર્પ બીજી નરક સુધી જ જાય કેમકે તેઓમાં આગળની નરકપૃથ્વી



ગમનના કારણભૂત તેવા મનોવીર્યનો અભાવ છે. પક્ષી ત્રીજી નરક સુધી, ચતુષ્પદ ચોથી નરક સુધી આદિ - x - અને બધાં ઉર્ધ્વલોકમાં સહસ્રારકલ્પ સુધી જાય છે. અહીં બધાંને અધોગતિમાં વૈષમ્ય જોવાથી ઉર્ધ્વગતિમાં તેમ માનવું યોગ્ય નથી. તે રીતે સ્ત્રીઓમાં અધોગતિમાં ન્યૂનપણું તે નિર્વાણ ગમન અભાવમાં હેતુ નથી. સ્ત્રી-પુરુષનું અધોગતિ વૈષમ્ય છતાં નિર્વાણ સમાન છે.

આ રીતે વાદલબ્ધિ આદિ અન્યાન્ય કારણોમાં પણ વૃત્તિકારે ખંડન કરેલ છે, તે સમજી લેવું. તદુપરાંત જંબૂસ્વામી પછી કેવળજ્ઞાનનો અભાવ કહ્યો પણ ક્યાંય સ્ત્રીનિર્વાણ અભાવ કહ્યો નથી.

પુરુષ શરીરની આકૃતિરૂપે સિદ્ધ થાય તે પુલિંગસિદ્ધ, એ રીતે નપુંસક આકારે વિધમાન થઈ સિદ્ધ થાય તે નપુંસકલિંગસિદ્ધ. રજોહરણાદિરૂપ સાધુના વેશમાં રહી સિદ્ધ થાય તે સ્વલિંગસિદ્ધ. પરિવ્રાજકાદિ સંબંધી વલ્કલ, ભગવા વસ્ત્રાદિ રૂપ દ્રવ્યલિંગે રહેલ સિદ્ધ થાય તે અન્યલિંગ સિદ્ધ. ગૃહસ્થ વેશમાં રહેલા છતાં સિદ્ધ થાય તે ગૃહિલિંગસિદ્ધ - મરુદેવી આદિ.

એક એક સમયે એક એક મોક્ષે ગયેલા તે એક સિદ્ધ. એક સમયે અનેક મોક્ષે ગયેલાને અનેક સિદ્ધ, એક સમયે અનેક મોક્ષમાં જાય તો ઉત્કૃષ્ટ ૧૦૮ જીવો સિદ્ધ થઈ શકે તેમ જાણવું. શિષ્ય અનુગ્રહાર્થે ગાથાની વ્યાખ્યા — આઠ સમય સુધી નિરંતર એકથી માંડી બત્રીશ સુધી મોક્ષે જાય. અર્થાત્ પહેલા સમયે જઘન્યથી એક કે બે, ઉત્કૃષ્ટથી બત્રીશ સિદ્ધ થાય, બીજા સમયે પણ તેમજ યાવત્ આઠમા સમયે જઘન્યથી એક, બે. ઉત્કૃષ્ટથી બત્રીશ. પછી અવશ્ય આંતરુ પડે. ૩૩ થી ૪૮ સુધી નિરંતર સિદ્ધ થાય તો સાત સમય, ૪૯ થી ૬૦ સુધી નિરંતર સિદ્ધ થાય તો ઉત્કૃષ્ટ છ સમય, ૬૧ થી ૭૨ નિરંતર સિદ્ધ થાય તો ઉત્કૃષ્ટ પાંચ સમય, ૭૩ થી ૮૪ સુધી નિરંતર સિદ્ધ થાય તો ઉત્કૃષ્ટ ચાર સમય, ૮૫ થી ૯૬ સુધી નિરંતર સિદ્ધ થાય તો ઉત્કૃષ્ટ ત્રણ સમય, ૯૭ થી ૧૦૮ સુધી નિરંતર સિદ્ધ થાય તો ઉત્કૃષ્ટ બે સમય. બધામાં પછી નિયમા આંતરુ પડે.

૧૦૩ થી ૧૦૮ સુધી મોક્ષે જાય તો એક સમય સુધી જ જાય. પણ બે-ત્રણ સમય સુધી ન જાય. આ રીતે અનેકસિદ્ધ તે ૧૦૮.

(શંકા) તીર્થ સિદ્ધ અને અતીર્થ સિદ્ધમાં બાકીના ભેદો સમાવિષ્ટ છે, તો બીજા ભેદ ગ્રહણ શા માટે ? બરાબર છે. પણ આ બે ભેદો જ કહેવાથી બાકીના ભેદોનું જ્ઞાન ન થાય, વિશેષ ભેદોના પરિજ્ઞાન માટે શાસ્ત્રના આરંભનો પ્રયત્ન છે. માટે બીજા ભેદો ગ્રહણ કર્યા છે. - - - આ પ્રમાણે અસંસારી જીવનો પ્રથમ ભેદ કહ્યો.

● **સૂત્ર-૧૭ :-**

***તે પરંપર સિદ્ધ અસંસાર સમાપન્નક જીવ પ્રજ્ઞાપના કેટલા ભેદે છે ? અનેક ભેદે કહી છે. તે આ — અપ્રથમ સમય સિદ્ધ, દ્વિતીય સમય સિદ્ધ, તૃતીય સમયસિદ્ધ, ચતુઃસમય સિદ્ધ યાવત્ સંખ્યાત સમય સિદ્ધ, અસંખ્યાત સમય***

*સિદ્ધ, અનંત સમય સિદ્ધ. તે પરંપરસિદ્ધ અસંસારી જીવ પ્રજ્ઞાપના.* - x - x -

● **વિવેચન-૧૭ :-**

પરંપરસિદ્ધ અસંસારી જીવ પ્રજ્ઞાપનાના કેટલા પ્રકારે છે ? અનેકવિધ કહ્યા છે. કેમકે પરંપર સિદ્ધનું અનેકવિધત્વ છે. તે આ રીતે — અપ્રથમ સમય સિદ્ધ - પરંપર સિદ્ધના પ્રથમ સમયવર્તી. અર્થાત્ સિદ્ધત્વ સમયથી બીજા સમયમાં વર્તતા. જેને સિદ્ધ થયાને ત્રણ આદિ સમય થયા છે, તે દ્વિતીય સમય સિદ્ધાદિ કહેવાય છે. અથવા અપ્રથમ સમય સિદ્ધ - વિવક્ષિત પ્રથમ સમય સિવાયના બીજા સિદ્ધ. એ જ વિશેષથી કહેતા - દ્વિતીય સમય સિદ્ધ ઈત્યાદિ. - x -

હવે સંસાર સમાપન્ન જીવ પ્રજ્ઞાપનાનું પ્રથમ સૂત્ર —

● **સૂત્ર-૧૮ :-**

*સંસાર સમાપન્ન જીવ પ્રજ્ઞાપના કેટલા ભેદે છે ? તે પાંચ ભેદે કહી છે. તે આ — એકેન્દ્રિય સંસારી જીવ પ્રજ્ઞાપના, બેઈન્દ્રિય૦, તેઈન્દ્રિય૦, ચઉરિન્દ્રિય૦, પંચેન્દ્રિય સંસારી જીવ પ્રજ્ઞાપના.*

● **વિવેચન-૧૮ :-**

હવે સંસાર સમાપન્ન જીવ પ્રજ્ઞાપના, તે પાંચ ભેદે છે. જેમકે - એકેન્દ્રિય સંસારી જીવ પ્રજ્ઞાપના, તેમાં એક સ્પર્શન લક્ષણ રૂપ ઈન્દ્રિય જેઓને છે તે એકેન્દ્રિય — પૃથ્વી, અપ્, તેઉ, વાયુ, વનસ્પતિરૂપ કહેવાનાર સ્વરૂપવાળા, તેવા સંસારી જીવ, તેની પ્રજ્ઞાપના એ પ્રમાણે બધાં પદોમાં કહેવું. વિશેષ એ કે — બે - સ્પર્શન અને રસના લક્ષણ ઈન્દ્રિય જેમને છે તે બેઈન્દ્રિય-શંખ શુકિત આદિ. ત્રણ — સ્પર્શન, રસન, ઘ્રાણ રૂપ ઈન્દ્રિયો જેમને છે તે ચઉરિન્દ્રિય - ડાંસ, મશકાદિ પાંચ - સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્ર લક્ષણ ઈન્દ્રિય જેમને છે તે પંચેન્દ્રિય — મત્સ્ય, મગર, મનુષ્યાદિ.

આ એક, બે, ત્રણ આદિ ઈન્દ્રિયોની પ્રાપ્તિ અસંવ્યવહાર રાશિથી આરંભી પ્રાયઃ આ જ ક્રમથી થાય છે. એ બતાવવા માટે આ પ્રમાણે એકેન્દ્રિયાદિનો ક્રમશઃ ઉપન્યાસ કર્યો છે.

ઈન્દ્રિયો બે ભેદે — દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય. તેમાં દ્રવ્યેન્દ્રિયો નિર્વૃત્તિ અને ઉપકરણરૂપ છે. તે નંદીસૂત્રની ટીકામાં વિસ્તારથી છે, ભાવેન્દ્રિય ક્ષયોપશમ અને ઉપયોગરૂપ છે, તે અનિયતરૂપ છે. એકેન્દ્રિયોને પણ ક્ષયોપશમ અને ઉપયોગરૂપ પાંચે ભાવેન્દ્રિય સંભવે છે, કેમકે કેટલાંક એકેન્દ્રિયોમાં તેનું ફળ દેખાય છે. જેમકે બકુલાદિને ઉન્મત્ત કામિનીના ગીતાદિના શબ્દાદિથી પ્રમોદ ભાવથી જલ્દી પુષ્પ અને ફળ આવે છે.

ભાવેન્દ્રિય લોકવ્યવહાર પ્રસિદ્ધ એકેન્દ્રિયાદિ વ્યવહારનું કારણ નથી, પણ દ્રવ્યેન્દ્રિયો કારણ છે, જેમકે જેને સ્પર્શનેન્દ્રિયરૂપ એક બાહ્ય દ્રવ્યેન્દ્રિય છે તે એકેન્દ્રિય કહેવાય. એ રીતે બે યાવત્ પંચેન્દ્રિય જાણવા. - x - x -



● **સૂત્ર-૧૯ :-**

*એકેન્દ્રિય સંસારીજીવ પ્રજ્ઞાપનાના કેટલા ભેદો છે ? પાંચ ભેદે છે — પૃથ્વીકાયિક, અપ્-તેઉ-વાયુ-વનસ્પતિકાયિક.*

● **વિવેચન-૧૯ :-**

હવે એકેન્દ્રિયસંસારી જીવ પ્રજ્ઞાપના કહે છે, તે પાંચ ભેદે કહી છે, કેમકે એકેન્દ્રિયનું પંચવિધત્વ છે. તે આ પ્રમાણે - પૃથ્વી - કાઠિન્યાદિ લક્ષણ, તે રૂપ કાય-શરીર જેનું છે તે પૃથ્વીકાય. અપ્-દ્રવ્ય, પ્રવાહી રૂપ કાયાવાળા તે અપ્કાય. તેજો-અગ્નિ, તે રૂપ શરીરવાળા તે તેજસ્કાય. વાયુ-પવન રૂપ કાયાવાળા તે વાયુકાય. વનસ્પતિ - લતા આદિરૂપ કાયાવાળા વનસ્પતિકાય.

અહીં બધાં ભૂતોનો આધાર હોવાથી પૃથ્વીકાયિકનું પ્રથમ ગ્રહણ કર્યુ છે. પછી તેના વિશે રહેલ અપ્કાયિકોનું ગ્રહણ કરેલ છે. તેઉકાયના પ્રતિપક્ષ રૂપ છે, તેથી પછી તેઉકાય ગ્રહણ કરેલ છે. અગ્નિ, વાયુના સંબંધે વૃદ્ધિ પામે છે, માટે પછી તેને લીધા. દૂર રહેલ વાયુ વૃક્ષ શાખાના કંપનથી થાય, તેથી વનસ્પતિકાયિકને તેના પછી લીધા. - - હવે પૃથ્વીકાયિક વિશે પ્રશ્ન—

● **સૂત્ર-૨૦ :-**

*તે પૃથ્વીકાયિક કેટલા ભેદે છે ? બે ભેદે કહેલા છે. તે આ — સૂક્ષ્મ પૃથ્વીકાયિક અને બાદર પૃથ્વીકાયિક.*

● **વિવેચન-૨૦ :-**

હવે પૃથ્વીકાયિક કહે છે. તે બે ભેદે કહ્યા — સૂક્ષ્મ અને બાદર પૃથ્વીકાય. સૂક્ષ્મનામ કર્મોદયથી સૂક્ષ્મ, બાદર નામ કર્મોદયથી બાદર. સૂક્ષ્મપણું અને બાદરપણું કર્મોદયજનિત છે, બોર-આમળા માફક સાપેક્ષ નથી. - x - च શબ્દ સ્વગત પર્યાપ્ત - અપર્યાપ્ત ભેદનો સૂચક છે. બાદર પૃથ્વીકાયિકમાં પણ च શબ્દ શર્કરા, વાલુકાદિ ભેદ સૂચક છે. તેમાં સૂક્ષ્મ પૃથ્વીકાયિક પેટીમાં સંપૂર્ણ ભરેલ સુગંધી દ્રવ્ય માફક સર્વ લોક વ્યાપી છે અને બાદર પૃથ્વીકાયિક લોકના પ્રતિનિયત ભાગમાં રહેલ છે. તેનું પ્રતિનિયત દેશવર્તીપણું આ સૂત્રના બીજા પદમાં જણાવશે.

હવે સૂક્ષ્મ પૃથ્વીકાયિકોનું સ્વરૂપ જણાવે છે —

● **સૂત્ર-૨૧ :-**

*સૂક્ષ્મ પૃથ્વીકાયિકો કેટલા ભેદે છે ? બે ભેદે કહ્યા. તે આ - પર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિક, અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિક. એ પ્રમાણે સૂક્ષ્મ પૃથ્વીકાયિકો કહ્યા.*

● **વિવેચન-૨૧ :-**

હવે સૂક્ષ્મપૃથ્વીકાયિક કહે છે — બે ભેદે છે, પર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિક અને અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિક. પર્યાપ્તિ એટલે - આહારાદિ પુદ્‌ગલ ગ્રહણ અને પરિણમન હેતુ આત્માની શક્તિ વિશેષ. તે પુદ્‌ગલના ઉપચયથી થાય છે. તે આ રીતે

- ઉત્પત્તિ સ્થાને આવીને જીવે પ્રથમ સમયે જે પુદ્‌ગલો ગ્રહણ કરેલા છે, તેમજ પ્રતિસમય ગ્રહણ કરાય છે કે જે તે પુદ્‌ગલોના સંબંધથી તે રૂપે પરિણત થતાં જાય છે, તે પુદ્‌ગલોની આહારાદિ પુદ્‌ગલોને ખલ અને રસ રૂપે પરિણમવવાની શક્તિ તે પર્યાપ્તિ. તે પર્યાપ્તિ છ પ્રકારે છે—

આહારપર્યાપ્તિ, શરીરપર્યાપ્તિ, ઈન્દ્રિયપર્યાપ્તિ, શ્વાસોચ્છ્‌વાસ પર્યાપ્તિ, ભાષા પર્યાપ્તિ, મનઃપર્યાપ્તિ.

(૧) જે શક્તિથી બાહ્ય આહાર ગ્રહણ કરી ખલ અને રસરૂપે પરિણમાવે તે આહાર પર્યાપ્તિ. (૨) જે શક્તિથી રસરૂપ થયેલ આહારને રસ, લોહી, માંસ આદિ સાત ધાતુપણે પરિણમાવે તે શરીર પર્યાપ્તિ. (૩) જે શક્તિથી ધાતુરૂપે પરિણમાવેલ આહારને ઈન્દ્રિયરૂપે પરિણમાવે તે ઈન્દ્રિય પર્યાપ્તિ. આજ અર્થ બીજે સ્થળે અન્ય પ્રકારે કહ્યો છે - પાંચ ઈન્દ્રિયોને યોગ્ય પુદ્‌ગલો ગ્રહણ કરી અનાભોગજન્ય વીર્ય વડે ઈન્દ્રિયરૂપે પરિણમાવવાની શક્તિ તે ઈન્દ્રિય પર્યાપ્તિ.

(૪) જે શક્તિથી ઉચ્છ્‌વાસ યોગ્ય પુદ્‌ગલો ગ્રહણ કરી ઉચ્છ્‌વાસપણે પરિણમાવી અવલંબીને મૂકે તે ઉચ્છ્‌વાસ પર્યાપ્તિ (૫) જે શક્તિથી ભાષાયોગ્ય પુદ્‌ગલો લઈને ભાષાપણે પરિણમાવી અવલંબીને છોડે તે ભાષા પર્યાપ્તિ. (૬) જે શક્તિથી મનને યોગ્ય પુદ્‌ગલો લઈને મનપણે પરિણમાવી અવલંબીને છોડી દે તે મનઃપર્યાપ્તિ.

એકેન્દ્રિય, સંજ્ઞી સિવાય બેઈન્દ્રિયાદિ અને સંજ્ઞીને અનુક્રમે ચાર, પાંચ, છ પર્યાપ્તિઓ હોય છે. પ્રજ્ઞાપનાના મૂળ ટીકા કર્તાએ કહ્યું છે — એકેન્દ્રિયોને ચાર, વિકલેન્દ્રિયોને પાંચ, સંજ્ઞીને છ પર્યાપ્તિ હોય છે. ઉત્પત્તિ પ્રથમ સમયે જ જે જેટલી પર્યાપ્તિ યોગ્ય છે, તેટલી બધીનો એક સાથે આરંભ થાય છે. ક્રમથી પૂર્ણ થાય છે. જેમકે - પહેલા આહાર પર્યાપ્તિ, પછી શરીર પર્યાપ્તિ આદિ. આહાર પર્યાપ્તિ ઉત્પત્તિના પ્રથમ સમયે જ પૂરી થાય છે, બાકીની પર્યાપ્તિઓ અનુક્રમે અંતર્મુહૂર્તમાં પૂરી થાય છે.

આહાર પર્યાપ્તિ પહેલા સમયે જ પૂરી થાય છે, તે જણાવતું સૂત્ર આહારપદના બીજા ઉદ્દેશામાં છે. [વૃત્તિકારશ્રીએ તે નોંધેલ છે, પણ અમે અત્રે અનુવાદમાં લીધેલ નથી.]

ઉક્ત સૂત્રને આધારે આહાર પર્યાપ્તિ નિર્વૃત્તિને એક સામયિકી, જાણવી. - x - x - કેમકે જો આહાર પર્યાપ્તિથી અપર્યાપ્ત હોત તો 'કદાચ આહારક અને કદાચ અનાહારક હોય' તેમ કહેત.

બધી પર્યાપ્તિનો સમાપ્તિકાળ અંતર્મુહૂર્ત પ્રમાણ છે. પર્યાપ્તિ જેને હોય તે પર્યાપ્તા કહેવાય છે. એવા જે સૂક્ષ્મ પૃથ્વીકાયિક તે પર્યાપ્તા સૂક્ષ્મપૃથ્વીકાયિક કહેવાય. च શબ્દ લબ્ધિ પર્યાપ્ત અને કરણ પર્યાપ્ત રૂપ સ્વગત ભેદો સૂચવે છે.

જેઓ સ્વયોગ્ય પર્યાપ્તિ પરિસમાપ્તિ રહિત છે, તે અપર્યાપ્તા છે. એવા તે અપર્યાપ્તા સૂક્ષ્મપૃથ્વીકાયિક. च શબ્દ કરણ અને લબ્ધિ નિબંધન સ્વગત ભેદ સૂચક છે. તેથી કહ્યું છે — સૂક્ષ્મ પૃથ્વીકાયિક અપર્યાપ્તા બે ભેદે છે - લબ્ધિથી અને



કરણથી. તેમાં જે અપર્યાપ્તક રૂપે જ મરે તે લબ્ધિ અપર્યાપ્તા. જેમણે હજી કરણ - શરીર અને ઈન્દ્રિયાદિ પર્યાપ્તિ પૂરી કરી નથી, પણ અવશ્ય કરશે તે કરણ પર્યાપ્તા. આ સૂક્ષ્મપૃથ્વીકાયિક કહ્યા.

હવે બાદરપૃથ્વીકાયિકોને કહે છે —

**● સૂત્ર-૨૨ :-**

***બાદર પૃથ્વીકાયિકો કેટલા ભેદે છે ? બે ભેદે કહેલ છે. તે આ પ્રમાણે — શ્લક્ષ્ણબાદર પૃથ્વીકાય, ખરબાદર પૃથ્વીકાયિક.***

**● વિવેચન-૨૨ :-**

બાદર પૃથ્વીકાયિકોને કહે છે. તે બે ભેદે - શ્લક્ષ્ણ૰ અને ખર બાદર પૃથ્વીકાયિક. તેમાં શ્લક્ષ્ણ એટલે ચૂર્ણ થયેલ ઢેફા સમાન મૃદુ પૃથ્વી, તેવા સ્વરૂપવાળા જીવો પણ ઉપચારથી શ્લક્ષ્ણ છે - x - અથવા શ્લક્ષ્ણ-મૃદુ બાદર પૃથ્વી જેમનું શરીર છે, તે શ્લક્ષ્ણ બાદર પૃથ્વીકાયિક કહેવાય. च શબ્દ સ્વ પેટાભેદ સૂચક છે.

ખર - સંઘાત વિશેષ, કઠિનતા વિશેષને પ્રાપ્ત થયેલ પૃથ્વી. તેવા સ્વરૂપવાળા જીવો પણ ઉપચારથી 'ખર' કહેવાય. અથવા ખર બાદર પૃથ્વી જેમનું શરીર છે, તે ખર બાદર પૃથ્વીકાયિક કહેવાય.

**● સૂત્ર-૨૩ :-**

***શ્લક્ષ્ણ બાદર પૃથ્વીકાયિકો કેટલા ભેદે છે ? સાત ભેદે છે. તે આ — કાળી માટી, નીલી માટી, લાલ માટી, પીળી માટી, સફેદ માટી, પાંડુ માટી, પનક માટી. તે આ શ્લક્ષ્ણ બાદર પૃથ્વીકાયિક.***

**● વિવેચન-૨૩ :-**

હવે શ્લક્ષ્ણ બાદર પૃથ્વીકાયિક કહે છે. તે સાત ભેદે છે. તેમાં પાંચ ભેદો વર્ણભેદથી છે — કાળી, નીલી આદિ માટી. પાંડુ માટી તે દેશ વિશેષમાં ધૂળરૂપે રહેલ જાણવી, તે રૂપ જીવો પણ ભેદોપચારથી પાંડુ માટી કહેવાય. 'પનકમાટી' તે નદી આદિ પૂર-પ્લાવતિ દેશમાં પૂર ચાલ્યા ગયા પછી જે ભૂમિમાં શ્લક્ષ્ણ મૃદુરૂપ જલ-મળ-કાદવ છે તે પનકમાટી, તે રૂપ જીવો પણ ભેદોપચારથી પનકમાટી કહેવાય છે. - x -

**● સૂત્ર-૨૪ થી ૨૯ :-**

***[૨૪] તે ખર બાદર પૃથ્વી કેટલા ભેદે છે ? અનેક ભેદે છે. તે આ પ્રમાણે — [૨૫] પૃથ્વી, કાંકરા, રેતી, ઉપલ, શિલા, લવણ, ખારો, લોઢું, તાંબુ, જસત, સીસું, રૂપું, સોનું, વજરત્ન, [૨૬] હડતાલ, હિંગલોક, મણસીલ, પારો, અંજનરત્ન, પ્રવાલ, અભ્રપટલ, અભ્ર વાલુકા, એ બધા બાદર પૃથ્વીકાય જાણવા. હવે મણિવિધાન.***

***[૨૭] ગોમેધ્યક, રુચક, અંક, સ્ફટિક, લોહિતાક્ષ, મરકત, મસારગલ્લ, ભુજમોચક, ઈન્દ્રનીલ, [૨૮] ચંદન, ગેરુ, હંસગર્ભ, પુલાક, સૌગંધિક, ચંદ્રપ્રભ, વૈડૂર્ય, જલકાંત, સૂર્યકાંત.***

*[૨૯] યાવત્ તેવા પ્રકારના બીજા બધાં. તે સંક્ષેપથી બે પ્રકારે છે. પર્યાપ્તક અને અપર્યાપ્તક. તેમાં જે અપર્યાપ્તા છે, તે અસંપ્રાપ્ત છે, જે પર્યાપ્તા છે તેઓના વર્ણ-ગંધ-રસ-સ્પર્શ આદેશથી હજારો ભેદો છે. સંખ્યાતા લાખો યોનિદ્વારો છે, પર્યાપ્તા નિશ્રાએ અપર્યાપ્તા ઉત્પન્ન થાય છે, જ્યાં એક પર્યાપ્તો, ત્યાં નિયમા અસંખ્યાતા અપર્યાપ્તા હોય. - x - x -*

**● વિવેચન-૨૪ થી ૨૯ :-**

હવે ખર બાદર પૃથ્વીકાયિકો કહે છે, તે અનેકવિધ કહ્યા છે. તેમાં મુખ્ય ૪૦ ભેદો અહીં કહેલ છે. તેને ચાર ગાથા વડે બતાવે છે. (૧) પૃથ્વી એટલે નદી કિનારાની માટી આદિરૂપ શુદ્ધ પૃથ્વી. (૨) શર્કરા-નાના પત્થરો, (૩) વાલુકા-રેતી, (૪) ઉપલ-ઘડવા લાયક પત્થર, (૫) શિલા-દેવકુળની પીઠને યોગ્ય મોટો પત્થર, (૬) લવણ-મીઠું, (૭) ઊષ-ખાર, (૮ થી ૧૩) લોઢું આદિ ધાતુ, (૧૪) વજ-હીરો, (૧૫ થી ૧૭) હડતાલ આદિ. (૧૮) સાસગ-પારો, (૧૯) અંજન-સૌવીર આદિ, (૨૦) પ્રવાલ-વિદ્રુમ, (૨૧,૨૨) અભ્રપટલ આદિ બાદર પૃથ્વી છે.

હવે મણિના ભેદો — (૨૩ થી ૪૦) ગોમેજ્જક, રુચક, અંક, સ્ફટિક ઈત્યાદિ. એ રીતે પહેલી ગાથામાં ૧૪ ભેદો, બીજી ગાથામાં આઠ, ત્રીજી ગાથામાં નવ, ચોથી ગાથામાં નવ ભેદો કહ્યા. જે આવા પ્રકારના બીજા પણ પદ્મરાગાદિ મણિ ભેદો હોય, તે પણ ખર બાદર પૃથ્વીકાયપણે જાણવા.

આ સામાન્ય બાદરપૃથ્વીકાયિકો સંક્ષેપથી બે ભેદે છે. પર્યાપ્તા અને અપર્યાપ્તા. તેમાં જે અપર્યાપ્તા છે, તે સ્વયોગ્ય બધી પર્યાપ્તિઓને પ્રાપ્ત થયેલા નથી અથવા વિશિષ્ટ વર્ણાદિને પ્રાપ્ત થયેલા નથી. તે આ રીતે - વર્ણાદિ ભેદ વિવક્ષામાં તેઓનો કૃષ્ણાદિ વર્ણરૂપે વ્યવહાર કરી શકાતો નથી. - x - તેઓ ઉચ્છ્વાસ પર્યાપ્તિ પૂરી કર્યા વિના જ મરણ પામે છે. તેઓમાં સ્પષ્ટ વર્ણાદિ વિભાગ ન હોવાથી અસંપ્રાપ્તા કહેલા છે.

શંકા-ઉચ્છ્વાસ પર્યાપ્તિ અપૂર્ણ હોય ત્યારે મરણ કેમ પામે, શરીર-ઈન્દ્રિય પર્યાપ્તિ પૂર્વે કેમ નહીં ? બધાં પ્રાણી આગામી ભવાયુ બાંધીને જ મરણ પામે, બાંધ્યા વિના નહીં. તે બંધ શરીર, ઈન્દ્રિય પર્યાપ્તિ પૂરી થયા પછી જ થાય. તેથી આમ કહ્યું.

બીજા જે એમ કહે છે — સામાન્યથી વર્ણાદિને ન પામેલ, તે અસંપ્રાપ્ત, તે યુક્ત નથી. કારણ કે વર્ણાદિ શરીર સાથે જ હોય છે અને શરીર તો શરીર પર્યાપ્તિથી થયેલું જ છે.

તેમાં જે પર્યાપ્તા-પોતાની બધી પર્યાપ્તિ પૂર્ણ કરેલાં છે, તેઓના વર્ણાદિ ભેદે હજારો ભેદો છે. વર્ણ-કૃષ્ણાદિ ભેદે પાંચ, ગંધ-બે ભેદે, રસ-તિક્તાદિ પાંચ, સ્પર્શ-મૃદુ આદિ આઠ વળી એકૈક વર્ણાદિના તારતમ્ય ભેદથી અનેક પેટા ભેદો થાય છે. જેમકે ભ્રમર, કોયલ, કાજલના કૃષ્ણ વર્ણમાં તરતમતા છે. આ રીતે ગંધાદિ બધામાં યોજવું. તેથી હજારો ભેદો, સંખ્યાતા લાખ યોનિ થાય.



પૃથ્વીકાયિકોને એકૈક વર્ણ, ગંધ, રસ, સ્પર્શને વિશે સંવૃત્ત યોનિ હોય છે. તેના ત્રણ પ્રકારો — સચિત્ત, અચિત્ત, મિશ્ર. વળી બીજા ત્રણ ભેદ - શીત, ઉષ્ણ, શીતોષ્ણ. શીતાદિના પણ તારતમ્યથી અનેક ભેદો થાય છે. આ રીતે સ્વસ્થાનને આશ્રીને વિશિષ્ટ વર્ણાદિથી અસંખ્યયોનિ, છતાં જાતિ આશ્રિત એક યોનિ છે.

આ રીતે સૂક્ષ્મ અને બાદર પૃથ્વીકાયિકોની મળીને સર્વ સંખ્યાથી સાત લાખ યોનિ થાય છે. પર્યાપ્તાની નિશ્રાએ અપર્યાપ્તા ઉત્પન્ન થાય છે. કેટલા ? જ્યાં એક પર્યાપ્તો, ત્યાં નિયમા તેની નિશ્રાએ સંખ્યાતીત અપર્યાપ્તા. પૃથ્વીકાયિકો કહ્યા.

હવે અપ્કાયિકની પ્રતિપાદનાર્થે કહે છે —

**● સૂત્ર-૩૦ :-**

*તે અપ્કાયિક કેટલા ભેદે છે ? બે ભેદે — સૂક્ષ્મ અને બાદર. તે સૂક્ષ્મ અપ્કાયિક કેટલા ભેદે છે ? બે ભેદે — પર્યાપ્તા સૂક્ષ્મ૦ અને અપર્યાપ્તા સૂક્ષ્મ અપ્કાયિક. તે સૂક્ષ્મ અપ્કાયિક કહ્યા.*

*તે બાદર અપ્કાયિક કેટલા ભેદે છે ? અનેક ભેદે કહ્યા છે. તે આ — ઓસ, હિમ, મહિકા, કરક, હરતનું, શુદ્ધોદક, શીતોદક, ઉષ્ણોદક, ક્ષારોદક, ખટ્વોદક, અમ્લોદક, લવણોદક, વારુણોદક, ક્ષીરોદક, ઘૃતોદક, ક્ષોતોદક, રસોદક. બીજા તેવા પ્રકારના ઉદકો હોય. તે સંક્ષેપથી બે ભેદે — પર્યાપ્તા અને અપર્યાપ્તા.*

*તેમાં જે અપર્યાપ્તા છે, તે અસંપ્રાપ્તા છે. જે પર્યાપ્તા છે, તેઓના વર્ણ-ગંધ-રસ-સ્પર્શ આદેશથી હજારો ભેદો છે, અને સંખ્યાતા લાખ યોનિદ્વારો છે. પર્યાપ્તાની નિશ્રાએ અપર્યાપ્તા ઉદ્ભવે છે. જ્યાં એક ત્યાં નિયમા અસંખ્યાતા૦*

**● વિવેચન-૩૦ :-**

સુગમ છે. ઓસ-અવશ્યાય, ઝાકળ. હિમ-બરફ, મહિકા-ધૂમસ, માગસર આદિમાં સૂક્ષ્મવૃષ્ટિ. કરક-ઘન ઉપલ. હરતનુ-પૃથ્વી ભેદીને તૃણાગ્રે લાગેલ બિંદુ. શુદ્ધોદક - આકાશમાંથી પડેલ કે નદીનું પાણી, તે સ્પર્શ-રસાદિ ભેદે અનેક પ્રકારે છે. તે આ રીતે — શીતોદક - નદી આદિ જળાશયનું શીત પરિણામવાળું પાણી, ઉષ્ણોદક - સ્વભાવથી કોઈ ઝરાદિનું ઉષ્ણ પરિણામી પાણી. ક્ષારોદક-કંઈક ખારું પાણી. ખટ્વોદક-કંઈક ખાટું પરિણામી પાણી. અમ્લોદક-સ્વભાવથી અમ્લ પરિણામી, કાંજીવત્ પાણી. લવણોદક - લવણ સમુદ્રમાં રહેલ જળ. આ રીતે વારુણોદકાદિ જાણવા.

જે આવા પ્રકારના બીજા પાણી, રસ સ્પર્શાદિ ભેદભિન્ન ઘૃતોદકાદિ બાદર અપ્કાયિકો જાણવા. તે સંક્ષેપથી ઈત્યાદિ બધું પૂર્વવત્. યોનિ સાત લાખ.

- - - હવે તેઉકાયિક કહે છે —

**● સૂત્ર-૩૧ :-**

*તે તેજસ્કાયિક કેટલા ભેદે છે ? બે ભેદે કહેલ છે. તે આ - સૂક્ષ્મ*

*તેઉકાયિક અને બાદર તેઉકાયિક. તે સૂક્ષ્મ તેઉકાયિક કેટલા ભેદે છે ? બે ભેદે કહેલ છે — પર્યાપ્તક, અપર્યાપ્તક. તે સૂક્ષ્મ તેઉકાયિક કહ્યા. - - - બાદર તેઉકાયિક કેટલા ભેદે છે ? અનેક ભેદે કહ્યા છે. તે આ — અંગાર, જ્વાલા, મુર્મુર, અર્ચિ, અલાત, શુદ્ધ અગ્નિ, ઉલ્કા, વિદ્યુત્, અશનિ, નિર્ઘાત, સંઘર્ષથી સમુત્થિત, સૂર્યકાંતમણિ નિશ્રિત. બીજા તેવા પ્રકારના તેઉકાયિકો.*

*આ બાદર તેઉકાયિક સંક્ષેપથી બે ભેદે કહેલ છે - પર્યાપ્તા અને અપર્યાપ્તા. તેમાં જે અપર્યાપ્તા છે, તે અસંપ્રાપ્ત છે. તેમાં જે પર્યાપ્તા છે, તેઓના વર્ણ-ગંધ-રસ-સ્પર્શ આદેશ થકી હજારો ભેદો થાય છે. સંખ્યાતા લાખ યોનિ દ્વારો થાય છે. પર્યાપ્તાની નિશ્રાએ અપર્યાપ્તા ઉત્પન્ન થાય છે. જ્યાં એક ત્યાં નિયમા અસંખ્યાતા ઉપજે. તે બાદરતેઉકાયિક, તે તેઉકાયિક છે.*

**● વિવેચન-૩૧ :-**

સુગમ છે. વિશેષ આ — અંગાર-નિર્ધૂમ અગ્નિ. જ્વાલા-જાજ્વલ્યમાન અગ્નિ અથવા દીપશીખા. મુર્મુર-રાખથી મિશ્રિત અગ્નિકણ. અર્ચિ- અગ્નિ સાથે ન જોડાયેલ જ્વાલા. અલાત-ઉંબાડીયુ. શુદ્ધાગ્નિ-લોઢાના પિંડમાં રહેલ. ઉલ્કા-ખરતો અગ્નિ. અશનિ-આકાશથી પડતા અગ્નિકણ. નિર્ઘાત-વૈક્રિય અશનિ પ્રપાત. સંઘર્ષ સમુત્થિત - કાષ્ઠાદિના ઘસાવાથી થતો અગ્નિ, - x - x - આવા તેઉકાયિકોને બાદર તેઉકાયિક જાણવા. શેષ પૂર્વવત્. યોનિ સાત લાખ. તેઉકાયિક કહ્યા. હવે વાયુકાયિક—

**● સૂત્ર-૩૨ :-**

*વાયુકાયિકો કેટલા ભેદે છે ? બે ભેદે૦ - સૂક્ષ્મ, બાદર. તે સૂક્ષ્મ વાયુકાયિક કેટલા ભેદે છે ? બે ભેદે૦ - પર્યાપ્ત૦ અને અપર્યાપ્ત સૂક્ષ્મ વાયુકાયિક. તે સૂક્ષ્મ વાયુકાયિક કહ્યા.*

*બાદર વાયુકાયિક કેટલા ભેદે છે ? અનેક ભેદે છે૦ — પૂર્વવાત, પશ્ચિમવાત, દક્ષિણવાત, ઉત્તરવાત, ઉર્ધ્વવાત, અધોવાત, તિર્છોવાત, વિદિસીવાત, વાતોદ્ભ્રામ, વાતોત્કલિકા, વાતમંડલિકા, ઉત્કલિકા વાત, મંડલિકાવાત, ગુંજાવાત, ઝંઝાવાત, સંવર્તવાત, ઘનવાત, તનુવાત, શુદ્ધવાત.*

*તથા આ પ્રકારનો અન્ય વાયુ બાદર વાયુકાયિક છે. તે સંક્ષેપથી બે ભેદે કહ્યો — પર્યાપ્તક અને અપર્યાપ્તક. તેમાં જે અપર્યાપ્તક છે, તે અસંપ્રાપ્ત છે. જે પર્યાપ્તક છે, તેઓના વર્ણ-ગંધ-રસ-સ્પર્શ આદેશથી હજારો ભેદ છે, સંખ્યાતા લાખ યોનિ દ્વારો છે. પર્યાપ્તા નિશ્રાએ અપર્યાપ્તા ઉપજે છે. જ્યાં એક પર્યાપ્તો ત્યાં નિયમા અસંખ્યાતા અપર્યાપ્તા છે. - x - x -*

**● વિવેચન-૩૨ :-**

સુગમ છે. વિશેષ આ - पाईणवाए - પૂર્વ દિશામાંથી આવતો વાયુ. એ રીતે પશ્ચિમાદિનો કહેવો. ઉંચે ગમન કરતો વાય તે ઉર્ધ્વવાત. એ રીતે અધો અને તિર્છોવાયુ કહેવો. વાતોદ્ભ્રામ-અનવસ્થિત વાયુ. વાતોત્કલિકા-વાયુતરંગ. વાતમંડલી-



વંટોળીયો. ઉત્કલિકાવાત - પ્રચુર તરંગ મિશ્રિત વાયુ. મંડલિકાવાત - સતત મંડલાકારે વાતો વાયુ ગુંજાવાત - શબ્દ કરતો વાય. ઝંઝાવાત - વૃષ્ટિસહિત વાયુ. સંવર્તકવાત - તૃણાદિ સંવર્તન સ્વભાવ. ઘનવાત - ઘન પરિણામ વાયુ. તનુવાત - ઘનવાતની નીચે રહેલ વાયુ. શુદ્ધવાત — મંદ, સ્થિર વાયુ. અથવા બસ્તિ કે મસકમાંનો વાયુ.

હવે વનસ્પતિકાયિકની પ્રતિપાદના.

**● સૂત્ર-૩૩ થી ૩૭ :-**

*[૩૩] વનસ્પતિકાયિકના કેટલા ભેદ છે ? બે ભેદ૦ - સૂક્ષ્મ અને બાદર વનસ્પતિકાયિક... [૩૪] સૂક્ષ્મ વનસ્પતિકાયિક કેટલા ભેદે છે ? બે ભેદે૦ - પર્યાપ્તા અને અપર્યાપ્તા સૂક્ષ્મ વનસ્પતિકાયિક. તે સૂક્ષ્મ વનસ્પતિકાયિક કહ્યા... [૩૫] બાદર વનસ્પતિકાયિક કેટલા ભેદે છે ? બે ભેદે૦ - પ્રત્યેક અને સાધારણ બાદર વન૦...[૩૬] પ્રત્યેક બાદર વનસ્પતિકાયિક કેટલા ભેદે છે ? બાર ભેદે૦ - [૩૭] વૃક્ષ, ગુચ્છ, ગુલ્મ, લતા, વેલ, પર્વગ, તૃણ, વલય, હરિત, ઔષધિ, જલરુહ અને કુહણ.*

**● વિવેચન-૩૩ થી ૩૭ :-**

સુગમ છે. - x - તે બાદર વનસ્પતિકાયિકો કેટલા ભેદે છે ? બે ભેદે — પ્રત્યેક શરીર૦ અને સાધારણ શરીર બાદર વનસ્પતિકાય. એક એક જીવને પ્રાપ્ત થયેલ તે પ્રત્યેક શરીર, તે જેને છે તે પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાય. 'च' શબ્દ પોતાના પેટા ભેદ સૂચક છે. समान - તુલ્ય શ્વાસોચ્છ્વાસાદિનો ઉપભોગ જે રીતે થાય, તથા એકીભાવથી અનંત જંતુનો સંગ્રહ જેમાં છે તે સાધારણ. જેમને સાધારણ શરીર છે, તે સાધારણ શરીરવાળા.

તે પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિકના કેટલા ભેદ છે ? તે બાર ભેદે છે. તે આ રીતે — (૧) આમ્ર આદિ વૃક્ષો, (૨) રીંગણી આદિ ગુચ્છ, (૩) નવમાલિકા આદિ ગુલ્મો, (૪) ચંપકલતાદિ લતા, અહીં જેમના સ્કંધ પ્રદેશમાં વિવક્ષિત ઉર્ધ્વગત એક શાખા સિવાય મોટી બીજી શાખાઓ ન નીકળે તે લતા જાણવી. (૫) કૂષ્માંડી આદિ વેલા. (૬) શેરડી આદિ પર્વગ. (૭) કુશ-અર્જુનાદિ તૃણ. (૮) કેતકી આદિ વલય, તેની ત્વચા વલયાકારથી રહેલ છે. (૯) હરિત-તાંદળજો આદિ (૧૦) ઔષધિ-ડાંગર આદિ, (૧૧) જલરુહ-પાણીમાં ઉગે તે ઉદક આદિ, (૧૨) કુહણ-ભૂમિફોડાદિ અપ્કાય પ્રમુખ.

**● સૂત્ર-૩૮ થી ૪૨ :-**

*[૩૮] તે વૃક્ષો કેટલા ભેદે છે ? બે ભેદે છે. એકાસ્થિક અને બહુબીજક. તે એકાસ્થિક કેટલા ભેદે છે ? અનેક ભેદે છે... [૩૯] લીંબડો, આંબો, જાંબુ, કોશામ્ર, ક્ષુદ્રામ્ર, જંગલી આંબો, સાલ, અંકોલ, પીલુ, સેલુ, શલ્લકી, મોચકી, માલુક, બકુલ, પલાસ, કરંજ, [૪૦] પુત્રંજીવ, અરીઠા, બહેડા, હરિતક, ભીલામાં, ઉંબેભરિકા, ક્ષીરિણી, ધાતકી, પ્રિયાલ [૪૧] પૂતિનિંબ કરંજ, શ્લક્ષ્ણા, શીશમ,*

*અસન, પુન્નાગ, નાગવૃક્ષ, શ્રીપર્ણી, અશોક. [૪૨] અને તે સિવાયના બીજા તેવા પ્રકારના વૃક્ષો, એઓના મૂલો, કંદો, સ્કંધો, ત્વચા, શાખા, પ્રવાલો અસંખ્યાત જીવવાળા છે, પાંદડા પ્રત્યેક જીવવાળા, પુષ્પો અનેક જીવવાળા અને ફળો એકબીજવાળા છે. તે એકાસ્થિક કહ્યા.*

● **વિવેચન-૩૮ થી ૪૨ :-**

ઉદ્દેશ ક્રમથી નિર્દેશ થાય, એ ન્યાયે પહેલા વૃક્ષ પ્રતિપાદનાર્થે કહે છે — તે વૃક્ષો બે ભેદે કહ્યા છે. એકાસ્થિક, બહુબીજક. એક એક ફળમાં એક એક બીજ તે એકાસ્થિક, - x - ઘણું કરી અસ્થિબંધ સિવાય જ ફળની અંદર જેમને ઘણાં બીજો છે, તે બહુબીજક છે.

એકાસ્થિક પ્રતિપાદના - એક બીજવાળા વૃક્ષો કેટલા પ્રકારના છે ? અનેક પ્રકારના છે. તેની ત્રણ ગાથાઓ છે. તેમાં લીંબડો આદિ પ્રસિદ્ધ છે. शाल - સર્જતરુ, અંકોલ-અંકોષ્ઠ, શેલુ-ગુંદા, સલ્લકી-હાથીને પ્રિય એક વનસ્પતિ, - x - બકુલ-કેસર, પલાશ-કેસુડો, કરંજ-નકતમાલ, - x - બિભિતક-બહેડા, હરિતક-કષાય બહુલ વનસ્પતિ, - x - ઉંબેભરિકા આદિ પ્રસિદ્ધ છે.

આ અને આવા પ્રકારે બીજા, તે બધાં એકાસ્થિક જાણવા.. એકાસ્થિકો મૂળો પણ અસંખ્યાત જીવક છે. એ પ્રમાણે કંદ, સ્કંધ, ત્વચા, શાખા, પ્રવાલ પણ પ્રત્યેક અસંખ્યાત પ્રત્યેક શરીર જીવક છે. તેમાં મૂળ, કંદની નીચે ભૂમિમાં પ્રસરે છે. ઈત્યાદિ. - x - x - x - ફળો એકાસ્થિક છે. હવે બહુબીજક કહે છે —

● **સૂત્ર-૪૨ (ચાલુ) થી ૪૬ :-**

*[૪૨] બહુબીજક વૃક્ષો કેટલા ભેદે છે ? અનેક ભેદે છે. [૪૩] અસ્થિક, તિંદુક, કપિત્થ, અંબાડક, માતુલિંગ, બિલ્વ, આમળા, ફણસ, દાડમ, અશ્વત્થ, ઉંબર, વડ... [૪૪] ન્યગ્રોધ, નંદિવૃક્ષ, પિપ્પલી, શતરી, પ્લક્ષવૃક્ષ, કાકોદુંબરી, કુસ્તુંભરી, દેવદાલી... [૪૫] તિલક, લકુચ, છત્રૌઘ, શિરિષ, સપ્તપર્ણ, દધિપર્ણ, લોધ્ર, ધવ, ચંદન, અર્જુન, નીપ, કુટજ, કદંબ... [૪૬] તે સિવાય તેવા બીજા પ્રકારના તે બહુબીજવાળા વૃક્ષો જાણવા. એના મૂલો, કંદો, સ્કંધો, શાખા, પત્ર પ્રત્યેક જીવિકા, પુષ્પો અનેકજીવિકા, ફળ બહુબીજકા છે. તે બહુબીજકો છે. તે વૃક્ષો કહ્યા.*

● **વિવેચન-૪૨ થી ૪૬ :-**

તે બહુબીજવાળા વૃક્ષ અનેક પ્રકારે છે. અસ્થિકથી આરંભી કદંબ સુધીમાં કેટલાંક અતિ પ્રસિદ્ધ છે. કેટલાંક દેશ વિશેષથી જાણવા. માત્ર અહીં આમળા આદિ લોક પ્રસિદ્ધ છે, તે ન લેવા, કેમકે તેનામાં એક બીજ જ હોય છે. પણ દેશ વિશેષથી બહુબીજક ગ્રહણ કરવા. તે સિવાય બીજા પણ તેવા પ્રકારના બહુબીજવાળા વૃક્ષો જાણવા. તેના મૂળ, કંદ, સ્કંધ, ત્વચા, શાખા, પ્રવાલ પ્રત્યેક અસંખ્યાત પ્રત્યેક શરીર જીવિ છે. પત્રો પ્રત્યેકજીવી છે. પુષ્પો અનેકજીવી છે, ફળો બહુબીજવાળા છે. - x



- હવે ગુચ્છ પ્રતિપાદનાર્થે કહે છે —

● **સૂત્ર-૪૬ થી ૮૧ :-**

*[૪૬] ગુચ્છો કેટલા પ્રકારે છે ? અનેક પ્રકારે કહ્યા છે — [૪૭] રીંગણી, સલ્લકી, થુંડકી, કચ્છુરી, જાસુમણા, રૂપી, આઢકી, નીલી, તુલસી, માતુલિંગી, [૪૮] કુસ્તુંભરી, પિપર, અલસી, વલ્લી, કાકમાચી, વુચ્ચુ, પટોલકંદકી, વિઉવ્વા, વત્થુલ, બદર, [૪૯] પત્તઉર, સીયઉર, જવાસો, નિર્ગુંડી, કસ્તુંબરી, ધાણા, અત્થઈ, તલઉડા, [૫૦] શણ, પાણ, કાસુંદરો, અઘેડો, શ્યામા, સિંદુવાર, કરમર્દ, અરડુસી, કેરડો, ઐરાવણ, મહિત્થ. [૫૧] જાઉલગ, [૫૨] માલગ, [૫૩] પરિલી, [૫૪] ગજમારિણી, કુવ્વકારિયા, મજીઠ, ડોડી, કેતકી, ગંજ, પાડલ, દાસી, અંકોલ.*

*[૫૨] એ સિવાય બીજા પણ તેવા પ્રકારના ગુચ્છો જાણવા. - - - ગુલ્મો કેટલા ભેદે છે ? ગુલ્મો અનેક ભેદે છે —*

*[૫૩] સૈરિયક, નવમાલિકા, કોરંટક, બંધુજીવક, મણોજ્જ, પિઈય, પાણ, કણેર, કુબ્જક, સિંદુવાર. [૫૪] જાઈ, મોગરો, જૂઈ, મલ્લિકા, વાસંતી, વસ્તુલ, કત્થુલ, સેવાલ, ગ્રન્થી, મૃગદંતિકા. [૫૫] ચંપકજાતિ, નવનીઇયા, કુંદ, મહાજાતિ. એ પ્રમાણે અનેક આકારના ગુલ્મો જાણવા. - - - ગુલ્મો કહ્યા.*

*[૫૬] તે લતાઓ કેટલા ભેદે છે ? લતા અનેક પ્રકારે કહી છે — [૫૭] પદ્મલતા, નાગલતા, અશોક, ચંપકલતા, ચૂતલતા, વનલતા, વાસંતિલતા, અતિમુક્તકલતા, કુંદશ્યામલતા. [૫૮] જે આવા પ્રકારે અન્ય હોય તે બધી. આ પ્રમાણે લતા કહી.*

*તે વલ્લી કેટલા ભેદે છે ? વલ્લી અનેક ભેદે કહી છે - [૫૯] પૂસફલી, કાલિંગી, તુંબી, તપુસી, એલવાલુંકી, ઘોસાતકી, પંડોલા, પંચાંગુલી, નીલી. [૬૦] કંડૂઈકા, કંગુયા, કકકોડકી, કારેલી, સુભગા, કુયવાય, વાગલી, પાવ, વલ્લી, દેવદાલી. [૬૧] આસ્ફોતા, અતિમુક્ત, નાગલતા, કૃષ્ણા, સૂર્યવલ્લી, સંઘટ્ટા, સુમણસા, જાસુવણ, કુવિંદવલ્લી, [૬૨] મૃદ્વિકા, આમ્રવલ્લી, કૃષ્ણ છિરાલી, જયંતિ, ગોવાલી, પાણી, માસાવલ્લી, ગુંજીવલ્લી, વિચ્છાણી. [૬૩] શશિબિંદુ, ગોતકુસિયા, ગિરિકર્ણકી, માલુકા, અંજનકી, દધિપુષ્પિકા, કાકણી, મોગલી, અર્કબોંદિ, [૬૪] તે પ્રકારની બીજા પણ જે છે તે વલ્લીઓ.*

*તે પર્વગ શું છે ? અનેક ભેદે કહેલ છે — [૬૫] ઇક્ષૂ, ઇક્ષુવાટિકા, વીરુણી, ઇક્કડ, ભમાસ, સુંઠ, શર, વેત્ર, તિમિર, શતપોરક, નલ, [૬૬] વાંસ, વેણુ, કનક, કર્કાવંશ, ચંપાવશ, ઉદગ, કુડગ, વિમત, કંડાવેણુ, કલ્યાણ. [૬૭] આવા પ્રકારની અન્ય પણ પર્વગ.*

*તૃણ કેટલા ભેદે છે — અનેક ભેદે કહેલ છે. [૬૮] સેડિય, મંતિય, હોંતિય, દર્ભ, કુશ, પર્વક, પોડઇલ્લ, અર્જુન, આષાઢક, રોહિતાંશ, વેય, ક્ષીર,*

ભુરા [૬૯] એરંડ, કુરુવિંદ, કરકર, મુઠ્ઠ, વિભંગુ, મધુરતૃણ, છુરય, સિપ્પિય, સુંકલીતૃણ, [૭૦] આવા પ્રકારના અન્ય જે હોય તે બધાં આ તૃણો કહ્યા.

તે વલય કેટલા ભેદે છે ? અનેક ભેદે છે. [૭૧] તાલ, તમાલ, તક્કલી, તોયલી, શાલી, સારકલ્લાણ, સરલ, જાવતિ, કેતકી, કદલી, ચર્મવૃક્ષ, [૭૨] ભુજવૃક્ષ, હિંગુવૃક્ષ, લવંગવૃક્ષ, સોપરી, ખર્જૂરી, નાલિયેરી. [૭૩] આવા પ્રકારના અન્ય પણ વલયો.

હરિત કેટલા ભેદે છે ? અનેક ભેદે છે. [૭૪] અજ્જોરુહ, વોડાણ, હરિતક, તંદુલેજ્જગ, વત્થુલ, પોરગ, માર્જરયા, બિલ્લી, પાલક્ક. [૭૫] દકપિપ્પલી, દર્વી, સોત્થિય, સાય, મંડુક્કી, મૂલક, સરસવ, અંબિલ, સાકેત, જિયંતક. [૭૬] તુલસી, કૃષ્ણા, ઉરાલ, ફણિજ્જક, અર્જક, ભૂજનક, વારક, દમનક, મખુરુયક, શતપુષ્પ, ઇંદિવર. [૭૭] આ સિવાયના તે પ્રકારના અન્ય પણ હરિત.

તે ઔષધિ કેટલા ભેદે છે ? અનેક ભેદે છે – શાલી, વ્રીહી, ઘઉં, જવ, જવજવ, કલાય, મસુર, તલ, મગ, અડદ, વાલ, કળથી, આલિસંદ-ચોળા, મઠ, ચણા, અળસી, કસુંબો, કોદરા, કાંગ, રાલગ, વરટ્ટ, કોદ્દંસ, સણ, સરસવ, મૂળાના બીજ, આવા પ્રકારની અન્ય પણ જે વનસ્પતિ તે ઔષધિ જાણવી.

જલરુહ કેટલા ભેદે છે ? અનેક ભેદે છે – ઉદક, અવક, પનક, શેવાળ, કલંબુય, હઠ, કસેરુય, કચ્છ, ભાણી, ઉત્પલ, પદ્મ, કુમુદ, નલિન, સુભગ, સૌગંધિક, પુંડરીક, મહાપુંરીક, શતપત્ર, સહસ્ર પત્ર, કલ્હાર, કોકનદ, અરવિંદ, તામરસ, બિસ, બિસમૃણાલ, પુષ્કર, સ્થલજપુષ્કર, તે સિવાયના આવા પ્રકારના બીજા જલરુહો પણ જાણવા. તે જલરુહ કહ્યા.

કુહણા કેટલા ભેદે છે ? અનેક ભેદે છે – આય, કાય, કુહણ, કુણક્ક, દવ્વહલિયા, સફ્ફાય, સજ્ઝાય, છત્રૌક, વંસી, નહિયા, કુરય. તે સિવાય તેના જેવા પ્રકારના કુહુણા જાણવા.

[૭૮] વૃક્ષોના વિવિધ સંસ્થાન, એકજીવિકા પત્રો, સ્કંધો પણ એક જીવા, તાડ-સરલ-નાલીકેરી એક જીવવાળા છે. [૭૯] જેમ સઘળાં સરસવો ચિકાશવાળા દ્રવ્યથી મિશ્રિત થયેલાની એક વર્તિતા વાટ કરી હોય તેવા પ્રત્યેક શરીરીના શરીરસમુદાયો હોય છે. અથવા [૮૦] ઘણાં તલના સમુદાયવાળી તલપાપડી હોય તેમાં ઘણાં તલો વડે સંહત થાય તેમ પ્રત્યેક શરીરીની શરીર સંઘાત હોય છે. [૮૧] તે આ પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિક કહ્યા.

● વિવેચન-૪૬ થી ૮૧ :-

આ ગુચ્છા આદિ ભેદો પ્રાયઃ સ્વરૂપથી જ પ્રસિદ્ધ છે. કેટલાંક દેશ વિશેષથી જાણવા. અહીં વૃક્ષાદિ ભેદમાં જ્યાં એક નામ એકમાં ગ્રહણ કરી, ફરી તે જ નામ બીજા ભેદમાં જણાય, ત્યારે તેના સમાન નામની ભિન્ન જાતિય જાણવી અથવા અનેક જાતની હોય છે જેમકે નાળિયેરી એકાસ્થિક છે, વલય પણ છે.



વિવિધ પ્રકારે આકૃતિ જેમની છે, તે નાનાવિધ સંસ્થાન. વૃક્ષના ગ્રહણથી ગુચ્છ, ગુલ્માદિ પણ જાણવા. પાંદડા એક જીવ અધિષ્ઠિત જાણવા. સ્કંધ પણ એકજીવ અધિષ્ઠિત છે. - x - x - તાડ આદિ માફક ઉપલક્ષણથી બીજી વનસ્પતિઓનો પણ સ્કંધ આગમને અનુસરીને એક જીવાશ્રિત જાણવો. તે સિવાય અનેક વનસ્પતિઓના પ્રત્યેક સ્કંધોનો અનેક પ્રત્યેક શરીરી, અનેક જીવાશ્રિત હોય છે. - x - x - તેના અવસ્થાનનું સ્વરૂપ દૃષ્ટાંત વડે જણાવે છે - અહીં સરસવનું અને તલપાપડીનું દૃષ્ટાંત છે. - x - આ ઉપમા વડે પ્રત્યેક શરીરી જીવોના શરીર સંઘાત પૃથક્ પૃથક્ સ્વ-સ્વ અવગાહનાવાળા હોય છે, તે બતાવ્યું - x - x - x - x -

● સૂત્ર-૮૨ થી ૧૧૯ :-

[૮૨] સાધારણ શરીર બાદર વનસ્પતિકાયિકના કેટલા ભેદ છે ? તે અનેક ભેદે કહ્યા છે – [૮૩] અવક, પનક, સેવાલ, રોહિણી, થિહુ, થિભગ, અશ્વકર્ણી, સિંહકર્ણી, સિઉંઢી, મુસુંઢી. [૮૪] રૂરુ, કુંડરિકા, જીરુ, ક્ષીરવિદારિકા, કિટ્ટિ, હળદર, આદુ, આલુ, મૂળા. [૮૫] કંબૂય, કન્નુક્કડ, મહુપીવલઈ, મધુશ્રૃંગી, નીરુહા, સર્પસુગંધા, છિન્નરુહા, બીજરુહા. [૮૬] પાઠા, મૃગવાલુંકી, મધુરસ્સા, રાજવલ્લી, પદ્મા, માઢરી, દંતી, ચંડી, કિટ્ટી. [૮૭] માષપર્ણી, મુદ્ગપર્ણી, જીવક, રસહ, રેણુકા, કાકોલી, ક્ષીરકાકોલી, ભંગી, નહીં. [૮૮] કૃમિરાશિ, મોથ, લાંગલી, વજ, પેલુગ, કૃષ્ણ, પઉલ, હઢ, હરતનુક, લોયાણી. [૮૯] કૃષ્ણકંદ, વજકંદ, સૂરણકંદ, ખલ્લૂર - આ અનંતકાયિક છે. [૯૦] તૃણમૂલ, કંદમૂલ, વંસમૂલ સંખ્યાતા, અસંખ્યાતા કે અનંત જીવાત્મક જાણવા. [૯૧] શીંગોડાના ગુચ્છ અનેક જીવાત્મક જાણવો. પાંદડા એક એક જીવવાળા અને તેના ફળમાં બે જીવો છે.

[૯૨] જે મૂળને ભાંગવાથી સરખો ભંગ દેખાય તે મૂલ અને તે સિવાયના તેના જેવા બીજા મૂલ અનંત જીવાત્મક જાણવા. [૯૩] જે કંદ ભાંગવાથી સરખો ભંગ દેખાય તે અને તેના જેવા બીજા કંદો અનંત જીવાત્મક જાણવા. [૯૪] જે સ્કંધ ભાંગવાથી સરખો ભંગ દેખાય, તે સ્કંધ અને બીજા તેવા પ્રકારના સ્કંધો અનંત જીવાત્મક જાણવા. [૯૫] જે ત્વચાને ભાંગવાથી સરખો ભંગ દેખાય તે ત્વચા તથા તેના જેવી બીજી ત્વચા અનંત જીવાત્મક જાણવી. [૯૬] જે શાખાને ભાંગવાથી સરખો ભંગ દેખાય તે શાખા તથા તેના જેવી બીજી શાખા અનંત જીવાત્મક જાણવી. [૯૭] જે પ્રવાલને ભાંગવાથી સરખો ભંગ દેખાય તે પ્રવાલ તથા તેના જેવા બીજા પ્રવાલો અનંત જીવાત્મક જાણવા. [૯૮] જે પાંદડું ભાંગવાથી સરખો ભંગ દેખાય તે પાંદડુ તથા તેના જેવા બીજા પાંદડા અનંત જીવાત્મક જાણવા. [૯૯] જે પુષ્પને ભાંગવાથી સરખો ભંગ દેખાય તે પુષ્પ અને તેના જેવા બીજા પુષ્પો અનંત જીવાત્મક જાણવા. [૧૦૦] જે ફળને ભાંગવાથી સરખો ભંગ દેખાય, તે ફળ અને બીજા તેના જેવા ફળો અનંત જીવાત્મક જાણવાં. [૧૦૧]

*જે બીજને ભાંગતા સરખો ભંગ દેખાય તે બીજ અને તેવા અન્ય બીજો અનંત જીવાત્મક જાણવા.*

*[૧૦૨] જે મૂળ ભાંગવાથી વિષમ ભંગ દેખાય, તે અને તેવા પ્રકારના અન્ય મૂલો પ્રત્યેક જીવવાળા છે. [૧૦૩] જે કંદ ભાંગવાથી વિષમ ભંગ દેખાય તે અને તેવા પ્રકારના અન્ય કંદો પ્રત્યેક જીવવાળા જાણવા. [૧૦૪ થી ૧૧૧] એ રીતે જ સ્કંધ, ત્વચા, શાખા, પ્રવાલ, પત્ર, પુષ્પ, ફળ અને બીજના વિષયમાં સૂત્રો જાણવા.*

*[૧૧૨] જે મૂળના કાષ્ઠથી તેની છાલ વધુ જાડી હોય તે છાલ અને તેવા પ્રકારની બીજી છાલ અનંતકાયિક જાણવી. [૧૧૩ થી ૧૧૫] આવા જ સૂત્રો કંદ, સ્કંધ, શાખાના વિષયમાં જાણવા.*

*[૧૧૬] જે મૂળના કાષ્ઠથી તેની છાલ વધારે પાતળી હોય તે તથા તેના જેવી બીજી છાલ પ્રત્યેક જીવવાળી જાણળી. [૧૧૭ થી ૧૧૯] એ પ્રમાણે કંદ, સ્કંધ, શાખા વિષયમાં આ પાઠ જાણવો.*

**● વિવેચન-૮૨ થી ૧૧૯ :-**

સાધારણ શરીર બાદર વનસ્પતિકાયિક કેટલા ભેદે છે ? અનેક ભેદે કહેલ છે. અહીં કેટલાંક પ્રસિદ્ધ અને કેટલાંક દેશ વિશેષ પ્રસિદ્ધ નામ છે. ઉક્ત નામ સિવાયના તેવા પ્રકારના પણ અનંત જીવવાળા જાણવા. તૃણમૂળ આદિમાં ક્યાંક જાતિભેદ કે દેશભેદથી સંખ્યાત જીવો અને ક્યાંક અસંખ્યાત, ક્યાંક અનંત જીવો જાણવા. શીંગોડાનો ગુચ્છ અનેકજીવવાળો જાણવો. તેની ત્વચા, શાખાદિ પણ અનંત જીવાત્મક છે. માત્ર તેના પાન પ્રત્યેક જીવવાળા છે. ફળમાં પ્રત્યેકમાં બબ્બે જીવો જાણવા.

જેના મૂળ ભાંગવાથી સમભંગ - એકાંત સદેશરૂપ ચક્રાકાર ભંગ સ્પષ્ટ દેખાય તે મૂળ અનંત જીવાત્મક છે. - x - x - આ પ્રમાણે કંદાદિ નવ ગાથા કહેવી. હવે પ્રત્યેક શરીર લક્ષણ નામક દશ ગાથા કહે છે — જેના મૂળના ભંગ સ્થળે વિષમ છેદવાળો કે ખરબચડો ભાગ સ્પષ્ટ દેખાય તે મૂળ પ્રત્યેક જીવાત્મક જાણવું. - x - x - આ રીતે કંદાદિ સંબંધે નવે ગાથા સમજી લેવી.

હવે મૂલાદિની છાલનું અનંતકાયિકપણું જાણવા માટે લક્ષણ કહે છે — જે મૂળના મધ્ય ભાગમાં રહેલા ગર્ભથી તેની છાલ જાડી હોય તે અનંતજીવવાળી જાણવી. - x - હવે છાલના પ્રત્યેક જીવપણું જાણવાનું લક્ષણ કહે છે — જે મૂળના મધ્યવર્તી ગર્ભથી તેની છાલ પાતળી હોય તે પ્રત્યેક જીવી જાણવી. - x - x -

❈ [જે મૂળ ભાંગતા તેનો ભંગ સરખો સ્પષ્ટ રૂપે જણાય, ઈત્યાદિ અનંતકાયના લક્ષણને સ્પષ્ટપણે પ્રતિપાદન કરવા માટે સૂત્રકાર કહે છે — चक्रागं - જે મૂળ, સ્કંધ, ત્વચાદિ ભાંગતા ભંગસ્થાન ચક્રના આકારવાળું ગોળ અને તદ્દન સમ હોય તે મૂલાદિ અનંત જીવવાળા જાણવા.] - આ વૃત્તિ હવે પછીના સૂત્રોની કહી. આ સૂત્રો આ પ્રમાણે





જાણવા —

**● સૂત્ર-૧૨૦ થી ૧૩૨ :-**

*[૧૨૦] જેને ભાંગતા ભંગસ્થાન ચક્રાકાર હોય અને ગાંઠ ચૂર્ણ-રજથી વ્યાપ્ત હોય, ભંગસ્થાન પૃથ્વી સમાન હોય તે અનંત જીવવાળી વનસ્પતિ જાણવી. [૧૨૧] ગુપ્તશિરાક, ક્ષીરવાળું કે વિનાનું હોય, પ્રનષ્ટ સંધિ હોય તે પાંદડું અનંત જીવાત્મક જાણવું.*

*[૧૨૨] જલજ, સ્થલજ, વૃંતબદ્ધ, નાલબદ્ધ પુષ્પો સંખ્યાત, અસંખ્યાત, અનંત જીવવાળા જાણવા. [૧૨૩] જે કોઈ નાલબદ્ધ પુષ્પો છે, તે સંખ્યાતા જીવવાળા હોય છે. જે સ્નિહુ - થોરના પુષ્પો અને તેના જેવા બીજા પુષ્પો છે તે અનંત જીવવાળા છે. [૧૨૪] પદ્મિની કંદ, ઉત્પલિની કંદ, અંતરકંદ, ઝિલ્લિ અનંતજીવાત્મક છે અને બિસ, મૃણાલ એક જીવાત્મક છે. [૧૨૫] પલાંડુકંદ, લસણ કંદ, કંદલીકંદ, કુસ્તુંબક અને તેના જેવા અન્ય પણ પ્રત્યેક જીવવાળા છે.*

*[૧૨૬] પદ્મ, ઉત્પલ, નલિન, સુભગ, સૌગંધિક, અરવિંદ, કોકનદ, શતપત્ર, સહસ્રપત્ર... [૧૨૭] તેના બિંટ, કેસર, મિંજ પ્રત્યેક એક જીવવાળા છે. [૧૨૮] વેણુ, નલ, ઇક્ષુવાટિકા, સમાસઇક્ષુ, ઇક્કડ, રંડ, કરકર, સુંઠ, વિહંગુ, તૃણ અને પર્વગની... [૧૨૯] આંખ, પર્વ, પરિમોટક એ બધાં એક જીવના છે પત્રો પ્રત્યેક જીવવાળા અને પુષ્પો અનેક જીવાત્મક છે. [૧૩૦] પૂસફલ, કાલિંગ, તુંબ, ત્રપુષ, એલવાલુંક, ઘોષાતક, પડોલ, તિંદુક, તેંદુસના... [૧૩૧] ડીંટીયા, માંસ, કડાહ એ એક જીવના હોય છે, પાંદડા એક જીવવાળા અને કેસર સહિત - કેસર રહિત દરેક બીજ એક એક જીવાશ્રિત છે. [૧૩૨] સપ્ફાય, સજ્ઝાય, ઉવ્વેહલિયા, કુહણા, કંદુક્ક એ અનંત જીવાત્મક છે તેમાં કંદુક્કને વિશે ભજના જાણવી.*

**● વિવેચન-૧૨૦ થી ૧૩૨ :-**

चक्काग० આ વૃત્તિ આ પૂર્વેના સૂત્રમાં અંતે મૂકી છે. હવે લક્ષણાંતરથી કહે છે — જે પાંદડા દુધવાળા કે વગરના હોય, ગૂઢશિરાક - ગુપ્તનસોવાળું હોય, જેના બે અર્ધ ભાગની વચ્ચે સાંધો સર્વથા ન દેખાતો હોય તે અનંત જીવાત્મક જાણવું.

હવે પુષ્પાદિ સંબંધી વિશેષતા — પુષ્પો ચાર પ્રકારે છે — જલજ - સહસ્રપત્રાદિ, સ્થલજ - કોરંટાદિ. તે પ્રત્યેકના બે ભેદ આ પ્રમાણે — કેટલાંક વૃંત્તબદ્ધ - અતિમુક્તક આદિ, કેટલાંક નાણબદ્ધ-જાઈના પુષ્પો વગેરે. આ બે મધ્યે કેટલાંક પત્રાદિમાં રહેલ જીવોની અપેક્ષાએ સંખ્યાત જીવવાળા, કેટલાંક અસંખ્યાત જીવવાળા, કેટલાંક અનંત જીવવાળા હોય છે. તે આગમાનુસારે જાણવા.

આ સંબંધે કંઈક વિશેષ કહે છે — તેમાં જે જાઈ વગેરે નાલબદ્ધ પુષ્પો છે તે બધાં સંખ્યાત જીવવાળા તીર્થંકર - ગણધરોએ કહેલાં છે. થોરના પુષ્પો અનંત જીવાત્મક છે. તે સિવાયના થોરનાં પુષ્પો જેવા બીજા પુષ્પો પણ અનંત જીવાત્મક જાણવા. પદ્મિનીકંદ, અંતર નામે જલજ વનસ્પતિકંદ વિશેષ, ઝિલ્લિકા નામે વનસ્પતિ

આ બધાં અનંતજીવાત્મક છે. પણ પદ્મિની આદિની નાલ અને મૃણાલ એ બંને એક જીવ આશ્રિત છે. પલાંડુ કંદ, લસણ કંદ, કંદલી કંદ, કુસ્તુંબક એ બધાં પ્રત્યેક જીવ આશ્રિત જાણવા. તે સિવાયના બીજા પણ તેવા પ્રકારના અનંતકાયિક વનસ્પતિના લક્ષણ રહિત હોય તે પ્રત્યેક વનસ્પતિકાયિક જાણવા.

પદ્મ, ઉત્પલ, નલિન, સુભગ, સૌગંધિક, અરવિંદ, કોકનદ, શતપત્ર, સહસ્રપત્રના ડીંટીયા અને બાહ્ય પાન, જે પ્રાયઃ લીલા હોય છે અને પત્રના આધારરૂપ કર્ણિકા છે તે ત્રણે એક જીવાત્મક છે અને જે અંદરની પાંખડીઓ, કેસર અને બીજ છે તે દરેક એક એક જીવાશ્રિત છે. વેણુ, નડ, ઇક્ષુવાટિકાદિ લોકથી જાણવા. દુર્વાદિ તૃણ, પર્વયુક્ત વનસ્પતિ, એ બધાંની જે આંખ, પર્વ અને પર્વનું ચક્રાકાર પરિવેષ્ટન, તે બધાં એક જીવાશ્રિત છે. એ બધાંના પ્રત્યેક પાંદડા એક એક જીવાત્મક હોય છે. પુષ્પો અનેક જીવાત્મક છે. પુષ્પફળ, કાલિંગ, તુંબ, ત્રપુષ, ચિર્ભટ વિશેષ, ચિર્ભટ, ઘોષાતક, પટોલ, તેંદુક, તિંદુસના જે ફળ છે તે બધાંના વૃંત, ગર્ભ, કટાહ, ત્રણે એક જીવાશ્રિત છે. તથા પૂસફળથી તિંદુસ સુધીની દરેક વનસ્પતિમાં પાંદડા પ્રત્યેક જીવાશ્રિત છે. કેસર સહિત અને કેસર રહિત બીજ પણ પ્રત્યેક જીવાશ્રિત હોય છે તેથી કેસર અને બીજો દરેક પ્રત્યેક જીવાશ્રિત છે.

કુહણાદિ વનસ્પતિ વિશેષ લોકથી જાણવા. આ અનંત જીવાત્મક છે. વિશેષ આ - કંદુક્કમાં વિકલ્પે છે. કેમકે તે દેશ વિશેષથી અનંતજીવાત્મક પણ હોય, સંખ્યાત જીવાત્મક પણ હોય. - શું બીજજીવ જ મૂલાદિ જીવ થાય કે તે જીવ ચવ્યા પછી બીજો જ જીવ મૂલાદિમાં ઉત્પન્ન થાય ? તે માટે કહે છે —

● **સૂત્ર-૧૩૩,૧૩૪ :-**

***[૧૩૩] યોનિરૂપ બીજમાં તે બીજનો જીવ ઉત્પન્ન થાય કે અન્ય જીવ ઉત્પન્ન થાય છે. પણ જે મૂળનો જીવ છે, તે જ પ્રથમના પાંદડારૂપે પરિણમે છે. [૧૩૪] સર્વ પ્રકારના કિસલય ઉગતાં અનંતકાયિક કહ્યા છે. તે વધતા પ્રત્યેક કે અનંતકાય હોય.***

● **વિવેચન-૧૩૩,૧૩૪ :-**

બીજ, યોનિ અવસ્થા પામતાં એટલે યોનિ પરિણામનો ત્યાગ નથી કર્યો તેવા બીજની બે પ્રકારની અવસ્થા છે - યોનિ૰ અને અયોનિ અવસ્થા. તેમાં જ્યારે બીજ યોનિ અવસ્થાને તજતું નથી, પણ જીવરહિત થયેલ હોય ત્યાં સુધી યોનિભૂત કહેવાય છે. બીજ જીવરહિત થયેલું છે. તે નિશ્ચયથી જાણી શકાતું નથી. તેથી વિશિષ્ટ જ્ઞાન રહિત મનુષ્ય વડે હાલ સચેતન કે અચેતન હોય પણ જે ઉગવાની શક્તિવાળું હોય તે બીજ યોનિભૂત કહેવાય. વિનષ્ટ યોનિવાળું અવશ્ય અચેતન હોવાથી અયોનિભૂત કહેવાય છે.

‘યોનિ’ એટલે શું ? અવિનષ્ટ શક્તિવાળું જીવનું ઉત્પત્તિ સ્થાન એટલે તેમાં રહેલ જીવના પરિણમનની શક્તિ સહિત હોય તે યોનિ કહેવાય છે. તે યોનિભૂત



બીજમાં તે જ પૂર્વનો બીજનો જીવ કે અન્ય જીવ આવીને ઉત્પન્ન થાય છે. અર્થાત્ બીજને ઉત્પન્ન કરનાર જીવ પોતાના આયુષ્યના ક્ષયથી બીજનો ત્યાગ કરે છે. તે બીજને પાણી, કાળ, પૃથ્વીના સંયોગરૂપ સામગ્રી પ્રાપ્ત થતાં કદાચ તે જ જીવ મૂલાદિ સંબંધી નામગોત્ર બાંધીને તે બીજમાં ઉત્પન્ન થાય છે - મૂલાદિરૂપે પરિણમે છે અથવા બીજો જીવ આવીને ઉપજે છે. મૂળરૂપે પરિણત જીવ જ પ્રથમ પાંદડા રૂપે પરિણત થાય છે. તેથી મૂળ અને પ્રથમ પત્રનો કર્તા એક જીવ છે.

પ્રશ્ન - બધાં કિસલય ઉગતાં અનંતકાયિક કહ્યા છે, તે ગાથા સાથે ઉક્ત વાતનો વિરોધ કેમ ન આવે ? અહીં મૂળપણે ઉત્પન્ન જીવ તેની વૃદ્ધિ કરે છે. પછી અનંત જીવો અવશ્ય કિસલય અવસ્થાને પામે છે. ત્યારપછી સ્થિતિનો ક્ષય થવાથી તે અનંતજીવો ચ્યવી જાય છે. ત્યારે આ જ મૂળનો જીવ અનંતજીવના શરીરને પોતાના શરીરરૂપે પરિણાવીને પ્રથમ પાંદડા સુધી વધે છે. માટે પૂર્વોક્ત વચન સાથે વિરોધ નથી.

બીજા આચાર્યો આમ વ્યાખ્યા કરે છે - પ્રથમ પત્ર એટલે બીજની વૃદ્ધિની અવસ્થા, તેથી મૂલ અને પ્રથમ પાનનો કર્તા એક જીવ છે. અર્થાત્ મૂલ અને વૃદ્ધિ અવસ્થાનો કર્તા એક જીવ છે એ નિયમ બતાવવા કહ્યું છે. બાકીના કિસલય આદિનો આવિર્ભાવ અવશ્ય મૂળના જીવના પરિણામથી થયેલ હોતો નથી. તેથી બધાં કિસલય ઉગતાં અનંતકાયિક હોય છે. ઈત્યાદિ ગાથા કહેવાની છે, તેની સાથે આ બાબતનો વિરોધ નથી. કેમકે મૂળ અને વૃદ્ધિની અવસ્થાની ઉત્પત્તિ કાળે કિસલયપણું નથી.

પ્રત્યેક વનસ્પતિકાયનું સર્વદા શરીરાવસ્થાને આશ્રીને પ્રત્યેક શરીર વનસ્પતિ-કાયિકપણું છે કે કોઈ અવસ્થામાં અનંતકાયિકપણું પણ છે ? સાધારણ વનસ્પતિ-કાયિકનું પણ હંમેશાં અનંતકાયિકપણું છે કે કદાચિત્ પ્રત્યેક વનસ્પતિકાયિકપણું પણ સંભવે છે ? સમસ્ત પ્રકારના પ્રત્યેક કે સાધારણ વનસ્પતિકાય કિસલયાવસ્થાને પ્રાપ્ત થયેલા હોય ત્યારે તીર્થંકર અને ગણધરોએ અનંતકાયિક કહેલા છે અને તે કિસલયરૂપ અનંતકાય વૃદ્ધિ પામતાં અનંતકાયિક થાય કે પ્રત્યેક વનસ્પતિકાયિકરૂપ થાય છે. એટલે સાધારણ કે પ્રત્યેક જે શરીર કરવાનું હોય તેવા થાય. કેટલા કાળ પછી પ્રત્યેક થાય ? અંતર્મુહૂર્ત્ત પછી થાય. આ રીતે - નિગોદના જીવોની ઉત્કૃષ્ટથી પણ અંતર્મુહૂર્ત્ત કાળસ્થિતિ કહી છે અને પછી વધતાં તે પ્રત્યેક રૂપે થાય.

● **સૂત્ર-૧૩૫ થી ૧૪૮ :-**

***[૧૩૫] એક સાથે ઉત્પન્ન થયેલ જીવોની એક કાળે શરીર નિષ્પત્તિ, સાથે જ શ્વાસ ગ્રહણ અને સાથે જ નિઃશ્વાસ હોય. - - - [૧૩૬] એકને જે આહારાદિ ગ્રહણ છે, તે જ સાધારણ જીવોને હોય છે, અને જે બહુ જીવોને હોય, તે સંક્ષેપની એકને હોય છે. - - - [૧૩૭] સાધારણ જીવોને સાધારણ આહાર, સાધારણ શ્વાસ-ઉચ્છ્વાસનું ગ્રહણ એ સાધારણ જીવોનું લક્ષણ છે.***

*[૧૩૮] જેમ તપાવેલ લોઢાનો ગોળો, તપેલા સુવર્ણ જેવો બધો અગ્નિથી વ્યાપ્ત થાય, તેમ નિગોદના જીવોને જાણ. - - - [૧૩૯] એક, બે, ત્રણ યાવત્ સંખ્યાતા બાદર નિગોદ જીવોના શરીરો જોવા શક્ય નથી, પણ અનંત જીવોના શરીરો દેખાય છે.*

*[૧૪૦] લોકાકાશના પ્રદેશ ઉપર એક એક નિગોદ જીવને સ્થાપવો, એ પ્રમાણે માપતાં અનંત લોક થાય છે. - - - [૧૪૧] લોકના એક એક પ્રદેશ ઉપર એક એક પ્રત્યેક વનસ્પતિકાય જીવને સ્થાપવો એ પ્રમાણે માપતાં અસંખ્યાતલોક થાય છે. - - - [૧૪૨] પર્યાપ્તા પ્રત્યેક જીવો લોકાકાશના પ્રતરના અસંખ્યાતમા ભાગે છે, અપર્યાપ્તા પ્રત્યેક જીવો અસંખ્યાત લોકાકાશ પ્રમાણ છે. સાધારણ જીવો અનંત લોકાકાશ પ્રમાણ છે. - - - [૧૪૩] એમ પ્રરૂપણા કરેલા બાદર જીવો આ શરીરો વડે પ્રત્યક્ષ છે, સૂક્ષ્મ જીવો આજ્ઞાગ્રાહ્ય છે, કારણ કે તે ચક્ષુનો વિષય થતા નથી.*

*[૧૪૪] તેવા પ્રકારના જે બીજા પણ હોય તેને વનસ્પતિકાયિક જાણવા. તે સંક્ષેપથી બે પ્રકારે - પર્યાપ્તા અને અપર્યાપ્તા. તેમાં અપર્યાપ્તા તે અસંપ્રાપ્ત છે, જે પર્યાપ્તા છે તે વર્ણ-ગંધ-રસ-સ્પર્શની અપેક્ષાએ હજારો ભેદે છે. સંખ્યાતા લાખ યોનિ છે પર્યાપ્તાની નિશ્રાએ અપર્યાપ્તા ઉત્પન્ન થાય છે. જ્યાં એક પર્યાપ્તો છે, ત્યાં સંખ્યાતા, અસંખ્યાતા કે અનંતા અપર્યાપ્તા છે. એ વનસ્પતિકાય સંબંધે આ ગાથાઓ જાણવી.*

*[૧૪૫] કંદ, કંદમૂળ, વૃક્ષમૂળ, ગુચ્છ, ગુલ્મ, વલ્લી, વેણુ, તૃણ, [૧૪૬] પદ્મ, ઉત્પલ, સંઘાટ, હઠ, સેવાલ, કૃષ્ણક, પનક, અવક, કચ્છ, ભાણી, કંદુક્ક... [૧૪૭] તેઓમાં કોઈ કોઈ વનસ્પતિની ત્વચા, છાલ, પ્રવાલ, પાંદડા, પુષ્પ, ફળ, મૂળ, અગ્ર, મધ્ય અને બીજને વિશે યોનિ હોય છે. [૧૪૮] એ પ્રમાણે સાધારણ૦ બાદર૦ વનસ્પતિકાયિક અને એકેન્દ્રિય જીવો કહ્યા.*

**● વિવેચન-૧૩૫ થી ૧૪૮ :-**

સમય - એક કાળે ઉત્પન્ન થયેલા સાધારણ વનસ્પતિકાયિકોની, સમક - એક કાળે શરીરોત્પત્તિ થાય છે. એક કાળે જ શ્વાસોચ્છ્વાસ યોગ્ય પુદ્ગલોનું ઉપાદાન - x - શ્વાસોચ્છ્વાસ હોય છે. તથા એકનું આહારાદિ પુદ્ગલ ગ્રહણ, ઘણાં સાધારણ જીવોનું પણ જાણવું. અર્થાત્ એક જીવ જે આહારાદિ લે, તે તે શરીરના આશ્રિત અનેક પણ ગ્રહણ કરે. જે ઘણાં લે, તેનો સંક્ષેપથી એકત્ર શરીરમાં સમાવેશ થતાં એકને પણ ગ્રહણ થાય છે.

હવે ઉક્તાર્થનો ઉપસંહાર કહે છે - સાધારણ આદિ એક શરીરાશ્રિત બધાં જીવોનો ઉક્ત પ્રકાર સાધારણ આહાર-આહાર યોગ્ય પુદ્ગલ ગ્રહણ, સાધારણ શ્વાસોચ્છ્વાસ યોગ્ય પુદ્ગલ ગ્રહણ, ઉપલક્ષણથી શ્વાસોચ્છ્વાસ અને સાધારણ શરીરની ઉત્પત્તિ તે સાધારણ જીવોનું લક્ષણ જાણવું.



એક નિગોદશરીરને વિશે અનંતજીવો કઈ રીતે રહે છે? તે કહે છે — તપાવેલ લોઢાનો ગોળો, બધેથી જે રીતે અગ્નિ વડે પરિણત થાય છે, તેમ તે નિગોદના જીવો જાણવા. અર્થાત્ નિગોદરૂપે એક શરીરમાં પરિણત થયેલ અનંત જીવો જાણવા. જો કે એક, બે, ત્રણ યાવત્ સંખ્યાત કે અસંખ્યાત નિગોદ જીવોના શરીરો જોઈ શકવા યોગ્ય નથી, કેમકે તેવા પ્રકારના શરીરોનો અભાવ છે.

[પ્રશ્ન] એક, બે, ત્રણ, સંખ્યાતા કે અસંખ્યાતા જીવોએ ગ્રહણ કરેલ અનંત વનસ્પતિકાયિક શરીરો નથી. પણ અનંત જીવોના પિંડરૂપ હોય છે, તો પછી શી રીતે દેખાય? બાદર અનંત નિગોદ જીવોના શરીરો જોઈ શકાય છે. પણ સૂક્ષ્મ નિગોદજીવોના શરીરો દેખાતા નથી. કેમકે સૂક્ષ્મ પરિણામ પરિણત છે.

[પ્રશ્ન] નિગોદ રૂપ શરીર, નિયમથી અનંતજીવ પરિણામથી પરિણત છે, તેમ કેમ જાણવું? જિનવચનથી જાણવું. તે આ - અસંખ્યાત ગોળા છે, એક ગોળામાં અસંખ્યાત નિગોદ છે અને એક એક નિગોદ અનંત જીવાત્મક છે.

હવે નિગોદ જીવોનું પ્રમાણ કહે છે — એક એક લોકાકાશ પ્રદેશ ઉપર એક-એક નિગોદ જીવ સ્થાપવો. આ રીતે માપ કરતા નિગોદના જીવો અનંત લોકાકાશ પ્રમાણ થાય છે. એ રીતે પ્રત્યેક વનસ્પતિકાયિક જીવોનું પ્રમાણ કહ્યું છે, તે સૂત્રાનુસાર જાણવું. - x - x - હવે પર્યાપ્તા, અપર્યાપ્તાના ભેદથી પ્રત્યેક અને સાધારણ વનસ્પતિ જીવોનું પ્રમાણ બાતવે છે - ઘનરૂપે કલ્પેલા લોકની પ્રતર શ્રેણિના અસંખ્યાતમાં ભાગે જેટલા આકાશપ્રદેશો હોય તેટલા પર્યાપ્તા પ્રત્યેક વનસ્પતિકાયિક જીવો છે૦ ઈત્યાદિ - x -

ઉક્ત ભેદો સિવાયના જે અહીં કહેલ નથી, પણ તેવા પ્રકારના હોય, અર્થાત્ પ્રત્યેક કે સાધારણ વનસ્પતિરૂપ હોય તે પણ વનસ્પતિકાયિકપણે જાણવા, ઇત્યાદિ પૂર્વવત્. પણ જ્યાં એક બાદર પર્યાપ્ત જીવ છે, તેને આશ્રીને પ્રત્યેક વનસ્પતિકાય સંખ્યાતા કે અસંખ્યાતા હોય છે અને સાધારણ વનસ્પતિકાયિક તો નિયમા અનંતા જીવ હોય છે.

આ સાધારણ અને પ્રત્યેકરૂપ અમુક વનસ્પતિની વિશેષતા જણાવનારી આ ગાથાઓ જાણવી - કંદ૦ આદિ ત્રણ ગાથાઓ છે. કંદ-ગુચ્છ-ગુલ્મ-વલ્લી ઈત્યાદિ ૧૯ નામો ગાથામાં નોંધ્યા. તેમાં કોઈની ત્વચા યોનિ હોય છે, કોઈની છાલ યાવત્ કોઈનું મૂળ, કોઈનો અગ્રભાગ - કોઈનો મધ્યભાગ - કોઈનું બીજ યોનિરૂપ હોય છે. - x - આ રીતે એકેન્દ્રિય જીવો કહ્યા.

હવે બેઈન્દ્રિય જીવોનું પ્રતિપાદન કરે છે —

**● સૂત્ર-૧૪૯ :-**

*બેઈન્દ્રિય જીવો કેટલા ભેદે છે? અનેક ભેદે કહેલા છે — પુલાકૃમિ, કુક્ષીકૃમિ, ગંડોલગ, ગોલોમ, નેપુરા, સોમંગલગ, વંસીમુખ, શૂચિમુખ, ગોજલૌક, જલૌકા, જાલાઉય, શંખ, શંખનક, ઘુલ્લા, ખુલ્લા, ગુલયા, ખંધ, વરાટા, શૌક્તિક,*

***મૌક્તિક, કલુયાવાસ, એકતઆવર્ત્ત, દ્વિધાવર્ત્ત, નંદિકાવર્ત્ત, શંબુક્ક, માતૃવાહ, શુક્તિસંપુટ, ચંદનક, સમુદ્રલિક્ષા, તે સિવાયના તેવા પ્રકારના બીજા પણ. તે બધાં સંમૂર્છિમ અને નપુંસક છે. તે સંક્ષેપથી બે ભેદે કહ્યા. પર્યાપ્તા અને અપર્યાપ્તા. એ બધાં મળીને પર્યાપ્તા-અપર્યાપ્તા બેઈન્દ્રિયોની સાત કરોડ જાતિ કુલ યોનિ પ્રમુખ થાય છે, તેમ કહેલું છે.***

***તે બેઈન્દ્રિય સંસારસમાપન્ન જીવ પ્રજ્ઞાપના કહી.***

**● વિવેચન-૧૪૯ :-**

બેઈન્દ્રિય જીવો કેટલા ભેદે છે ? અનેકવિધ કહ્યાં છે. તે આ - પુલાકૃમિ ઈત્યાદિ. પુલાકૃમિ - ગુદાના ભાગે ઉપજતા કૃમિ, કુક્ષિકૃમિ - કુક્ષિ પ્રદેશોત્પન્ન. શંખ-સમુદ્રોદ્‌ભવ, નાના શંખ, ધુલ્લિકા, શંખલા, કોડા, છીપ, અક્ષ, બાકી સંપ્રદાયથી જાણી લેવા. આવા પ્રકારે અન્ય - મૃત ક્લેવરમાં ઉત્પન્ન કૃમિ આદિ બધાં બેઈન્દ્રિય છે. તેઓ સંમૂર્ચ્છમ છે, સંમૂર્ચ્છમ હોવાથી નપુંસક છે. - x - x - તેઓ સંક્ષેપથી બે ભેદે - પર્યાપ્તા, અપર્યાપ્તા. - x - પુલાકૃમિ આદિ પર્યાપ્તા અને અપર્યાપ્તા એવા બેઈન્દ્રિયો બધાં મળીને યોનિપ્રમુખ - યોનિથી ઉત્પન્ન સાત લાખ ક્રોડ જાતિકુળો છે. એમ તીર્થંકરોએ કહ્યું છે.

જાતિ, કુળ, યોનિના સ્વરૂપને જાણવા પૂર્વાચાર્યોએ સ્થૂલ ઉદાહરણ બતાવ્યું છે. જાતિ - તિર્યંચગતિ, તેના કુલો-કૃમિકુલ, કીડાઓનું કુલ, વીંછીનું કુલ વગેરે. આ કુળો યોનિપ્રમુખ-યોનિથી ઉત્પન્ન થયેલા છે, તે આ પ્રમાણે - એક જ યોનિમાં અનેક કુળ હોય છે. છાણયોનિમાં કૃમિકુલ, કીડાનું કુળ વગેરે અથવા જાતિકુળ એ પદ છે. જાતિકુલ અને યોનિમાં પરસ્પર ભેદ છે. કેમકે એક જ યોનિમાં અનેક જાતિકુળોનો સંભવ છે. જેમકે એક જ યોનિમાં કૃમિજાતિકુળ, કીટજાતિકુળ આદિ હોય છે. એ રીતે એક જ યોનિમાં અવાંતર જાતિભેદો હોવાથી યોનિથી ઉત્પન્ન અનેક જાતિકુળો સંભવે છે. માટે સાત લાખ ક્રોડ જાતિકુલો ઘટે છે.

હવે તેઈન્દ્રિય સંસાર સમાપન્ન જીવ પ્રજ્ઞાપના —

**● સૂત્ર-૧૫૦ :-**

***તેઈન્દ્રિય સંસાર સમાપન્ન જીવ પ્રજ્ઞાપના કેટલા ભેદે છે ? અનેક ભેદે છે — ઔપયિક, રોહિણિય, કુંથુ, પિપીલિકા, ડાંસ, ઉદ્દઈ, ઉક્કલિયા, ઉત્પાદ, ઉપ્પાડ, ઉત્પાટક, તૃણાહાર, કાષ્ઠાહાર, માલુકા, પત્રાહાર, તણબેંટિય, પત્રબેંટિય, પુષ્પબેંટિય, ફલબેંટિય, બીજબેંટિય, તેબુરણમિંજિયા, તઓસમિંજિયા, કપ્પાસટ્ઠિમિંજિય, હિલ્લિય, ઝિલ્લિય, ઝિંગિર, કિંગિરિડ, બાહુક, લહુક, સુભગ, સૌવસ્તિક, સુયબેંટ, ઈન્દ્રકાયિક, ઈન્દ્રગોપ, તુરુતુંબગ, કુચ્છલવાહગ, જૂ હાલાહલ, પિસુય, શતપાદિકા, ગોમ્હી, હસ્તિશૌંડ અને તે સિવાયના બીજા તેવા પ્રકારના હોય તે. તે બધાં સંમૂર્છિમ અને નપુંસક હોય છે.***

***તે સંક્ષેપથી બે ભેદે છે — પર્યાપ્તા અને અપર્યાપ્તા. એવા પ્રકારના એ***



***તેઈન્દ્રિય જીવોના યોનિથી ઉત્પન્ન આઠ લાખ ક્રોડ જાતિકૂળો છે એમ કહ્યું છે. - - - આ પ્રમાણે તેઈન્દ્રિય સંસારી જીવ પ્રજ્ઞાપના કહી.***

**● વિવેચન-૧૫૦ :-**

તેઈન્દ્રિય સંસારી જીવ પ્રજ્ઞાપના અનેક ભેદે કહી છે. 'તે આ પ્રમાણે' - કહીને દેખાડે છે. ઔપયિક આદિ તેઈન્દ્રિયો બતાવ્યા. - x - x - તે બધાં સંમૂર્છિમ નપુંસક છે આદિ પૂર્વવત્. આ ઔપયિક આદિ પર્યાપ્તા, અપર્યાપ્તા તેઈન્દ્રિય જીવો બધાં મળીને યોનિથી ઉત્પન્ન થયેલા આઠ લાખ ક્રોડ જાતિકુળો હોય છે. એમ તીર્થંકરોએ કહ્યું છે. - x - x - હવે ચઉરિન્દ્રિય સંસારી જીવ પ્રજ્ઞાપના —

**● સૂત્ર-૧૫૧ થી ૧૫૩ :-**

***[૧૫૧] ચઉરિન્દ્રિય સંસાર સમાપન્ન જીવ પ્રજ્ઞાપના કેટલા ભેદે છે ? અનેક ભેદે છે. તે આ પ્રમાણે —***

***[૧૫૨] અંધિય, પત્તિય, મક્ષિકા, મશક, કીટ, પતંગ, ઢંકુણ, કુક્કડ, કુક્કુહ, નંદાવર્ત્ત, સિંગિરિડ, [૧૫૩] કૃષ્ણપત્ર, નીલપત્ર, લોહિતપત્ર, શુક્લપત્ર, ચિત્રપક્ષ, વિચિત્રપક્ષ, ઓહંજલિયા, જલચારિકા, ગંભીર, નીનિય, તંતવ, અચ્છિરોડ, અક્ષિવેધ, સારંગ, નેઉર, દોલા, ભ્રમર, ભરિલી, જરુલા, તોટ્ટા, વિંછી, પત્રવિંછી, છાણવિંછી, જલવિંછી, પિયંગાલ, કણગ, ગોમયકીડા અને તે સિવાયના બીજા તેવા પ્રકારના હોય તે. તે બધાં સંમૂર્છિમ અને નપુંસક છે. તે સંક્ષેપથી બે પ્રકારે છે — પર્યાપ્ત અને અપર્યાપ્ત. આ પૂર્વોક્ત પર્યાપ્ત અને અપર્યાપ્ત ચઉરિન્દ્રિય જીવોના યોનિથી ઉત્પન્ન નવ લાખ ક્રોડ જાતિ કુળો છે. - - એ પ્રમાણે ચઉરિન્દ્રિય સંસારી જીવ પ્રજ્ઞાપના કહી.***

**● વિવેચન-૧૫૧ થી ૧૫૩ :-**

આ ચઉરિન્દ્રિય જીવો લોક થકી જાણવા. જાતિકુલ નવ લાખ ક્રોડ. બાકી પૂર્વવત્. હવે પંચેન્દ્રિય સંસારી જીવ પ્રજ્ઞાપના.

**● સૂત્ર-૧૫૪ :-**

***પંચેન્દ્રિય સંસાર સમાપન્નક જીવ પ્રજ્ઞાપના કેટલા ભેદે છે ? ચાર ભેદે — નૈરયિક પંચેન્દ્રિય સંસાર સમાપન્નક જીવ પ્રજ્ઞાપના. તિર્યંચયોનિક પંચેન્દ્રિય૦ મનુષ્ય પંચેન્દ્રિય૦ અને દેવ પંચેન્દ્રિય સંસાર સમાપન્નક જીવ પ્રજ્ઞાપના.***

**● વિવેચન-૧૫૪ :-**

પંચેન્દ્રિય સંસારી જીવ પ્રજ્ઞાપના ચાર ભેદે કહી છે. તે આ - નૈરયિકાદિ અય - ઈષ્ટ ફળ આપનાર કર્મ, તે જેથી ગયું છે, તે નિરય - નરકાવાસ, તેમાં રહેલ તે નૈરયિક, તેવા પંચેન્દ્રિય સંસારી જીવોની પ્રજ્ઞાપના. તીર્છા - વાંકા ચાલે તે તિર્યંચ, તેઓની યોનિ-ઉત્પત્તિ સ્થાન તે તિર્યચયોનિક૦, મનુ શબ્દ મનુષ્યવાચી છે. મનુના સંતાનો તે મનુષ્ય૦ જે સ્વેચ્છાએ ક્રીડા કરે તે દેવો - ભવનપતિ આદિ૦ આ તિર્યંચયોનિક - મનુષ્ય - દેવ પંચેન્દ્રિય સંસારી જીવોની પ્રજ્ઞાપના.

હવે નૈરયિકનું કથન કરે છે –

● સૂત્ર-૧૫૫ :-

*નૈરયિકો કેટલા ભેદે છે ? સાત ભેદે કહ્યા છે. તે આ - રત્નપ્રભાપૃથ્વી નૈરયિક, શર્કરાપ્રભા૦, વાલુકાપ્રભા૦, પંકપ્રભા૦, ધૂમપ્રભા૦, તમઃપ્રભા૦, તમસ્તમપ્રભા પૃથ્વી નૈરયિક તે સંક્ષેપથી બે ભેદે કહ્યા છે – પર્યાપ્તક, અપર્યાપ્તક. તે આ નૈરયિક કહ્યા.*

● વિવેચન-૧૫૫ :-

નૈરયિકો પૃથ્વીના ભેદથી સાત પ્રકારે છે. અન્યથા તેના ઘણાં ભેદો થઈ શકે. તેથી પૃથ્વી ભેદત્વથી સપ્તવિધત્વ કહ્યું. રત્ન - વજ, વૈડૂર્યાદિ. પ્રભા - શબ્દ અહીં બધે સ્વભાવવાચી છે. રત્નો જેનું સ્વરૂપ છે, તે રત્નપ્રભા - રત્નમયી. તેવી જે પૃથ્વી, તેના નૈરયિકો તે રત્નપ્રભાપૃથ્વી નૈરયિકો. એ રીતે શર્કરાપ્રભાદિ કહેવા.

હવે ઉદ્દેશક ક્રમ પ્રામાણ્યથી તિર્યંચપંચેન્દ્રિય કથન-

● સૂત્ર-૧૫૬ :-

*પંચેન્દ્રિય તિર્યંચયોનિકો કેટલા ભેદે છે ? ત્રણ ભેદે કહ્યા છે – જલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક, સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક, ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક.*

● વિવેચન-૧૫૬ :-

પંચેન્દ્રિય તિર્યંચયોનિકો ત્રણ ભેદે કહેલા છે. જલચર-જળમાં ફરે તે. સ્થલચર-સ્થળમાં ફરે તે. ખેચર-આકાશમાં ફરે તે. એવા પંચેન્દ્રિય તિર્યંચયોનિકો.

● સૂત્ર-૧૫૭ થી ૧૬૦ :-

*[૧૫૭] જલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકો કેટલા ભેદે છે ? પાંચ ભેદે કહ્યા છે – મત્સ્ય, કચ્છપ, ગાહા, મગર, શિશુમાર.*

*મત્સ્યો કેટલા ભેદે છે ? અનેકવિધ કહ્યા છે – શ્લક્ષ્ણ મત્સ્યો, ખવલ્લ મત્સ્યો, જુંગ મત્સ્યો, વિજ્ઝડિય મત્સ્યો, હલિ મત્સ્ય, મકરી મત્સ્ય, રોહિત મત્સ્ય, હલીસાગર, ગાગર, વડ, વડગર, ગબ્ભય, ઉસગાર, તિમિતિમિંગલ, નક, તંદુલ મત્સ્ય, કર્ણિકા મત્સ્ય, સાલિ, સત્થિય મત્સ્ય, લંભનમત્સ્ય, પતાકા, પતાકાતિપતાકા, આવા પ્રકારના બીજા પણ જે કોઈ હોય તે. મત્સ્ય કહ્યા.*

*[૧૫૮] કચ્છપો કેટલા ભેદે છે ? બે ભેદે કહ્યા છે – અસ્થિ કચ્છપ, માંસ કચ્છપ. તે કચ્છપ કહ્યા.*

*[૧૫૯] ગાહા કેટલા ભેદે છે ? પાંચ ભેદે કહ્યા છે – દિલી, વેષ્ટક, મૂર્ધજ, પુલક, સીમાકાર. તે ગાહા કહ્યા.*

*[૧૬૦] મગર કેટલા ભેદે છે ? બે ભેદે – સોંડ મગર, મટ્ઠ મગર. તે મગર કહ્યા. - - - શિશુમાર કેટલા ભેદે છે ? એક પ્રકારે છે. તે શિશુમાર કહ્યા. તે સિવાય તે પ્રકારના અન્ય પણ કહેવા. તે સંક્ષેપથી બે ભેદે કહ્યા છે – સંમૂર્છિમ, ગર્ભવ્યુત્ક્રાંતિક. તેમાં જે સંમૂર્છિમ છે, તે બધાં નપુંસક છે. તેમાં જે ગર્ભવ્યુત્ક્રાંતિક છે, તે ત્રણ ભેદે છે – સ્ત્રી, પુરુષ, નપુંસક. એ પ્રમાણે પર્યાપ્તા, અપર્યાપ્તા જલચર તિર્યંચયોનિકોના સાડા બાર કરોડ જાતિ કુલ યોનિ પ્રમુખો હોય છે તેમ કહેલ છે. જલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક કહ્યા.*



● વિવેચન-૧૫૭ થી ૧૬૦ :-

જલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકો પાંચ ભેદે છે – આ પંચવિધત્વ બતાવે છે - મત્સ્ય આદિ પાંચ. મત્સ્યાદિના પરસ્પર ભેદ લોકથી જાણી લેવા. પણ કચ્છપના ભેદોમાં અસ્થિ કચ્છપ અને માંસ કચ્છપ એ બે ભેદ છે. તેમાં ઘણાં અસ્થિવાળા કાચબા તે અસ્થિ કચ્છપ અને ઘણા માંસવાળા કાચબા તે માંસ કચ્છપ.

તે જલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકો સંક્ષેપથી બે ભેદે કહ્યા છે – સંમૂર્છિમ, ગર્ભવ્યુત્ક્રાંતિક. - x - ગર્ભ, ઉપપાત જન્મ સિવાય એમ જ પ્રાણીઓની ઉત્પત્તિ થવી, તે વડે ઉત્પન્ન થયેલ તે સંમૂર્છિમ કહેવાય છે. ગર્ભવ્યુત્ક્રાંતિક - ગર્ભમાં જેની ઉત્પત્તિ છે તે. અથવા ગર્ભવાસથી નિષ્ક્રમણ અર્થાત્ ગર્ભજ. તે ત્રણ પ્રકારે છે – સ્ત્રી, પુરુષ, નપુંસક.

ગર્ભજ અને સંમુર્છિમ પંચેન્દ્રિય તિર્યંચોના જે શરીર-અવગાહનાદિ દ્વારની વિચારણા અને ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ સ્ત્રી, પુરુષ, નપુંસકોના અલ્પબહુત્વને જીવાભિગમ ટીકાથી જાણવું. એ પ્રમાણે યાવત્ સાડાબાર લાખ કોડ જાતિ કુળો છે, તેમ ભગવત્ તીર્થંકરોએ કહેલ છે. હવે સ્થળચર પંચે૦ તિર્યંચ કથન–

● સૂત્ર-૧૬૧ :-

*સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચ યોનિકના કેટલા ભેદ છે ? બે ભેદે છે – ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય. તિર્યંચ યોનિક અને પરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક.*

*ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચ યોનિકના કેટલા ભેદ છે ? ચાર ભેદ છે – એક ખુરા, બે ખુરા, ગંડીપદ, સનખપદ. એક ખુરા કેટલા ભેદે છે ? અનેક ભેદે – અશ્વ, અશ્વતર [ખચ્ચર] ઘોડા, ગધેડા, ગોરક્ષર, કંદલગ, શ્રીકંદલગ, આવર્તક, તે સિવાયના જે આવા પ્રકારના છે તે. તે એક ખુરા કહ્યા.*

*તે બે ખુરાવાળના કેટલા ભેદ છે ? અનેક ભેદો છે – ઊંટ, ગાય, ગવય, રોઝ, પસય, મહિષ, મૃગ, સંવર, વરાહ, બકરા, ઘેટા, રુરુ, શરભ, ચમર, કુરંગ, ગોકર્ણાદિ, તે સિવાયના બીજા તેના જેવા પ્રકારના હોય તે. એમ બેખુરાવાળા કહ્યા.*

*ગંડીપદો કેટલો ભેદે કહ્યા ? અનેક ભેદે છે – હસ્તી, હસ્તીપૂયણગ, મંકુણ હસ્તી, ખડ્ગી, ગંડ, તેવા પ્રકારના બીજા પણ હોય તે. એમ ગંડીપદ કહ્યા.*

*સનખપદ - નખસહિત પગવાળા કેટલા ભેદે છે ? અનેક ભેદે છે – સિંહ, વાઘ, દ્વીપી, રીંછ, તરક્ષ, પરાસર, શ્રૃગાલ, બિડાલ, શુનક, કૌલશુનક, કોકંતિકા, શશક, ચિત્રક, ચિલ્લલગ, તે સિવાયના બીજા તેવા પ્રકારના જે હોય તે.*

*તે સ્થળચરો સંક્ષેપથી બે ભેદે છે — સંમૂર્છિમ અને ગર્ભજ. તેમાં જે સંમૂર્છિમ છે, તે બધાં નપુંસક છે. ગર્ભજ છે તે ત્રણ પ્રકારના છે — સ્ત્રી, પુરુષ, નપુંસક.*

*એ પ્રકારે પર્યાપ્તા - અપર્યાપ્તા સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોના દશ લાખ કરોડ જાતિ કુળો યોનિ પ્રમુખ છે. તે ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકો કહ્યા.*

**● વિવેચન-૧૬૧ :-**

જેને ચાર પગ છે તે ચતુષ્પદ - અશ્વાદિ. છાતી વડે તથા બે હાથ વડે ચાલે તે પરિસર્પ-સાપ, નોળીયાદિ. - x - x - ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકો ચાર ભેદે કહ્યા છે - એક ખુરાદ આદિ. દરેક પગે એક એક ખરી જેમને છે તે અશ્વાદિ. બે ખુરવાળા - દરેક પગે બબ્બે ખરી જેમને છે તે ઉંટ આદિ. સોનીની એરણને ગંડી કહે છે, તેના જેવા પગવાળા હાથી આદિ તે ગંડીપદ. સનખપદા - લાંબા નખયુક્ત પગવાળા-શ્વાનાદિ એક ખરીવાળા આદિના ભેદો આદિ સુગમ છે. - x - શેષ પૂર્વવત્. જાતિકુલ કોટી દશ ક્રોડ છે. બાકી જીવાભિગમ ટીકાથી જાણવું.

**● સૂત્ર-૧૬૨ :-**

*પરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક કેટલા ભેદે છે? તે બે ભેદે કહેલ છે — ઉરપરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક, ભુજપરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક.*

*તે ઉરપરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચ યોનિક કેટલા ભેદે છે? તે ચાર ભેદે છે — અહી, અજગર, આસાલિક, મહોરગ. તે અહી કેટલા ભેદે છે? બે ભેદે છે — દર્વીકર, મુકુલી. તે દર્વીકર કેટલા ભેદે છે? અનેક ભેદે છે — આશીવિષ, દૃષ્ટિવિષ, ઉગ્રવિષ, ભોગવિષ, ત્વચાવિષ, લાલાવિષ, ઉચ્છ્વાસવિષ, નિઃશ્વાસવિષ, કૃષ્ણસર્પ, શ્વેતસર્પ, કાકોદર, દગ્ધપુષ્પ, કોલાહ, મેલિમિંદ, શેષેન્દ્ર અને જે આવા પ્રકારના અન્ય હોય તે બધા. એમ દર્વીકર કહ્યા. મુકુલી અહી કેટલા ભેદે છે? અનેક ભેદે — દિવ્વાગ, ગોણસ, કસાહીય, વઇઉલ, ચિત્તલી, મંડલી, માલી, અહી, અહીસલાગ, વાસપતાકા અને આવા પ્રકારના બીજા જે હોય તે બધા. એમ મુકુલી કહ્યા, અહી કહ્યા. અજગરો કેટલા ભેદે છે? એક પ્રકારે, એમ અજગર કહ્યા.*

*આસાલિકા કેટલા ભેદે છે? ભગવન્! આસાલિકા ક્યાં સંમૂર્છિમરૂપે ઉત્પન્ન થાય છે? ગૌતમ! મનુષ્યક્ષેત્ર - અઢી દ્વીપમાં, નિર્વ્યાઘાતથી પંદર કર્મભૂમિમાં અને વ્યાઘાતથી પાંચ મહાવિદેહમાં, ચક્રવર્તીની છાવણીમાં, એ રીતે વાસુદેવ-બલદેવ-માંડલિક-મહામાંડલિકની છાવણીમાં, ગામ-નગર-ખેડ-કર્બટ-મડંબ-દ્રોણમુખ-પટ્ટન-આકર-આશ્રમ-સંબાધ-રાજધાનીના સ્થળોમાં એઓનો વિનાશ થવાનો હોય ત્યારે અહીં આસાલિકો સંમૂર્છિમરૂપે ઉત્પન્ન થાય છે. તે જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગ માત્ર અને ઉત્કૃષ્ટ બાર યોજન પ્રમાણ શરીરાવગાહનાથી અને તેને યોગ્ય વિસ્તાર અને જાડાઈ વડે ભૂમિને વિદારીને ઉત્પન્ન થાય છે. તે આસાલિકો અસંજ્ઞી, મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની અંતર્મુહૂર્ત આયુ પૂર્ણ કરી મરણ પામનારા છે. એમ આસાલિક કહ્યા.*



*મહોરગો કેટલા ભેદે છે? અનેક ભેદે — કેટલાંક અંગુલ પ્રમાણ - અંગુલ પૃથકત્વ પ્રમાણ, વેંત-વેંતપૃથકત્વ, હસ્ત-હસ્તપૃથકત્વ, કુક્ષિ-કુક્ષિપૃથકત્વ, ધનુષ્-ધનુષ્પૃથકત્વ ગાઉ-ગાઉપૃથકત્વ, યોજન-યોજનપૃથકત્વ, યોજનશત-યોજન શત પૃથકત્વ, યોજનસહસ્ર - યોજન સહસ્રપૃથકત્વ પ્રમાણ હોય. તે સ્થળે જન્મી, જળ કે સ્થળમાં ફરે છે, બહારના દ્વીપ-સમુદ્રોમાં હોય છે. તે સિવાય બીજા પણ તે પ્રકારના છે. મહોરગો કહ્યા.*

*આ પરિસર્પ સ્થલચર સંક્ષેપથી બે ભેદે - સંમૂર્છિમ અને ગર્ભજ. તેમાં જે સંમૂર્છિમ છે, તે બધાં નપુંસકો છે. જે ગર્ભજ છે તે ત્રણ ભેદે — સ્ત્રી, પુરુષ, નપુંસક. એવા પ્રકારના પર્યાપ્તા, અપર્યાપ્તા એ ઉરપરિસર્પો દશ લાખ ક્રોડ જાતિકુળ યોનિપ્રમુખ હોય છે, તેમ કહેલ છે. તે આ ઉરપરિસર્પ કહ્યા.*

*તે ભુજપરિસર્પો કેટલા ભેદે છે? અનેક ભેદે છે — નકુલ, સેહા, કાકીડા, શલ્ય, સરંઠ, સારા, ખોર, ઘરોલી, વિશ્વંભર, મૂષક, મંગુસ, પ્રચલાયિત, ક્ષીરવિરાલીય, જોહા, ચતુષ્પાદિકા અને તેવા પ્રકારના બીજા પણ જે હોય તે. તે સંક્ષેપથી બે ભેદે કહ્યા — સંમૂર્છિમ, ગર્ભજ. તેમાં સંમૂર્છિમ બધાં નપુંસક છે અને ગર્ભજ છે તે ત્રણ પ્રકારે છે — સ્ત્રી, પુરુષ, નપુંસક. એવા પ્રકારના પર્યાપ્તા અને અપર્યાપ્તા એ ભુજ પરિસર્પોના નવ લાખ ક્રોડ જાતિકુલ યોનિ પ્રમુખ છે એમ કહ્યું છે. એમ ભુજપરિસર્પ૦ કહ્યા. એમ પરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકો કહ્યા.*

**● વિવેચન-૧૬૨ :-**

પરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકો બે ભેદે કહ્યા છે — ઉરપરિસર્પ-છાતી વડે સરકનારા૦ ભુજપરિસર્પ-ભુજા વડે સરકનારા૦ - x - च શબ્દ સ્વગત અનેક ભેદ સૂચક છે તેમાં ઉરપરિસર્પ સ્થલચર૦ ના ભેદોને હવે કહે છે — તે ચાર ભેદે છે. જેમકે - અહીં ઈત્યાદિ. આ ભેદોને જાણવા પ્રશ્નોત્તર મૂક્યા છે. જેમકે તે અહી કેટલા ભેદે છે? બે ભેદે — દર્વીકર, મુકુલી તેમાં દર્વીકર-ફેણ કરવાવાળા, મુકુલ-ફેણ રહિતની શરીરાકૃતિ વિશેષવાળા અર્થાત્ ફેણ કરવાની શક્તિ રહિત. તેમાં દર્વીકરના ભેદો કહે છે — આશીવિષ એટલે દાઢમાં ઝેરવાળા. - x - એ રીતે દૃષ્ટિમાં વિષવાળા, ઉગ્રવિષવાળા, ભોગ - શરીર, તેમાં વિષવાળા, ત્વચામાં વિષવાળા, મુખની લાળમાં વિષવાળા ઈત્યાદિ૦ મુકુલિન વિષયક ભેદો લોકથી જાણી લેવા.

અજગરોના અવાંતર જાતિભેદ છે નહીં - x -

હવે આસાલિકો કહે છે — આસાલિકો કેટલા ભેદે છે? એવો શિષ્યએ પ્રશ્ન કરતા ભદંત આર્યશ્યામ બીજા આગમમાં આસાલિકને પ્રતિપાદક ગૌતમના પ્રશ્ન

અને ભગવન્‌ના ઉત્તરરૂપ સૂત્રને આગમના બહુમાનથી કહે છે. ભગવન્ ! ઈત્યાદિ - પરમ કલ્યાણયોગી ! આસાલિકો ક્યાં સંમૂર્છે છે ? તેઓ ગર્ભજ હોતા નથી. પણ સંમૂર્છિમ જ છે, તેથી ''સંમૂર્છે છે'' તેમ કહ્યું. ગૌતમ ! મનુષ્ય ક્ષેત્રમાં, બહાર નહીં. - x - સર્વત્ર મનુષ્યક્ષેત્ર નહીં, પણ અઢી દ્વીપમાં જ. આ રીતે તે લવણ અને કાલોદ સમુદ્રમાં ન હોય તેમ કહ્યું. નિર્વ્યાઘાત - વ્યાઘાતનો અભાવ. તેમાં પાંચ ભરત, પાંચ ઐરવતમાં સુષમ સુષમાદિ રૂપ અને દુષમ દુઃષમાદિ રૂપ કાળ વ્યાઘાતના હેતુપણે હોવાથી, વ્યાઘાત ન હોય ત્યારે પંદર કર્મભૂમિમાં ઉત્પન્ન થાય છે અને વ્યાઘાતને આશ્રીને પાંચ ભરત અને પાંચ ઐરવતમાં તેવા પ્રકારના કાળરૂપ પ્રતિબંધ હોય ત્યારે પાંચ મહાવિદેહોમાં ઉત્પન્ન થાય છે. આમ કહીને ત્રીશે અકર્મભૂમિમાં આસાલિકોની ઉત્પત્તિ થતી નથી તેમ જણાવ્યું. પંદર કર્મભૂમિમાં કે મહાવિદેહમાં સર્વત્ર ન સંમૂર્છે પણ ચક્રવર્તીની છાવણી આદિમાં, ગામ આદિમાં ઉપજે.

ગ્રામાદિનો અર્થ — ગામ એટલે બુદ્ધયાદિ ગુણોનો ગ્રાસ કરે તે. અથવા શાસ્ત્ર પ્રસિદ્ધ અઢાર પ્રકારનો કર લેવાતો હોય તે ગામ. નિગમ-ઘણાં વણિક્ વર્ગો રહેતા હોય તે. ખેટ-ધૂળના કિલ્લાથી બંધાયેલ. કર્બટ-નાના પ્રકારથી વીંટાયેલ. મડંબ-અઢી ગાવમાં બીજા ગામથી રહિત. પટ્ટણ-જ્યાં ગાય, ઘોડા કે નૌકાથી જવાય [સ્થળ અને જળમાર્ગ યુક્ત]. દ્રોણ મુખ-જ્યાં જળનું પ્રવેશ અને નિર્ગમ સ્થાન હોય. આકર-સોનાની ખાણ આદિ. આશ્રમ-તાપસ આવાસ. સંબાધ-યાત્રાર્થે આવેલ ઘણાં મનુષ્યોનો નિવાસ હોય. રાજધાની - રાજા રહેતો હોય તે.

ચક્રવર્તીની છાવણી આદિનો વિનાશ થવાનો હોય ત્યારે તે સ્થાનોમાં આસાલિક ઉત્પન્ન થાય છે. તે જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ હોય, તે ઉત્પત્તિ પ્રથમ સમયે જાણવું. ઉત્કૃષ્ટ બાર યોજન પ્રમાણ-લંબાઈને અનુરૂપ વિષ્કંભ-વિસ્તાર, બાહલ્ય-જાડાઈ. - x - તે અસંજ્ઞી અર્થાત્ અમનસ્ક છે કેમકે સંમૂર્છિમ છે. મિથ્યાદૃષ્ટિ છે કેમકે તેઓને સાસ્વાદન સમ્યકત્વ પણ અસંભવ છે. તેથી અજ્ઞાની છે. અંતર્મુહૂર્તમાં કાળ કરે છે. તેમ બીજા આગમમાં કહેલ છે.

હવે મહોરગોને જણાવે છે — તે સુગમ છે. વિશેષ એ કે — ૧૨ અંગુલની ૧-વેંત થાય. રત્નિ-હાથ, કુક્ષિ-બે હાથ પ્રમાણ. ધનુષ્-ચાર હાથ. ગવ્યૂત-૨૦૦૦ ધનુષ્ પ્રમાણ. ચાર ગાઉનો એક યોજન. આ વેંત વગેરેનું પ્રમાણ ઉત્સેધ અંગુલ અપેક્ષાએ જાણવું. કેમકે અહીં શરીર પ્રમાણની વિચારણા કરી છે. વળી અહીં અસ્તિ શબ્દથી કેટલાંક મહોરગોની શરીરાવગાહના અંગુલ પ્રમાણ છે, કેટલાંકની અંગુલ પૃથકત્વ પ્રમાણ છે. ઈત્યાદિ. ઉક્ત મહોરગો સ્થલચર વિશેષ હોવાથી સ્થળે જન્મે છે, સ્થળે જન્મીને જળમાં પણ સ્થળની માફક ફરે છે અને સ્થળમાં પણ ફરે છે, કેમકે તેમનો તથાભવ સ્વભાવ છે.

જો એમ છે, તો દેખાતા કેમ નથી ? યથોક્ત પ્રકારના મહોરગો મનુષ્યક્ષેત્રમાં નથી, માટે દેખાતા નથી. પણ બહારના દ્વીપ-સમુદ્રોમાં હોય છે. સમુદ્રોમાં હોવા છતાં



સ્થળચર હોવાથી પર્વત, દેવનગરી આદિમાં ઉત્પન્ન થાય, જળમાં ઉત્પન્ન ન થાય. તે સિવાયના બીજા પણ દશ અંગુલ વગેરે શરીર પ્રમાણવાળા તેવા પ્રકારના હોય છે. તે પણ મહોરગો જાણવા.

તે સ્થળચરો સંક્ષેપથી બે પ્રકારે છે આદિ પૂર્વવત્. તેમની દશ લાખ કરોડ જાતિકુલ યોનિપ્રમુખ છે. તેમના શરીર આદિ દ્વારોનો વિચાર જીવાભિગમની ટીકાથી જાણવો.

હવે ભુજપરિસર્પને કહે છે — સુગમ છે. વિશેષ એ — ભુજપરિસર્પના ભેદો અપ્રસિદ્ધ છે. તે લોકથી જાણવા. નવ-લાખ ક્રોડ જાતિ-કુલ-યોનિ. શરીરાદિ દ્વાર જીવાભિગમ ટીકાવત્. હવે ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકને કહે છે —

**● સૂત્ર-૧૬૩ થી ૧૬૫ :-**

*[૧૬૩] ખેચર પંચેન્દ્રિય તિર્યંચ યોનિક કેટલા ભેદે છે ? તે ચાર ભેદે છે — ચર્મપક્ષી, રોમપક્ષી, સમુદ્ગકપક્ષી, વિતતપક્ષી.*

*ચર્મપક્ષીના કેટલા ભેદ છે ? અનેક ભેદે કહ્યાં છે — વાગુલી, જલોયા, અડિલ્લા, ભારંડપક્ષી, જીવંજીવ, સમુદ્રવાયસ, કણ્ણત્તિયા, પક્ષી વિરાલિકા, બીજા પણ તેવા પ્રકારના હોય તે.*

*લોમપક્ષી કેટલા ભેદે છે ? અનેક ભેદે કહેલ છે — ઢંક, કંક, કુરલ, વાયસ, ચક્રવાક, હંસ, કલહંસ, રાજહંસ, પાયહંસ, આડ, સેટી, બગલા, પારિપ્લવ, ક્રૌંચ, સારસ, મેસર, મસૂર, મયૂર, સપ્તહસ્ત, ગહર, પુંડરીક, કાક, કાર્મિંજુય, વંજુલગ, તેતર, બતક, લાવક, કપોત, કપિંજલ, પારેવા, ચકલા, ચાસ, કુકડા, શુક, મોર, મદનશલાકા, કોકિલ, સેહ, વરિલ્લગ ઇત્યાદિ.*

*સમુદ્ગકપક્ષી કેટલા ભેદે છે ? એક પ્રકારે છે. તેઓ અહીં નથી, બહારના દ્વીપસમુદ્રોમાં હોય છે.*

*વિતતપક્ષી કેટલા ભેદે છે ? એક પ્રકારે છે. તે પણ અહીં નથી, બહારના દ્વીપ-સમુદ્રોમાં છે. એમ વિતતપક્ષી કહ્યા.*

*ખેચરપક્ષી સંક્ષેપથી બે ભેદે છે — સંમૂર્છિમ, ગર્ભજ. તેમાં જે સંમૂર્છિમ છે, તે બધાં નપુંસક છે. જે ગર્ભજ છે, તે ત્રણ ભેદે છે — સ્ત્રી, પુરુષ, નપુંસક. એ પ્રકારના પર્યાપ્તા અને અપર્યાપ્તા ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની બાર ક્રોડ જાતિ-કુલ-યોનિપ્રમુખ થાય છે, તેમ કહેલ છે.*

*[૧૬૪] બેઈન્દ્રિયાદિથી ખેચર પંચેન્દ્રિય તિર્યંચ સુધી અનુક્રમે સાત, આઠ, નવ, સાડાબાર, દશ, દશ, નવ અને બાર લાખ કરોડ જાતિકૂળો જાણવા.*

*[૧૬૫] ખેચર૦ કહ્યા. પંચેન્દ્રિય તિર્યંચયોનિક કહ્યા.*

**● વિવેચન-૧૬૩ થી ૧૬૫ :-**

ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક ચાર ભેદે કહ્યા છે. ચર્મપક્ષી — ચર્મમય પાંખવાળા, લોમપક્ષી - રોમમય પાંખવાળા, સમુદ્ગક પક્ષી - ગમન કરવા છતાં પેટી

માફક સંકુચિત પાંખોવાળા. વીતતપક્ષી - ઉઘાડેલી પાંખોવાળા. તેમાં ચર્મપક્ષી અનેક ભેદે કહ્યા છે — વલ્ગુલી આદિ, તે લોકથી જાણવા. - x - x -

રોમપક્ષી - તેના ભેદો લોકથી જાણવા. સમુદ્ગક પક્ષી અને વિતતપક્ષીના સૂત્રો પાઠસિદ્ધ જ છે.

ખેચરપક્ષી સંક્ષેપથી૦ આદિ પૂર્વવત્. બાર લાખ ક્રોડ જાતિ-કુળ-યોનિપ્રમુખ છે. શરીરાદિ દ્વાર વિચારણા જીવાભિગમ ટીકાથી જાણવા. હવે શિષ્યજનના ઉપકારાર્થે આ ગાથા—

બેઈન્દ્રિયથી આરંભીને અનુક્રમે સંખ્યાતા પદને યોજવા. તે આ રીતે - બેઈન્દ્રિયોના જાતિ-કુલ સાત લાખ કરોડ, તેઈન્દ્રિયના આઠ, ચઉરિન્દ્રિયના નવ, જલચર પંચેન્દ્રિયના સાડા બાર, ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિયના દશ, ઉરઃપરિસર્પ સ્થલચર પંચેન્દ્રિયના દશ, ભુજપરિસર્પ૦ નવ, ખેચરના બાર લાખ ક્રોડ છે.

પંચેન્દ્રિય તિર્યંચ કહ્યા, હવે મનુષ્યો કહે છે —

● **સૂત્ર-૧૬૬ (અધુરુ) :-**

***તે મનુષ્યો કેટલા ભેદે છે ? બે ભેદે — સંમૂર્છિમ અને ગર્ભવ્યુત્ક્રાંતિક. તે સંમૂર્છિમ મનુષ્યો કેટલા ભેદે છે ?, ભગવન્ ! તે સંમૂર્છિમ મનુષ્યો ક્યાં સંમૂર્છે છે ? ગૌતમ ! પીસ્તાળીશ લાખ યોજન પ્રમાણ મનુષ્ય ક્ષેત્રમાં અઢીદ્વીપ અને સમુદ્રોમાં પંદર કર્મભૂમિમાં, ત્રીશ અકર્મભૂમિમાં તથા છપ્પન અંતર્દ્વીપોમાં ગર્ભજ મનુષ્યના જ — મળમાં, મૂત્રમાં, કફમાં, નાકના મેલમાં, વમનમાં, પિત્તમાં, પરુમાં, લોહીમાં, વીર્યમાં, શુક્રપુદ્ગલના પરિત્યાગમાં, જીવરહિત કલેવરમાં, સ્ત્રી-પુરુષના સંયોગમાં, નગરની ખાળમાં, સર્વે અશુચિ સ્થાનોમાં [આ ચૌદ સ્થાનોમાં] ઉપજે છે. તેઓ અંગુલના અસંખ્યાત ભાગ પ્રમાણ અવગાહનાથી ઉત્પન્ન થાય છે. અસંજ્ઞી, મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની, સર્વ પર્યાપ્તિઓ વડે અપર્યાપ્તા, અંતર્મુહૂર્ત માત્ર આયુવાળા હોય.***

***ગર્ભવ્યુત્ક્રાંતિક મનુષ્યો કેટલા ભેદે છે ? ત્રણ ભેદે — કર્મભૂમિક, અકર્મભૂમક, અંતર્દ્વીપજ. તે અંતર્દ્વીપજ કેટલા ભેદે છે ? અઠ્ઠાવીસ ભેદે છે — એકોરુક, આભાસિક, વૈષાણિક, નાંગોલિક, હયકર્ણ, ગજકર્ણ, ગોકર્ણ, શષ્કુલિ-કર્ણ, આદર્શમુખ, મેંઢમુખ, અયોમુખ, ગોમુખ, અશ્વમુખ, હસ્તિમુખ, સિંહમુખ, વ્યાઘ્રમુખ, અશ્વકર્ણ, હરિકર્ણ, અકર્ણ, કર્ણપ્રાવરણ, ઉલ્કામુખ, મેઘમુખ, વિદ્યુન્મુખ, વિદ્યુદ્દન્ત, ઘનદંત, લષ્ટદંત, ગૂઢદંત, શુદ્ધદંત.***

***અકર્મભૂમક કેટલા ભેદે છે ? ત્રીશ ભેદે કહ્યા છે — પાંચ હૈમવત, પાંચ હિરણ્યવંત, પાંચ હરિવર્ષ, પાંચ રમ્યક્ વર્ષ, પાંચ દેવકુરુ, પાંચ ઉત્તરકુરુ વડે છે. તે અકર્મભૂમજ કહ્યા.***

● **વિવેચન-૧૬૬ (અધુરુ) :-**

અહીં પણ સંમૂર્છિમ મનુષ્ય વિષયે પ્રવચન બહુમાન વડે અને શિષ્યોને પણ



સાક્ષાત્ ભગવંતે આમ કહ્યું છે, એમ બહુમાન ઉત્પન્ન કરવાને અંગસૂત્ર અંતર્ગત્ આલાવો કહે છે — પાઠ સુગમ છે. બીજા પણ મનુષ્યસંસર્ગથી અશુચિ થયેલા સ્થાનો છે. તે બધામાં સંમૂર્છિમ મનુષ્યો ઉપજે છે.

હવે ગર્ભજ મનુષ્યોને કહે છે — कर्मभूमग - કૃષિ, વાણિજ્ય આદિ કે મોક્ષાનુષ્ઠાનરૂપ કર્મ પ્રધાન ભૂમિ જેઓની છે તે અકર્મભૂમજ. अकर्मभूमग - યથોક્ત કર્મરહિત ભૂમિ જેમની છે, તે. अंतर्-द्वीप - લવણ સમુદ્રની મધ્યે રહેલા દ્વીપો.

પશ્ચાનુપૂર્વી ક્રમે પહેલા અંતર્દ્વીપકોને કહે છે — સૂત્ર સુગમ છે. ૨૮ પ્રકારે છે. જેવા પ્રકારના, જેટલા પ્રમાણવાળા, જેટલા અંતરવાળા અને જે નામના અંતર્દ્વીપો હિમવાન્ પર્વતની પૂર્વે અને પશ્ચિમે છે, તેથી ૫૬-અંતર્દ્વીપો થાય છે પણ અત્યંત સમાન હોવાથી ૨૮-ભેદો જ કહ્યા. તત્રોત્પન્ન મનુષ્યો પણ ૨૮-ભેદે કહ્યા છે. પછી અંતર્દ્વીપોનો નામ-નિર્દેશ કરી બતાવેલ છે.

સાત ચતુષ્કથી ૨૮-ભેદે છે. તે પ્રત્યેક હિમવાન્ અને શિખરી પર્વત ઉપર છે. તેમાં પહેલા હિમવંતીય કહે છે —

આ જંબૂદ્વીપમાં ભરત અને હૈમવત ક્ષેત્રની મર્યાદા કરનાર હૈમવત્ નામે પર્વત છે. તે ભૂમિમાં પચીશ યોજન ઉંડો, ૧૦૦ યોજન ઉંચો, ભરતક્ષેત્રથી બમણા વિસ્તારવાળો, સુવર્ણમય, ચીની વસ્ત્ર જેવા વર્ણવાળો, બંને પડખાં અનેકવર્ણી અને વિશિષ્ટ કાંતિવાળા મણિના સમૂહથી સુશોભિત છે. બધે સમાન વિસ્તારવાળો, ગગનમંડળને સ્પર્શતા રત્નમય ૧૧-શિખરો વડે વિરાજીત છે, જેનું તળ વજ્રમય છે અને તટભાગ વિવિધ મણિ અને સુવર્ણથી શોભિત છે, એવા દશ યોજન ઉંડા, પૂર્વ-પશ્ચિમ ૧૦૦૦ યોજન લાંબા, ઉત્તર-દક્ષિણ ૫૦૦ યોજન વિસ્તારવાળા પદ્મદ્રહ વડે તેના શિખરનો મધ્ય ભાગ સુશોભિત છે. ચોતરફ કલ્પવૃક્ષની શ્રેણિ વડે રમ્ય, પૂર્વ-પશ્ચિમે લવણસમુદ્રને સ્પર્શે છે.

આ હિમવાન્ પર્વતને લવણસમુદ્રના જળના સ્પર્શથી આરંભી પૂર્વ-પશ્ચિમ દિશામાં પ્રત્યેકને ગજદંતાકારે બબ્બે દાઢા નીકળેલી છે. તેમાં ઈશાનીય દાઢા ઉપર હિમવાન્‌ના પર્યન્ત ભાગથી આરંભી ૩૦૦ યોજન લવણસમુદ્રમાં જઈએ ત્યારે અહીં ૩૦૦ યોજન લાંબો-પહોળો, કંઈક ન્યૂન ૯૪૯ યોજન પરિધિવાળો એકોરુક નામે દ્વીપ છે. તે ૫૦૦ ધનુષ્ પહોળી અને બે ગાઉ ઉંચી પદ્મવર વેદિકાથી ચોતરફથી સુશોભિત છે. તે પદ્મવર વેદિકા, ફરતું વનખંડ ઈત્યાદિ જીવાભિગમની ટીકામાં કહ્યા છે, ત્યાંથી જાણી લેવા. - x - x -

હિમવંત પર્વતથી અગ્નિકોણમાં ૩૦૦ યોજન લવણસમુદ્રમાં પ્રવેશતા બીજી દાઢા ઉપર એકોરુક દ્વીપના પ્રમાણ જેટલો આભાષિક નામે દ્વીપ છે. પશ્ચિમથી આરંભી નૈઋત્યમાં ૩૦૦ યોજન લવણસમુદ્રમાં જઈએ ત્યારે ત્રીજી દાઢા ઉપર વૈષાણિક દ્વીપ છે. પશ્ચિમના છેડાથી આરંભી વાયવ્યકોણમાં ૩૦૦ યોજન લવણસમુદ્રમાં જતા ચોથી દાઢા ઉપર નાંગોલિક દ્વીપ છે.

એ રીતે ચારે દ્વીપો હિમવંત પર્વતની ચારે વિદિશામાં તુલ્ય પ્રમાણવાળા છે. - x - x - એકોરુક આદિ ચારે દ્વીપની આગળ અનુક્રમે ઈશાનાદિ વિદિશામાં ૪૦૦-૪૦૦ યોજન ઓળંગીને જઈએ ત્યારે ૪૦૦ યોજન લાંબા-પહોળા તથા કંઈક ન્યૂન ૧૨૬૫ યોજન પરિધિવાળા ઈત્યાદિ - x - x - હયકર્ણ, ગજકર્ણ, ગોકર્ણ, શષ્કુલીકર્ણ નામે ચાર દ્વીપો છે. તે આ પ્રમાણે — એકોરુકની પછી હયકર્ણ, આભાસિક પછી ગજકર્ણ, વૈષાણિક પછી ગોકર્ણ, નાંગોલિક પછી શષ્કુલીકર્ણ છે.

હયકર્ણાદિ ચારે દ્વીપથી આગળ ઈશાનાદિ વિદિશામાં પ્રત્યેક દ્વીપથી ૫૦૦-૫૦૦ યોજન જતાં ૫૦૦ યોજન લાંબા-પહોળા, ૧૫૮૧ યોજન પરિધિવાળા ઈત્યાદિ - x - આદર્શમુખ, મેંઢમુખ, અયોમુખ અને ગોમુખ નામે ચાર દ્વીપો છે. તે આ રીતે — હયકર્ણ પછી આદર્શમુખ, ગજકર્ણ પછી મેંઢમુખ, ગોકર્ણની પછી અયોમુખ અને શષ્કુલીકર્ણ પછી ગોમુખ છે.

આદર્શ મુખાદિ ચારે દ્વીપોથી આગળ અનુક્રમે ઈશાન આદિ પ્રત્યેક વિદિશામાં, પ્રત્યેક દ્વીપથી ૬૦૦-૬૦૦ યોજન જતાં ૬૦૦ યોજન લાંબા-પહોળા, ૧૮૯૭ યોજન પરિધિવાળા ઈત્યાદિ - x - અશ્વમુખ, હસ્તિમુખ, સિંહમુખ, વ્યાઘ્રમુખ ચાર દ્વીપો છે.

અશ્વમુખાદિ ચારે દ્વીપથી આગળ ઈશાનાદિ પ્રત્યેક વિદિશામાં પ્રત્યેક દ્વીપથી ૭૦૦ યોજન જતાં ૭૦૦ યોજન લાંબા-પહોળા ૨૨૧૩ યોજન પરિધિવાળા ઈત્યાદિ - x - અશ્વકર્ણ, હરિકર્ણ, અકર્ણ અને કર્ણપ્રાવરણ નામે ચાર દ્વીપો છે.

અશ્વકર્ણાદિ ચારે દ્વીપો પછી ઈશાનાદિ પ્રત્યેક વિદિશામાં પ્રત્યેક દ્વીપથી ૮૦૦-૮૦૦ યોજન અતિક્રમ્યા પછી ૮૦૦ યોજન લાંબા-પહોળા ૨૫૧૯ યોજન પરિધિવાળા ઈત્યાદિ - x - ઉલ્કામુખ, મેઘમુખ, વિદ્યુન્મુખ, વિદ્યુદ્દન્ત નામે ચાર દ્વીપ છે.

ઉલ્કામુખાદિ ચારે દ્વીપોથી આગળ ઈશાનાદિ પ્રત્યેક વિદિશામાં પ્રત્યેક દ્વીપથી ૯૦૦-૯૦૦ યોજન જતાં ૯૦૦ યોજન લાંબા અને પહોળા, ૨૮૪૫ યોજન પરિધિવાળા ઈત્યાદિ - x - ઘનદંત, લષ્ટદંત, ગૂઢદંત, શુદ્ધદંત નામે ચાર દ્વીપો છે.

એ રીતે આ દ્વીપો હિમવંત પર્વત ઉપર ચારે વિદિશામાં રહેલા છે અને બધાં મળીને ૨૮-અંતર્દ્વીપો થાય છે.

એ પ્રમાણે હિમવંત પર્વતના સમાનવર્ણ અને પ્રમાણવાળા, પદ્મદ્રહ સમાન લાંબા-પહોળા-ઉંડા પુંડરીક દ્રહથી સુશોભિત શિખરી પર્વતને વિશે લવણસમુદ્રમાં ઉપરોક્ત અંતરવાળા ચારે વિદિશામાં રહેલ એકોરુકાદિ દ્વીપોના સમાન નામવાળા આદિ ૨૮-અંતર્દ્વીપો છે. તેથી કુલ ૫૬-દ્વીપો થયા. તેમાં રહેલા મનુષ્યો ઉપચારથી એ જ નામવાળા કહેવાય છે. - x - x - તે મનુષ્યો કેવા છે ? તે કહે છે —

તે મનુષ્યો વજ્રઋષભનારાચ સંઘયણી, કંકપક્ષી જેવા પરિણામી, અનુકૂળ વાયુના વેગવાળા, સમચતુરસ્રસંસ્થાનવાળા હોય છે. સુપ્રતિષ્ઠિત અને કૂર્મના જેવા સુંદર ચરણવાળા, સુકુમાર, થોડા-રોમવાળી-કુરુવિંદ સરખી ગોળ, બે જાંઘવાળા,





ગુપ્ત અને સુબદ્ધ સંધિવાળા ઢીંચણયુક્ત, હાથીની સૂંઢ જેવા ગોળ સાથળવાળા, સિંહ જેવી કેડવાળા, દક્ષિણાવર્ત્ત નાભિમંડળ યુક્ત, શ્રીવત્સના ચિહ્નવાળી છાતી યુક્ત, નગર દરવાજાની ભોગળ જેવા લાંબા હાથવાળા, રાતા કમળ જેવા હાથ-પગના તલવાળા, શરદના ચંદ્ર જેવા મુખવાળા, છત્રાકાર મસ્તકવાળા, સુવાળા કેશયુક્ત તથા કમંડલ, કળશ, ધૂપાદિ બત્રીશ લક્ષણવાળા છે.

સ્ત્રીઓ પણ ઉત્તમ સર્વાંગ સુંદર, સર્વ પ્રકારના સ્ત્રીઓના ગુણોથી યુક્ત હોય છે. પરસ્પર મળેલી આંગળીવાળા પદ્મની પાંખડી જેવા કોમળ તેમજ કૂર્મના જેવા મનોહર ચરણયુક્ત, પ્રશસ્ત લક્ષણવાળી અને રોમરહિત જંઘાવાળી, ગુપ્ત-પુષ્ટ ઢીંચણ વાળી, કેળના સ્તંભ જેવા સંહત, સુકુમાર, પુષ્ટ સાથળવાળી, મુખની લંબાઈથી ત્રણગુણા, પુષ્ટ, વિશાળ જઘનવાળી, સ્નિગ્ધ કાંતિવાળી, નરમ રોમરાજીવાળી, દક્ષિણાવર્ત્ત નાભિવાળી, જેના સ્તનો સુવર્ણના કળશ જેવા સંહત, અતિ ઉંચા, ગોળ આકૃતિવાળા અને પુષ્ટ છે તેવી, સુકુમાર બાહુવાળી, શંખ-ચક્રાદિ યુક્ત હસ્તતલ, પાદતલવાળી, પુષ્ટ અને શંખના જેવી ડોકવાળી, દાડમના ફૂલ જેવા અધરોષ્ઠવાળી, રક્ત કમળ જેવા તાલુ અને જીભ વાળી, કુમુદની પાંખડી જેવા લોચનવાળી, ચડાવેલા ધનુષ્ જેવી ભ્રકુટીવાળી, પ્રમાણયુક્ત લલાટવાળી, સ્નિગ્ધ-સુંવાળા કેશવાળી, પુરુષથી કંઈક ન્યૂન ઉંચાઈવાળી, સ્વભાવથી જ ઉદાર શ્રૃંગાર અને સુંદર વેશવાળી છે. વિલાસમાં અત્યંત નિપુણ છે.

પુરુષો-સ્ત્રીઓ સ્વભાવથી જ સુગંધી વદનવાળા, અલ્પકષાયી, સંતોષી, ઔત્સુક્યરહિત, સરળ, મમત્વના આગ્રહ રહિત, સર્વથા વૈરાનુબંધ રહિત, હાથી-ઘોડાદિ હોવા છતાં ઉપભોગની ઈચ્છારહિત, પગે ચાલનારા, રોગ-ઉપદ્રવ રહિત હોય છે. પરસ્પર સ્વ સ્વામીભાવથી રહિત હોવાથી અહમિન્દ્ર વત્ છે. તેમને ૬૪-પાંસળી, એકાંતર આહાર ગ્રહણ કરનાર, તે આહાર પણ પૃથ્વીની માટી, કલ્પવૃક્ષના પુષ્પ અને ફળો હોય છે. ક્ષેત્રમાં શાલિ-ઘઉં આદિ છે, પણ મનુષ્યોના ઉપયોગમાં નથી. ત્યાંની પૃથ્વી સાકર કરતાં અનંતગુણ મધુર, કલ્પવૃક્ષના ફળોનો સ્વાદ છે તે ચક્રવર્તીના ભોજનથી પણ અધિક ગુણવાળો છે - x - x - તેથી પૃથ્વી અને કલ્પવૃક્ષના ફળ-પુષ્પોનો આહાર કરે છે.

આવો આહાર કરી પ્રાસાદાદિ આકૃતિવાળા ઘરના આકાર જેવા કલ્પવૃક્ષોમાં સુખપૂર્વક રહે છે. ત્યાં શરીરને ઉપદ્રવ કરનારા ડાંસ, મચ્છર, જૂ, માંકણ આદિ નથી. સર્પાદિ છે પણ મનુષ્યોને બાધા કરતાં નથી. પરસ્પર હિંસ્ય-હિંસક ભાવમાં વર્તતા નથી. રૌદ્ર પરિણામથી રહિત છે કેમકે તેવો ક્ષેત્રનો પ્રભાવ છે.

આ મનુષ્ય યુગલો છેવટે એક યુગલને જન્મ આપે છે. ૭૯ દિવસ સુધી યુગલનું પાલન કરે છે, ઉંચાઈ ૮૦૦ ધનુષ્ છે. સદા પ્રસન્ન, પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ આયુવાળા છે. - x - x - મરીને સ્વર્ગે જાય છે. મરણ માત્ર બગાસા, ખાંસી કે છીંકથી થાય છે, શરીર પીડા રહિત હોય છે.

હવે અકર્મભૂમિના મનુષ્યોને કહે છે — અકર્મભૂમિમાં ત્રીશ પ્રકારના મનુષ્યો છે. તે ત્રીશ પ્રકારના ક્ષેત્રના ભેદથી થાય છે. પાંચ-પાંચ હૈમવત, હૈરણ્યવંત, હરિવર્ષ, રમ્યક્ વર્ષ, દેવકુરુ અને ઉત્તરકુરુ એ રીતે ૩૦ ક્ષેત્રો થયા. તેમાં હૈમવત અને હૈરણ્યવતમાં મનુષ્યો ગાઉપ્રમાણ શરીરની ઉંચાઈવાળા, પલ્યોપમના આયુવાળા, વજ્રઋષભનારાચ સંઘયણવાળા, સમચતુરસ્ર સંસ્થાનયુક્ત હોય છે. ૬૪-પાંસળીવાળા, એકાંતર આહારી ઈત્યાદિ હોય છે.

હરિવર્ષ અને રમ્યક્ વર્ષમાં બે પલ્યોપમાયુવાળા, બે ગાઉ ઉંચા, વજ્રઋષભનારાચ સંઘયણી, સમચતુરસ્ર સંસ્થાનયુક્ત, બે દિવસે આહાર કરનારા, ૧૨૮ પાંસળીવાળા, ૬૪-દિવસ સંતતિ પાલન કરનારા હોય છે. - - - દેવકુરુ અને ઉત્તરકુરુમાં મનુષ્યો ત્રણ પલ્યોપમ આયુવાળા, ત્રણ ગાઉ ઉંચાઈવાળા, સમચતુરસ્ર સંસ્થાનવાળા, વજ્રઋષભનારાચ સંઘયણયુક્ત હોય છે. ૨૫૬-પાંસળી વાળા છે, ત્રણ દિવસ ગયા બાદ આહાર કરે છે. ૪૯ દિવસ અપત્યની પાલના કરે છે.

આ બધાં ક્ષેત્રોમાં અંતર્દ્વીપની પેઠે મનુષ્યોને કલ્પવૃક્ષે આપેલ ભોગો હોય છે. પણ અંતર્દ્વીપની અપેક્ષાએ ઉક્ત ત્રણે યુગલ ક્ષેત્રોમાં ક્રમશઃ અનંતગુણ માધુર્યાદિ જાણવા.

**● સૂત્ર-૧૬૬ (ચાલુ) :-**

*કર્મભૂમક મનુષ્યો કેટલા ભેદે છે ? પંદર ભેદે કહ્યા છે — પાંચ ભરત, પાંચ ઐરવત, પાંચ મહાવિદેહ વડે. તેઓ સંક્ષેપથી બે ભેદે છે — આર્યો અને મ્લેચ્છો. મ્લેચ્છો કેટલા ભેદે છે ? અનેક ભેદે છે — શક, યવન, ચિલાત, શબર, બર્બર, મુરુંડોડ, ભડગ, નિણ્ણગ, પકણીય, કુલક્ષ, ગોંડ, સિંહલ, પારસ, ગોધ, કોંચ, અંબડ, ઈદમિલ, ચિલ્લલ, પુલિંદ, હારોસ, દોવ, વોક્કાણ, ગંધાહારગ, પહલિય, અજ્ઝલ, રોમપાસ, પઉસ, મલયાય, બંધુયાય, સૂયલિ, કોંકણગ, મેય, પલ્હવ, માલવ, મગ્ગર, આભાસિય, ણક્ક, ચીણ, લ્હસિય, ખસ, ઘાસિય, નહર, મોંઢ, ડોંબિલગ, લઓસ, પઓસ, કક્કેય, અકખાગ, હૂણ, રોમગ, ભરુ, ભરુય, ચિલાત આદિ.*

**● વિવેચન-૧૬૬ (ચાલુ) :-**

કર્મભૂમિમાં પંદર ભેદે મનુષ્યો છે. આ પંદર ભેદ ક્ષેત્રના ભેદથી થયા છે. પાંચ-પાંચ ભરત, ઐરવત, મહાવિદેહ. તેના સંક્ષેપથી બે ભેદો કહે છે — આર્ય અને મ્લેચ્છ. હેય ધર્મોથી દૂર ગયેલ અને ઉપાદેય ધર્મોની સમીપ રહેલા તે આર્ય કહેવાય અને અવ્યક્ત ભાષા અને આચારવાળા મ્લેચ્છો કહેવાય. અથવા જેઓનો સર્વ પ્રકારનો વ્યવહાર શિષ્ટોને અસંમત છે તે મ્લેચ્છ. અલ્પવક્તવ્યતાથી પહેલાં મ્લેચ્છોને કહે છે — મ્લેચ્છો અનેક પ્રકારના છે. તેમના શક, યવન આદિ ભેદો સૂત્રથી જાણવા.

**● સૂત્ર-૧૬૬ ચાલુ થી ૧૯૦ :-**

*[૧૬૬] તે આર્યો કેટલા ભેદે છે ? બે ભેદે છે — ઋદ્ધિપ્રાપ્ત, અનૃદ્ધિપ્રાપ્ત.*



*ઋદ્ધિપ્રાપ્ત આર્યો કેટલા ભેદે છે ? છ ભેદે કહ્યા છે — અરિહંત, ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ, ચારણમુનિ, વિદ્યાધર. અનૃદ્ધિ પ્રાપ્ત આર્યો કેટલા ભેદે છે ? નવ ભેદે — ક્ષેત્રાર્ય, જાતિઆર્ય, કુલાર્ય, કર્માર્ય, શિલ્પાર્ય, ભાષાર્ય, જ્ઞાનાર્ય, દર્શનાર્ય, ચારિત્રાર્ય.*

*ક્ષેત્રાર્યો કેટલા ભેદે છે ? સાડા પચીશ ભેદે કહ્યા છે.*

*[૧૬૭] રાજગૃહ-મગધ, ચંપા-અંગ, તામલિપ્તી-બંગ, કંચનપુર-કલિંગ, વાણારસી-કાશી, [૧૬૮] સાકેત-કોશલ, ગજપુર-કુરુ, શૌરિય-કુશાર્ત્ત, કાંપિલ્ય-પંચાલ, અહિચ્છત્રા-જંગલ, [૧૬૯] દ્વારાવતી-સૌરાષ્ટ્ર, મિથિલા-વિદેહ, વત્સ-કૌશાંબી, નંદિપુર-શાંડિલ્ય, ભદ્દિલપુર-મલય, [૧૭૦] વરાટ-વત્સ, વરણ-અચ્છા, મૃતિકાવતી-દશાર્ણ, ચેદી-શૌક્તિકાવતી, સિંધુસૌવીર-વીતભય, [૧૭૧] મથુરા-શૂરસેન, પાપા-ભંગ, પુરાવર્ત્ત-માષા, શ્રાવસ્તી-કુણાલ, કોટી વર્ષ-લાટ, [૧૭૨] શ્વેતાંબિકા-કૈકયાર્દ્ધ એ આર્યદેશો કહ્યા છે. [અહીં પહેલું નામ રાજધાનીનું, પછીનું નામ દેશનું છે.] અહીં જિન, ચક્રી, બળદેવ વાસુદેવની ઉત્પત્તિ થાય છે.*

*[૧૭૩] જાતિ આર્યો કેટલા ભેદે છે ? છ ભેદે - [૧૭૪] અંબષ્ઠ, કલિંદ, વિદેહ, વેદગ, હરિત, ચુંચુણ એ છ ઈભ્યજાતિ છે.*

*[૧૭૫] કુલાર્યો કેટલા ભેદે છે ? છ ભેદે છે — ઉગ્ર, ભોગ, રાજન્ય, ઈક્ષ્વાકુ, જ્ઞાત, કૌરવ્ય. એમ કુલાર્યો કહ્યા.*

*તે કર્માર્યો કેટલા ભેદે છે ? અનેક ભેદે છે — દૌષ્યિક, સૌત્રિક, કાર્પાસિક, સૂત્રવૈકાલિક, ભાંડ વૈકાલિક, કોલાલિય, નર વાહનિક, તે સિવાયના બીજા તેવા પણ કર્માર્ય જાણવા.*

*શિલ્પાર્યો કેટલા ભેદે છે ? અનેક ભેદે છે — તુન્નાગ, તંતુવાય, પટ્ટકાર, દેયડ, વરુટ્ટ, છર્વિક, કાષ્ઠપાદુકાકાર, મુંજપાદુકાકાર, છત્રકાર, વજ્ઝાર, પુસ્તકકાર, લેપ્યકાર, ચિત્રકાર, શંખકાર, દંતકાર, ભાંડકાર, જિજ્ઝકાર, સેલ્લગાર, કોટિકાર, તેવા પ્રકારના બીજા પણ.*

*ભાષાર્યો કેટલા ભેદે છે ? જેઓ અર્દ્ધમાગધી ભાષા વડે બોલે છે, તે ભાષા આર્યો કહેવાય છે. જ્યાં બ્રાહ્મીલિપી પ્રવર્તે છે, તે બ્રાહ્મી લિપીના અઢાર પ્રકારે લેખ વિધાન છે. તે આ રીતે — બ્રાહ્મી, યવનાની, દોસાપુરીયા, ખરૌષ્ટ્રી, પુષ્કરસારિકા, ભોગવતી, પહરાઈયા, અંતક્ષરિકા, અક્ષરસ્પૃષ્ટિકા, વૈનયિકી, નિહ્નવિકી, અંકલિપી, ગણિતલિપી, ગાંધર્વલિપી, આદર્શલિપી, માહેશ્વરી, દોમલિપી, પૌલિન્દી. તે ભાષા આર્યો કહ્યા.*

*જ્ઞાનાર્યો કેટલા ભેદે છે ? પાંચ ભેદે કહેલ છે. તે આ — આભિનિબોધિક-જ્ઞાનાર્યો, શ્રુતજ્ઞાનાર્યો, અવધિજ્ઞાનાર્યો, મનઃપર્યવજ્ઞાનાર્યો, કેવળજ્ઞાનાર્યો. તે જ્ઞાનાર્યા કહ્યા.*

*દર્શનાર્યો કેટલા ભેદે છે ? તે બે ભેદે કહેલ છે — સરાગ દર્શનાર્ય*

*વીતરાગદર્શનાર્ય. સરાગદર્શનાર્યો કેટલા ભેદે છે ? તે દશ ભેદે કહેલ છે. તે આ પ્રમાણે — [૧૭૬] નિસર્ગરુચિ, ઉપદેશરુચિ, આજ્ઞારુચિ, શ્રુતરુચિ, બીજરુચિ, અભિગમરુચિ, વિસ્તારરુચિ, ક્રિયારુચિ, સંક્ષેપરુચિ અને ધર્મરુચિ.*

*[૧૭૭] જેણે જીવ, અજીવ, પુન્ય, પાપ, આસ્રવ, સંવર, આદિ સ્વભાવિક મતિ વડે સત્યરૂપે જાણેલા છે. તેની શ્રદ્ધા કરી છે તે નિસર્ગરુચિ.*

*[૧૭૮] જે જિનોપદિષ્ટ ચાર ભાવોની, ‘એમ જ છે, અન્યથા નથી’ એ પ્રમાણે સ્વયં શ્રદ્ધા કરે, તે નિસર્ગરુચિ જાણવો.*

*[૧૭૯] જે અન્ય છદ્મસ્થ કે જિનોપદિષ્ટ એવા એ જ ભાવોની શ્રદ્ધા કરે તે ઉપદેશરુચિ જાણવો.*

*[૧૮૦] જે હેતુને જાણ્યા સિવાય આજ્ઞા વડે ‘‘એમ જ છે, અન્યથા નથી’’ એ પ્રમાણે પ્રવચન રુચિવાળો હોય તે આજ્ઞારુચિ.*

*[૧૮૧] જે સૂત્રનું અધ્યયન કરતાં અંગ કે અંગબાહ્ય શ્રુત વડે સમ્યક્ત્વને પ્રાપ્ત કરે તે સૂત્રરુચિ જાણવો.*

*[૧૮૨] જીવાદિ તત્ત્વના એક પદની રુચિ વડે અનેક પદને વિશે જેની સમ્યક્ત્વરુચિ પાણીમાં તેલબિંદુવત્ પ્રસરે તે બીજરુચિ.*

*[૧૮૩] જેણે અગિયાર અંગો, પયન્ના, દૃષ્ટિવાદ રૂપ શ્રુતજ્ઞાન અર્થથી જાણેલ છે, તે અભિગમરુચિ.*

*[૧૮૪] જેણે સર્વ પ્રમાણો અને સર્વ નયો વડે દ્રવ્યના સર્વ ભાવો ઉપલબ્ધ કર્યા છે તે વિસ્તારરુચિ જાણવો.*

*[૧૮૫] દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, વિનય, સર્વ સમિતિ અને ગુપ્તિમાં ક્રિયા ભાવની રુચિ તે ક્રિયારુચિ જાણવી.*

*[૧૮૬] જેણે કોઈ પણ કુદૃષ્ટિનો સ્વીકાર કરેલ નથી, જે જૈન પ્રવચનમાં અવિશારદ છે, બાકીના પ્રવચનનું જ્ઞાનનથી તે સંક્ષેપરુચિ.*

*[૧૮૭] જે જિનેશ્વરે કહેલા અસ્તિકાયધર્મ, શ્રુતધર્મ અને ચારિત્રધર્મની શ્રદ્ધા કરે છે તે ધર્મરુચિ જાણવો.*

*[૧૮૮] પરમાર્થ સંસ્તવ, સુદૃષ્ટ પરમાર્થસેવા, વ્યાપન્ન કુદર્શન વર્જના અને સમ્યક્ત્વની શ્રદ્ધા એ સમ્યગ્દર્શનના ચિહ્નો છે.*

*[૧૮૯] નિઃશંકિત, નિષ્કાંક્ષિત, નિર્વિચિકિત્સા, અમૂઢદૃષ્ટિ, ઉપબૃંહણા, સ્થિરીકરણ, વાત્સલ્ય, પ્રભાવના આઠ દર્શનાચાર છે.*

*[૧૯૦] તે સરાગ દર્શનાર્યો કહ્યા. વીતરાગદર્શનાર્યો કેટલા ભેદે છે ? બે ભેદે છે — ઉપશાંત કષાય વીતરાગ દર્શનાર્ય અને ક્ષીણ કષાય વીતરાગ દર્શનાર્ય. - - - તે ઉપશાંત કષાય૦ કેટલા ભેદે છે ? બે ભેદે છે — પ્રથમ સમય ઉપશાંત કષાય૦ અને અપ્રથમ સમય ઉપશાંત કષાય વીતરાગ દર્શનાર્ય અથવા ચરમ સમય૦ અને અચરમ સમય ઉપશાંત કષાય વીતરાગ દર્શનાર્ય.*



*તે ક્ષીણ કષાય વીતરાગ દર્શનાર્ય કેટલા ભેદે છે ? તે બે ભેદે છે — છદ્મસ્થ ક્ષીણ૦ અને કેવલી ક્ષીણ કષાય૦ દર્શનાર્ય.*

*તે છદ્મસ્થ ક્ષીણ કષાય વીતરાગ દર્શનાર્ય કેટલા ભેદે છે ? બે ભેદે છે — સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્ય અને બુદ્ધ બોધિત છદ્મસ્થ ક્ષીણ કષાય વીતરાગ દર્શનાર્ય.*

*તે સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્ય કેટલા ભેદે છે ? તે બે ભેદે છે — પ્રથમ સમય સ્વયંબુદ્ધ છદ્મસ્થ૦ અને અપ્રથમ સમય સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણ કષાય વીતરાગ દર્શનાર્ય અથવા ચરમ સમય સ્વયંબુદ્ધ છદ્મસ્થ૦ અને અચરમસમય સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્ય. - x -*

*બુદ્ધબોધિત છદ્મસ્થ ક્ષીણ કષાય વીતરાગ દર્શનાર્ય કેટલા ભેદે છે ? તે બે ભેદે છે — પ્રથમ સમય બુદ્ધબોધિત ક્ષીણ-કષાય વીતરાગ દર્શનાર્ય અને અપ્રથમ સમય બુદ્ધ બોધિત ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્ય અથવા ચરમ સમય બુદ્ધ બોધિત છદ્મસ્થ ક્ષીણ કષાય વીતરાગ દર્શનાર્ય અને અચરમ સમય બુદ્ધ બોધિત છદ્મસ્થ ક્ષીણ કષાય વીતરાગ દર્શનાર્ય. આ બુદ્ધબોધિત છદ્મસ્થ૦ કહ્યા, છદ્મસ્થ ક્ષીણ કષાય વીતરાગ દર્શનાર્ય કહ્યા.*

*કેવલી ક્ષીણ કષાય વીતરાગ દર્શનાર્ય કેટલા ભેદે છે ? બે ભેદે છે — સયોગી કેવલી૦ અયોગી કેવલી ક્ષીણ કષાય૦ દર્શનાર્ય.*

*સયોગી કેવલી ક્ષીણ કષાય વીતરાગ દર્શનાર્ય કેટલા ભેદે છે ? બે ભેદે છે — પ્રથમ સમય સયોગી કેવલી૦ અને અપ્રથમ સમય સયોગી કેવલી ક્ષીણ કષાય વીતરાગ દર્શનાર્ય. અથવા ચરમ સમય૦ અને અચરમ સમય સયોગી કેવલી ક્ષીણ કષાય વીતરાગ દર્શનાર્ય. તે સયોગી કેવલી ક્ષીણ કષાય વીતરાગ દર્શનાર્યો કહ્યા.*

*તે અયોગી કેવલી ક્ષીણ કષાય વીતરાગ દર્શનાર્ય કેટલા ભેદે છે ? બે ભેદે છે — પ્રથમ સમય૦ અને અપ્રથમ સમય અયોગી કેવલી ક્ષીણ કષાય વીતરાગ દર્શનાર્ય. અથવા ચરમ સમય૦ અને અચરમ સમય અયોગી કેવલી ક્ષીણ કષાય વીતરાગ દર્શનાર્ય. તે અયોગી કેવલી ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્ય કહ્યા. કેવલી ક્ષીણ કષાય વીતરાગ દર્શનાર્ય કહ્યા. - x - દર્શનાર્યો કહ્યા.*

**● વિવેચન-૧૬૬ થી ૧૯૦ :-**

સુગમ છે. તેમાં રાજગૃહનગર છે, મગધ દેશ છે. એ પ્રમાણે બધે અક્ષરસંસ્કાર કરવો. અર્થાત્ મગધ જનપદમાં રાજગૃહ નગર, અંગમાં ચંપાનગરી ઈત્યાદિ સૂત્રાર્થ મુજબ જાણવું. આ પ્રમાણે સાડા પચીશ જનપદરૂપ ક્ષેત્ર આર્ય કહેલ છે. આ જનપદમાં जिन - तीर्थंकर, चक्रवर्ती, राम - बलदेव, कृष्ण - वासुदेवોની ઉત્પત્તિ થાય છે. આના દ્વારા ક્ષેત્રાર્ય વ્યવસ્થિતા કહી, બાકી અનાર્ય છે.

ક્ષેત્રાર્યો કહ્યા હવે જાત્યાર્ય પ્રતિપાદનાર્થે કહે છે — તે સુગમ છે. વિશેષ એ

કે — બીજા શાસ્ત્રોમાં અનેક જાતિ કહી છે. તો પણ લોકમાં અંબષ્ઠ, કલિંદ, વૈદેહ, વેદંગ, હરિત, ચુંચુણરૂપ ઇભ્ય જાતિઓ પૂજ્ય જાતિ રૂપે પ્રસિદ્ધ છે. તેથી આ જાતિ વડે યુક્ત તે જાતિ આર્યો. પણ બાકીની જાતિ વડે જાતિ આર્ય કહેવાતા નથી.

શિલ્પાર્યો — तुन्नाफ - સોયથી આજીવિકાકર્તા, तंतुवाय - વણકર, पट्टकार - પટોળા વણનાર, देयडा - મસક કરનાર, વરુટ્ટ-પીંછી કરનાર, છર્વિકા-સાદડી આદિ કર્તા. કટ્ઠપાઉર-કાષ્ઠ પાદુકાકાર, એ રીતે ભુંજપાદુકાકાર, છત્તાર-છત્રકાર. એ રીતે બાકીના પદો છે.

બ્રાહ્મી, યવનાનિ આદિ લિપિભેદથી સંપ્રદાયથી જાણવા. ભાષાર્યો કહ્યા, હવે જ્ઞાનાર્યો કહે છે. સુગમ છે. હવે દર્શનાર્યો કહે છે. તે બે ભેદે છે — સરાગ દર્શનાર્ય, વીતરાગ દર્શનાર્ય. - x - સરાગ દર્શનાર્ય દશ ભેદે છે - નિસર્ગરુચિ ઈત્યાદિ.

હવે નિસર્ગરુચિ કહે છે — निसर्ग - સ્વભાવ, તેના વડે રુચિ - જિન પ્રણિત તત્ત્વની અભિલાષારૂપ જેને છે તે. उपदेश - ગુરુ આદિ વડે વસ્તુતત્ત્વનું કથન, તેના વડે રુચિ જેને છે તે. आज्ञा - સર્વજ્ઞ વચનરૂપ, તેની રુચિ - અભિલાષ તે આજ્ઞારુચિ. અર્થાત્ જિનાજ્ઞા જ તત્ત્વ છે, બાકીની યુક્તિજાળ તત્ત્વરૂપ નથી, એવું જે માને તે આજ્ઞારુચિ. એ રીતે રુચિ શબ્દ બધે જોડવો.

सूत्र - આચારાંગાદિ અંગપ્રવિષ્ટ છે. અંગબાહ્ય - તે આવશ્યક અને દશવૈકાલિક છે. એટલે કે આચારાંગાદિ અંગપ્રવિષ્ટ અને દશવૈકાલિકાદિ અંગબાહ્ય સૂત્રનું અધ્યયન કરતા જે સમ્યક્ત્વ પ્રાપ્ત કરે અને પ્રસન્ન, પ્રસન્નતર અધ્યવસાય થાય તે સૂત્રરુચિ.

बीज - બીજ માફક અનેકાર્થને જણાવનાર એક પણ વચન તે બીજ જેને છે તે બીજરુચિ. अधिगम - વિશિષ્ટ પરિજ્ઞાન, તેના વડે રુચિ. विस्तार - સંપૂર્ણ દ્વાદશાંગીનું નયો વડે પર્યાલોચન, તેના વડે વૃદ્ધિગત થયેલ રુચિ જેની છે તે વિસ્તાર રુચિ. क्रिया - સમ્યક્ - સંયમાનુષ્ઠાન, તેમાં રુચિ જેને છે તે ક્રિયારુચિ. संक्षेप - સંગ્રહ, તેમાં રુચિ જેને વિસ્તૃત અર્થનું જ્ઞાન નથી. धर्म - અસ્તિકાય ધર્મ કે શ્રુતધર્માદિમાં જેને રુચિ છે તે ધર્મરુચિ.

હવે વિસ્તારથી સૂત્રકાર પોતે તેની વ્યાખ્યા કરે છે —

ભૂતાર્થપણે — આ પદાર્થો સદ્ભૂત રૂપે છે એ પ્રમાણે જેણે જીવ, અજીવ, પુન્ય, પાપ, આશ્રવ, સંવર, બંધાદિ જાણેલ છે તે. કઈ રીતે જાણ્યા છે ? આત્માની સાથે રહેલ સંગત - સ્વાભાવિક મતિ વડે અર્થાત્ પરોપદેશ વિના જાતિસ્મરણ અને પ્રતિભાદિરૂપ મતિ વડે. માત્ર જાણ્યા છે તેમ નહીં, પરંતુ જે જીવાદિ પદાર્થોને અનુભવે તેના ઉપર રુચિ કરે, તત્વરૂપે આત્મમય પરિણમાવે તે નિસર્ગરુચિ જાણવો. એ જ અર્થને વધારે સ્પષ્ટ કરે છે —

જે જિનેશ્વરે જાણેલા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના ભેદથી અથવા નામાદિ ભેદથી ચાર પ્રકારના ભાવોને સ્વયં જ - કોઈના ઉપદેશ વિના શ્રદ્ધા કરે. કઈ રીતે શ્રદ્ધા કરે ? આ પ્રમાણે આ જીવાદિ જે રીતે જિનોએ જાણેલા છે, તે પ્રમાણે છે - અન્યથા નથી.



ઉપદેશરુચિને કહે છે — જિન કે છદ્મસ્થે ઉપદેશેલા જીવાદિ પદાર્થોની શ્રદ્ધા કરે તે. આજ્ઞારુચિને કહે છે — જે વિવક્ષિત અર્થના સાધક હેતુને નથી જાણતો, આજ્ઞાથી જ પ્રવચનની શ્રદ્ધા કરે છે, પ્રવચનોક્ત અર્થ એમ જ છે - અન્યથા નથી તે.

સૂત્રરુચિ - જે અંગપ્રવિષ્ટ કે અંગબાહ્ય સૂત્રનું અધ્યયન કરતો. તેના વડે જ સમ્યક્ત્વ પામે તે. બીજરુચિ - જીવાદિતત્ત્વના એક પદ વડે અનેક જીવાદિ પદોને વિશે ધર્મ અને ધર્મીના અભેદ ઉપચાર વડે જે સમ્યક્ત્વવાળો આત્મા પાણીમાં તેલબિંદુની માફક પ્રસરે. કેવી રીતે ? જેમ પાણીમાં એક ભાગે રહેલ તેલબિંદુ સર્વભાગને વ્યાપ્ત કરે, તેમ જીવાદિ તત્ત્વના એક અંશમાં ઉત્પન્ન રુચિવાળો આત્મા તથાવિધ ક્ષયોપશમથી બાકીના બધાં તત્ત્વોમાં રુચિવાળો થાય તે બીજરુચિ જાણવો.

અધિગમરુચિ - જેણે શ્રુતજ્ઞાન એટલે અગિયાર અંગો, ઉત્તરાધ્યયનાદિ પ્રકીર્ણક, દૃષ્ટિવાદ, ઉપાંગાદિને જાણેલ છે તે. વિસ્તારરુચિ - ધર્માસ્તિકાયાદિ સર્વે દ્રવ્યોના સર્વ પર્યાયોને યથાયોગ્ય, પ્રત્યક્ષાદિ પ્રમાણો વડે અને નૈગમાદિ નયના ભેદોથી જાણેલા છે તે. કેમકે સર્વ દ્રવ્ય-પર્યાયોને જાણવાથી તેની રુચિ અત્યંત નિર્મળ થયેલ છે. ક્રિયારુચિ — દર્શન, જ્ઞાન, ચારિત્રમાં તથા તપ, વિનય, ઈર્યાદિ સર્વ સમિતિમાં અને મન આદિ ગુપ્તિમાં ક્રિયા ભાવની રુચિ અર્થાત્ જેને દર્શનાદિ આચારનું પાલન કરવામાં રુચિ છે તે ક્રિયારુચિ કહેવાય છે.

સંક્ષેપરુચિ - જેણે કોઈપણ કુદર્શનનો સ્વીકાર કર્યો નથી, જે જિનપ્રણિત પ્રવચનને વિશે અકુશળ છે અને કપિલાદિ અન્ય દર્શન અભિમુખતાથી ઉપાદેયરૂપે સ્વીકારેલ નથી તે સંક્ષેપરુચિ જાણવો. આના વડે બીજા દર્શનના પરિજ્ઞાન માત્રનો નિષેધ કર્યો. ધર્મરુચિ - જે જીવ જિનેશ્વરે કહેલા અસ્તિકાય - ધર્માસ્તિકાયાદિના ધર્મ-ગતિ ક્રિયામાં સહાય આપવા વગેરે સ્વભાવની અથવા શ્રુતધર્મ કે ચારિત્રધર્મની શ્રદ્ધા કરે છે. તે ધર્મરુચિ.

આ પ્રમાણે નિસર્ગાદિની રુચિરૂપ સમ્યક્ દર્શન દશ પ્રકારે કહ્યું. હવે જે લિંગ વડે સમ્યગ્દર્શન ઉત્પન્ન થયાનો નિશ્ચય કરાય છે, તે લિંગ - ચિહ્નોને બતાવે છે.

પરમાર્થ સંસ્તવ - તાત્ત્વિક એવા જીવાદિ પદાર્થોનો પરિચય, તત્પરતાથી બહુમાનપૂર્વક જીવાદિ પદાર્થોને જાણવાનો અભ્યાસ. સુદૃષ્ટ પરમાર્થસેવના - જેણે યથાર્થ રીતે જીવાદિ પદાર્થોને જાણેલા છે, તેની પર્યુપાસના, યથાશક્તિ તેની વૈયાવૃત્યમાં પ્રવૃત્તિ કરવી તથા દર્શનથી ભ્રષ્ટ નિહ્નવાદિ અને કુત્સિત દર્શનવાળાનો ત્યાગ કરવો, તેમનો પરિચય ન કરવો અને સમ્યક્ત્વની શ્રદ્ધા કરવી, એ પરમાર્થ-સંસ્તવાદિથી સમ્યક્ત્વનો નિશ્ચય કરાય છે.

આ દર્શનના આઠ આચારો છે, તેનું સમ્યક્પણે પરિપાલન કરવું. તેના ઉલ્લંઘનથી દર્શનનું પણ ઉલ્લંઘન થાય છે. તેથી આ આચારોને બતાવે છે, તે આ પ્રમાણે —

નિસ્સંકિય - શંકા બે પ્રકારની છે. દેશ શંકા અને સર્વ શંકા. જેનામાંથી શંકા ચાલી ગઈ છે તે નિઃશંકિત. તેમાં દેશશંકા એટલે જેમકે જીવત્વ સમાન છે છતાં એક ભવ્ય, બીજો અભવ્ય કેમ ? સર્વશંકા - જેમકે બધાં સિદ્ધાંતો પ્રાકૃતમાં હોવાથી કલ્પિત હશે. આ પ્રમાણે બંને શંકા ન કરવી. કેમકે ભાવો બે પ્રકારે છે — હેતુગ્રાહ્ય અને અહેતુગ્રાહ્ય. તેમાં હેતુગ્રાહ્ય - આત્માનું અસ્તિત્વાદિ કેમકે તેના સાધક પ્રમાણનો સદ્ભાવ છે. અભવ્યત્વાદિ ભાવો અહેતુગ્રાહ્ય છે. તેના સાધક પ્રમાણનો વિશિષ્ટ જ્ઞાન વિના અભાવ છે. સિદ્ધાંતની પ્રાકૃતરચના બાળ આદિના ઉપકારને માટે છે. - x - - x - અર્હત્‌ના શાસનને પ્રાપ્ત થયેલો જીવ જ દર્શનનું આચરણ કરતો હોવાથી તેના પ્રાધાન્યની વિવક્ષાથી નિઃશંકિત દર્શનાચાર કહેવાય છે. આના વડે દર્શન અને દર્શનીને કંઈક અભેદ કહ્યા. જો એકાંત ભેદ હોય તો દર્શન ફળ અભાવે મોક્ષાભાવ થાય.

નિષ્કાંક્ષિત - જેનામાંથી કાંક્ષા ગયેલ છે તે. દેશકાંક્ષા અને સર્વકાંક્ષા રહિત. દેશકાંક્ષા - દિગંબરાદિ દર્શનોની ઈચ્છા. સર્વ કાંક્ષા - “બધાં દર્શન સારા છે” તેમ વિચારવું. આ બંને શંકા અયુક્ત છે. કેમકે બાકીના દર્શનોમાં અસત્યપ્રરૂપણા, છકાય પીડા સંભવે છે.

નિર્વિચિકિત્સા વિચિકિત્સા તે મતિવિભ્રમ કે ફળનો સંશય, તેનાથી રહિત હોવું. જિનશાસન ઉત્તમ છે, પણ મને ફળ મળશે કે નહીં - x - આવા સંશયથી રહિત હોવું. કેમકે સંપૂર્ણ કારણ એ કાર્યને અવશ્ય સિદ્ધ કરે છે, તેવો નિશ્ચય. - x - અથવા નિવ્વિદુગંછ - સાધુની જુગુપ્સારહિત. - x -

અમૂઢદૈષ્ટિ - અજ્ઞાન તપસ્વીના તપ, વિદ્યા, અતિશય જોવાથી મૂઢ - સ્વભાવથી જેની સમ્યક્ દર્શનરૂપ દૈષ્ટિ ચલિત થયેલી નથી તે. અહીં સુલસાનું દૈષ્ટાંત છે. - x - એ પ્રમાણે ગુણીપ્રધાન આચાર કહ્યો, હવે ગુણપ્રધાન આચાર કહે છે —

ઉપબૃંહણા - સમાન ધર્મવાળાના સદ્‌ગુણોની પ્રશંસા વડે તેની વૃદ્ધિ કરવી. સ્થિરિકરણ - ધર્મથી ખેદ પામનારને તેમાં ફરી સ્થાપવા, વાત્સલ્ય-સમાનધર્મીનો પ્રીતિ વડે ઉપકાર કરવો. પ્રભાવના - ધર્મકથાદિ વડે તીર્થની ખ્યાતિ કરવી.

અહીં ગુણપ્રધાન આચારનો નિર્દેશ ગુણ અને ગુણીના કથંચિત્ ભેદને જણાવવા માટે છે. - x - x - આ રીતે દર્શનાચાર કહ્યો. એ રીતે - x - સરાગ દર્શનાર્ય ભેદો કહ્યા. હવે ચારિત્રાર્ય —

● સૂત્ર-૧૯૦ ચાલુ :-

*ચારિત્રાર્યો કેટલા ભેદે છે ? તે બે ભેદે છે - સરાગ ચારિત્રાર્યો અને વીતરાગ ચારિત્રાર્યો. સરાગ ચારિત્રાર્યો કેટલા ભેદે છે ? બે ભેદે છે — સૂક્ષ્મસંપરાય ચારિત્રાર્યો અને બાદર સંપરાય ચારિત્રાર્યો. સૂક્ષ્મ સંપરાય ચારિત્રાર્યો કેટલા ભેદે છે ? બે ભેદે છે — પ્રથમ સમય૦ અને અપ્રથમ સમય સૂક્ષ્મ સંપરાય સરાગ ચારિત્રાર્યો અથવા ચરમ સમય૦ અને અચરમ સમય સૂક્ષ્મ સંપરાય ચારિત્રાર્યો*



*અથવા સૂક્ષ્મ સંપરાય સરાગ ચારિત્રાર્યો બે ભેદે છે — સંક્લિશ્યમાન, વિશુદ્ધ્યમાન. તે આ સૂક્ષ્મ સંપરાય સરાગ ચારિત્રાર્યો કહ્યા.*

*બાદર સંપરાય સરાગ ચારિત્રાર્યો કેટલા ભેદે છે ? બે ભેદે છે — પ્રથમ સમય૦ અને અપ્રથમ સમય બાદર સંપરાય સરાગ ચારિત્રાર્યો અથવા ચરમ સમય૦ અને અચરમ સમય બાદર સંપરાય સરાગ ચારિત્રાર્યો. અથવા બાદર સંપરાય સરાગ ચારિત્રાર્યો બે ભેદે છે - પ્રતિપાતી અને અપ્રતિપાતી. તે બાદર સંપરાય સરાગ ચારિત્રાર્યો કહે છે. તે સરાગ ચારિત્રાર્યો કહ્યા.*

*તે વીતરાગ ચારિત્રાર્યો કેટલા ભેદે છે ? બે ભેદે છે — ઉપશાંત કષાય૦ અને ક્ષીણ કષાય વીતરાગ ચારિત્રાર્યો.*

*ઉપશાંત કષાય વીતરાગ ચારિત્રાર્યો કેટલા ભેદે છે ? બે ભેદે છે - પ્રથમ સમય૦ અને અપ્રથમ સમય ઉપશાંત કષાય વીતરાગ ચારિત્રાર્યો. અથવા ચરમ સમય૦ અને અચરમ સમય ઉપશાંત કષાય વીતરાગ ચારિત્રાર્યો. આ ઉપશાંતકષાયી૦ કહ્યા.*

*ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્યો કેટલા ભેદે છે ? બે ભેદે છે — છદ્મસ્થ ક્ષીણ૦ અને કેવલી ક્ષીણ કષાય વીતરાગ ચારિત્રાર્યો.*

*છદ્મસ્થ ક્ષીણ કષાય વીતરાગ ચારિત્રાર્યો કેટલા ભેદે છે ? બે ભેદે છે — સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણકષાય૦ અને બુદ્ધ બોધિત છદ્મસ્થ ક્ષીણ કષાય વીતરાગ ચારિત્રાર્યો.*

*સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણ કષાય વીતરાગ ચારિત્રાર્યો કેટલા ભેદે છે ? બે ભેદે છે — પ્રથમ સમય૦ અને અપ્રથમ સમય સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણ કષાય વીતરાગ ચારિત્રાર્યો. અથવા ચરમ સમય૦ અને અચરમ સમય સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણ કષાય વીતરાગ ચારિત્રાર્યો. તે આ સ્વયંબુદ્ધ ક્ષીણ કષાય વીતરાગ ચારિત્રાર્યો.*

*બુદ્ધ બોધિત છદ્મસ્થ ક્ષીણ કષાય વીતરાગ ચારિત્રાર્યો કેટલા ભેદે છે ? બે ભેદે છે - પ્રથમ સમય૦ અને અપ્રથમ સમય બુદ્ધ બોધિત છદ્મસ્થ ક્ષીણ કષાય વીતરાગ ચારિત્રાર્ય અથવા ચરમસમય૦ અને અચરમ સમય બુદ્ધ બોધિત છદ્મસ્થ કષાય વીતરાગ ચારિત્રાર્યો. તે આ બુદ્ધ બોધિત૦ તે આ છદ્મસ્થ ક્ષીણ કષાય વીતરાગ.*

*કેવલી ક્ષીણ કષાય વીતરાગ ચારિત્રાર્યો કેટલા ભેદે છે ? બે ભેદે છે — સયોગી કેવલી ક્ષીણ કષાય વીતરાગ ચારિત્રાર્યો અને અયોગી કેવલી ક્ષીણ કષાય વીતરાગ ચારિત્રાર્યો.*

*સયોગી કેવલી ક્ષીણ કષાય વીતરાગ ચારિત્રાર્યો કેટલા ભેદે છે ? બે ભેદે છે - પ્રથમ સમય૦ અને અપ્રથમ સમય સયોગી કેવલી ક્ષીણ કષાય વીતરાગ ચારિત્રાર્યો. અથવા ચરમ સમય૦ અને અચરમ સમય સયોગી કેવલી ક્ષીણ*

*કષાય વીતરાગ ચારિત્રાર્યો. તે આ સયોગી કેવલી ક્ષીણ કષાય વીતરાગ ચારિત્રાર્યો.*

*અયોગી કેવલી ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્યો કેટલા ભેદે છે ? બે ભેદે છે - પ્રથમ સમય૦ અને અપ્રથમ સમય અયોગી કેવલી ક્ષીણ કષાય વીતરાગ ચારિત્રાર્યો અથવા ચરમસમય૦ અને અચરમ સમય કેવલી ક્ષીણ કષાય વીતરાગ ચારિત્રાર્યો. તે આ અયોગી કેવલી૦ તે આ કેવલી ક્ષીણ કષાય૦ તે ક્ષીણ કષાય૦ તે વીતરાગ ચારિત્રાર્યો.*

*અથવા ચારિત્રાર્યો પાંચ ભેદે છે — સામાયિક ચારિત્રાર્ય, છેદોપસ્થાપનીય ચારિત્રાર્ય, પરિહાર વિશુદ્ધિ ચારિત્રાર્ય, સૂક્ષ્મ સંપરાય ચારિત્રાર્ય અને યથાખ્યાત ચારિત્રાર્ય.*

*સામાયિક ચારિત્રાર્ય કેટલા ભેદે છે ? બે ભેદે છે — ઇત્વરિક૦ અને યાવત્કથિત સામાયિક ચારિત્ર. તે સામાયિક ચારિત્રાર્ય.*

*છેદોપસ્થાપનીય ચારિત્રાર્ય કેટલા ભેદે છે ? બે ભેદે છે - સાતિચાર૦ અને નિરતિચાર છેદોપસ્થાપનીય ચારિત્રાર્ય. - x -*

*પરિહાર વિશુદ્ધિ ચારિત્રાર્ય કેટલા ભેદે છે ? બે ભેદે છે - નિર્વિશમાનક૦ અને નિર્વિષ્ટકાયિક પરિહાર વિશુદ્ધિ ચારિત્રાર્ય.*

*સૂક્ષ્મ સંપરાય ચારિત્રાર્ય કેટલા ભેદે છે ? બે ભેદે છે - સંક્લિશ્યમાન૦ અને વિશુદ્ધયમાન સૂક્ષ્મ સંપરાય ચારિત્રાર્ય.*

*યથાખ્યાત ચારિત્રાર્ય બે ભેદે છે — છદ્મસ્થ૦ અને કેવલી યથાખ્યાત ચારિત્રાર્ય. તે યથાખ્યાત ચારિત્રાર્ય કહ્યા. તે ચારિત્રાર્ય કહ્યા, તે અનૃદ્ધિપ્રાપ્તાર્ય. તે કર્મભૂમક કહ્યા. તે ગર્ભ વ્યુત્ક્રાંતિક કહ્યા. તે મનુષ્યો કહ્યા.*

**● વિવેચન-૧૯૦ ચાલુ :-**

આરંભની ટીકા સુગમ છે. તેમાં પ્રથમ સમય એટલે ઉપશાંત કષાયત્વાદિ વિશેષતાના પ્રથમ સમયે વર્તનાર. અપ્રથમ સમય - દ્વિતીયાદિ સમયમાં વર્તતા. ચરમ સમય - તે ઉપશાંત કષાયત્વાદિના છેલ્લા સમયે વર્તતા. અચરમ સમય - ચરમની પૂર્વેના બે ચરમ, ત્રણ ચરમ સમયાદિમાં વર્તતા.

સામાયિકાદિ ચારિત્રોનું સ્વરૂપ આ છે. સમ - રાગ દ્વેષ રહિતત્વથી આય - ગમન તે સમાય. આ બીજી પણ સાધુક્રિયાઓનું ઉપલક્ષણ સૂચવે છે. કેમકે સાધુઓની બધી ક્રિયા રાગદ્વેષ રહિત છે. સમાય વડે કે સમાયમાં થયેલ તે સામાયિક અથવા સમ - જ્ઞાન, દર્શન, ચારિત્રનો આય - લાભ તે સામાયિક. - x - તે સર્વ સાવધવિરતિરૂપ છે. જો કે બધાં ચારિત્રો સામાયિકરૂપ છે, તો પણ છેદાદિ વિશેષણો વડે વિશિષ્ટ અર્થથી અને નામાંતરથી તેના જુદા જુદા ભેદો થાય છે. પ્રથમ ચારિત્ર વિશેષણ રહિત હોવાથી તેનો ‘સામાયિક’ શબ્દથી વ્યવહાર થાય છે. આ સામાયિક બે ભેદે છે — ઈત્વર, યાવત્કથિક.

ઈત્વર - થોડા કાળનું, યાવત્કથિક - જીવનપર્યન્ત. ઈત્વર સામાયિક ભરત



અને ઐરવતમાં પહેલા-છેલ્લા તીર્થંકરના તીર્થમાં અનારોપિત મહાવ્રતવાળો શૈક્ષ જાણવો. યાવત્કથિક - પ્રવ્રજ્યા સ્વીકાર કાળથી જીવનપર્યન્ત હોય છે. તે ભરત - ઐરવતના મધ્યના બાવીશ તીર્થંકરના તીર્થમાં તથા મહાવિદેહના તીર્થંકરના તીર્થના સાધુને જાણવું. કેમકે તેમને ઉપસ્થાપનાનો અભાવ છે.

ઉપરોક્ત અર્થને જણાવનાર ત્રણ ગાથા પણ અહીં વૃત્તિકારશ્રીએ નોંધેલી છે.

(શંકા) ઈત્વર સામાયિક પણ — “હું યાવજ્જીવ સામાયિકનો સ્વીકાર કરું છું.” એમ જીવનપર્યન્ત સ્વીકારાય છે, ઉપસ્થાપના કાળે તેના પરિત્યાગથી વ્રતભંગ કેમ ન થાય ?

(સમાધાન) પૂર્વે જ કહ્યું કે બધાં ચારિત્રો સામાન્યથી સામાયિક ચારિત્રરૂપ છે, કેમકે બધામાં સાવધ યોગ વિરતિ છે. પણ છેદાદિ વિશુદ્ધિ વિશેષથી અર્થ અને નામાંતરથી ભિન્નત્વ છે. તેથી - x - વિશેષ વિશુદ્ધિરૂપ છેદોપસ્થાપન ચારિત્રમાં ઈત્વર સામાયિકનો પ્રતિજ્ઞા ભંગ થતો નથી. જો પ્રવ્રજ્યા છોડે તો જ ભંગ થાય છે. પણ વિશુદ્ધ વિશેષ પ્રાપ્તિમાં ભંગ ન થાય. - x -

પૂર્વ પર્યાયનો છેદ અને મહાવ્રતોની ઉપસ્થાપના જે ચારિત્રમાં છે, તે છેદોપસ્થાપન. તે બે ભેદે-સાતિચાર અને નિરતિચાર. ઈત્વર સામાયિકવાળા નવ દીક્ષિતને જે મહાવ્રત આરોપણ કરાય છે, તે તથા તીર્થાન્તરમાં સંક્રમણ જેમકે પાર્શ્વનાથના તીર્થમાંથી વર્દ્ધમાનના તીર્થમાં સંક્રમણ કરતાં પાંચ યામ [વ્રત]નો સ્વીકાર તે નિરતિચાર છેદોપસ્થાપનીય. ચારિત્ર અને મૂળગુણનો ઘાત કરનારને ફરી મહાવ્રતોરોપણ તે સાતિચાર છેદોપસ્થાપન ચારિત્ર. - x - બંને પ્રકારના ચારિત્ર સ્થિતકલ્પમાં હોય છે - પહેલા, છેલ્લા તીર્થંકરમાં હોય છે.

પરિહાર - તપો વિશેષથી જે ચારિત્રમાં વિશુદ્ધિ થાય તે પરિહારવિશુદ્ધિક. તે બે ભેદે છે - નિર્વિશમાનક અને નિર્વિષ્ટકાયિક. તેમાં વિવક્ષિત ચારિત્રના આસેવક-નિર્વિશમાનક અને નિર્વિષ્ટકાયિક-વિવક્ષિત ચારિત્રને કાયાથી સેવેલ છે તે. તેના અભેદપણાથી ચારિત્ર પણ તેમજ કહેવાય છે.

અહીં નવ સાધુનો ગણ હોય છે. તેમાં નિર્વિસમાનક ચાર હોય, ચાર અનુચારી હોય અને એક કલ્પસ્થિત વાચનાચાર્ય હોય છે. જો કે બધાં જ શ્રુતાતિશય સંપન્ન હોય છે, તો પણ તેવા પ્રકારના કલ્પથી તેમાંથી કોઈ એક વાચનાચાર્ય હોય છે.

નિર્વિશમાનકનો પરિહાર [તપ] આ પ્રમાણે છે — પરિહાર વિશુદ્ધિકને શીત-ઉષ્ણ-વર્ષાકાળે પ્રત્યેકને જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટ તપ કરવાનો ધીર પુરુષોએ કહેલ છે. ગ્રીષ્મમાં જઘન્ય ચતુર્થભક્ત, મધ્યમ છઠ્ઠભક્ત, ઉત્કૃષ્ટ અઠ્ઠમ ભક્ત. શિશિર ઋતુમાં બે-ત્રણ-ચાર ઉપવાસ જઘન્યાદિ ભેદે હોય અને વર્ષાઋતુમાં ત્રણથી પાંચ ઉપવાસનો જઘન્યાદિ તપ હોય. પારણે આયંબિલ, ભિક્ષામાં પાંચ ભિક્ષા ગ્રહણ કરવાની અને તેમાં બે ભિક્ષાનો અભિગ્રહ હોય છે. કલ્પસ્થિત પ્રતિદિન આયંબિલ કરે છે. એ પ્રમાણે છ માસ તપ કરીને તપ કરનારા વૈયાવચ્ચ કરે છે અને વૈયાવચ્ચ

કરનારા છ માસ પરિહારિક પદે રહી તપ કરે. પછી કલ્પસ્થિત પણ એમ છ માસ સુધી તપ કરે. બાકીના બધાં વૈયાવચ્ચ કરે અને તેમાંથી એક કલ્પસ્થિત થાય છે. આ પ્રમાણે અઢાર માસ પ્રમાણ કલ્પ સંક્ષેપથી કહ્યો.

પરિહાર વિશુદ્ધિ કલ્પની સમાપ્તિ થયા પછી તેઓ ફરીથી પરિહાર વિશુદ્ધિ ચારિત્રને, જિનકલ્પને કે ગચ્છને પ્રાપ્ત થાય છે. તે ચારિત્રને અંગીકાર કરવાની ઈચ્છાવાળા તીર્થંકરની પાસે કે તીર્થંકર પાસે જેણે એ ચારિત્ર પૂર્વે ગ્રહણ કરેલું છે, તેની પાસે એ ચારિત્ર લે છે, અન્યની પાસે લેતા નથી. એમનું ચારિત્ર તે પરિહારવિશુદ્ધિ ચારિત્ર કહેવાય છે.

આ પરિહાર વિશુદ્ધિક કયા ક્ષેત્રે અને કયા કાળે હોય છે ? ક્ષેત્રાદિ નિરૂપણાર્થે વીશ દ્વારો કહે છે - ક્ષેત્રાદિ.

(૧) ક્ષેત્રદ્વાર - ક્ષેત્રને વિશે જન્મ અને સદ્ભાવને આશ્રીને બે ભેદે માર્ગણા છે. જે ક્ષેત્રમાં ઉત્પન્ન થયો છે ત્યાં જન્માશ્રિત માર્ગણા અને જે ક્ષેત્રને વિશે કલ્પમાં વર્તતો હોય ત્યાં સદ્ભાવાશ્રિત માર્ગણા છે. - x - તેમાં પરિહાર વિશુદ્ધિક જન્મથી અને સદ્ભાવથી પાંચ ભરત અને પાંચ ઐરવત ક્ષેત્રમાં હોય છે, પણ મહાવિદેહ ક્ષેત્રમાં હોતો નથી. તેઓનું સંહરણ પણ ન થાય, જેથી જિનકલ્પિક માફક સર્વ કર્મભૂમિમાં કે સર્વ અકર્મભૂમિમાં પ્રાપ્ત થાય. - x -

(૨) કાળદ્વાર - તેઓનો જન્મ અવસર્પિણીના ત્રીજા અને ચોથા આરામાં હોય છે સદ્ભાવ પાંચમામાં પણ હોય. ઉત્સર્પિણીમાં બીજા, ત્રીજા, ચોથા આરામાં જન્મ અને સદ્ભાવ ત્રીજા અને ચોથા આરામાં હોય છે. - x - x - નોત્સર્પિણી-અવસર્પિણીરૂપ ચોથા આરા જેવા કાળમાં તેમનો સંભવ નથી. કેમકે મહાવિદેહ ક્ષેત્રમાં તેમનો અસંભવ છે.

(૩) ચારિત્રદ્વાર - સંયમ સ્થાન દ્વારથી માર્ગણા - તેમાં સામાયિક અને છેદોપસ્થાપનીય ચારિત્રના જઘન્ય સ્થાનો પરસ્પર તુલ્ય છે. કેમકે બંનેના પરિણામ સમાન છે. પછી અસંખ્ય લોકાલોકપ્રદેશ પ્રમાણ સંયમ સ્થાનો છોડી ઉપરના સંયમ સ્થાનકો પરિહારવિશુદ્ધિકને યોગ્ય છે. તે પણ કેવલજ્ઞાનીની પ્રજ્ઞાથી વિચારતા અસંખ્યાતા લોકાકાશપ્રદેશ પ્રમાણ છે. તે પહેલા, બીજા ચારિત્રની સાથે અવિરોધી છે. કેમકે તેમાં પણ તેમનો સંભવ છે. તેનાથી પછીના સંખ્યાતીત સંયમ સ્થાનો સૂક્ષ્મ સંપરાય અને યથાખ્યાત ચારિત્રને યોગ્ય છે. - x - x - તેમાં પરિહાર વિશુદ્ધિક કલ્પનો સ્વીકાર પોતાના જ સંયમ સ્થાનોમાં વર્તતા સાધુને જ હોય છે, બાકીનાને નહીં. જો અતીત નયને આશ્રીને પૂર્વ પ્રતિપન્નની વિવક્ષા કરીએ ત્યારે બાકીના સંયમ સ્થાનોમાં પણ હોય છે. કેમકે પરિહાર વિશુદ્ધિક કલ્પની સમાપ્તિ પછી બીજા ચારિત્રનો સંભવ હોય છે, તેથી બીજા ચારિત્રોમાં વર્તમાન છતાં ભૂતકાળની અપેક્ષાએ પૂર્વપ્રતિપન્નપણું અવિરુદ્ધપણે છે. - x -

(૪) તીર્થદ્વાર - પરિહારવિશુદ્ધિક નિયમા તીર્થ પ્રવર્તમાન હોય ત્યારે જ હોય



છે. પણ તેના વિચ્છેદ કે અનુત્પત્તિમાં ન હોય કેમકે તીર્થના અભાવે જાતિસ્મરણાદિથી તે ન હોય.

(૫) પર્યાયદ્વાર - પર્યાય બે પ્રકારે - ગૃહસ્થ પર્યાય, યતિ પર્યાય. તે પ્રત્યેકના જઘન્ય અને ઉત્કૃષ્ટથી બબ્બે ભેદે છે. તેમાં ગૃહસ્થપર્યાય જઘન્યથી ૨૯ વર્ષ, યતિપર્યાય ૨૦ વર્ષ છે. ઉત્કૃષ્ટથી બંને પર્યાયો કંઈક ન્યૂન પૂર્વકોટી વર્ષ પ્રમાણ હોય છે.

(૬) આગમદ્વાર - અપૂર્વ આગમનું અધ્યયન કરતો નથી, કેમકે તે કલ્પને આશ્રીને ગ્રહણ કરેલા ઉચિત યોગના આરાધનથી જ કૃતકૃત્ય થાય છે. પણ પૂર્વ અધિત વિસ્મરણ ન થાય તે માટે હંમેશાં એકાગ્ર મનવાળો થઈ પ્રાયઃ સારી રીતે તેનું સ્મરણ કરે છે. - x - x - x -

(૭) વેદદ્વાર - પ્રવૃત્તિકાળે વેદથી પુરુષવેદ હોય કે નપુંસક વેદ હોય પણ સ્ત્રીવેદ ન હોય, કેમકે સ્ત્રીને પરિહાર વિશુદ્ધિ કલ્પની પ્રાપ્તિ હોતી નથી. પણ અતીત નયને આશ્રીને પૂર્વપ્રતિપન્ન વિચારતા તે વેદસહિત હોય કે વેદરહિત હોય. તેમાં શ્રેણી પ્રાપ્તિના અભાવે વેદ સહિત હોય અને શ્રેણી પ્રાપ્તિમાં વેદરહિત હોય છે.

(૮) કલ્પદ્વાર - આ સ્થિત કલ્પમાં હોય છે, અસ્થિત કલ્પમાં હોતો નથી. કેમકે ''સ્થિત કલ્પમાં અવશ્ય હોય'' તે શાસ્ત્રવચન છે. અચેલકાદિ દશે કલ્પમાં રહેલાનો સ્થિત કલ્પ કહેવાય છે. પણ જે શય્યાતર પિંડાદિ અસ્થિત કલ્પમાં રહેલા છે, બાકીના અચેલક આદિ છ કલ્પમાં રહેલ નથી, તેમનો અસ્થિત કલ્પ કહેવાય છે. - x - અચેલકત્વાદિ દશ સ્થાનકો આ પ્રમાણે છે — અચેલક, ઔદ્દેશિક, શય્યાતરપિંડ, રાજપિંડ, કૃતિકર્મ, વ્રત, જ્યેષ્ઠ, પ્રતિક્રમણ, માસકલ્પ અને પર્યુષણાકલ્પ. ચાર અવસ્થિત કલ્પ આ રીતે — શય્યાતરપિંડ, ચાતુર્યામ, પુરુષજ્યેષ્ઠ, કૃતિકર્મકરણ.

(૯) લિંગદ્વાર - નિયમથી લિંગ બે ભેદે છે — દ્રવ્યલિંગ અને ભાવલિંગ. કેમકે એક પણ લિંગ વિના પરિહાર વિશુદ્ધિક કલ્પને યોગ્ય સામાચારીનો અસંભવ છે.

(૧૦) લેશ્યાદ્વાર - તેજોલેશ્યાદિ ત્રણ વિશુદ્ધ લેશ્યામાં પરિહારવિશુદ્ધિક કલ્પ સ્વીકારાય છે. પૂર્વ પ્રતિપન્ન બધી લેશ્યામાં કથંચિત્ વર્તે છે. તેમાં પણ બીજી અવિશુદ્ધ લેશ્યામાં-અત્યંત સંક્લિષ્ટમાં વર્તતો નથી. કદાચ વર્તે તો પણ લાંબો કાળ ન રહે પણ થોડો કાળ જ રહે. કેમકે પોતાના સામર્થ્યથી જલ્દી તેથી નિવૃત્ત થાય છે. પ્રથમથી તે અશુદ્ધ લેશ્યામાં કર્મને વશવર્તી થઈ વર્તે છે - કર્મની ગતિ વિચિત્ર છે. - x -

(૧૧) ધ્યાનદ્વાર - વૃદ્ધિ પામતાં ધર્મધ્યાન વડે પરિહાર વિશુદ્ધિક કલ્પને સ્વીકારે છે. પૂર્વ પ્રતિપન્ન તો આર્ત્ત, રૌદ્ર ધ્યાનમાં પણ હોય છે. પણ તે પ્રાયઃ નિરનુબંધ હોય છે. - x - પૂર્વપ્રતિપન્ન ઈતર ધ્યાનમાં હોય તો તેનો પ્રતિષેધ નથી. એ રીતે ઉત્કટ ધ્યાનયોગ છતાં તીવ્ર કર્મના પરિણામથી રૌદ્ર અને આર્ત્ત ધ્યાનમાં પમ એનો સદ્ભાવ છે. પણ પ્રાયઃ તે દુર્ધ્યાનના અનુબંધ રહિત હોય છે.

(૧૨) ગણનાદ્વાર - જઘન્યથી ત્રણ ગણો, ઉત્કૃષ્ટથી સો ગણો આ ચારિત્રનો સ્વીકાર કરે છે. પૂર્વપ્રતિપન્ન તો જઘન્યથી અને ઉત્કૃષ્ટથી સેંકડો ગણરૂપ છે. પુરુષની ગણના વડે જઘન્યથી આ કલ્પને સ્વીકારનાર સત્તાવીશ, ઉત્કૃષ્ટથી ૧૦૦૦ પુરુષો હોય છે અને પૂર્વપ્રતિપન્ન જઘન્યથી સેંકડો અને ઉત્કૃષ્ટથી હજારો હોય છે. - x - વળી જ્યારે પૂર્વપ્રતિપન્ન કલ્પથી કોઈ એક નીકળી જાય અને અન્ય પ્રવેશ કરે ત્યારે આ કલ્પની પ્રતિપત્તિમાં એક ન્યૂન થતાં તેને ઉમેરતાં કોઈ વખતે એક પણ હોય કે ઘણાં પણ હોય છે. પૂર્વપ્રતિપન્ન પણ એ પ્રમાણે વિકલ્પથી એક પણ હોય કે ઘણાં હોય. - x -

(૧૩) અભિગ્રહદ્વાર - અભિગ્રહો ચાર ભેદે છે — દ્રવ્યાભિગ્રહ, ક્ષેત્રાભિગ્રહ, કાલાભિગ્રહ, ભાવાભિગ્રહ. બીજે તેની ચર્ચા કરેલ છે. તેમાં પરિહારવિશુદ્ધિકને આ અભિગ્રહો ન હોય, કેમકે તેનો કલ્પ જ ઉક્ત સ્વરૂપના અભિગ્રહરૂપ છે. - x - આ કલ્પમાં ગૌચરી આદિ આચારો નિયત અને અવશ્ય અપવાદ રહિત હોય છે અને તેનું પાલન કરવું એ જ તેનું વિશુદ્ધિ સ્થાનક છે.

(૧૪) પ્રવ્રજ્યાદ્વાર — તે બીજાને દીક્ષા આપે નહીં, કેમકે એવો તેનો કલ્પ છે. - x - પણ યથાશક્તિ ઉપદેશ આપે છે.

(૧૫) મુંડાપનદ્વાર - તે કોઈને મુંડિત ન કરે. પ્રવ્રજ્યા પછી નિયમથી મુંડન હોય છે. પ્રવ્રજ્યા ગ્રહણથી તેનું ગ્રહણ છે જ. તો પૃથક્ દ્વાર શા માટે ? તે અયુક્ત છે. પ્રવ્રજ્યા દ્વારમાં નિયમથી મુંડન હોય જ તે સંભવ નથી. કેમકે અયોગ્યને કોઈપણ રીતે પ્રવ્રજ્યા આપી હોય, છતાં અયોગ્યતાનું જ્ઞાન થાય તો મુંડનનો સંભવ નથી.

(૧૬) પ્રાયશ્ચિત્તવિધિદ્વાર - મનથી પણ સૂક્ષ્માતિચાર લાગ્યો હોય તો નિયમથી ચતુર્ગુરુક પ્રાયશ્ચિત્ત હોય છે. કેમકે આ કલ્પ એકાગ્રતા પ્રધાન છે. તેના ભંગમાં મોટો દોષ લાગે છે.

(૧૭) કારણદ્વાર - કારણ એટલે આલંબન. તે વિશુદ્ધ જ્ઞાનાદિ જાણવાં. તે પરિહાર વિશુદ્ધિને ન હોય, જેથી તેને આશ્રીને અપવાદ સેવવો પડે. પણ તે સર્વત્ર નિરપેક્ષ થઈને ક્લિષ્ટ કર્મક્ષય નિમિત્તે પ્રારંભેલ સ્વ કલ્પને યથોક્ત વિધિથી સમાપ્ત કરે છે.

(૧૮) નિષ્પ્રતિકર્મનાદ્વાર - શરીરના સંસ્કાર રહિત આ મહાત્મા આંખના મેલાદિને પણ દૂર કરતા નથી. પ્રાણાંત કષ્ટે પણ અપવાદ ન સેવે. અલ્પદોષ અને બહુદોષની વિચારણાના વિષયથી રહિત હોય છે. અથવા શુભ ભાવથી તેને ઘણું મળે છે.

(૧૯,૨૦) ભિક્ષા-વિહાર દ્વાર - ભિક્ષા અને વિહાર ક્રમ ત્રીજા પ્રહરે હોય છે. બાકી પ્રહરમાં કાયોત્સર્ગ હોય છે, નિદ્રા પણ અલ્પ હોય છે. જો કોઈ રીતે તેનું જંઘાબળ ક્ષીણ થયું હોય તો વિહાર ન કરવા છતાં પણ મહાભાગ એવા તે અપવાદ સેવતા નથી. પણ તે જ સ્થળે રહી કલ્પ પ્રમાણે સંયમ યોગ સાધે છે.



આ પરિહાર વિશુદ્ધિક બે પ્રકારે છે - ઈત્વર અને યાવત્કથિક. તેમાં જેઓ કલ્પ સમાપ્ત થયા પછી તુરંત તે જ કલ્પ કે ગચ્છને પ્રાપ્ત થવાના છે તે ઈત્વર. જે કલ્પ સમાપ્તિ બાદ તુરંત જિનકલ્પને સ્વીકારનારા છે. તે યાવત્કથિક. - x - અહીં સ્થવિર કલ્પનું ગ્રહણ અન્ય કલ્પનું બોધક છે તેથી સ્વ કલ્પમાં રહેનારા પણ ઈત્વર જાણવા. ઈત્વર પરિહાર વિશુદ્ધિકને કલ્પના પ્રભાવથી ઉપસર્ગો, ઘાતક રોગો, અસહ્ય વેદના ઉત્પન્ન ન થાય, પરંતુ તે યાવત્કથિકને સંભવે પણ ખરા. કેમકે તેઓ જિનકલ્પની ઈચ્છાથી તે ભાવને અનુસરે છે, તેમને ઉપસર્ગાદિ સંભવે છે.

સૂક્ષ્મ સંપરાય - લોભાંશ અવશેષ તે સંપરાય અર્થાત્ કષાયોદય જેમાં છે તે સૂક્ષ્મ સંપરાય. તે બે ભેદે - વિશુદ્ધ્યમાનક અને સંક્લિશ્યમાનક. તેમાં ક્ષપક કે ઉપશમ શ્રેણીઓ ચઢનારને વિશુદ્ધ્યમાનક સૂક્ષ્મ સંપરાય ચારિત્ર હોય છે અને ઉપશમશ્રેણિથી પડનારને સંક્લિશ્યમાનક સૂક્ષ્મ સંપરાય ચારિત્ર હોય છે.

અથાખ્યાત - અથ શબ્દ યથા અર્થમાં છે. આ મર્યાદાનો સૂચક છે. યથાર્થપણે મર્યાદાપૂર્વક કહેલું, કષાયોદય રહિત ચારિત્ર તે અથાખ્યાત. તેનું બીજું નામ 'યથાખ્યાત' છે. જેમ સર્વ લોકમાં પ્રસિદ્ધ છે, તેવું કષાયોદય રહિત ચારિત્ર. તે બે પ્રકારે છે - છાદ્મસ્થિક અને કૈવલિક. છાદ્મસ્થિક યથાખ્યાત ચારિત્ર ઉપશાંતમોહ ગુણ સ્થાનકે હોય છે. કૈવલિક યથાખ્યાત સયોગી અને અયોગી ગુણ સ્થાનકે હોય છે — એ પ્રમાણે મનુષ્યો કહ્યા.

● **સૂત્ર-૧૯૧ :-**

*દેવો કેટલા ભેદે છે ? ચાર ભેદે — ભવનવાસી, વ્યંતર, જ્યોતિષ્ અને વૈમાનિક. ભવનવાસી કેટલા ભેદે છે ? દશ ભેદે છે — અસુરકુમાર, નાગકુમાર, સુવર્ણકુમાર, વિદ્યુત્કુમાર, અગ્નિકુમાર, દ્વીપકુમાર, ઉદધિકુમાર, દિશાકુમાર, વાયુકુમાર, સ્તનિતકુમાર. તે સંક્ષેપથી બે ભેદે છે — પર્યાપ્તા અને અપર્યાપ્તા. આ ભવનવાસી.*

*તે વ્યંતર કેટલા ભેદે છે ? આઠ ભેદે છે — કિંનર, કિંપુરુષ, મહોરગ, ગંધર્વ, યક્ષ, રાક્ષસ, ભૂત, પિશાચ. તે સંક્ષેપથી બે ભેદે છે — પર્યાપ્તા અને અપર્યાપ્તા. તે વ્યંતર કહ્યા.*

*તે જ્યોતિષ્ક કેટલા ભેદે છે ? પાંચ ભેદે — ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા. તે સંક્ષેપથી બે ભેદે — પર્યાપ્તા, અપર્યાપ્તા.*

*વૈમાનિક કેટલા ભેદે છે ? બે ભેદે છે — કલ્પોપગ અને કલ્પાતીત. કલ્પોપગ કેટલા ભેદે છે ? બાર ભેદે છે — સૌધર્મ, ઈશાન, સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાંતક, મહાશુક્ર, સહસ્રાર, આનત, પ્રાણત, આરણ, અચ્યુત. તે સંક્ષેપથી બે ભેદે છે — પર્યાપ્તા અને અપર્યાપ્તા. તે કલ્પોપગ કહ્યા. કલ્પાતીત કેટલા ભેદે છે ? બે ભેદે — ગ્રૈવેયકા, અનુત્તરોપપાતિકા. તે ગ્રૈવેયકા કેટલા ભેદે છે ? નવ ભેદે — અધઃ અધઃગ્રૈવેયક, અધઃ મધ્યમગ્રૈવેયક, અધઃ ઉપરિમગ્રૈવેયક.*

***મધ્યમ અધઃગ્રૈવેયક, મધ્યમ મધ્યમગ્રૈવેયક, મધ્યમ ઉપરિમગ્રૈવેયક. ઉપરિમ અધઃગ્રૈવેયક, ઉપરિમ મધ્યમગ્રૈવેયક, ઉપરિમ ઉપરિમગ્રૈવેયક. તે સંક્ષેપથી બે ભેદે છે – પર્યાપ્તક અને અપર્યાપ્તક. તે ગ્રૈવેયકો કહ્યા. અનુત્તરોપપાતિક કેટલા ભેદે છે ? પાંચ ભેદે છે – વિજય, વૈજયંત, જયંત, અપરાજિત, સર્વાર્થસિદ્ધ. તે સંક્ષેપથી બે ભેદે છે – પર્યાપ્તક અને અપર્યાપ્તક. તે અનુત્તરોપપાતિક કહ્યા. તે કલ્પાતીત કહ્યા, તે વૈમાનિક કહ્યા, તે દેવો કહ્યા, તે પંચેન્દ્રિયો કહ્યા. તે સંસાર સમાપન્ન જીવ પ્રજ્ઞાપના કહી, તે જીવ પ્રજ્ઞાપના કહી –***

**● વિવેચન-૧૯૧ :-**

દેવો ચાર પ્રકારે છે – ભવનવાસી આદિ. તેમાં ભવનમાં વસવાના સ્વભાવવાળા તે ભવનવાસી. આ બહુલતાથી નાગકુમારાદિની અપેક્ષાએ જાણવું. તેઓ પ્રાયઃ ભવનોમાં વસે છે, કદાચિત્ આવાસોમાં રહે છે. અસુરકુમારાદિ પ્રચુરતાથી આવાસમાં રહે છે, કદાચિત્ ભવનોમાં. ભવન અને આવાસમાં શો ભેદ છે ? ભવનો બહારથી ગોળ અને અંદરથી સમચતુરસ્ર, નીચેના ભાગે કમળની કર્ણિકાવાળા છે. આવાસો, શરીર પ્રમાણવાળા, મોટા મંડપવાળા, વિવિધ મણિ-રત્નના દીવાથી દિશાઓના સમુદાયના પ્રભાશક છે.

વ્યંતર - વિવિધ પ્રકારના વન, નગર, આવાસરૂપ અંતર - આશ્રય જેઓને છે, તે વ્યંતર કહેવાય છે. તેમાં રત્નપ્રભાના પહેલા રત્નકાંડમાં ઉપર-નીચે સો સો યોજન છોડીને વચ્ચેના આઠસો યોજન પ્રમાણમાં ભવનો હોય છે. નગરો તિર્છાલોકમાં હોય છે. તેમાં તિર્છાલોકમાં, જેમકે જંબૂદ્વીપના દ્વારાધિપતિ વિજય દેવની બીજા જંબૂદ્વીપમાં ૧૨,૦૦૦ યોજન પ્રમાણ નગરી છે અને આવાસો ત્રણે લોકમાં હોય છે. ઉર્ધ્વલોકમાં પંડક વનાદિમાં છે.

અથવા જેઓનું મનુષ્યોથી અંતર ગયું છે તે વ્યંતર કહેવાય છે. તે આ પ્રમાણે – કેટલાંક વ્યંતરો ચક્રવર્તી, વાસુદેવ પ્રમુખ મનુષ્યોની નોકર માફક સેવા કરે છે. માટે મનુષ્યોથી તેઓનું અંતર નથી. અથવા – પર્વત, ગુફા કે વનની અંદર વિવિધ પ્રકારના આશ્રયરૂપ અંતર જેઓને છે તે વ્યંતર. वाणमंतर - વનના અંતરોમાં રહેલ તે વાનમંતર. - x -

જે જગત્‌ને પ્રકાશિત કરે છે તે જ્યોતિષ્ - વિમાનો. તેમાં ઉત્પન્ન થયેલા તે જ્યોતિષ્ક અથવા મસ્તક ઉપરના મુગટના પ્રકાશના મંડલના સમાન સૂર્યાદિ મંડલ વડે પ્રકાશિત કરે તે જ્યોતિષ્ – સૂર્યાદિ દેવો કહેવાય છે. તે આ રીતે – સૂર્યને મુગટના અગ્રભાગમાં તે સૂર્યાકાર, ચંદ્રને ચંદ્રાકાર, ગ્રહને ગ્રહાકાર, નક્ષત્રને નક્ષત્રાકાર, તારાને તારાકાર ચિહ્ન છે, તેના વડે પ્રકાશિત કરે છે. તત્ત્વાર્થ ભાષ્યમાં પણ કહે છે પ્રકાશિત કરે તે જ્યોતિષ્ ઈત્યાદિ. મુગટના જેવા, મસ્તક ઉપરના મુગટમાં રહેલા, પોતપોતાના ચિહ્નરૂપ ઉજ્જ્વલ પ્રભામંડલ સમાન સૂર્યાદિના મંડલ વડે સુશોભિત કાંતિવાળા જ્યોતિષ્ક દેવો હોય છે.





પુણ્યવાળા જીવો વડે જેનો વિવિધ રીતે ઉપભોગ કરાય તે વિમાનો. તેમાં ઉત્પન્ન થયેલ તે વૈમાનિક.

હવે એ દેવોના ભેદો અનુક્રમે કહે છે – ભવનવાસી દેવો તે અસુરકુમારાદિ છે. તે દશેને કુમાર કેમ કહે છે ? કુમારની માફક ચેષ્ટા કરે છે માટે કુમાર કહેવાય છે. કુમારની માફક સુકુમાર, મૃદુ, મધુર, સુંદરગતિવાળા, શ્રૃંગારના અભિપ્રાયથી વિશિષ્ટ અને વિશિષ્ટતર ઉત્તર વૈક્રિય કરવાવાળા, કુમારવત્ ઉદ્ધત રૂપ, વેષ, ભાષા, આભરણ, શસ્ત્ર, વસ્ત્ર, શિબિકાદિયાન-વાહનવાળા કુમાર માફક ઉત્કટ રાગવાળા અને ક્રીડામાં તત્પર હોવાથી કુમાર.

કિન્નરો દશ પ્રકારે છે – કિંનર, કિંપુરુષ, કિંપુરુષોત્તમ, કિંનરોત્તમ, હૃદયંગમ, રૂપશાલી, અનિંદિત, મનોરમ, રતિપ્રિય અને રતિશ્રેષ્ઠ. કિંપુરુષો દશ પ્રકારે છે – પુરુષ, સત્પુરુષ, મહાપુરુષ, પુરુષવૃષભ, પુરુષોત્તમ, અતિપુરુષ, મહાદેવ, મરુત્, મેરુપ્રભ, યશસ્વાન્. મહોરગ દશ પ્રકારે છે – ભુજંગ, ભોગશાલી, મહાકાય, અતિકાય, સ્કંધશાલી, મનોરમ, મહાવેગ, મહાયક્ષ, મેરુકાંત, ભાસ્વાન્.

ગંધર્વો બાર પ્રકારના છે – હાહા, હૂહૂ, તુંબરુ, નારદ, ઋષિવાદિક, ભૂતવાદિક, કાદંબ, મહાકાદંબ, રૈવત, વિશ્વાવસુ, ગીતરતિ, ગીતયશ. યક્ષો તેર પ્રકારે છે – પૂર્ણભદ્ર, માણિભદ્ર, શ્વેતભદ્ર, હરિતભદ્ર, સુમનોભદ્ર, વ્યતિપાતિકભદ્ર, સુભદ્ર, સર્વતોભદ્ર, મનુષ્યપક્ષ, વનાધિપતિ, વનાહાર, રૂપયક્ષ, યક્ષોત્તમ. રાક્ષસો સાત ભેદે છે – ભીમ, મહાભીમ, વિઘ્ન, વિનાયક, જળરાક્ષસ, રાક્ષસરાક્ષસ, બ્રહ્મરાક્ષસ.

ભૂતો નવ ભેદે છે – સુરૂપ, પ્રતિરૂપ, અતિરૂપ, ભૂતોત્તમ, સ્કંદ, મહાસ્કંદ, મહાવેગ, પ્રતિચ્છન્ન, આકાશગ. પિશાચો સોળ પ્રકારે છે – કૂષ્માંડ, પટક, સુજોષ, આહ્નિક, કાળ, મહાકાળ, ચોક્ષ, અચોક્ષ, તાલપિશાચ, મુખરપિશાચ, અધસ્તારક, દેહ, વિદેહ, મહાવિદેહ, તૂષ્ણિક, વનપિશાચ.

कल्प - આચાર. તે અહીં ઈન્દ્ર, સામાનિકાદિ વ્યવહારરૂપ જાણવો. તે આચારને પ્રાપ્ત તે કલ્પોપગ કહેવાય. યથોક્ત આચાર રૂપ કલ્પને અતિક્રમેલા તે કલ્પાતીત જાણવા. - x - x -

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**પ્રજ્ઞાપના પદ-૧-નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

## ❁ પદ-૨-"સ્થાન" ❁

-- x -- x -- x --

એ પ્રમાણે પહેલા પદની વ્યાખ્યા કરી, હવે બીજું આરંભે છે. પહેલા પદમાં પૃથ્વીકાયાદિ કહ્યા, હવે તેના સ્થાનો કહે છે.

● **સૂત્ર-૧૯૨ :-**

*ભગવન્ ! બાદર પર્યાપ્તા પૃથ્વીકાયોના સ્થાનો ક્યાં કહ્યા છે ? હે ગૌતમ ! સ્વસ્થાનથી આઠે પૃથ્વીમાં કહ્યા છે. તે આ — રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા, તમસ્તમઃપ્રભા, ઈષત્પ્રાગ્ભારા. અધોલોકમાં પાતાળ કળશોમાં, ભવનો, ભવનપ્રસ્તટો, નરકો, નરકાવલિકા, નરકપ્રસ્તટોમાં હોય છે. ઉર્ધ્વલોકમાં કલ્પો, વિમાનો, વિમાનાવલિકા, વિમાનપ્રસ્તટોમાં હોય છે. તિર્છાલોકમાં ટંકો, કૂટો, શૈલો, શિખરો, પ્રાગ્ભારો, વિજયો, વક્ષસ્કારો, વર્ષક્ષેત્રો, વર્ષધર પર્વતો, વેળા, વેદિકાઓ, દ્વારો, તોરણો, દ્વીપો, સમુદ્રોમાં હોય છે. અહીં પર્યાપ્તા બાદર પૃથ્વીકાયિકોના સ્થાનો કહ્યા છે. ઉપપાતને આશ્રીને તે લોકના અસંખ્યાતમાં ભાગમાં હોય છે. સમુદ્ઘાતની અપેક્ષાએ લોકના અસંખ્યાતમાં ભાગમાં અને સ્વસ્થાનને આશ્રીને પણ તેમજ છે.*

*ભગવન્ ! અપર્યાપ્ત બાદર પૃથ્વીકાયના સ્થાનો ક્યાં કહ્યાં છે ? ગૌતમ ! જ્યાં પર્યાપ્તા બાદર પૃથ્વીકાયના સ્થાનો કહ્યા છે, ત્યાં જ અપર્યાપ્તા૦ ના કહ્યા છે. ઉપપાત વડે સર્વલોકમાં, સમુદ્ઘાત વડે સર્વલોકમાં, સ્વસ્થાનથી લોકના અસંખ્યાતમા ભાગે છે.*

*ભગવન્ ! પર્યાપ્તા-અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વીકાયિકના સ્થાનો ક્યાં કહ્યા છે ? ગૌતમ ! સૂક્ષ્મ પૃથ્વીકાયિકોમાં જે પર્યાપ્તા અને અપર્યાપ્તા છે, તે બધાં હે આયુષ્યમાન્ શ્રમણ ! એક પ્રકારના, અવિશેષ, ભિન્નતારહિત અને સર્વલોકમાં વ્યાપ્ત છે.*

*ભગવન્ ! પર્યાપ્તા બાદર અપ્કાયિકના સ્થાનો ક્યાં કહ્યા છે ? ગૌતમ ! સ્વસ્થાનથી સાત ઘનોદધિ, સાત ઘનવલય, અધોલોક, પાતાળકળશ, ભવન, ભવન પ્રસ્તટોમાં છે. ઉર્ધ્વલોકમાં કલ્પ, વિમાન, વિમાનાવલિકા, વિમાન પ્રસ્તટોમાં છે. તિર્છાલોકમાં કૂવા, તળાવ, નદી, દ્રહ, વાપી, પુષ્કરિણી, દીર્ધિકા, ગુંજાલિકા, સરોવર, સરોવરપંક્તિ, સરસરપંક્તિ, બિલ, બિલપંક્તિ, ઝરણા, ઝરા, છિલ્લર, પલ્લવ, વપ્ર, દ્વીપ, સમુદ્ર સર્વે જળાશયો અને જળ સ્થાનોમાં અહીં પર્યાપ્તા બાદર, અપ્કાયિકોના સ્થાનો કહ્યાં છે તે ઉપપાત વડે લોકના અસંખ્યાત ભાગમાં, સમુદ્ઘાત વડે લોકના અસંખ્યાત ભાગમાં અને સ્વસ્થાનથી પણ લોકના અસંખ્યાત ભાગમાં છે.*

*ભગવન્ ! અપર્યાપ્ત બાદર અપ્કાયિકોના સ્થાનો ક્યાં છે ? ગૌતમ ! જ્યાં પર્યાપ્ત બાદર અપ્કાયિકોના સ્થાનો છે, ત્યાં અપર્યાપ્ત બાદર અપ્કાયિકોના*



*સ્થાનો છે. ઉપપાત અને સમુદ્ઘાત વડે સર્વલોકમાં, સ્વસ્થાનથી લોકના અસંખ્યાત ભાગમાં છે.*

*ભગવન્ ! પર્યાપ્તા અને અપર્યાપ્તા સૂક્ષ્મ અપ્કાયના સ્થાનો ક્યાં છે ? ગૌતમ ! સૂક્ષ્મ અપ્કાયિકોના પર્યાપ્તા અને અપર્યાપ્તા બધા એક પ્રકારના, વિશેષતા - ભેદ રહિત, સર્વલોક વ્યાપી છે.*

*ભગવન્ ! પર્યાપ્તા બાદર તેઉકાયિકોના સ્થાનો ક્યાં છે ? ગૌતમ ! સ્વસ્થાનથી મનુષ્યક્ષેત્રમાં અઢીદ્વીપ સમુદ્રોમાં વ્યાઘાત ન હોય તો પંદર કર્મભૂમિમાં, વ્યાઘાત આશ્રીને પાંચ મહાવિદેહમાં - x - છે. ઉપપાત વડે લોકના અસંખ્યાત ભાગમાં અને સ્વસ્થાન તથા સમુદ્ઘાતથી પણ લોકના અસંખ્યાત ભાગમાં છે.*

*ભગવન્ ! અપર્યાપ્તા બાદર તેઉકાયના સ્થાનો ક્યાં છે ? પર્યાપ્તાના છે, ત્યાં જ બાદર અપર્યાપ્તા તેઉકાયના સ્થાનો છે. ઉપપાતથી લોકના બંને ઉર્ધ્વ કપાટોમાં અને તિર્છાલોકરૂપ તટ્ટમાં હોય છે. સમુદ્ઘાતથી સર્વલોકમાં, સ્વસ્થાનથી લોકના અસંખ્યાત ભાગે હોય છે.*

*ભગવન્ ! પર્યાપ્તા, અપર્યાપ્તા સૂક્ષ્મ તેઉકાયના સ્થાનો ક્યાં છે ? ગૌતમ ! પર્યાપ્તા અને અપર્યાપ્તા સૂક્ષ્મ તેઉકાયો છે તે બધા એક પ્રકારે, વિશેષતા — ભેદ રહિત, સર્વલોક વ્યાપી છે.*

● **વિવેચન-૧૯૨ :-**

ભગવન્ ! એ પરમગુરુનું આમંત્રણ પદ છે. પર્યાપ્તા બાદર પૃથ્વીકાયિકોના સ્વસ્થાનો આદિ ક્યાં છે ? એમ ગૌતમસ્વામીએ પૂછતા. ભગવન્ વર્દ્ધમાન સ્વામીએ ગૌતમને કહ્યું — સ્વસ્થાનાદિ૦ [શંકા] જેનું કુશલનું મૂલ વૃદ્ધિ પામેલ છે એવા ભગવન્ ગૌતમ ગણધર છે. તીર્થંકર કહેલ માતૃકાપદના શ્રવણ માત્રથી અત્યંત શ્રુતજ્ઞાનાવરણનો ક્ષયોપશમ થયેલા, ચૌદપૂર્વી, સર્વાક્ષર સંયોગને જાણનારા છે, તેથી વિવક્ષિત પૂછવા યોગ્ય અર્થના જ્ઞાનસહિત છે, તો શા માટે પૂછે છે ? કેમકે ચૌદપૂર્વી અને સર્વોત્કૃષ્ટ શ્રુતલબ્ધિવાળાને પ્રજ્ઞાપનીય કશું અવિદિત નથી. કહ્યું છે — જો બીજા પૂછે તો અસંખ્ય ભવોને પણ કહે છે, પણ સાતિશય વિશિષ્ટજ્ઞાન રહિત છદ્મસ્થ તેને જાણતો નથી. તો ગૌતમસ્વામી શા માટે પ્રશ્ન કરે છે ? તમારી વાત સત્ય છે, પણ જાણવા છતાં ગૌતમસ્વામી પૂર્વે અન્ય સમયે શિષ્યોને કહેલ અર્થને ફરીથી તેમને પ્રતીતિ કરાવવા વિવક્ષિતાર્થને પૂછે છે. બીજું પ્રાયઃ સૂત્રોની રચના સર્વત્ર ગણધરના પ્રશ્ન અને તીર્થંકરના ઉત્તરરૂપ છે. તે રીતે આ સૂત્રરચના કરી છે. અથવા ગૌતમ ગણધરને છદ્મસ્થતાથી અનુપયોગ સંભવે છે. - x - માટે સંશયથી પૂછે તો તેમાં કોઈ પ્રકારે દોષ નથી.

'ગૌતમ' એ લોકપ્રસિદ્ધ, મહાવિશિષ્ટ, ગોત્રપ્રતિપાદક આમંત્રણ શબ્દ છે. અર્થાત્ હે ગૌતમગોત્રવાળા !

સ્વસ્થાન - જ્યાં બાદર પૃથ્વીકાયિકો રહે છે. વર્ણાદિ વિભાગથી વ્યવહાર કરી

શકાય છે, તે સ્વસ્થાન, સ્વસ્થાનનું ગ્રહણ ઉપપાત અને સમુદ્ઘાતનું જુદાપણું બતાવવાને છે. આઠે પૃથ્વીમાં બધે પર્યાપ્તા બાદર પૃથ્વીકાયના સ્થાનો છે. તે આઠે પૃથ્વીના નામો કહ્યા છે. અધોલોકમાં વડવામુખ આદિ પાતાળ કળશોમાં, ભવનપતિ નિકાયના આવાસરૂપ ભવનોમાં, ભવન ભૂમિરૂપ પ્રસ્તટોમાં છે. અહીં ભવનના ગ્રહણથી માત્ર ભવન લેવા. પ્રસ્તટ ગ્રહણથી વચ્ચેની ભૂમિઓ લેવી. નરક - છૂટા છૂટા નરકાવાસ. આવલિકાબદ્ધ નરકાવાસ, નરકની ભૂમિમાં હોય છે. અહીં નરકના ગ્રહણથી કેવળ નરકાવાસોનું અને નરક પ્રસ્તટના ગ્રહણથી વચ્ચે રહેલ ભૂમિ લેવી. ઉર્ધ્વલોકમાં સૌધર્માદિ કલ્પો, છૂટા છૂટા ગ્રૈવેયક સંબંધી વિમાનો, આવલિકાબદ્ધ વિમાનો, વિમાનોની ભૂમિકારૂપ પ્રસ્તટોમાં છે - x - તીર્છાલોકમાં ટૂંકો, છિન્નટંકો, સિદ્ધાયતનાદિ કૂટો, શિખરરહિત પર્વતો, શિખરયુક્ત પર્વતો, કંઈક નીચા પર્વતો, કચ્છાદિ વિજયો૦ ઈત્યાદિમાં કહેલ છે. વધારે શું કહેવું ? બધાં દ્વીપ - સમુદ્રોમાં પર્યાપ્તા બાદર પૃથ્વીકાયના સ્થાનો છે.

ઉપપાત - ઉત્પત્તિ, પર્યાપ્તા બાદર પૃથ્વીકાયિકોના હમણાં જે સ્થાનો કહ્યા તે સ્થાનપ્રાપ્તિની અભિમુખ હોય. ઉપપાતને આશ્રીને બાદર પૃથ્વીકાયિક ચૌદ રાજલોક પ્રમાણ લોકના અસંખ્યાતમાં ભાગમાં રહે છે. અહીં કોઈ આચાર્ય સૂત્રની એવી વ્યાખ્યા કરે છે — સ્થૂળ ઋજુસૂત્રનયની દૃષ્ટિથી પર્યાપ્તા બાદર પૃથ્વીકાયનો વિચાર કરતા ઉત્પત્તિ સ્થાને આવી આહારાદિ પર્યાપ્તિઓ પૂર્ણ કરી વિશિષ્ટ વિપાકથી પર્યાપ્ત બાદર પૃથ્વીકાયનું આયુ અનુભવે છે તે જ ગ્રહણ કરવા. પણ અંતરાલ ગતિમાં વર્તતા હોય તે ન લેવા. - x - તેથી તેમનું સ્વસ્થાન રત્નપ્રભા આદિ બધાં મળીને પણ લોકનો અસંખ્યાત ભાગ થાય છે. માટે ઉપપાતને આશ્રીને લોકનો અસંખ્યાતમો ભાગ જાણવો. બીજા આચાર્ય કહે છે — પર્યાપ્તા બાદર પૃથ્વીકાય બીજા બધાંથી થોડાં છે તેથી અંતરાલમાં વર્તતાને ગ્રહણ કરતાં પણ લોકનો અસંખ્યાત ભાગ થાય છે. સમુદ્ઘાતને આશ્રીને પણ તેમજ છે. એમ ન માનો તો સમુદ્ઘાત અવસ્થામાં સ્વસ્થાન સિવાય બીજા ક્ષેત્રમાં રહેવાનો સંભવ હોવાથી લોકનો અસંખ્યાત ભાગ ઘટી શકશે નહીં, તત્ત્વ કેવલી કે વિશિષ્ટ જ્ઞાની જાણે. - x -

અહીં એમ વિચારવું કે — સોપક્રમ કે નિરૂપક્રમ આયુવાળા પર્યાપ્તા બાદર પૃથ્વીકાયિકો પોતાના આયુનો ત્રીજો ભાગ બાકી રહે ત્યારે પરભવનું આયુ બાંધીને મારણાંતિક સમુદ્ઘાત કરે છે અને ઉત્પત્તિ સ્થાન પર્યન્ત આત્મપ્રદેશોનો દંડ વિસ્તારવા છતાં પણ થોડાં હોવાથી લોકના અસંખ્યાતમે ભાગે રહે છે. પર્યાપ્તા બાદર પૃથ્વીકાયિકોનું આયુ હજુ સુધી સમુદ્ઘાતાવસ્થામાં ક્ષીણ થયું ન હોવાથી પર્યાપ્તા કહ્યા છે.

અહીં પૂર્વે પૃથ્વી આદિમાં સ્વસ્થાન માત્ર કહ્યું. હવે સ્વસ્થાનમાં પણ લોકના કેટલા ભાગમાં રહે છે ? તે કહે છે — સ્વસ્થાનથી લોકના અસંખ્યાતમાં ભાગમાં વર્તે છે. સ્વસ્થાન રત્નપ્રભાદિ છે, તે બધાં મળવા છતાં પણ લોકનો અસંખ્યાતમો ભાગ થાય છે. - x - પાતાળ કળશો પણ લાખ યોજન પ્રમાણ ઉંચા છે, નરકાવાસો પણ



૩૦૦૦ યોજન ઉંચા છે વિમાનો પણ ૩૨૦૦ યોજન ઉંચા છે. તે બધાં પરિમિત હોવાથી લોકના અસંખ્યાતમાં ભાગે વર્તે છે, તેમ કહ્યું.

બાદર અપર્યાપ્ત પૃથ્વીકાયિક સૂત્રમાં ઉપપાત અને સમુદ્ઘાતથી સર્વલોકમાં કહ્યા. અહીં અપર્યાપ્ત બાદર પૃથ્વીકાયિકો અંતરાલ ગતિમાં અને સ્વસ્થાનમાં પણ અપર્યાપ્ત બાદર પૃથ્વીકાયિકનું આયુ વિશિષ્ટ વિપાકથી વેદે છે. દેવ અને નારક સિવાય બધેથી આવીને ઉત્પન્ન થાય છે. મરીને પણ દેવ-નારક સિવાય બધાં સ્થાનોમાં જાય છે. તેથી અંતરાલ ગતિમાં વર્તતા પણ અહીં લેવા. વળી તે સ્વભાવથી પણ ઘણાં છે, તેથી ઉપપાત, સમુદ્ઘાતથી સર્વલોક વ્યાપી છે.

બીજા કહે છે — તેઓ સ્વભાવથી જ ઘણાં છે તેથી ઉપપાત, સમુદ્ઘાત વડે સર્વલોકવ્યાપી છે. ઉપપાત કોઈકનો ઋજુગતિ, કોઈકનો વક્રગતિથી થાય છે. - x - એ વક્રગતિમાં પ્રવાહથી વક્રગતિમાં સંહરણ અને તેની પૂર્તિમાં નિરંતર લોક વ્યાપ્ત થાય છે. સ્વસ્થાનથી લોકના અસંખ્યાતમાં ભાગે રહે છે.

સૂક્ષ્મ પૃથ્વીકાયિક પર્યાપ્તા-અપર્યાપ્તા સૂત્રમાં પર્યાપ્તા, અપર્યાપ્તા બધાં એક પ્રકારના છે. કેમકે પૂર્વે કરેલા સ્વસ્થાનાદિ વિચારને આશ્રીને તેમાં ભેદ નથી. તેથી તેઓમાં ઉપપાત, સમુદ્ઘાત, સ્વસ્થાનનો ભેદ નથી. વિશેષતારહિત એટલે પર્યાપ્તા જેવા જ અપર્યાપ્તા પણ જાણવા. ભિન્નતા રહિત છે એટલે કે દેશના ભેદથી તેઓના ભેદ નથી. અર્થાત્ જે આધારભૂત આકાશપ્રદેશમાં પર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વીકાયિકો છે, ત્યાં જ અપર્યાપ્તા પણ છે. વળી ઉપપાત, સમુદ્ઘાત, સ્વસ્થાન વડે સર્વલોક વ્યાપી છે. આના વડે આગમનું કથંચિત્ નિત્યપણું જણાવ્યું. ‘આયુષ્યમાન્ શ્રમણ’ એ ગૌતમને કરેલ સંબોધન છે.

એમ અપ્કાયિકના બાદર અને સૂક્ષ્મ પણ જાણવા. વિશેષ એ કે — પર્યાપ્ત બાદર અપ્કાયિક સૂત્રમાં તેમનું સ્થાન સાત ઘનોદધિ વલયોમાં છે. તે ઘનોદધિ વલયો સ્વ સ્વ નરક પૃથ્વીમાં પર્યન્ત ભાગને વીંટીને રહેલા છે, વલયાકાર છે. અધોલોકમાં વલયામુખાદિ પાતાળ કળશોમાં છે. કેમકે તેમાં પણ બીજા ત્રિભાગમાં દેશથી, ત્રીજા તૃતીયાંશમાં સર્વથા પાણીનો સદ્ભાવ છે. ભવન-કલ્પ-વિમાનોમાં વાવ આદિમાં પાણી હોય છે. જો કે વિમાનો કલ્પગત જાણવા, ગ્રૈવેયકાદિમાં વાવોનો અસંભવ છે. કૂવા, તળાવ આદિ પ્રસિદ્ધ છે. નદી-ગંગાદિ, દ્રહ-પદ્મદ્રહાદિ, વાપી-પુષ્કરિણી, દીર્ઘિકા-ઋજુ લઘુ નદી, ઈત્યાદિ બિલ-સ્વાભાવિક નિષ્પન્ન કૂપિકા, ઉજ્ઝર-ઝરણા, પ્રવાહો નિર્ઝર-ઝરણાં, છિલ્લર-નહીં ખોદેલા અને થોડા પાણીવાળા જમીન કે પર્વતના પ્રદેશો, પલ્વલ-નહીં ખોદેલ સરોવર, વપ્ર-ક્યારા. બધાં જલ સ્થાનોમાં બાદર અપ્કાયિક હોય છે.

હવે બાદર પર્યાપ્તા તેઉકાયિકોના સ્થાનોનો પ્રશ્ન - સુગમ છે. સ્વસ્થાનને આશ્રીને મનુષ્ય ક્ષેત્રમાં હોય છે. અહીં અઢી વિશેષણ દ્વીપનું છે, સમુદ્રને લાગું ન પડે. વ્યાઘાત અભાવે પાંચ-પાંચ ભરત, ઐરવત, મહાવિદેહમાં અને વ્યાઘાતને આશ્રીને

પાંચ મહાવિદેહમાં હોય છે. અહીં - વ્યાઘાત તે અતિ સ્નિગ્ધ કે અતિ રૂક્ષ કાળ સમજવો. તેવા કાળમાં બાદર અગ્નિનો વિચ્છેદ થાય છે તેથી પાંચ ભરત-પાંચ ઐરવતમાં સુષમસુષમા, સુષમા અને સુષમદુષમામાં અતિ સ્નિગ્ધ કાળ હોય છે. દુષમદુષમા નામક છઠ્ઠા આરામાં અતિરૂક્ષ કાળ હોય છે. તેવો વ્યાઘાત હોય ત્યારે પાંચ મહાવિદેહોમાં અને વ્યાઘાત ન હોય ત્યારે પંદર કર્મભૂમિમાં બાદર તેઉકાયના સ્થાનો છે.

ઉપપાત - ઉક્ત સ્થાનોની પ્રાપ્તિની અભિમુખતા આશ્રીને અંતરાલ ગતિમાં વર્તતા હોય ત્યારે વિચારતા બાદર તેઉકાયિકો લોકના અસંખ્યાતમા ભાગમાં રહે છે. સમુદ્ઘાતથી પણ તેમજ છે, કેમકે મરણસમુદ્ઘાત વડે પણ તેઓ થોડાં હોવાથી લોકના અસંખ્યાતમા ભાગ માત્રને વ્યાપ્ત કરે છે. સ્વ સ્થાનને આશ્રીને લોકના અસંખ્યાતમા ભાગને વ્યાપ્ત કરે છે, કેમકે મનુષ્ય ક્ષેત્ર પીસ્તાળીશ લાખ યોજન જ છે.

અપર્યાપ્તા બાદર તેઉકાયિકના સ્થાનો - જ્યાં તેના પર્યાપ્તાના સ્થાનો છે, ત્યાં જ તેના અપર્યાપ્તાના સ્થાનો છે. કેમકે પર્યાપ્તાની નિશ્રાએ જ અપર્યાપ્તાઓ રહે છે. તે ઉપપાતને આશ્રીને બંને ઉર્ધ્વ કપાટમાં, તીર્છા લોકરૂપ સ્થાલમાં રહે છે. અહીં અઢી દ્વીપ-સમુદ્રથી નીકળેલા અઢીદ્વીપ સમુદ્ર પ્રમાણ જાડા પૂર્વ-પશ્ચિમ અને ઉત્તર-દક્ષિણ સ્વયંભૂરમણ સમુદ્ર પર્યન્ત લાંબા જે બે કપાટો છે, જેણે ઉર્ધ્વ-અધો-બંને બાજુ લોકાંતને સ્પર્શેલ છે, તે બંને ઉર્ધ્વ કપાટોમાં તથા સ્વયંભૂરમણ સમુદ્રની વેદિકા પર્યન્ત વિસ્તારવાળા, ૧૮૦૦ યોજન પ્રમાણ જાડા સ્થાલના આકાર જેવા તીર્છાલોકમાં ઉપપાત વડે અપર્યાપ્તા બાદર તેઉકાયના સ્થાનો કહ્યા છે.

કોઈ આચાર્ય કહે છે — બંને કપાટમાં અને બંને કપાટના અંતર્વર્તી તીર્છાલોકમાં છે. અર્થાત્ કપાટના અંતર્ગત્ તીર્છાલોકમાં છે, પણ બધાં તીર્છાલોકમાં નથી. એ રીતે કપાટ સિવાયના તિર્છાલોકનો નિષેધ કર્યો છે, પણ વિધાન કરવા માટે નથી, કેમકે વિધાન તો કપાટના ગ્રહણથી જ સિદ્ધ થાય છે. અહીં તત્ત્વ કેવલી કે વિશિષ્ટ શ્રુતજ્ઞાની જાણે.

અહીં ભાવાર્થ આ છે — બાદર અપર્યાપ્ત તેઉકાયો ત્રણ પ્રકારે છે — એકભવિક, બદ્ધાયુષ્, અભિમુખનામગોત્ર. તેમાં કોઈ એક ભવ પછી તુરત જ બાદર અપર્યાપ્ત તેઉકાયિકપણે ઉત્પન્ન થશે તે એકભવિક, પૂર્વભવનો ત્રીજો ભાગ આદિ બાકી હોય ત્યારે જેમણે બાદર અપર્યાપ્ત તેઉકાયનું આયુ બાંધેલ છે, તે બદ્ધાયુષ્, જેઓ પૂર્વ ભવનો ત્યાગ કરી સાક્ષાત્ બાદર અપર્યાપ્ત તેઉકાયના આયુ, નામ, ગોત્ર વેદે છે, તે અભિમુખ નામ ગોત્ર કહેવાય છે. તેમાં એકભવિક અને બદ્ધાયુષ્ક દ્રવ્યથી બાદર અપર્યાપ્ત તેઉકાયિક છે, ભાવથી નહીં. તેથી તે બંનેનો અધિકાર અહીં નથી. પણ અભિમુખ નામ ગોત્રવાળા બાદર અપર્યાપ્ત તેઉકાયિકોનો અહીં અધિકાર છે. - x -

ઋજુસૂત્ર નયની દૃષ્ટિએ બાદર અપર્યાપ્ત તેઉકાયના આયુ-નામ-ગોત્રનો ઉદય હોવાથી પૂર્વોક્ત બે કપાટ અને તિર્છાલોકની બહાર રહેલ છતાં બાદર અપર્યાપ્ત



તેઉકાયિક કહેવાય છે. પણ વ્યવહાર નયથી તો કપાટમાં સ્થિતિ અને તીર્છાલોકમાં પ્રવેશેલ જ બાદર અપર્યાપ્ત તેઉકાયિક કહેવાય છે. પણ કપાટમાં ન પ્રવેશેલ, તીર્છાલોકમાં ન પ્રવેશેલ, તે પૂર્વભવની અવસ્થાવાળા છે, માટે બાદર અપર્યાપ્ત તેઉકાયિક ન ગણવા. - x - x - સૂત્રનું વ્યાખ્યાન વ્યવહાર નયથી કરેલ છે. - x - કેમકે તેવો સંપ્રદાય છે. સૂત્રોની ગતિ વિચિત્ર હોવાથી તે કથન યુક્ત છે.

સમુદ્ઘાત વડે સર્વલોકમાં હોય છે. કપાટો વચ્ચે રહેલ સૂક્ષ્મ પૃથ્વીકાયિકાદિ જીવો બાદર અપર્યાપ્ત તેઉકાયિકોમાં ઉત્પન્ન થનાર છે, તે મારણાંતિક સમુદ્ઘાતથી લંબાઈમાં લોકાંતપર્યન્ત આત્મપ્રદેશોને વિસ્તારે છે, તે અવગાહના સંસ્થાનપદમાં કહેવાશે. - x - x - તેથી સૂક્ષ્મ પૃથ્વીકાયિકાદિ ઉત્પત્તિ દેશ સુધી આત્મપ્રદેશો દંડરૂપે વિસ્તારી અંતરાલ ગતિમાં વર્તતા અને બાદર અપર્યાપ્ત તેઉકાયનો આયુને અનુભવતા હોવાથી જેઓ બાદર અપર્યાપ્ત તેઉકાયિક કહેવાય છે. તેઓ - x - સમુદ્ઘાતથી સર્વલોક વ્યાપી છે.

બીજા આચાર્યો પણ કહે છે — બાદર અપર્યાપ્તા તેઉકાયો ઘણાં છે, કેમકે એક એક પર્યાપ્તાને આશ્રીને અસંખ્યાત અપર્યાપ્તા ઉત્પન્ન થાય છે. તે સૂક્ષ્મમાં પણ ઉત્પન્ન થાય, સૂક્ષ્મ જીવો તો બધે સ્થળે છે, તેથી બાદર અપર્યાપ્ત તેઉકાયિકો મારણાંતિક સમુદ્ઘાત કરીને સર્વલોકને પૂરે છે. તેમાં કોઈ દોષ નથી. - x - સ્વસ્થાનની અપેક્ષાએ લોકના અસંખ્યાતમાં ભાગમાં રહે છે, કેમકે પર્યાપ્તાની નિશ્રાએ અપર્યાપ્તા ઉત્પન્ન થાય છે, પર્યાપ્તાનું સ્થાન મનુષ્યક્ષેત્ર છે અને તે લોકનો અસંખ્યાતભાગ માત્ર છે.

સૂક્ષ્મ તેઉકાયનું સૂત્ર, સૂક્ષ્મ પૃથ્વીકાયવત્ જાણવું.

**● સૂત્ર-૧૯૩ :-**

***ભગવન્ ! પર્યાપ્તા બાદર વાયુકાયિકોના સ્થાનો ક્યાં કહ્યા છે ? ગૌતમ ! સ્વસ્થાનની અપેક્ષાએ સાત ઘનવાતમાં, સાત ઘનવાત વલયોમાં, સાત તનુવાતમાં, સાત તનુવાત વલયમાં, અધોલોકમાં પાતાળ, ભવન, ભવનપ્રસ્તટ, ભવનછિદ્ર, ભવનનિષ્કુટ, નરક, નરકાવલિ, નરકપ્રસ્તટ, નરકછિદ્ર, નરકનિષ્કૂટોમાં, ઉર્ધ્વ લોકમાં કલ્પ, વિમાન, વિમાનાવલિકા, વિમાનપ્રસ્તટ, વિમાનછિદ્ર, વિમાન નિષ્કૂટોમાં, તીર્છાલોકમાં - પૂર્વ પશ્ચિમ દક્ષિણ ઉત્તરમાં સર્વે લોકાકાશ છિદ્રોમાં, લોક નિષ્કૂટોમાં પર્યાપ્તા બાદર વાયુકાયના સ્થાનો કહ્યા છે. ઉપપાતથી લોકના અસંખ્યાત ભાગમાં, સમુદ્ઘાત વડે લોકના અસંખ્યાત ભાગોમાં, સ્વસ્થાન વડે પણ તેમજ છે.***

***ભગવન્ ! અપર્યાપ્ત બાદર વાયુકાયિકના સ્થાનો ક્યાં છે ? ગૌતમ ! જ્યાં બાદર વાયુકાયિકના પર્યાપ્તાના સ્થાનો છે, ત્યાં જ તેના અપર્યાપ્તાના સ્થાનો છે. ઉપપાત અને સમુદ્ઘાતથી સર્વલોકમાં અને સ્વસ્થાનથી લોકના અસંખ્યાતમાં ભાગમાં છે.***

*ભગવન્ ! સૂક્ષ્મ વાયુકાયિક પર્યાપ્તા-અપર્યાપ્તાના સ્થાનો ક્યાં છે ? ગૌતમ ! પર્યાપ્તા-અપર્યાપ્તા બંને એક પ્રકારના, વિશેષ રહિત, ભેદ રહિત અને સર્વલોકમાં વ્યાપ્ત છે.*

*ભગવન્ ! બાદર વનસ્પતિકાયિક પર્યાપ્તાના સ્થાનો ક્યાં છે ? ગૌતમ ! સ્વસ્થાનમાં સાતે ઘનોદધિમાં, સાતે ઘનોદધિ વલયોમાં, અધોલોકમાં - પાતાળ, ભવન, ભવનપ્રસ્તટોમાં, ઉર્ધ્વ લોકમાં — કલ્પ, વિમાન, વિમાનાવલિકા, વિમાનપ્રસ્તટોમાં, તીર્છા લોકમાં — કૂવા, તળાવ, નદી, દ્રહ, વાપી, પુષ્કરિણી, દીર્ઘિકા, ગુંજાલિકા, સરોવર, સરપંક્તિ, સરસરપંક્તિ, બિલ, બિલપંક્તિ, ઉજ્ઝર, નિર્ઝર, ચિલ્લલ, પલ્લલ, વપ્રિણ, દ્વીપ, સમુદ્રમાં, બધાં જળાશયોમાં, જળ સ્થાનોમાં આ પર્યાપ્તા બાદર વનસ્પતિકાયિકના સ્થાનોમાં કહેલ છે. ઉપપાત અને સમુદ્ઘાતથી સર્વલોકમાં, સ્વસ્થાનથી લોકના અસંખ્યાત ભાગમાં આવેલ છે.*

*ભગવન્ ! અપર્યાપ્તા બાદર વનસ્પતિકાયિકોના સ્થાનો ક્યાં છે ? ગૌતમ ! જ્યાં પર્યાપ્તા બાદર વનસ્પતિકાયિકના સ્થાનો છે, ત્યાં જ તેના અપર્યાપ્તાના સ્થાનો છે. ઉપપાત અને સમુદ્ઘાતથી સર્વલોકમાં, સ્વસ્થાનથી લોકના અસંખ્યાતમાં ભાગમાં છે.*

*ભગવન્ ! પર્યાપ્તા-અપર્યાપ્તા સૂક્ષ્મ વનસ્પતિકાયના સ્થાનો ક્યાં છે ? ગૌતમ ! પર્યાપ્તા-અપર્યાપ્તા બધાં એક પ્રકારના, વિશેષ રહિત, ભેદરહિત અને સર્વલોકમાં વ્યાપ્ત કહેલ છે.*

● **વિવેચન-૧૯૩ :-**

એ પ્રમાણે બાદર વાયુકાયિક અને વનસ્પતિકાયિકના પ્રત્યેકના પણ ત્રણ ત્રણ સૂત્રો કહેવા, વિશેષ એ કે — બાદર પર્યાપ્ત વાયુકાયિક સૂત્રમાં ભવનછિદ્ર - ભવનોના અવકાશાંતર, ભવન નિષ્કૂટ-ગવાક્ષાદિ સમાન, નરકનિષ્કૂટ-નરકાવાસ પ્રદેશ, ઈત્યાદિ - x -. પર્યાપ્તા વાયુ આતિ ઘણાં છે, કેમકે જ્યાં પોલાણ છે, ત્યાં વાયુ છે. ઉપપાતાદિ લોકના અસંખ્ય ભાગમાં છે.

અપર્યાપ્ત બાદર વાયુકાયિક સૂત્રમાં દેવ-નારક સિવાયના બાકીના કાયમાંથી બધાં બાદર પર્યાપ્ત વાયુકાયમાં ઉત્પન્ન થઈ શકે. - x - બાદર પર્યાપ્ત-અપર્યાપ્ત વાયુકાયિકોના ઘણાં સ્વસ્થાનો છે. વ્યવહારનયના મતે પણ ઉપપાતને આશ્રીને તેમનું સર્વલોક વ્યાપીપણું ઘટી શકે છે. સમુદ્ઘાત વડે તેમનું સર્વલોકવ્યાપીત્વ સુપ્રસિદ્ધ છે. કેમકે સૂક્ષ્મ જીવોમાં અને સર્વલોકમાં તેમની ઉત્પત્તિનો સંભવ છે.

બાદર પર્યાપ્ત વનસ્પતિકાય સૂત્રમાં સ્વસ્થાન ઘનોદધિ આદિ છે. તેમાં બાદર નિગોદોમાં શૈવાલાદિ સંભવે છે. સૂક્ષ્મ નિગોદોની ભવસ્થિતિ અંતર્મુહૂર્ત છે. તેથી પર્યાપ્ત બાદર નિગોદોમાં ઉત્પન્ન થતાં અને પર્યાપ્ત બાદર નિગોદનું આયુ અનુભવતા શુદ્ધ ઋજુસૂત્ર નયથી બાદર પર્યાપ્ત વનસ્પતિકાયિક તરીકે કહેવાય છે, ઉપપાતથી સર્વદા સર્વલોકને વ્યાપ્ત કરે છે. - x - સમુદ્ઘાતથી સર્વલોકમાં હોય. બાદરનિગોદો



સૂક્ષ્મનિગોદોનું આયુ બાંધી મરણ પામે ત્યારે ઉત્પત્તિ દેશ સુધી આત્મપ્રદેશને વિસ્તારે છે, ત્યારે બાદર પર્યાપ્તા નિગોદો જ સમુદ્ઘાતને પ્રાપ્ત થયેલા અને સર્વલોકમાં વ્યાપી છે, તેથી સમુદ્ઘાતથી સર્વલોકમાં છે, તેમ કહ્યું. પણ સ્વ સ્થાનથી લોકના અસંખ્યાતમાં ભાગમાં છે. કેમકે ઘનોદધ્યાદિ બધાં સ્થાનો લોકનો અસંખ્યાત ભાગ છે.

● **સૂત્ર-૧૯૪ :-**

*ભગવન્ ! પર્યાપ્તા-અપર્યાપ્તા બેઈન્દ્રિયોના સ્થાનો ક્યાં છે ? ગૌતમ ! ઉર્ધ્વલોકમાં તેના એક ભાગમાં, અધોલોકના એક ભાગમાં, તિર્છાલોકમાં — કૂવા, તળાવ, નદી, દ્રહ, વાવ, પુષ્કરિણી, દીર્ઘિકા, ગુંજાલિકા, સરોવર, સરપંક્તિ, સરસરપંક્તિ, બિલો, બિલ પંક્તિ, ઝરણા, પ્રવાહ, છિલ્લર, પલ્વલ, વપ્ર, દ્વીપ, સમુદ્ર અને બધાં જળાશય, જળ સ્થાનોમાં પર્યાપ્તા-અપર્યાપ્તા બેઈન્દ્રિયના સ્થાનો છે. ઉપપાત, સમુદ્ઘાત, સ્વસ્થાનથી લોકના અસંખ્યાતમાં ભાગે છે.*

*ભગવન્ ! પર્યાપ્તા-અપર્યાપ્તા તેઈન્દ્રિયોના સ્થાનો ક્યાં છે ? ગૌતમ ! ઉર્ધ્વ અને અધોલોકના એક ભાગમાં, તીર્છાલોકમાં કૂવા, તળાવ, નદી - x - યાવત્ - x - જળ સ્થાનોમાં આ પર્યાપ્તા-અપર્યાપ્તા તેઈન્દ્રિયના સ્થાનો છે. તેઓ ઉપપાત, સમુદ્ઘાત અને સ્વસ્થાન વડે લોકના અસંખ્યાતમાં ભાગમાં રહે છે.*

*ભગવન્ ! પર્યાપ્તા-અપર્યાપ્તા ચતુરિન્દ્રિયોના સ્થાનો ક્યાં છે ? ગૌતમ ! ઉર્ધ્વ અને અધોલોકના એક ભાગમાં તીર્છાલોકમાં કૂવા, તળાવ, નદી યાવત્ જળસ્થાનોમાં આ પર્યાપ્તા અપર્યાપ્તા ચઉરિન્દ્રિયના સ્થાનો છે, ઉપપાત, સમુદ્ઘાત અને સ્વસ્થાન વડે લોકના અસંખ્યાતમાં ભાગમાં છે.*

*ભગવન્ ! પર્યાપ્તા-અપર્યાપ્તા પંચેન્દ્રિયોના સ્થાનો ક્યાં છે ? ગૌતમ ! ઉર્ધ્વલોક અને અધોલોકના એક ભાગમાં, તીર્છાલોકમાં કૂવા, તળાવ, નદી યાવત્ જળસ્થાનોમાં આ પંચેન્દ્રિય પર્યાપ્તા-અપર્યાપ્તાના સ્થાનો છે. ઉપપાત, સમુદ્ઘાત અને સ્વસ્થાનથી લોકના અસંખ્યાતભાગમાં છે.*

● **વિવેચન-૧૯૪ :-**

એ પ્રમાણે બે-ત્રણ-ચાર ઈન્દ્રિય અને સામાન્ય પંચેન્દ્રિયોના સૂત્રો પણ જાણવા. વિશેષ એ - શંખ આદિ બેઈન્દ્રિયાદિ ઘણાં જીવો પાણીમાં ઉત્પન્ન થાય છે. તેથી બધાં સૂત્રોમાં કૂવાદિ કહ્યા છે. ઉર્ધ્વલોકમાં તેના એક ભાગમાં મેરુ આદિની વાવ વગેરેમાં, અધોલોકમાં - અધોલૌકિકગામના કૂવાદિમાં જાણવું. બાકી સ્વયં જાણવું. હવે પર્યાપ્તાપર્યાપ્ત નૈરયિકસ્થાન કહે છે—

● **સૂત્ર-૧૯૫ :-**

*ભગવન્ ! પર્યાપ્તા-અપર્યાપ્તા નૈરયિકના સ્થાનો ક્યાં છે ? ભગવન્ ! નૈરયિકો ક્યાં વસે છે ? ગૌતમ ! સ્વસ્થાન વડે સાતે પૃથ્વીમાં — રત્નપ્રભા, શર્કરા-વાલુકા-પંક-ધૂમ-તમઃ-તમસ્તમપ્રભા. અહીં નૈરયિકોના ૮૪-લાખ નરકાવાસો*

***કહ્યા છે. તે નરકો અંદરથી ગોળ, બહારથી ચોરસ, નીચે અસ્ત્રાની આકૃતિવાળા છે. તમસ્‌થી નિત્ય અંધકારવાળા, ગ્રહ-ચંદ્ર-સૂર્ય-નક્ષત્રરૂપ જ્યોતિષ્કના માર્ગરહિત, મેદ-વસા-પરુ-લોહી-માંસના કીચડથી વારંવાર ખરડાવાથી લિપ્ત ભૂમિતલવાળા, અશુચિ-બીભત્સ-અતિ દુર્ગંધી-કાપોત અગ્નિ વર્ણાભા-કર્કશ સ્પર્શવાળા-દુઃસહ અને અશુભ નરકાવાસો છે. તેમાં અશુભ વેદનાઓ છે. અહીં પર્યાપ્તા-અપર્યાપ્તા નૈરયિકના સ્થાનો છે તેઓ ઉપપાત, સમુદ્‌ઘાત, સ્વસ્થાનથી લોકના અસંખ્યાત ભાગે છે.***

***અહીં ઘણાં નૈરયિકો વસે છે. તેઓ કાળા, કાળી આભાવાળા, ગંભીર-અતિ રોમાંચ થાય તેવા, ભયંકર, ત્રાસ કરનારા અને વર્ણથી હે આયુષ્યમાન્ ! અતિ કાળા છે. તેઓ ત્યાં નિત્ય ડરેલા, નિત્ય ત્રાસિત, નિત્ય ઉદ્વિગ્ન, નિત્ય પરમ અશુભ સંબદ્ધ નરક ભયને અનુભવતા રહે છે.***

**● વિવેચન-૧૯૫ :-**

પર્યાપ્તા-અપર્યાપ્તા નૈરયિકોના સ્થાનો ક્યાં છે ? એમ પૂછે છે. વિશેષથી પૂછે છે - નારકો ક્યાં વસે છે ? ભગવંતે ઉત્તર આપ્યો કે સાતે પૃથ્વીમાં ઈત્યાદિ. સાતે પૃથ્વીના નરકાવાસ કુલ ૮૪ લાખ છે. તે આ રીતે — રત્નપ્રભામાં ૩૦-લાખ, શર્કરાપ્રભામાં ૨૫-લાખ, વાલુકાપ્રભામાં ૧૫-લાખ, પંકપ્રભામાં ૧૦-લાખ, ધૂમપ્રભામાં-૩-લાખ, તમઃપ્રભા પાંચ ઓછા એક લાખ, તમસ્તમપ્રભામાં-પાંચ. એમ ૮૪-લાખ, મેં તથા અન્ય તીર્થંકરોએ કહેલ છે.

તે નરકાવાસો અંદરથી ગોળ, બહારથી ચોરસ છે. આ કથન પીઠના ઉપરના મધ્ય ભાગને આશ્રીને છે. સર્વ પીઠાદિ અપેક્ષાએ પંક્તિબદ્ધ નરકાવાસો ક્રમશઃ ગોળ, ત્રિકોણ, ચતુષ્કોણ છે અને પુષ્પાવકીર્ણ નરકાવાસો જુદા જુદા સંસ્થાનવાળા છે. નીચે ક્ષુરપ્ર આકારના છે. તે આ રીતે — ભૂમિતલ કોમળતારહિત હોવાથી તીક્ષ્ણ કાંકરાવાળું છે, કાંકરાના સ્પર્શ માત્રથી અસ્તરા વડે પગ કપાય તેમ પગ કપાઈ જાય છે.

પ્રકાશના અભાવથી જે તમસ્ છે, તેનાથી હંમેશા અંધકારવાળા. કેવળ બહારના ભાગે સૂર્યપ્રકાશ હોવાથી અતિ મંદ અંધકાર હોય છે. નરકમાં તો તીર્થંકરના જન્મ, દીક્ષાદિ કાળ સિવાય હંમેશાં લેશમાત્ર પ્રકાશ ન હોવાથી મેઘાચ્છાદિત કૃષ્ણ પક્ષની મધ્ય રાત્રિમાં જન્માંધ માફક ગાઢ અંધકાર હોય છે. - x - ત્યાં પ્રકાશકર્તા સૂર્યાદિના અભાવથી હંમેશાં અંધકાર રહેલો છે. તે આ રીતે — ગ્રહ, ચંદ્ર આદિ પાંચે જ્યોતિષ્કોનો માર્ગ નથી એવા, સ્વાભિક મેદ, ચરબી, પરુ ઈત્યાદિથી લિપ્ત ભૂમિતળવાળા અને આ કારણથી અશુચિ, અતિ સૂગ ઉત્પન્ન કર્તા, કાચા મળ જેવી ગંધવાળા, અતિ દુર્ગન્ધી, મૃત કલેવરોથી પણ અતિ અનિષ્ટ દુર્ગંધવાળા, - x - અતિ કૃષ્ણ વર્ણરૂપ અગ્નિની જ્વાળા જેવી આભાવાળા કેમકે નારકોના ઉત્પત્તિ સ્થાન સિવાય નરકાવાસો બધે સ્થાને ઉષ્ણરૂપ છે. આ કથન છઠ્ઠી-સાતમી પૃથ્વી સિવાય જાણવું. કેમકે તે પૃથ્વી કૃષ્ણરૂપ અગ્નિ વર્ણ જેવી નથી.



ત્યાંનો સ્પર્શ અસિપત્ર જેવો દુઃસહ છે, તેથી જ દુઃખે સહન થાય તેવો છે. દર્શન અને ગંધાદિથી પણ આ નરકો અશુભ છે. નરકની વેદના અત્યંત અસાતારૂપ હોય છે. ઈત્યાદિ - x -

ત્યાં વસતા નૈરયિક કાળા છે. કોઈ નૈરયિક થોડો કાળો પણ હોય, તે આશંકા દૂર કરવા કહે છે - કાળી કાંતિવાળા અર્થાત્ કૃષ્ણ પ્રભાના સમુદાયથી ઉપચિત છે. જેનાથી ભય વડે અતિ ઉત્કટ રોમાંચ થાય છે તેવા કેમકે કૃષ્ણ-કૃષ્ણાભા નૈરયિકના દર્શન માત્રથી બીજા નારક જીવોને ભય ઉત્પન્ન કરવા વડે અતિ રોમાંચ ઉત્પન્ન કરે છે. તેથી ભયંકર છે, તેથી બીજા જીવોને ત્રાસદાયી છે. વર્ણથી અતિ કાળા છે, તેથી ભયાનક કોઈ વસ્તુ નથી. તેઓ અત્યંત કૃષ્ણવર્ણવાળા છે.

તેઓ નિત્ય ક્ષેત્રના સ્વભાવથી ઉત્પન્ન અતિ ગાઢ અંધકારના દર્શનથી ભયભીત, સર્વકાળ પરમાધામી કે પરસ્પર ઉત્પન્ન કરેલ દુઃખના ભયથી ત્રાસને પ્રાપ્ત, હંમેશાં ઉદ્વિગ્ન-અતિ દુઃસહ શીતાદિ વેદના, પરમાધામી અને પરસ્પર ઉદીરીત વેદનાથી ઉદ્વિગ્ન, નરકાવાસથી પરાંઙ્મુખ ચિત્તવાળા, તેથી એકાંત અશુભ અને નિરંતર સંબંધવાળા, સતત નરકદુઃખ અનુભવે છે.

**● સૂત્ર-૧૯૬ થી ૨૦૦ :-**

***[૧૯૬] ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વી નૈરયિક પર્યાપ્તા-અપર્યાપ્તાના સ્થાનો ક્યાં છે ? ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વી નૈરયિકો ક્યાં વસે છે ? ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીના ૧,૮૦,૦૦૦ યોજન બાહલ્યના ઉપર-નીચેના એક-એક હજાર યોજન છોડીને વચ્ચેના ૧,૭૮,૦૦૦ યોજન પ્રમાણ ભાગમાં રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકોનો ૩૦ લાખ નરકાવાસો કહ્યા છે. તે નરકો અંદરથી ગોળ, બહાર ચોરસ, નીચે ક્ષુરપ્ર આકારવાળા, તમસ્‌થી નિત્ય અંધકારવાળા, ગ્રહ, ચંદ્ર, સૂર્ય, નક્ષત્રરૂપ જ્યોતિષ્ક માર્ગ રહિત, મેદ-વસા આદિથી લિપ્ત ભૂમિ છે એવા, અશુચિ-વિસ્ર, અતિ દુરભિગંધવાળા, કૃષ્ણ અગ્નિ વર્ણાભા, કર્કશસ્પર્શવાળા, દુરધ્યાસ, અશુભ નારકો છે, નરકની વેદના અશુભ છે. અહીં રત્નપ્રભા પૃથ્વી નૈરયિક પર્યાપ્તા-અપર્યાપ્તના સ્થાનો છે. ઉપપાત, સમુદ્‌ઘાત, સ્વસ્થાનથી તેઓ લોકના અસંખ્યાતમાં ભાગે છે, ત્યાં ઘણાં રત્નપ્રભા પૃથ્વી નૈરયિકો વસે છે.***

***તેઓ કાળા, કાળી વર્ણાભાવાળા, ગંભીર-રોમાંચ થાય તેવા, ભયંકર, ત્રાસ ઉત્પન્નકર્તા, વર્ણથી પરમકૃષ્ણ એવા હે આયુષ્યમાન્ શ્રમણ ! કહેલા છે. તેઓ નિત્ય ડરેલા, નિત્ય ત્રસ્ત, નિત્ય ત્રાસિત, નિત્ય ઉદ્વિગ્ન, નિત્ય પરમ અશુભ સંબદ્ધ અને નરકના ભયને અનુભવતા વિચરે છે.***

***ભગવન્ ! પર્યાપ્તા-અપર્યાપ્તા શર્કરા પૃથ્વી નૈરયિકોના સ્થાનો ક્યાં છે ? ભગવન્ ! શર્કરા પૃથ્વી નૈરયિકો ક્યાં રહે છે ? ગૌતમ ! ૧,૩૨,૦૦૦ યોજન જાડાઈવાળી શર્કરાપ્રભા પૃથ્વીમાં ઉપર-નીચેથી એક-એક હજાર યોજન છોડીને વચ્ચેના ૧,૩૦,૦૦૦ યોજન ભાગમાં શર્કરાપ્રભા પૃથ્વીના ૨૫-લાખ નરકાવાસો***

છે, તે નરકો અંદરથી ગોળ, બહારથી ચોરસ, નીચે ક્ષુરપ્ર આકારે છે. તમસ્થી નિત્ય અંધકારવાળા યાવત્ અશુભ નરકો છે, તે નરકોમાં અશુભ વેદનાઓ છે. અહીં શર્કરાપ્રભાના નૈરયિકોના પર્યાપ્તા-અપર્યાપ્તાના સ્થાનો છે. ઉપપાત, સમુદ્‌ઘાત, સ્વસ્થાનથી લોકના અસંખ્યાતમાં ભાગે છે, ત્યાં ઘણાં શર્કરાપ્રભાપૃથ્વી નૈરયિકો વસે છે. તે કાળા, કૃષ્ણાભા વાળા યાવત્ વર્ણથી પરમકૃષ્ણ છે. તેઓ નિત્ય ડરેલા યાવત્ નરકના ભયને અનુભવતા રહે છે.

ભગવન્ ! પર્યાપ્તા-અપર્યાપ્તા વાલુકાપ્રભા પૃથ્વી નૈરયિકોના સ્થાનો ક્યાં છે ? ભગવન્ ! તે વાલુકાપ્રભા પૃથ્વી નૈરયિકો ક્યાં વસે છે ? ગૌતમ ! વાલુકાપ્રભા પૃથ્વીની ૧,૨૮,૦૦૦ યોજન જાડાઈના ઉપર-નીચેના એક-એક હજાર યોજન છોડીને વચ્ચેના ૧,૨૬,૦૦૦ યોજન ભાગમાં વાલુકાપ્રભા પૃથ્વીના નૈરયિકોના ૧૫-લાખ નરકાવાસો કહ્યા છે. તે નરકો અંદરતી ગોળ, બહારથી ચોરસ યાવત્ - x - દૂરધ્યાસ અશુભ નરકો છે. તે નરકની વેદના અશુભ છે. અહીં પર્યાપ્તા-અપર્યાપ્તા વાલુકાપ્રભા પૃથ્વી નૈરયિકોના સ્થાનો છે. ઉપપાતાદિથી લોકના અસંખ્યાતમા ભાગે છે. ત્યાં વાલુકાપ્રભા પૃથ્વીના નૈરયિકો વસે છે. તે કાળા, કાળી વર્ણાભાવાળા યાવત્ વર્ણથી પરમકૃષ્ણ છે. ત્યાં તેઓ - x - નરક ભયને અનુભવતા રહે છે.

ભગવન્ ! પર્યાપ્તા-અપર્યાપ્તા પંકપ્રભા પૃથ્વીના નૈરયિકોના સ્થાનો છે ? ભગવન્ ! પંકપ્રભા પૃથ્વી નૈરયિકો ક્યાં વસે છે ? ગૌતમ ! પંકપ્રભા પૃથ્વીની ૧,૨૦,૦૦૦ યોજન જાડાઈના ઉપર-નીચેના એક-એક હજાર યોજન છોડીને વચ્ચેના ૧,૧૮,૦૦૦ યોજનમાં પંકપ્રભા પૃથ્વીના દશ લાખ નરકાવાસો છે. તે નરકો અંદરથી ગોળ, બહારથી ચોરસ યાવત્ - x - કર્કશ સ્પર્શવાળા દૂરધ્યાસ, અશુભ નરકો, અશુભ નરક વેદનાવાળા છે. અહીં પંકપ્રભા પૃથ્વી નૈરયિકોના પર્યાપ્તા-અપર્યાપ્તાના સ્થાનો છે. ઉપપાતાદિ ત્રણેથી લોકના અસંખ્યાત ભાગમાં છે. ત્યાં ઘણાં પંકપ્રભા પૃથ્વી નૈરયિકો વસે છે. તે કાળા યાવત્ વર્ણથી પરમકૃષ્ણ છે. તે નિત્ય ડરેલા, નિત્ય ત્રસ્ત યાવત્ નરકભયને અનુભવતા રહે છે.

ભગવન્ ! પર્યાપ્તા-અપર્યાપ્તા ધૂમપ્રભા પૃથ્વી નૈરયિકોના સ્થાનો ક્યાં છે ? ભગવન્ ! ધૂમપ્રભા પૃથ્વી નૈરયિકો ક્યાં વસે છે ? ગૌતમ ! ધૂમપ્રભા પૃથ્વીની ૧,૧૮,૦૦૦ યોજન જાડાઈના ઉપર-નીચેના એક-એક હજાર યોજન છોડીને વચ્ચેના ૧,૧૬,૦૦૦ યોજનમાં ધૂમપ્રભા પૃથ્વીના ત્રણ લાખ નરકાવાસો કહ્યા છે. તે નરકો અંદરથી ગોળ, બહારથી ચોરસ ઈત્યાદિ બધું પૂર્વવત્ કહેવું. અહીં નરકની અશુભ વેદના છે. અહીં પર્યાપ્તા-અપર્યાપ્તા ધૂમપ્રભા પૃથ્વી નૈરયિકોના સ્થાનો છે. ઉપપાતાદિ ત્રણેથી લોકના અસંખ્યાત ભાગમાં છે. ત્યાં ઘણાં ધૂમપ્રભા પૃથ્વી નૈરયિકો વસે છે. તેઓ કાળા યાવત્ પરમકૃષ્ણ છે. તેઓ નિત્ય ડરેલા યાવત્ નરકભયને અનુભવતા રહે છે.



ભગવન્ ! પર્યાપ્તા-અપર્યાપ્તા તમઃપ્રભા પૃથ્વી નૈરયિકોના સ્થાનો ક્યાં છે ? ભગવન્ ! તમઃપ્રભા પૃથ્વીનૈ નૈરયિકો ક્યાં વસે છે ? ગૌતમ ! ૧,૧૬,૦૦૦ યોજન જાડાઈવાળી તમઃપ્રભા પૃથ્વીની ઉપર-નીચેના એક-એક હજાર યોજન છોડીને વચ્ચેના ૧,૧૪,૦૦૦ યોજન ભાગમાં તમઃપ્રભા પૃથ્વીના નૈરયિકોના પાંચ ન્યૂન એક લાખ નરકાવાસો છે. તે નરકો અંદરથી ગોળ, બહારથી ચોરસ ઈત્યાદિ છે. તે નરકો અશુભ છે, ત્યાંની વેદના અશુભ છે. અહીં પર્યાપ્તા-અપર્યાપ્તા તમઃપૃથ્વી નૈરયિકોના સ્થાનો છે. તે ઉપપાતાદિ ત્રણેથી લોકના અસંખ્યાતમા ભાગમાં છે. ત્યાં ઘણાં તમસ્પ્રભા પૃથ્વી નૈરયિકો વસે છે. તેઓ કાળા યાવત્ પરમકૃષ્ણ છે. તેઓ નિત્ય ડરેલા યાવત્ નરકભયને અનુભવતા રહે છે.

ભગવન્ ! તમસ્તમા પૃથ્વી નૈરયિકોના પર્યાપ્તા-અપર્યાપ્તાના સ્થાનો ક્યાં છે ? ભગવન્ ! તમસ્તમા પૃથ્વી નૈરયિકો ક્યાં વસે છે ? ગૌતમ ! તમસ્તમા પૃથ્વીની ૧,૦૮,૦૦૦ યોજન જાડાઈના ઉપર-નીચેના સાડી બાવન હજાર યોજન છોડીને વચ્ચેના ૩૦૦૦ યોજનોમાં આ તમસ્તમા પૃથ્વીના પર્યાપ્ત-અપર્યાપ્તા નૈરયિકોના પાંચ દિશામાં પાંચ અનુત્તર એવા મહા-મોટા નરકાવાસો કહેલા છે. તે આ રીતે — કાળ, મહાકાળ, રૌરવ, મહારૌરવ, અપ્રતિષ્ઠાન. તે નરકો અંદરથી ગોળ, બહારથી ચોરસ, નીચે ક્ષુરપ્ર સંસ્થાન સંસ્થિત છે. તમસ્થી નિત્ય અંધકારવાળા, ગ્રહ-ચંદ્ર-સૂર્ય-નક્ષત્ર જ્યોતિષ્ માર્ગ રહિત, મેદ-ચરબી-પૂતસમૂહ-લોહી-માંસ-ચિક્‌ખલાદિથી લિપ્ત થયેલ ભૂમિતલવાળા, અશુચિ-વિસ્રથી પરમ દુર્ગન્ધી, કર્કશ સ્પર્શવાળા, દુરધ્યાસ અશુભ નરકો છે. નરકની વેદના અશુભ છે. અહીં તમસ્તમા પૃથ્વી નૈરયિકોના સ્થાનો છે.

ઉપપાત, સમુદ્‌ઘાત અને સ્વસ્થાનથી લોકના અસંખ્યાતમાં ભાગે છે. ત્યાં ઘણાં તમસ્તમા પૃથ્વી નૈરયિકો વસે છે. તે કાળા, કાળી આભાવાળા, ગંભીર-રોમાંચ થાય તેવા, ભયંકર, ત્રાસોત્પાદક, પરમકૃષ્ણ વર્ણવાળા છે. હે આયુષ્યમાન્ શ્રમણ ! તેઓ નિત્ય ડરેલા, નિત્ય ત્રસ્ત, નિત્ય ત્રાસિત, નિત્ય ઉદ્વિગ્ન, નિત્ય પરમ અશુભ સંબદ્ધ, નરકભયને અનુભવતા રહે છે.

[૧૯૭ થી ૨૦૦] એક લાખ ઉપર એંશી, બત્રીશ, અઠ્ઠાવીશ, વીશ, અઢાર, સોળ, આઠ હજાર યોજન બધાંની નીચેની સાતમી પૃથ્વીની જાડાઈ છે.... એક લાખ ઉપર અઠ્ઠોતેર, ત્રીશ, છવ્વીશ, અઢાર, સોળ હજાર, છઠ્ઠી પૃથ્વીના ૧,૧૪,૦૦૦ યોજનમાં તથા તમસ્તમા પૃથ્વીના ઉપરના અને નીચેના સાડીબાવન-સાડી બાવન હજાર છોડીને વચ્ચેના ત્રણ હજાર યોજનમાં નરકાવાસો છે. જે ત્રીશ લાખ, પચીશ લાખ ઈત્યાદિ પૂર્વવત્ - x - કહેવા.

● વિવેચન-૧૯૬ થી ૨૦૦ :-

એ રીતે સામાન્યથી નૈરયિક સૂત્રની વ્યાખ્યા કરી. એ પ્રમાણે રત્નપ્રભાદિ

સૂત્રોનો યથાયોગ્ય વિચાર કરવો. પણ છઠ્ઠી, સાતમી પૃથ્વીમાં જે નરકાવાસો છે. તે કૃષ્ણાગ્નિ વર્ણ જેવા ન કહેવા. કેમકે ત્યાં નારક જીવોની ઉત્પત્તિ સ્થાન સિવાય બધે શીતપરિણામ છે. પણ કૃષ્ણ અગ્નિના વર્ણ જેવી ઉષ્ણરૂપ નથી.

હવે પૂર્વોક્ત નરકપૃથ્વીની જાડાઈનું પરિમાણ દર્શાવતી સંગ્રહણી ગાથા કહી છે. આશીત - એંશી હજાર અધિક એક લાખ યોજન રત્નપ્રભાની જાડાઈ છે ઈત્યાદિ - x - x - સૂત્રાર્થમાં કહ્યા મુજબ જાણી લેવું. ત્યારપછી ઉપર-નીચે એક-એક હજાર યોજન મૂકીને જેટલી નરકાવાસને યોગ્ય નરકપૃથ્વીની જાડાઈ છે, તેનો સંગ્રહ દર્શાવતી ગાથા કહી છે. પછી નરકાવાસ સંખ્યા બતાવતી ગાથા કહી છે, જે સુગમ છે.

● **સૂત્ર-૨૦૧ :-**

*ભગવન્ ! પર્યાપ્તા-અપર્યાપ્તા પંચેન્દ્રિય તિર્યંચોના સ્થાનો ક્યાં કહ્યા છે ? ગૌતમ ! ઉર્ધ્વલોકના એક દેશ ભાગમાં, અધોલોકના એક દેશ ભાગમાં, તીર્છાલોકમાં કૂવા, તળાવ, નદી, દ્રહ, વાવ, પુષ્કરિણી, દીર્ધિકા, ગુંજાલિકા, સર, સરપંક્તિ, સરસરપંક્તિ, બિલ, બિલપંક્તિ, ઉજ્ઝર, નિજ્ઝર, ચિલ્લલ, પલ્લલ, વપ્ર, દ્વીપ, સમુદ્ર, સર્વે જળાશયોમાં, જળ સ્થાનોમાં આ પર્યાપ્તા-અપર્યાપ્તા તિર્યંચ પંચેન્દ્રિયોના સ્થાનો કહ્યા છે. ઉપપાત, સમુદ્દ્ઘાત, સ્વસ્થાનથી લોકના અસંખ્યાતમાં ભાગમાં હોય છે.*

● **વિવેચન-૨૦૧ :-**

સૂત્ર પૂર્વવત્. ઉર્ધ્વલોકમાં મેરુ આદિની વાવમાં રહેલ મત્સ્યાદિ અને અધોલોકમાં - અધોલૌકિક ગ્રામાદિમાં જાણવા.

● **સૂત્ર-૨૦૨ :-**

*ભગવન્ ! પર્યાપ્તા-અપર્યાપ્તા મનુષ્યોના સ્થાનો ક્યાં કહ્યા છે ? ગૌતમ ! ૪૫-લાખ યોજન મનુષ્યક્ષેત્રમાં અઢીદ્વીપ-સમુદ્રોમાં, ૧૫-કર્મભૂમિમાં, ૩૦-અકર્મભૂમિમાં, ૫૬-અંતર્દ્વીપોમાં પર્યાપ્તા-અપર્યાપ્તા મનુષ્યોના સ્થાનો કહ્યા છે. ઉપપાત અને સ્વસ્થાનથી લોકા અસંખ્યાતમા ભાગમાં છે. સમુદ્દ્ઘાત સર્વલોકમાં છે.*

● **વિવેચન-૨૦૨ :-**

સૂત્ર સુગમ છે. સર્વલોકમાં સમુદ્દ્ઘાત, કેવલી સમુદ્દ્ઘાતને આશ્રીને કહ્યો છે. હવે ભવનપતિના સ્થાન કહે છે.

● **સૂત્ર-૨૦૩ થી ૨૦૫ ચાલુ :-**

*[૨૦૩] ભગવન્ ! પર્યાપ્તા-અપર્યાપ્તા ભવનવાસી દેવોના સ્થાનો ક્યાં કહ્યા છે ? ભગવન્ ! ભવનવાસી દેવો ક્યાં વસે છે ? ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીની ૧,૮૦,૦૦૦ યોજનની જાડાઈના ઉપર-નીચેના એક-એક હજાર છોડીને વચ્ચેના ૧,૭૮,૦૦૦ યોજન ભાગમાં ભવનવાસી દેવોના સાતક્રોડ બોંતેર લાખ ભવનો છે. તે ભવનો બહારથી ગોળ, અંદરથી ચોરસ, નીચે પુષ્કર કર્ણિકા સંસ્થાનથી સંસ્થિત, ઉત્કિર્ણ અંતરવાળી વિપુલ ગંભીર ખાઈ અને પરિખા ચોતરફ*



*છે. પ્રાકાર-અટ્ટાલક-કપાટ-તોરણ-પ્રતિદ્વાર દેશ ભાગવાળા, યંત્રો-શતઘ્ની-મુશલ-મુસુંઢીથી યુક્ત, અયોધ્યા, સદા જયવાળા, સદા ગુપ્ત, ૪૮-કોષ્ટકરચિત, ૪૮-વનમાળા યુક્ત, ક્ષેમ-શિવ-કિંકર દેવોથી દંડોપરક્ષિત, લીંપણ-ગુંપણથી શોભિત, ગોશીર્ષ-સરસ-રક્ત ચંદન વડે હાથના થાપા મારેલ છે એવાં, ચંદનના કળશો મૂકેલ, ચંદનના ઘટથી શોભિત તોરણો જેના લઘુ દ્વારમાં આવેલ છે એવા, ભૂમિની નીચે લાગેલ અને ઉપર લટકાવેલ ફૂલની માળાઓના ઝુમખાંવાળા, વેરાયેલ પંચવર્ણી સરસ સુગંધી પુષ્પના ઢગલાની શોભાયુક્ત કાળો અગરુ-શ્રેષ્ઠ કીંદ્રૂપ-તુરુષ્કની ધૂપથી મઘમઘતા અને ગંધ વડે રમણીય, શ્રેષ્ઠ સુગંધથી ગંધિત, ગંધવર્તીભૂત, અપ્સરા ગણના સમુદાયથી વ્યાપ્ત, દીવ્ય વાંજિત્ર શબ્દયુક્ત, સર્વરત્નમય, અતિસ્વચ્છ, સ્નિગ્ધ, કોમળ, ઘસીને સાફ કરેલા, રજરહિત, નિર્મળ, નિષ્પંક, નિરાવરણ, કાંતિ-પ્રભા-કીરણોયુક્ત, ઉધોતવાળા, પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ છે.*

*અહીં પર્યાપ્તા-અપર્યાપ્તા ભવનવાસી દેવોના સ્થાનો છે. ઉપપાત-સમુદ્દ્ઘાત-સ્વસ્થાનથી લોકના અસંખ્યાત ભાગમાં છે. ત્યાં ઘણાં ભવનવાસી દેવો રહે છે. તે આ —*

*[૨૦૪] અસુર, નાગ, સુવર્ણ, વિદ્યુત્, અગ્નિ, દ્વીપ, ઉદધિ, દિશિ, પવન, સ્તનિત એ દશ ભવનવાસી કુમારો છે.*

*[૨૦૫-ચાલુ] ભૂષણમાં (૧) ચૂડામણિરત્ન મુગટ, (૨) નાગની ફેણ, (૩) ગરુડ, (૪) વજ, (૫) પૂર્ણ કલશાંકિત મુગટ, (૬) સિંહ, (૭) ઘોડો, (૮) હાથીરૂપ શ્રેષ્ઠ ચિહ્ન છે, (૯) આશ્ચર્યકારી મગર, (૧૦) વર્દ્ધમાનક એ ચિહ્નો અનુક્રમે અસુરકુમારાદિ ભવનવાસી દેવોના છે.*

*તેઓ સુરૂપ, મહર્દ્ધિક, મહદ્યુતિક, મહાબલ, મહાયશ, મહાનુભવ, મહાસૌખ્ય, હારથી વિરાજિત છાતીવાળા, કડગ અને ત્રુટિતથી સ્તંભિત ભૂજાવાળા, અંગદ-કુંડલથી મૃષ્ટ ગંડતલવાળા, કર્ણપીઠધારી, વિચિત્ર હસ્તાભરણવાળા, વિચિત્ર માલ-મૌલિ-મુગટ યુક્ત, કલ્યાણગ-પ્રવર વસ્ત્ર ધારણ કરેલ, કલ્યાણક પ્રવર માળા-અનુલેપનધર, દેદીપ્યમાનશરીરી, લાંબી લટકતી વનમાળા ધારણ કર્તા, દિવ્ય એવા વર્ણ, ગંધ, સ્પર્શ, સંઘયણ, સંસ્થાન, ઋદ્ધિ, ધુતિ, પ્રભા, છાયા, અર્ચી, તેજ, લેશ્યા વડે દશે દિશાઓને ઉધોતીત, પ્રભાસિત કરતા, ત્યાં પોતપોતાના લાખો ભવનવાસો, હજારો સામાનિકો, ત્રાયસ્ત્રિંશકો, લોકપાલો, અગ્રમહિષી, પર્ષદાઓ, અનિકો, અનિકાધિપતિઓ, હજારો આત્મરક્ષક દેવો, બીજા પણ ઘણાં ભવનવાસી દેવોનું આધિપત્ય, પૌરોપત્ય, સ્વામીત્વ, ભર્તૃત્વ, મહત્તરકત્વ, આજ્ઞા-ઐશ્વર્ય-સેનાપત્ય કરતા, પાલન કરતા, મહા આહત-નૃત્ય-ગીત-વાજિંત્ર-તંતી-તલ-તાલ-ત્રુટિત-ઘનમૃદંગના રવ આદિ વડે દિવ્ય ભોગ ભોગવતા રહે છે.*

● **વિવેચન-૨૦૩ થી ૨૦૫ ચાલુ :-**

ભવનવાસી દેવો, રત્નપ્રભાના મધ્યના ૧,૭૮,૦૦૦ યોજનમાં રહે છે. - x - નીચેના ભાગે તે ભવનો કમળકર્ણિકા સંસ્થાનવાળા છે. કમળના મધ્ય ભાગે ઉંચી, સમાન, વિચિત્ર ટપકાવાળી કર્ણિકા કહેવાય છે. કોતરેલ હોય તેવી એટલે અત્યંત સ્પષ્ટ અંતર જેમને છે તેવી વિપુલ અને ગંભીર ખાત અને પરિખા છે. - x - x - ખાત અને પરિખાનો ભેદ આ છે — પરીખા ઉપર પહોળી અને નીચે સંકુચિત હોય છે. ખાત ઉપર નીચે બંને સ્થળે સમાન હોય છે.

દરેક ભવનના પ્રાકાર-કિલ્લા, અટ્ટાલક-કિલ્લા ઉપરના નોકરોને રહેવાના સ્થાન, કપાટ-પોળના દ્વારના કમાડો, આના વડે બધાં ભવનોમાં પોળ-પ્રતોલી હોય છે, તેમ સૂચવ્યું. અન્યથા અહીં કમાડો અસંભવ છે, પોળના દ્વારના તોરણો, પ્રતિદ્વાર એટલે મોટા બારણાની નાની બારીઓ રૂપ વિભાગો જેમાં છે તે.

વિવિધ યંત્રો, શતઘ્ની-મોટી લાકડી કે શીલાઓ કે જે પાડવાથી સો પુરુષો નાશ કરે, મુસંઢી-એક શસ્ત્ર વડે યુક્ત. તેથી જ હંમેશાં અયોધ્ય-બીજા વડે યુદ્ધ કરવું અશક્ય, તેથી જ જેમનો સદા જય છે એવા. હંમેશાં યુદ્ધપુરુષોથી શસ્ત્રો વડે ગુપ્ત, કેમકે યોદ્ધાઓ ભવનની ચોતરફ નિરંતર હોવાથી ત્યાં અન્ય શત્રુઓનો જરા પણ પ્રવેશ થવો સંભવિત નથી.

૪૮ પ્રકારની રચનાયુક્ત કોષ્ઠક જ્યાં સ્વતઃ રચેલા છે, ૪૮ પ્રકારની ભિન્ન રચનાવાળી જ્યાં વનમાળા છે એવા ભવનો છે. અન્ય આચાર્યો કહે છે — 'अडयाल' શબ્દ પ્રશંસાવાચી છે. તેથી પ્રશસ્ત કોષ્ઠક રચનાવાળા આદિ - x - ભવનો છે.

क्षेमादि - ઉપદ્રવ રહિત, સદા મંગલયુક્ત, ચાકરરૂપે રહેલા દેવોથી દંડ વડે ચોતરફ રક્ષણ કરાયેલ છે. ભૂમિને છાણાદિથી લીંપેલ, ભીંત અને માળને ચુનાથી ધોળેલ, તે વડે સુશોભિત છે. ગોશીર્ષચંદન - x - ગાઢ અથવા હથેલીના થાપા મારેલા છે. મૂકેલ છે માંગલિક કળશો જેમાં એવા, ચંદનના કળશો વડે સુશોભિત તોરણો જેના નાના બારણાના દેશભાગને વિશે છે એવાં,

आसक्त આદિ - ભૂમિમાં લાગેલ, ઉપર ચંદરવાની નીચે, વિસ્તીર્ણ, ગોળ, લટકતી પુષ્પની માળાઓનો સમૂહ જેમાં છે તે. પાંચ વર્ણના સરસ સુગંધી પુષ્પના ઢગલાના શોભાથી યુક્ત. कालागरु આદિ - અગર, પ્રધાન કુંદુરુક્ક, શિલારસ, તેના ધૂપથી મઘમઘાયમાન - ચોતરફ પ્રસરેલ ઉત્કટ ગંધ વડે મનોહર તથા સુંદર ગંધવાળા ઉત્તમ સુગંધી પદાર્થોની ગંધયુક્ત, સુગંધના અતિશયપણાથી સુગંધદ્રવ્યની ગુટિકા જેવાં તથા અપ્સરા ગણના સમુદાય વડે સમ્યક્ અત્યંત-રમણીયપણાંથી વ્યાપ્ત થયેલાં.

તથા દિવ્ય વેણુ, વીણા, મૃદંગાદિ વાજિંત્રના શબ્દો વડે સમ્યક્ શ્રોતાના મનને હરણ કરવા વડે પ્રકર્ષ શબ્દવાળાં, સર્વ રત્નમય-માત્ર એક ભાગ રત્નમય નહીં એવા, આકાશ અને સ્ફટિક માફક અતિસ્વચ્છ, સ્નિગ્ધ પુદ્ગલ સ્કંધ વડે બનેલાં, સ્નિગ્ધ





અવયવથી બનેલા પટની માફક મસૃણ, ઘુંટેલા પટની માફક કોમળ, સરાણના પત્થરથી પાષાણ પ્રતિમા માફક ઘસેલ. ઘસીને કોમળ કરેલ, તેથી સ્વાભાવિક રજરહિત, તેથી ધૂળ વિનાના, આગંતુક મેલ રહિત, કલંક કે કીચડ રહિત, આવરણ રહિત છાયાવાળા, સ્વરૂપથી પ્રભાવાળા, બહાર નીકળતા કિરણોવાળા, બાહ્ય વસ્તુ સમૂહને પ્રકાશક, મનને પ્રસન્ન કરનાર, જોવા યોગ્ય - જેને જોતાં ચક્ષુને શ્રમ ન પડે તેવા, અભિરૂપ - અતિ મનોહર, પ્રતિરૂપ છે.

આ અનંતરોક્ત અસુરકુમારાદિ ભવનવાસી યથાક્રમે ચૂડામણિમુગટ આદિ ચિહ્નના ધારક છે. તેથી કહે છે — અસુરકુમાર ભવનવાસીના મુગટમાં ચૂડામણિ નામે રત્ન ચિહ્નરૂપ છે. નાગકુમારો ભૂષણમાં રહેલ નાગની ફેણરૂપ ચિહ્નના ધારક છે. સુવર્ણકુમાર ગરુડ ચિહ્નધર છે. વિદ્યુત્કુમાર વજ્રરૂપ ચિહ્નધર છે, વજ્ર એટલે શક્રનું આયુધ. અગ્નિકુમારના મુગટમાં પૂર્ણકળશરૂપ ચિહ્ન છે. દ્વીપકુમાર ભૂષણમાં સિંહરૂપ ચિહ્નધર છે. ઉદધિકુમાર ભૂષણમાં શ્રેષ્ઠ ઘોડારૂપ ચિહ્નધર છે. એ પ્રમાણે દિશા કુમારો હાથીરૂપ ચિહ્નધર છે. વાયુકુમાર મગરરૂપ ચિહ્નધર છે. સ્તનિતકુમાર વર્ધમાનક - શરાવ સંપુટરૂપ ચિહ્નધર છે. અહીં અક્ષરગમનિકા બતાવે છે - જેમકે ભૂષણમાં નાગની ફેણ, ગરુડ, વજ્ર જેને છે તેવા - x - ઉપ્ફેસ એટલે મુગટ, અંક-ભૂષણ.

વળી તેઓ કેવા છે ? સુરૂપ - શોભનરૂપવાળા અર્થાત્ અતિ કમનીય. મહર્દ્ધિક-ભવન પરિવારાદિ મહાઋદ્ધિ. શરીરે રહેલ આભરણયુક્ત મહાદ્યુતિ. શાપ અને અનુગ્રહ વિષયક સામર્થ્ય તે મહાનુભાગ. મહાન્ ઐશ્વર્યયુક્ત પ્રસિદ્ધિવાળા અથવા મહાન્ પોતાના ઐશ્વર્યને જણાવનાર - x - અથવા પુષ્કળ સાતા વેદનીયના ઉદયથી મોટા સુખવાળા. કોઈ આચાર્ય કહે છે — महासक्ख એવો પાઠ છે તેથી-જલ્દી ગમન કરે છે માટે અશ્વ-મન અને પોતપોતાના વિષયને વ્યાપ્ત કરે છે માટે अक्ष - ઈન્દ્રિય અર્થાત્ મહાન મને અને ઈન્દ્રિય જેમને છે એવા. [તથા-]

હાર વડે વિરાજિત વક્ષવાળા. કટક-કલાચિક આભરણ, ત્રુટિત-બાહુરક્ષક, તેના વડે સ્તંભિત ભુજાવાળા, अंगद - બાહુ અને શીર્ષનું આભરણ વિશેષ. કુંડલ-કાનનું આભરણ, ગંડ-કપોલ. વિચિત્ર - વિવિધરૂપવાળા હસ્તાભરણયુક્ત. વિચિત્ર પુષ્પમાળા યુક્ત, મૌલ-મસ્તકમાં મુગટવાળા. - x - x - કલ્યાણકારી જે પ્રવર માલ્ય-પુષ્પમાળા અને અનુલેપન ધારક. ભાસ્વર-દેદીપ્યમાન, બોંદિ-શરીર. લાંબી લટકતી વનમાલાના ધારક.

संघयण - શક્તિ વિશેષની અપેક્ષાએ સંહનન જ પણ સાક્ષાત્ સંહનન નથી કેમકે દેવોને સંહનન ન સંભવે. સંહનન એ હાડકાંનો સમૂહ છે, દેવોને હાડકાં ન હોય. - x - દિવ્ય-પ્રધાનતાથી, ઋદ્ધિ-પરિવારાદિથી. દ્યુતિ-ઇષ્ટાર્થસંપ્રયોગ લક્ષણ. પ્રભા-ભવનવાસગત. છાયા-શોભા સમુદાય, અર્ચિઃ-શરીરમાં રહેલ રત્નાદિ તેજ જ્વાલા. લેશ્યા-દેહની વર્ણ સુંદરતા દશે દિશાઓને પ્રકાશિત કરતા અને શોભતા તે દેવો છે.

ત્યાં સ્વસ્થાનમાં પોત-પોતાના [ભવનાવાસાદિનું] આધિપત્ય-રક્ષા, તે રક્ષા

સામાન્યથીપણે આરક્ષક વડે કરાય છે, તેથી કહે છે — નગરપતિપણું કરતા - બધાં પોતાનાનું અગ્રેસરત્વ કરતા. તે અગ્રેસરત્વ નાયકત્વ વિના પણ સ્વનાયક નિયુક્ત તથાવિધ ગૃહચિંતક સામાન્યપુરુષને પણ હોય છે, તેથી નાયકત્વની પ્રતિપત્તિ અર્થે કહે છે — સ્વામીત્વ એટલે સ્વામીપણું - નાયકપણું, તે નાયકપણું પોષકપણાં સિવાય પણ હોય છે, જેમ સિંહ, હરણનો નાયક છે પણ પોષક નથી. તેથી પોષકપણું બતાવવા કહે છે — ભર્તૃત્વ એટલે ભર્તાપણું. તેથી જ મહત્તરકપણું. આ મહત્તરત્વ-સત્તા રહિતનું પણ હોય. જેમ કોઈ વણિકનું પોતાના નોકરવર્ગ પ્રતિ હોય છે. તેથી કહે છે — આજ્ઞેશ્વર સેનાપત્ય. તેમાં આજ્ઞા-સત્તા વડે ઈશ્વરપણું - સેનાપતિપણું - પોતપોતાના સૈન્ય પ્રતિ અદ્‌ભૂત આજ્ઞાનું પ્રધાનપણું. એ પ્રમાણે અધિકીર અન્ય પુરુષો પાસે કરાવતા અને સ્વયં જ પાલન કરતા.

महताऽहत० આખ્યાન-કથાનક સંબંધી અથવા અવ્યાહત-નિત્ય ચાલુ એવા નૃત્ય, ગીત, વાગતી વીણા, હાથના તાલ, કાંસા, અન્ય વાદિત્રો તથા ચતુર પુરુષોએ વગાડેલ મેઘ સમાન ધ્વનિવાળા મૃદંગના મોટા શબ્દ વડે. दिव्य - સ્વર્ગ સંબંધી શબ્દ વડે ભોગવવા યોગ્ય ભોગો વડે સુખથી રહે છે.

● **સૂત્ર-૨૦૫ ચાલુ :-**

*ભગવન્ ! પર્યાપ્તા-અપર્યાપ્તા અસુરકુમાર દેવોના સ્થાનો ક્યાં કહ્યા છે ? અસુરકુમાર દેવો ક્યાં વસે છે ? ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીની ૧,૮૦,૦૦૦ જાડાઈના ઉપર-નીચેના એક-એક હજાર યોજન છોડીને વચ્ચેના ૧,૭૮,૦૦૦ યોજનમાં આ અસુરકુમાર દેવોના ૬૪ લાખ ભવનાવાસો કહ્યા છે, તે ભવનો બહારથી વૃત્ત, અંદરથી ચોરસ, નીચે પુષ્કર કર્ણિક સંસ્થાન સંસ્થિત૰ [ઇત્યાદિ પૂર્વવત્] યાવત્ અભિરૂપ, પ્રતિરૂપ છે.*

*અહીં પર્યાપ્તા-અપર્યાપ્તા અસુરકુમાર દેવોના સ્થાનો કહ્યાં છે. તેઓ ઉપપાત, સમુદ્‌ઘાત અને સ્વસ્થાનથી લોકના અસંખ્યાતમાં ભાગે છે. ત્યાં ઘણાં અસુરકુમાર દેવો વસે છે. તેઓ કાળા, લોહિતાક્ષ બિંબોષ્ઠવાળા, ધવલપુષ્પ દાંતવાળા, કાળા કેશવાળા, ડાબે એક કુંડલધર, આર્દ્ર ચંદનથી લિપ્ત શરીરવાળા, કંઈક શિલિંધ્રપુષ્પ [રક્ત] વર્ણી, અસંક્લિષ્ટ સૂક્ષ્મ ઉત્તમ વસ્ત્ર ધારણ કરેલા, પ્રથમ વયને ઓળંગી ગયેલા પણ બીજી વયને અસંપ્રાપ્ત, ભદ્ર યૌવનમાં વર્તતા [તથા]*

*તલભંગ, ત્રુટિત, બીજા શ્રેષ્ઠ આભૂષણો અને નિર્મળ મણિ-રત્નથી મંડિત ભુજાવાળા, દશ મુદ્રાથી મંડિતથી અગ્ર હાથવાળા, ચૂડામણિ વિચિત્ર ચિહ્નવાળા, સુરૂપ, મહર્દ્ધિક, મહાદ્યુતિક, મહાયશ - x - યાવત્ - x - દિવ્ય લેશ્યાથી દશે દિશાને ઉદ્યોતીત અને પ્રભાસીત કરનારા તથા પોતપોતાના લાખો ભવનાવાસો, હજારો સામાનિકો - x - યાવત્ - x - બીજા ઘણાં ભવનવાસીઓનું આધિપત્ય, પૌરોપત્ય, સ્વામીત્વ, ભર્તૃત્વ. મહત્તરકત્વાદિ - x - કરતા ભોગ ભોગવતા ત્યાં રહે છે.*



*અહીં ચમર અને બલિ એ બે અસુરકુમારેન્દ્રો, અસુરકુમાર રાજા વસે છે. તેઓ કાળા, મહાનીલ સદૃશ, નીલ ગુલિકા-પાડાના શીંગડા-અળસીના પુષ્પ જેવા વર્ણવાળા, વિકસિત કમળ જેવા નિર્મળ, ધોળા અને લાલ નેત્રવાળા છે. ગરુડના જેવી લાંબી, સીધી અને ઉંચી નાસિકાવાળા, ઘસેલી પ્રવાલશિલા અને બિંબફળ સમાન અધરોષ્ઠવાળા છે. શ્વેત-નિષ્કલંક ચંદ્રખંડ, નિર્મળ ઘનરૂપ દહીં, શંખ, ગાયનું દૂધ, મોગરાનું ફૂલ, પાણીના કણો, મૃણાલિકા જેવી ધવલ દંતશ્રેણિવાળા છે. અગ્નિમાં તપાવીને નિર્મળ થયેલ તપ્ત સુવર્ણ જેવા રાતા હાથપગના તલ-તાલુ-જીભવાળા, અંજન અને મેઘ જેવા કાળા અને રુચક રત્નના જેવા રમણીય તથા સ્નિગ્ધ કેશવાળા, ડાબા ભાગે કુંડલ ધારણ કરનાર [ઈત્યાદિ વર્ણન પૂર્વવત્] - x - યાવત્ - x - લાંબી વનમાળાને ધારણ કરનારા, દિવ્ય એવા વર્ણ-ગંધ-સ્પર્શ-સંઘયણ-સંસ્થાન-ઋદ્ધિ-દ્યુતિ-પ્રભા-છાયા-અર્ચીઃ-તેજ-લેશ્યા વડે દશે દિશાઓને ઉદ્યોતીત કરતા - x - યાવત્ - x - બીજા ઘણાં ભવનવાસી દેવો અને દેવીઓનું આધિપત્ય, પૌરોપત્યાદિ કરતા - x - દિવ્ય ભોગ ભોગવતા રહે છે.*

● **વિવેચન-૨૦૫ ચાલુ :-**

અસુરકુમારના સૂત્રમાં કાળો-કૃષ્ણવર્ણી, લોહિતાક્ષ-માણેક, બિંબફળ-પાકેલાફળ જેવા અર્થાત્ લાલ. મોગરાની કળીઓ જેવા દાંત, અસિત-કાળા વાળવાળા. દેવોને વૈક્રિય શરીર હોવાથી દાંત અને કેશ વૈક્રિય જાણવા, સ્વાભાવિક નહીં. ડાબા કાને કુંડલ ધારણ કરનાર, સરસ ચંદન વડે શરીરનું વિલેપન કરનાર, કંઈક રાતા વર્ણવાળા, અત્યંત સુખોત્પાદક હોવાથી લેશમાત્ર સંક્લેશને ઉત્પન્ન ન કરે તેવા સૂક્ષ્મ મૃદુ અને લઘુ સ્પર્શવાળા, શ્રેષ્ઠ વસ્ત્રો પહેરેલા, કુમારાવસ્થાના અંતે વર્તતા, ભદ્ર-અતિ પ્રશસ્ત યૌવન વયમાં વર્તતા એવા. તલભંગ-બાહુનું આભરણ, તુટિત-બાજુબંધ ઈત્યાદિ - x - વડે સુશોભિત હાથ જેમના છે તેવા, દશમુદ્રા વડે મંડિત અગ્રહસ્ત જેમના છે એવા, ચૂડામણિ નામે અદ્‌ભુત ચિહ્નવાળા છે.

ચમર-બલિના સામાન્ય સૂત્રમાં કાળા-કૃષ્ણવર્ણી, તેને ઉપમાનથી બતાવે છે - અત્યંત કાળી કોઈપણ વસ્તુ લોકપ્રસિદ્ધ હોય તેવા - જેમકે - ગળીની ગુટિકા, પાડાનું શીંગડુ, અળસી પુષ્પ જેવી પ્રભાવાળા, વિકસિત શતપત્ર કમળ જેવા નિર્મળ, અમુક ભાગમાં કંઈક શ્વેત અને લાલ નયનોવાળા, ગરુડના જેવી લાંબી, સરળ, ઉંચી નાસિકાવાળા, ઉપચિત-ઘસેલા પરવાળા અને બિંબફળ સદૃશ અધરોષ્ઠવાળા છે. પાંડુર-શ્વેત, પણ સંધ્યાકાળે કંઈક રાતો થાય છે તેવો નહીં. એવા ચંદ્રમાનો ખંડ, વળી તે પણ રજ કે કલંક રહિત, નિર્મળ દહીં-શંખ-ગાયનું દૂધ-મોગરાનું ફૂલ-જલકણ-કમળની દાંડી તે બધાં જેવી શ્વેત દાંતની શ્રેણી જેમની છે તેવા અને અગ્નિ વડે તપાવી, તાલુ અને જીભવાળા તથા વર્ષાકાળના મેઘ માફક કૃષ્ણ, રમણીય, સ્નિગ્ધ કેશવાળા છે.

● સૂત્ર-૨૦૫ (ચાલુ) થી ૨૧૬ :-

*[૨૦૫ ચાલુ] ભગવન્ ! પર્યાપ્તા-અપર્યાપ્તા દક્ષિણના અસુરકુમાર દેવોના સ્થાનો ક્યાં કહ્યા છે ? ભગવન્ ! દક્ષિણના અસુરકુમાર દેવો ક્યાં વસે છે ? ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપના મેરુ પર્વતની દક્ષિણે ૧,૮૦,૦૦૦ યોજન પ્રમાણ જાડી રત્નપ્રભા પૃથ્વી છે, તેમાં ઉપરના-નીચેના એક-એક હજાર યોજન છોડી, મધ્યના ૧,૭૮,૦૦૦ યોજન ભાગમાં આ દક્ષિણ દિશાના અસુરકુમારોના ૩૪-લાખ ભવનો છે. આ ભવનો બહારથી ગોળ, અંદરથી ચોરસ છે. યાવત્ પ્રતિરૂપ છે, ત્યાં સુધી વર્ણન કરવું. અહીં પર્યાપ્તા-અપર્યાપ્તા દક્ષિણ દિશાના અસુરકુમાર દેવોના સ્થાનો કહ્યાં છે, ઉપપાતાદિ ત્રણે લોકના અસંખ્યાત ભાગે છે. ત્યાં ઘણાં દક્ષિણ દિશાના અસુરકુમાર દેવ-દેવીઓ વસે છે. તેઓ કાળા, લોહિતાક્ષ આદિ પૂર્વવત્ યાવત્ ભોગવતા વિચરે છે. એ દેવોને પૂર્વવત્ જ ત્રાયસ્ત્રિંશ દેવો અને લોકપાલો છે એમ બધે જાણવું.*

*અહીં અસુરકુમારેન્દ્ર અસુરકુમાર રાજા ચમર ભવનવાસી રહે છે. તે કાળો, મહાનીલ સદૃશ યાવત્ પ્રભાસતો, ત્યાં ૩૪ લાખ ભવનાવાસો, ૬૪,૦૦૦ સામાનિકો, ૩૩-ત્રાયસ્ત્રિંશક દેવો, ચાર લોકપાલો, સપરિવાર પાંચ અગ્રમહિષી, ત્રણ પર્ષદા, સાત સૈન્ય, સાત સૈન્યાધિપતિઓ, ચાર ગુણા ૬૪,૦૦૦ આત્મરક્ષક દેવો અને તે સિવાયના બીજા ઘણાં દક્ષિણના દેવો અને દેવીઓનું આધિપત્યાદિ કરતો રહે છે.*

*ભગવન્ ! પર્યાપ્તા-અપર્યાપ્તા ઉત્તર દિશાના અસુરકુમાર દેવો ક્યાં રહે છે ? ગૌતમ ! જંબૂદ્વીપદ્વીપમાં મેરુ પર્વતની ઉત્તરે ૧,૮૦,૦૦૦ યોજન જાડી આ રત્નપ્રભા પૃથ્વીના ઉપર-નીચેના એક-એક હજાર યોજન છોડી વચ્ચેના ૧,૭૮,૦૦૦ યોજન ભાગમાં ઉત્તરના અસુરકુમાર દેવોના ૩૦ લાખ ભવનાવાસો છે, તે ભવનો બહારથી ગોળ, અંદરથી ચોરસ ઈત્યાદિ દક્ષિણના અસુરકુમારવત્ કહેવું યાવત્ વિચરે છે.*

*અહીં વૈરોચનેન્દ્ર વૈરોચનરાજ બલી વસે છે. તે કાળો, મહાનીલ સદૃશ યાવત્ પ્રભાસે છે. તે ત્યાં ૩૦ લાખ ભવનાવાસોનું, ૬૦,૦૦૦ સામાનિકોનું, ૩૩-ત્રાયસ્ત્રિંશકોનું, યાવત્ - x - ચોગુણા ૬૦,૦૦૦ સામાનિકોનું, ઘણાં ઉત્તરના અસુરકુમાર દેવ-દેવીનું આધિપત્યાદિ કરતો વિચરે છે.*

*ભગવન્ ! પર્યાપ્તા-અપર્યાપ્તા નાગકુમાર દેવોના સ્થાનો ક્યાં કહ્યા છે ? ભગવન્ ! નાગકુમાર દેવો ક્યાં વસે છે ? ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીના ૧,૮૦,૦૦૦ યોજન જાડાઈમાં ઉપર-નીચેના એક-એક હજાર યોજન છોડીને વચ્ચેના ૧,૭૮,૦૦૦ યોજનમાં આ નાગકુમાર પર્યાપ્તા-અપર્યાપ્તા દેવોના ૮૪ લાખ ભવનો કહ્યા છે, તે ભવનો બહારથી ગોળ યાવત્ પ્રતિરૂપ છે. ત્યાં પર્યાપ્તા-અપર્યાપ્તા નાગકુમારના સ્થાનો કહ્યા છે. તેમના ઉપપાતાદિ ત્રણે લોકના*



*અસંખ્યાતમે ભાગે છે. ત્યાં ઘણાં નાગકુમાર દેવો વસે છે. જે મહર્દ્ધિકાદિ છે. બાકીનું ઔધિક માફક જાણવું.*

*ધરણ અને ભૂતાનંદ એ બે નાગકુમારેન્દ્ર નાગ કુમાર રાજા વસે છે. જે મહર્દ્ધિક છે, બાકી ઔધિકવત્ જાણવું.*

*ભગવન્ ! દક્ષિણના પર્યાપ્તા-અપર્યાપ્તા નાગકુમાર દેવોના સ્થાનો ક્યાં કહ્યા છે ? ભગવન્ ! દક્ષિણના નાગકુમાર દેવો ક્યાં વસે છે ? ભગવન્ ! દક્ષિણના નાગકુમાર દેવો ક્યાં વસે છે ? ગૌતમ ! જંબૂદ્વીપના. મેરુ પર્વતની દક્ષિણે આ રત્નપ્રભાના - x - વચ્ચેના ૧,૭૮,૦૦૦ યોજનમાં આ દક્ષિણના નાગકુમાર દેવોના ૪૪ લાખ ભવનો કહ્યા છે. તે ભવનો બહારથી ગોળ યાવત્ પ્રતિરૂપ છે. અહીં દક્ષિણના પર્યાપ્તા-અપર્યાપ્તા નાગકુમારના સ્થાનો છે. ઉપપાતાદિ ત્રણે લોકના અસંખ્યાતમા ભાગે છે. અહીં દક્ષિણના નાગકુમાર દેવો વસે છે. જે મહર્દ્ધિક છે યાવત્ વિચરે છે. અહીં મહર્દ્ધિક યાવત્ પ્રભાસતો નાગકુમારેન્દ્ર નાગકુમારરાજ ધરણ વસે છે. તે ત્યાં ૪૪ લાખ ભવનો, ૬૦૦૦ સામાનિકો, ૩૩-ત્રાયસ્ત્રિંશકો યાવત્ બીજા પણ ઘણાં દક્ષિણના નાગકુમાર દેવો-દેવીઓનું આધિપત્યાદિ કરતો રહેલ છે.*

*ભગવન્ ! ઉત્તરના નાગકુમારોના પર્યાપ્તા-અપર્યાપ્તા દેવોના સ્થાનો ક્યાં કહ્યા છે ? ભગવન્ ! નાગકુમાર દેવો ક્યાં વસે છે ? ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપના મેરુ પર્વતની ઉત્તરે આ રત્નપ્રભા પૃથ્વીના - x - મધ્યેના ૧,૭૮,૦૦૦ યોજનમાં ઉત્તરના નાગકુમાર દેવોના ૪૦ લાખ ભવનો કહેલા છે. તે ભવનો બહારથી ગોળ ઈત્યાદિ 'દક્ષિણના' પ્રમાણે જાણવું યાવત્ વિચરે છે. નાગકુમારેન્દ્ર નાગકુમારરાજા ભૂતાનંદ અહીં વસે છે. તે મહર્દ્ધિક યાવત્ પ્રભાસે છે. તે ૪૦ લાખ ભવનાવાસોનું આધિપત્યાદિ કરતો યાવત્ વિચરે છે.*

*ભગવન્ ! પર્યાપ્તા-અપર્યાપ્તા સુવર્ણકુમાર દેવોના સ્થાનો ક્યાં કહ્યા છે ? ભગવન્ ! સુવર્ણકુમાર દેવો ક્યાં વસે છે ? ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીના યાવત્ અહીં સુવર્ણકુમાર દેવોના ૭૨ લાખ ભવનો કહ્યા છે. તે ભવનો બહારથી ગોળ યાવત્ પ્રતિરૂપ છે. ત્યાં પર્યાપ્તા-અપર્યાપ્તા સુવર્ણકુમાર દેવોના સ્થાનો છે યાવત્ ઉપપાતાદિ ત્રણેથી લોકના અસંખ્યાતમા ભાગે છે. ત્યાં ઘણાં સુવર્ણકુમાર દેવો વસે છે તે મહર્દ્ધિકાદિ છે. બાકી ઔધિક મુજબ યાવત્ રહે છે. વેણુદેવ અને વેણુદાલી બંને સુવર્ણકુમારેન્દ્ર સુવર્ણકુમાર રાજા અહીં વસે છે. જે મહર્દ્ધિક છે યાવત્ રહે છે.*

*ભગવન્ ! પર્યાપ્તા-અપર્યાપ્તા દક્ષિણના સુવર્ણકુમારોના સ્થાનો ક્યાં છે ? ભગવન્ ! દક્ષિણના સુવર્ણકુમાર દેવો ક્યાં વસે છે ? ગૌતમ ! યાવત્ વચ્ચેના ૧,૭૮,૦૦૦ યોજનમાં આ દક્ષિણના સુવર્ણકુમારોના ૩૮ લાખ ભવનાવાસ કહ્યા છે. તે ભવનો બહારથી ગોળ યાવત્ પ્રતિરૂપ છે. અહીં દક્ષિણના પર્યાપ્તા-*

*અપર્યાપ્તા સુવર્ણકુમારોના સ્થાનો કહ્યા છે. ઉપપાત આદિ ત્રણે લોકના અસંખ્યાત ભાગમાં છે. અહીં ઘણાં સુવર્ણકુમાર દેવો વસે છે. અહીં સુવર્ણેન્દ્ર સુવર્ણકુમાર વેણુદેવ વસે છે. બાકી બધું નાગકુમારવત્ કહેવું.*

*ભગવન્ ! ઉત્તરના પર્યાપ્તા-અપર્યાપ્તા સુવર્ણ કુમાર દેવોના સ્થાનો ક્યાં છે ? ભગવન્ ! ઉત્તરના સુવર્ણકુમાર દેવો ક્યાં વસે છે ? ગૌતમ ! આ રત્નપ્રભામાં યાવત્ ઉત્તરના સુવર્ણકુમારોના ૩૪ લાખ ભવનો કહ્યા છે. તે ભવનો યાવત્ અહીં ઘણાં ઉત્તરના સુવર્ણકુમાર દેવો વસે છે. જે મહર્દ્ધિક છે. યાવત્ વિચરે છે. સુવર્ણકુમારેન્દ્ર સુવર્ણકુમારરાજા વેણુદાલી અહીં વસે છે. જે મહર્દ્ધિક છે. બાકી નાગકુમારવત્ જાણવું.*

*એ પ્રમાણે જેમ સુવર્ણકુમારની વક્તવ્યતા કહી તેમજ બાકીના ચૌદ ઈન્દ્રોની કહેવી. વિશેષ એ કે ભવનો, ઈન્દ્ર, વર્ણ અને પરિધાનમાં ભેદ જાણવો. તે માટે આ ગાથાઓ છે —*

*[૨૦૬] અસુરોના ૬૪, નાગોના ૮૪, સુવર્ણના ૭૨, વાયુકુમારના-૯૬... [૨૦૭]...દ્વીપ-દિશા-ઉદધિ-વિદ્યુત્-સ્તનિત-અગ્નિકુમાર એ છ એના ૭૬-૭૬ લાખ ભવનાવાસો છે... [૨૦૮]...૩૪,૪૪,૩૮,૫૦ અને શેષ છ ના ૪૦-૪૦ લાખ ભવનો દક્ષિણના જાણવા... [૨૦૯]...૩૦,૪૦,૩૪,૪૬ અને બાકીના છ ના ૩૬-૩૬ લાખ ભવનો જાણવા.*

*[૨૧૦] દક્ષિણ અસુરેન્દ્રના ૬૪-લાખ, ઉત્તર અસુરેન્દ્રના ૬૦-લાખ, તે સિવાય બાકીના બધાં દક્ષિણના અને ઉત્તરના દરેકના છ-છ હજાર સામાનિક દેવો છે. આત્મરક્ષક તેથી ચોગુણા છે.*

*[૨૧૧] ચમર, ધરણ, વેણુદેવ, હરિકાંત, અગ્નિશીખ, પૂર્ણ, જલકાંત, અમિત, વિલંબ અને ઘોસ દક્ષિણના ઈન્દ્રો છે.*

*[૨૧૨] બલિ, ભૂતાનંદ, વેણુદાલી, હરિસ્સહ, અગ્નિમાનવ, વિશિષ્ટ, જલપથ, અમિતવાહન, પ્રભંજન, મહાઘોષ એમ ઉત્તરદિશાના ઈન્દ્રો યાવત્ વિચરે છે.*

*[૨૧૩-૨૧૪] અસુરકુમારો કાળા, નાગ અને ઉદધિકુમારો શ્વેત, સુવર્ણકુમારો કંઈક લાલ-પીળા, દિક્ અને સ્તનિતકુમારો કનક વર્ણના, વિદ્યુત્-અગ્નિ-દ્વીપકુમારો શ્યામ અને વાયુકુમારો પ્રિયંગુવૃક્ષના જેવા વર્ણના. જાણવા.*

*[૨૧૫-૨૧૬] અસુરકુમારના લાલ, નાગ અને ઉદધિ કુમારના લીલા, સુવર્ણ-દિક્-સ્તનિતકુમારના અશ્વના મુખના ફીણ જેવા ધોળા, વિદ્યુત્-અગ્નિ-દ્વીપકુમારોના લીલા અને વાયુ કુમારોના સંધ્યાના રંગ જેવા વસ્ત્રો જાણવા.*

**● વિવેચન-૨૦૫ (ચાલુ)થી ૨૧૬ :-**

तिसुवि - ઉપપાત, સમુદ્ઘાત અને સ્વસ્થાન. જે ગાથાઓ છે તે સુગમ છે. બે ગાથા ભવનસંખ્યા જણાવે છે, બે ગાથા દક્ષિણ-ઉત્તરની ભવનસંખ્યા જણાવે છે.



જેમકે દક્ષિણમાં અસુરકુમારના ભવનો ૩૪-લાખ છે, ઈત્યાદિ ક્રમથી દશે ભવનવાસીના જાણવા. એ રીતે ઉત્તરમાં પણ કહેવું. જેમકે અસુરકુમારના ૩૦-લાખ ઈત્યાદિ ક્રમે જાણવું.

હવે સામાનિક અને આત્મરક્ષક દેવોની સંખ્યા જણાવતી ગાથા કહે છે. જેમકે અસુરકુમારેન્દ્રમાં દક્ષિણના ૬૪,૦૦૦ અને ઉત્તરના ૬૦,૦૦૦ સામાનિકો છે. એ પ્રમાણે અનુક્રમે સંખ્યા જાણવી. આત્મરક્ષક દેવો પ્રત્યેકના ચાર-ચારગણાં કહેવા.

પછીની ગાથામાં દક્ષિણ અને ઉત્તરના અસુરકુમારાદિ ઈન્દ્રોના નામો અનુક્રમે કહેલ છે. જેમકે-ચમર આદિ દક્ષિણના અને બલિ આદિ ઉત્તરના ઈન્દ્રો જાણવા.

પછી વર્ણની સંગ્રહાર્થ ગાથા બતાવે છે - જેમકે - અસુરકુમારનો વર્ણ કાળો છે ઈત્યાદિ ગાથાર્થ મુજબ જાણવું. તેમાં કાળો-કૃષ્ણ વર્ણ, પાંડુર-શ્વેતવર્ણ, કષપટ્ટકરેખા-ગૌર ઉત્તપ્ત કનકવર્ણ-કંઈક લાલ વર્ણ, પ્રિયંગુ-શ્યામ વર્ણ.

હવે વસ્ત્રગત વર્ણની પ્રતિપાદના કરતી બે ગાથા કહી છે. જેમકે અસુરકુમારના લાલ વર્ણ છે. ઈત્યાદિ. તેમાં શિલિંધ્રપુષ્પપ્રભા-નીલવર્ણ. બાહુલ્યથી શ્વેત વસ્ત્રધર.

**● સૂત્ર-૨૧૭ :-**

*ભગવન્ ! વ્યંતરોમાં પર્યાપ્તા-અપર્યાપ્તા દેવોના સ્થાનો ક્યાં કહેલા છે ? ભગવન્ ! વ્યંતર દેવો ક્યાં વસે છે ? ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીના ૧૦૦૦ યોજન પ્રમાણ જાડા રત્નમય કાંડના ઉપર-નીચેના ૧૦૦ યોજન છોડીને વચ્ચેના ૮૦૦ યોજનમાં અહીં વ્યંતર દેવોના તીર્છા ભૂમિ સંબંધી અસંખ્યાતા લાખો નગરો છે એમ કહેલ છે. તે ભૌમેય નગરો બહારથી ગોળ, અંદરના ભાગે ચોરસ, નીચે પુષ્કર કર્ણિકાના આકારે છે. ચોતરફ વિપુલ-ગંભીર ખાત-પરિખાથી ઘેરાયેલ છે, પ્રાકાર-અટ્ટાલક-કમાડ-તોરણ-પ્રતિદેશ દ્વાર ભાગે છે [ઈત્યાદિ સૂત્રકૃત્ વર્ણન ભવનવાસીના ઔઘિક સૂત્ર મુજબ છે માટે ફરી અનુવાદ કરેલ નથી.] યાવત્ તે પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ છે.*

*અહીં પર્યાપ્તા-અપર્યાપ્તા વ્યંતર દેવોના સ્થાનો કહ્યા છે. ઉપપાતાદિ ત્રણે લોકના અસંખ્યાતમા ભાગે છે. ત્યાં ઘણાં વ્યંતર દેવો વસે છે. તે આ પ્રમાણે — પિશાચ, ભૂત, યક્ષ, રાક્ષસ, કિંનર, કિંપુરુષ, ભુજગપતિ-મહાકાય અને નિપુણ ગંધર્વોના ગીતની પ્રીતિવાળા ગંધર્વગણો. (તથા) અણપન્નિક, પણપન્નિક, ઋષિવાદિક, ભૂતવાદિક, કંદિત, મહાકંદિત, કુહંડ અને પતંગદેવો છે.*

*તે બધાં ચંચળ, અતિ ચપળ ચિત્તવાળા, ક્રીડા અને હાસ્યપ્રિય, ગંભીરહાસ્ય-ગીત-નૃત્યમાં પ્રીતિવાળા, વનમાલા મય શેખર, મુગટ, કુંડલ તથા સ્વચ્છંદપણે વિકુર્વેલા આભરણ વડે સુંદર શોભાને ધારણ કરનારા, સર્વઋતુક સુગંધી પુષ્પો વડે સારી રીતે રચેલી લાંબી લટકતી શોભતી પ્રિય વિકસિત અને અનેક પ્રકારની વિચિત્ર વનમાળા વક્ષઃસ્થળમાં પહેરેલ એવા, કામકામા, કામરૂપ દેહધારી, વિકુર્વેલા અનેક રૂપવાળા દેહધારી, અનેક વર્ણ-રૂપ-રંગવાળા, પ્રધાન,*

*અદ્‌ભૂત, વિચિત્ર, દેદીપ્યમાન વસ્ત્રોને પહેરનાર, વિવિધ દેશી વેશો ધારણ કરેલા, પ્રમુદિત તથા કંદર્પ, કલહ, ક્રીડા, કોલાહલમાં પ્રીતિવાળા, ઘણું જ હાસ્ય અને કોલાહલ કરનારા, હાથમાં તલવાર, મુદ્‌ગર, શક્તિ, ભાલાવાળા, અનેક પ્રકારના મણિ અને વિવિધ રત્નો વડે યુક્ત, વિચિત્ર ચિહ્નોવાળા, મહાઋદ્ધિક, મહાદ્યુતિક, મહાયશા, મહાબલી, મહાનુભાગ, મહાસૌખ્ય, હારથી વિરાજિત છાતીવાળા, કટક-ત્રુટિતથી સ્તંભિત ભૂજાવાળા, સંગત કુંડલ-મૃષ્ટ ગંડતલ-કર્ણપીઠધારી, વિચિત્ર હસ્તાભરણવાળા, વિચિત્ર માળા-મુગટધર, કલ્યાણક-પ્રવર-વસ્ત્રધારણ કરેલ, કલ્યાણક-પ્રવર માળા અને વિલેપનધારી, દેદીપ્યમાનશરીરી, લાંબી લટકતી વનમાળાના ધારક, દિવ્ય વર્ણ-ગંધ-સ્પર્શ-સંઘયણ-સંસ્થાન-ઋદ્ધિ-ધુતિ-પ્રભા-છાયા-કિરણો-તેજ-લેશ્યા વડે દશે દિશાઓને ઉધોતીત કરતા, શોભતા હતા.*

*ત્યાં પોતપોતાના-અસંખ્યાતા લાખો ભૂમિસંબંધી નગરાવાસોનું, હજારો સામાનિક દેવોનું, અગ્રમહિષી-પર્ષદા-સૈન્ય-સેનાધિપતિ-હજારો આત્મરક્ષક દેવોનું, બીજા પણ ઘણાં દેવો અને દેવીઓનું આધિપત્ય, પૌરોપત્ય, સ્વામીત્વ, ભર્તૃત્વ, મહત્તરકત્વ, આજ્ઞાઐશ્વર્યસેનાપત્ય કરતા, પાલન કરતા, મહા આહત-નૃત્ય-ગીત-વાજિંત્ર-તંતી-તાલ-ત્રુટિત-ઘનમૃદંગ-પટુ પ્રવાદિત અવાજ વડે દિવ્ય ભોગ ભોગવતા વિચરે છે.*

**● વિવેચન-૨૧૭ :-**

વ્યંતરમાં તિસુ - ઉપપાત, સમુદ્‌ઘાત, સ્વસ્થાન છે. તે લોકના અસંખ્યાત ભાગે છે. મહાકાય - મહોરગ, તે કેવા છે ? તેઓ કેવા છે ? ભુજગપતિ છે. ગંધર્વગણ-ગંધર્વ સમુદાય કેવા છે ? નિપુણ-અતિ કૌશલ્યયુક્ત ગંધર્વજાતિના દેવોના ગીતને વિશે પ્રીતિવાળા છે. એ આઠે વ્યંતરોના મૂળ ભેદો છે. તે સિવાય બીજા આઠ પેટા ભેદો છે 'અણપન્નિક' આદિ છે. આ સોળે પ્રકારના વ્યંતરો કેવા છે ?

ચંચલ-અનવસ્થિત, ચલચપલ-અતિશય ચપળ ચિત્તવાળા, ક્રિડા અને દ્રવ-પરિહાસ પ્રિય છે તેવા. ગંભીર હાસ્ય, ગીત, નૃત્યને વિશે પ્રીતિવાળા, વનમાલામય જે શેખર, મુગટ અને કુંડલ તથા સ્વચ્છંદપણે વિકુર્વેલ આભરણો વડે સુંદર ભુષણને ધારણકર્તા, સર્વઋતુક સુગંધી પુષ્પો વડે સારી રીતે ગુંથેલ લાંબી લટકતી, શોભતી, પ્રિય, ન કરમાચેલ પુષ્પોવાળી, વિવિધ વનમાળા ધારણ કરેલ. સ્વેચ્છાથી ગતિ કરનાર અથવા સ્વેચ્છાથી મૈથુનસેવા જેમને છે તેવા એટલે કે અનિયમિત વિષય સેવવાવાળા, સ્વૈચ્છિક રૂપવાળા, સ્વ ઈચ્છા મુજબના રૂપવાળા શરીરને ધારણ કરનારા, અનેક પ્રકારના વર્ણો વડે રંગવાળા પ્રધાન અનેક પ્રકારના અથવા અદ્‌ભૂત એવા દેદીપ્યમાન વસ્ત્રોને પહેરનારા, વિવિધ પ્રકારના દેશી પહેરવેશો વડે વેષને ગ્રહણ કરેલા, પ્રમુદિત-પ્રસન્ન, કંદર્પ-કામને ઉદ્દીપન કરનાર વચન કે ચેષ્ટા, કલહ-રાડ, કેલિ-ક્રીડા અને કોલાહલ પ્રિય હોય તેવા. પુષ્કળ હાસ્ય અને કોલાહલ કરનારા, તલવર-મુદ્‌ગર-



શક્તિ એકજાતનું શસ્ત્ર-કુંત એટલે ભાલા જેમના હાથમાં છે એવા, અનેક પ્રકારના ચંદ્રકાંત આદિ મણિઓ, કર્કેતનાદિ રત્નો વડે યુક્ત, અનેક પ્રકારના ચિહ્નો જેમાં રહેલા છે તેવા - - - બાકી સુગમ છે.

**● સૂત્ર-૨૧૮ થી ૨૨૪ :-**

*[૨૧૮] ભગવન્ ! પર્યાપ્તા-અપર્યાપ્તા પિશાચ દેવોના સ્થાનો ક્યાં છે ? ભગવન્ ! પિશાચ દેવો ક્યાં રહે છે ? ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીના હજાર યોજન જાડા રત્નમય કાંડના ઉપર-નીચેના સો-સો યોજન છોડીને વચ્ચેના ૮૦૦ યોજનમાં પિશાચ દેવોના તીર્છા અસંખ્યાત લાખ ભૌમેય નગરો છે. એમ કહેલ છે. તે ભૌમેયનગરો બહારના ભાગે ગોળ છે યાવત્ ઔધિક ભવન વર્ણન પ્રમાણે યાવત્ પ્રતિરૂપ કહેવું.*

*અહીં પર્યાપ્તા-અપર્યાપ્તા પિશાચ દેવોના સ્થાનો છે. ઉપપાતાદિ ત્રણે લોકના અસંખ્યાત ભાગે છે. ત્યાં ઘણાં પિશાચદેવો વસે છે. તે મહર્દ્ધિક છે આદિ ઔધિક મુજબ કહેવું યાવત્ રહે છે. અહીં કાલ, મહાકાલ બે પિશાચેન્દ્ર પિશાચરાજ વસે છે. જે મહર્દ્ધિક, મહાદ્યુતિક યાવત્ વિચરે છે.*

*ભગવન્ ! દક્ષિણના પિશાચ દેવોના સ્થાનો ક્યાં છે ? ભગવન્ ! દક્ષિણના પિશાચ દેવો ક્યાં વસે છે ? ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપના મેરુ પર્વતની દક્ષિણે આ રત્નપ્રભાપૃથ્વીના હજાર યોજન જાડા રત્નકાંડના ઉપર-નીચેના સો-સો યોજન છોડીને વચ્ચે ૮૦૦ યોજનમાં તીર્છા અસંખ્યાત લાખ ભૌમેય નગરો કહ્યા છે. તેનું વર્ણન ઔધિકવત્ કહેવું યાવત્ પ્રતિરૂપ છે. ત્યાં દક્ષિણના પર્યાપ્તા-અપર્યાપ્તા પિશાચ દેવો વસે છે. તેઓ ઉપપાત આદિ ત્રણે લોકના અસંખ્યાત ભાગે છે. ત્યાં ઘણાં દક્ષિણના પિશાચ દેવો રહે છે. તે મહર્દ્ધિકાદિ છે. એ ઔધિકવત્ કહેવું યાવત્ વિચરે છે.*

*અહીં કાલ નામે પિશાચેન્દ્ર પિશાચરાજ વસે છે. તે મહર્દ્ધિક યાવત્ પ્રભાસે છે. તે ત્યાં તિર્છા અસંખ્યાતા લાખ ભૌમેયનગરોનું, ૪૦૦૦ સામાનિકોનું, સપરિવાર ચાર અગ્રમહિષીનું, ત્રણ પર્ષદા-સાત સૈન્ય-સાત સેનાધિપતિનું, ૧૬,૦૦૦ આત્મરક્ષકોનું તથા બીજા ઘણાં દક્ષિણના વ્યંતર દેવ-દેવીનું આધિપત્યાદિ કરે છે.*

*ઉત્તર દિશા સંબંધી પૃચ્છા. ગૌતમ ! દક્ષિણના કથન માફક ઉત્તરના પણ કહેવા. વિશેષ આ - મેરુ પર્વતની ઉત્તરે મહાકાલ નામે પિશાચેન્દ્ર પિશાચરાજા વસે છે, યાવત્ વિચરે છે.*

*એ પ્રમાણે પિશાચની માફક ભૂતો યાવત્ ગંધર્વ સંબંધે કહેવું. વિશેષ એ — ઈન્દ્રોના નામમાં ભેદ છે તે કહેવો. ભૂતોના સુરૂપ-પ્રતિરૂપ, યક્ષોના પૂર્ણભદ્ર-માણિભદ્ર, રાક્ષસોના ભીમ-મહાભીમ, કિન્નરોના કિંનર-કિંપુરુષ, કિંપુરુષોના સત્પુરુષ-મહાપુરુષ, મહોરગના અતિકાય-મહાકાય, ગંધર્વોના ગીતરતિ-ગીતયશ ઈન્દ્રો છે.*

*[૨૧૯,૨૨૦] કાળ, મહાકાળ યાવત્ ગીતયશ, ઉપર મુજબ.*

*[૨૨૧] ભગવન્ ! અણપન્નિક દેવોના સ્થાનો ક્યાં છે ? ભગવન્ ! અણપન્નિક દેવો ક્યાં વસે છે ? ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીના હજાર યોજન જાડા રત્નમય કાંડના યાવત્ ૮૦૦ યોજનમાં અણપન્નિક દેવોના સ્થાનો છે. ઉપપાત, સમુદ્દ્ઘાત, સ્વસ્થાનથી લોકના અસંખ્યાતમા ભાગે છે. ત્યાં ઘણાં અણપન્નિક દેવો વસે છે. તે મહર્દ્ધિકાદિ છે, તે પિશાચવત્ કહેવું યાવત્ વિચરે છે. સન્નિહિત અને સામાન્ય એ બે અણપન્નિકોના ઈન્દ્ર અને અણપન્નિકકુમાર રાજા વસે છે. તે મહર્દ્ધિકાદિ છે. એ પ્રમાણે જેમ કાળ, મહાકાળ બંને દક્ષિણના અને ઉત્તરના કહ્યા તેમ સંનિહિત, સામાન્ય કહેવા.*

*[૨૨૨ થી ૨૨૪] અણપન્નિક, પણપન્નિક, ઋષિવાદી, ભૂતવાદી, કંદિત, મહાકંદિત, કોહંડ અને પતંગ એ વ્યંતર દેવો છે. તેઓના ઈન્દ્રો — સંનિહિત, સામાન્ય, ધાતા, વિધાતા, ઋષિ, ઋષિપાલ, ઈશ્વર, મહેશ્વર, સુવત્સ, વિશાળ, હાસ, હાસરતિ, શ્વેત, મહા શ્વેત, પતંગ, પતંગપતિ એ અનુક્રમથી જાણવા.*

● **વિવેચન-૨૧૮ થી ૨૨૪ :-**

દક્ષિણ અને ઉત્તર દિશાના પિશાચોના ઈન્દ્ર અનુક્રમે કાળ, મહાકાળ જાણવા. ભૂતોના સુરૂપ-પ્રતિરૂપ ઈત્યાદિ જાણવા.

● **સૂત્ર-૨૨૫ :-**

*ભગવન્ ! પર્યાપ્તા-અપર્યાપ્તા જ્યોતિષ્ક દેવોના સ્થાનો ક્યાં છે ? ભગવન્ ! જ્યોતિષ્ક દેવો ક્યાં રહે છે ? ગૌતમ ! આ રત્નપ્રભાપૃથ્વીના બહુસમરમણીય ભૂમિભાગથી ૭૯૦ યોજન ઉપર જઈએ એટલે ૧૧૦ યોજન પહોળા અને તીર્છા અસંખ્યાતા યોજન પ્રમાણ ક્ષેત્રમાં જ્યોતિષ્ક દેવોનો નિવાસ છે. અહીં જ્યોતિષ્ક દેવોના તીર્છા અસંખ્યાતા લાખ જ્યોતિષ્ક વિમાનો કહ્યા છે.*

*તે વિમાનો અર્દ્ધ કપિત્થ સંસ્થાન સંસ્થિત, સર્વ સ્ફટિકમય, અભ્યુદ્ગત-ઉત્સૃત-પ્રહસિત માફક વિવિધ મણિ-કનક-રત્નોની રચના વડે ચિત્ર, વાયુ વડે કંપિત વિજયસૂચક વૈજયંતી પતાકા, છત્રાતિછત્ર કલિત, ઉંચા ગગનતલનું ઉલ્લંઘન કરનારા શિખરોયુક્ત, જાલીના વચ્ચેનો ભાગ રત્નમય છે એવા, પાંજરાથી બહાર કાઢેલા એવા મણિ-કનકની સ્તૂપિકાવાળા, વિકસિત શતપત્રો, પુંડરીક, તિલક, રત્નમય અર્દ્ધ ચંદ્રોથી વિચિત્ર, અનેકવિધ મણિમય માળા વડે સુશોભિત, અંદર-બહાર કોમળ, તપનીય મનોહર વાલુકાના પ્રસ્તટ યુક્ત, સુખકર સ્પર્શવાળા, શોભાયુક્ત, સુંદરરૂપવાળા, પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ છે.*

*અહીં પર્યાપ્તા-અપર્યાપ્તા જ્યોતિષ્ક દેવોના સ્થાનો કહ્યા છે. ઉપપાતાદિ ત્રણે લોકના અસંખ્યાતમા ભાગે છે. ત્યાં ઘણાં જ્યોતિષ્ક દેવો રહે છે. તે આ રીતે — બૃહસ્પતિ, ચંદ્ર, સૂર્ય, શુક્ર, શનૈશ્ચર, રાહુ, ધૂમકેતુ, બુધ, મંગળ. તેઓ તપનીય સુવર્ણ જેવા વર્ણવાળા છે. જે ગ્રહો જ્યોતિશ્ચક્રમાં ફરે છે, ગતિરતિક છે, ૨૮ પ્રકારના નક્ષત્ર દેવગણો છે, તે અનેક પ્રકારની આકૃતિવાળા છે. તારાઓ પાંચ વર્ણના છે, તેઓ બધાં અવસ્થિત લેશ્ય છે.*



*જેઓ ફરવાના સ્વભાવવાળા છે, તેઓ વિશ્રામરહિત મંડલગતિક, પ્રત્યેકના નામના લાંછન વડે મુગટમાં પ્રગટ કરેલ ચિહ્ન જેમને છે તેવા, મહાઋદ્ધિક યાવત્ શોભતા ત્યાંના પોતપોતાના-લાખો વિમાનવાસોનું, હજારો સામાનિક દેવોનું, સપરિવાર અગ્રમહિષી, પર્ષદાનું, સૈન્યોનું, સેનાધિપતિઓનું, હજારો આત્મરક્ષક દેવોનું અને બીજા ઘણાં જ્યોતિષ્ક દેવો-દેવીઓનું આધિપત્યાદિ કરે છે.*

*અહીં ચંદ્ર અને સૂર્ય એ બે જ્યોતિષ્કેન્દ્ર, જ્યોતિષ્રાજ રહે છે. તેઓ મહાઋદ્ધિક યાવત્ શોભતા પોતપોતાના લાખો જ્યોતિષ્ક વિમાનાવાસોનું, ૪૦૦૦ સામાનિક દેવોનું, સપરિવાર અગ્રમહિષી યાવત્ બીજા ઘણાં જ્યોતિષ્ક દેવો-દેવીનું આધિપત્યાદિ કરે છે.*

● **વિવેચન-૨૨૫ :-**

અર્દ્ધ કપિત્થ - અર્દ્ધ કોઠાના આકારે. આ સંબંધે શંકા અને સમાધાન ચંદ્ર-સૂર્ય પ્રજ્ઞપ્તિ ટીકાથી જાણવા. ફાલિહમયા-સ્ફટિકમય, અભ્યુદ્ગત૦ - અભિમુખપણે ચોતરફથી નીકળેલ, ઉત્સૃત-પ્રબળપણે સર્વ દિશામાં પ્રસરેલ, દીપ્તિ વડે શ્વેત. વિવિધ મણિ, કનક, રત્નોની રચના વડે આશ્ચર્યભૂત. વાયુથી કંપેલી વિજયને સૂચવતી વૈજયંતી પતાકા અથવા વિજય-વૈજયંતી પાર્શ્વવર્તી કર્ણિકા, પ્રધાન છે જેમાં એવી વૈજયંતી. પાર્શ્વવર્તી કર્ણિકા રહિત હોય તે પતાકા તથા છત્ર ઉપર છત્રો, તેનાથી યુક્ત.

ઉંચુ, આકાશમાર્ગનું અતિ ઉલ્લંઘન કરનારા શિખરો જેઓના છે એવા ભવનની ભીંતમાં રહેલ જાળી, તેની વચ્ચે વિશિષ્ટ શોભા માટે મૂકેલ રત્નો છે, પાંજરાથી બહાર કરાયેલા હોય તેવા, તેની કાંતિ અવિનષ્ટ હોવાથી શોભે છે, તેમ તે વિમાન શોભે છે. મણિ-કનકની સ્તૂપિકાયુક્ત શિખરોવાળા વિકસિત શતપત્ર, તિલક રત્ન આદિ બારણા આદિમાં આકૃતિરૂપે રહેલા છે અનેક પ્રકારના મણિમય માળા વડે અલંકૃત્, - x - સુવર્ણમય મનોહર રેતીની ભૂમિવાળા, સુખ કે શુભ સ્પર્શવાળા૦ વિમાનો છે.

બૃહસ્પતિ, ચંદ્ર આદિ ગ્રહો છે. તે તપનીય કનક જેવા વર્ણવાળા અર્થાત્ કંઈક રાતા વર્ણવાળા, બીજા ગ્રહો જ્યોતિશ્ચક્રમાં ફરે છે. ગમનરતિક કેતુઓ, ૨૮-પ્રકારના નક્ષત્ર દેવો, તે બધાં વિવિધ આકારે છે. તારાઓ પંચવર્ણી છે. આ બધાં જ્યોતિષ્ક દેવો અવસ્થિત તેજોલેશ્યાવાળા છે. તથા જે ગમન કરવાના સ્વભાવવાળા છે, તે નિરંતર મંડલાકાર ગતિ કરનારા છે. તેઓ પ્રત્યેક પોત-પોતાના નામનું ચિહ્ન મુગટમાં પ્રગટ કરેલ છે. અર્થાત્ ચંદ્રનતા મુગટમાં ચંદ્રમંડલનું ચિહ્ન છે. સૂર્યને સૂર્યમંડલ, ગ્રહને ગ્રહમંડલ, નક્ષત્રને નક્ષત્રમંડલ, તારાને તારામંડલનું ચિહ્ન છે.

● સૂત્ર-૨૨૬ :-

*ભગવન્ ! પર્યાપ્તા-અપર્યાપ્તા વૈમાનિક દેવોના સ્થાનો ક્યાં કહ્યા છે ? ભગવન્ ! વૈમાનિક દેવો ક્યાં વસે છે ? ગૌતમ ! આ રત્નપ્રભાપૃથ્વીના બહુસમ રમણીય ભૂમિભાગથી ઉંચે ચંદ્ર-સૂર્ય-ગ્રહ-નક્ષત્ર-તારારૂપથી ઘણાં સેંકડો યોજન, ઘણાં હજારો યોજન, ઘણાં લાખો યોજન, ઘણાં કરોડ યોજનો, ઘણાં કોડાકોડી યોજનો ઉપર દૂર જઈએ એટલે અહીં સૌધર્મ, ઈશાન, સનત્ કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાંતક, મહાશુક્ર, સહસ્રાર, આનત, પ્રાણત, આરણ, અચ્યુત, ગ્રૈવેયક અને અનુત્તરોમાં વૈમાનિક દેવોના ૮૪,૯૭,૦૨૩ વિમાનાવાસો કહેલ છે.*

*તે વિમાનો સર્વ રત્નમય, સ્વચ્છ, કોમળ, સ્નિગ્ધ, ઘસેલ, સાફ કરેલ, રજરહિત, નિર્મળ, નિષ્પંક, નિરાવરણ દીપ્તિવાળા, પ્રભા-શોભા-ઉદ્યોત સહિત, પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ છે. અહીં પર્યાપ્તા-અપર્યાપ્તા વૈમાનિક દેવોના સ્થાનો કહ્યા છે. ઉપપાતાદિ ત્રણે લોકના અસંખ્યાતમાં ભાગે છે. ત્યાં વૈમાનિક ઘણાં દેવો વસે છે. તે આ પ્રમાણે છે —*

*સૌધર્મ, ઈશાન, સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાંતક, મહાશુક્ર, સહસ્રાર, આનત, પ્રાણત, આરણ, અચ્યુત, ગ્રૈવેયક અને અનુત્તરોપપાતિક. તેઓ અનુક્રમે મૃગ, મહિષ, વરાહ, સિંહ, બકરો, દેડકો, ઘોડો, હાથી, સર્પ, ગેંડો, બળદ, વિડિમ રૂપ ચિહ્નો મુગટમાં પ્રગટ કરેલ છે. શિથિલ, શ્રેષ્ઠ મુગટ અને કિરિટને ધારણ કરનારા, ઉત્તમ કુંડલ વડે મુખને પ્રકાશિત કરેલ, મુગટથી દિપ્ત શોભાવાળા, લાલ આભાવાળા, પદ્મના જેવા ગૌર, શ્વેત, શુભવર્ણ-ગંધ-સ્પર્શવાળા, ઉત્તમ વૈક્રિયી, પ્રવર વસ્ત્ર-ગંધ-માળા-વિલેપનધારી, મહર્દ્ધિક, મહાધુતિક, મહાયશા, મહાબલી - x - યાવત્ - x - દશે દિશાઓને ઉદ્યોતીત કરતા, પ્રભાસતા, તેઓ ત્યાં પોત-પોતાના લાખો વિમાનો - x - યાવત્ - x - હજારો આત્મરક્ષક દેવો અને બીજા ઘણાં વૈમાનિક દેવો અને દેવીઓનું આધિપત્ય કરતા યાવત્ દિવ્ય ભોગ ભોગવતો રહે છે.*

● વિવેચન-૨૨૬ :-

વૈમાનિક સૂત્રમાં ૮૪,૯૭,૦૨૩ વિમાનો કહ્યા છે. તે આ — સૌધર્મના ૩૨-લાખ, ઈશાનના ૨૮-લાખ ઈત્યાદિ કહેવા. સૌધર્મદેવને મૃગરૂપ ચિહ્ન છે, ઈશાનદેવને મહિષરૂપ ચિહ્ન પ્રગટ કરેલ છે. એ રીતે અનુક્રમે વરાહ, સિંહ, બકરો, દેડકો, અશ્વ, ગજપતિ, સર્પ, ગેંડો, વૃષભ ચિહ્નો અનુક્રમે સનત્કુમારથી અચ્યુતકલ્પ દેવોના મુગટનું ચિહ્ન જાણવું.

વરકુંડલુજ્જોઇઆણણા - ઉત્તમ કુંડલો વડે જેમનું મુખ દેદીપ્યમાન કરાયેલ છે તે. બાકી સુગમ છે.

● સૂત્ર-૨૨૭ :-

*ભગવન્ ! પર્યાપ્તા-અપર્યાપ્તા સૌધર્મદેવોના સ્થાનો ક્યાં છે ? ભગવન્ !*



*સૌધર્મ દેવો ક્યાં વસે છે ? ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપના મેરુ પર્વતની દક્ષિણે આ રત્નપ્રભા પૃથ્વીના અતિ સમ રમણીય ભૂમિભાગથી યાવત્ ઉંચે દૂર ગયા પછી અહીં સૌધર્મ નામે કલ્પ કહેલ છે. પૂર્વ-પશ્ચિમ લાંબો, ઉત્તર-દક્ષિણ પહોળો, અર્દ્ધ ચંદ્ર સંસ્થાન સંસ્થિત, કિરણોની માળા અને કાંતિના સમૂહ જેવા વર્ણવાળો છે. અસંખ્યાત કોડાકોડી યોજન લાંબો-પહોળો છે, તેની પરિધિ અસંખ્યાતા કોડાકોડી યોજન છે. તે સર્વ રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. ત્યાં સૌધર્મ દેવોના ૩૨-લાખ વિમાનો છે, તે વિમાનો સર્વ રત્નમય યાવત્ પ્રતિરૂપ છે.*

*તે વિમાનોના બહુમધ્ય દેશભાગે પાંચ અવતંસક કહ્યા છે. તે આ પ્રમાણે — અશોકાવતંસક, સપ્તવર્ણાવતંસક, ચંપકા વતંસક, ચૂતાવતંસક, મધ્યમાં સૌધર્માવતંસક. તે અવતંસકો સર્વ રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. અહીં પર્યાપ્તા-અપર્યાપ્તા સૌધર્મ દેવોના સ્થાનો કહ્યા છે. ઉપપાતાદિ ત્રણે લોકના અસંખ્યાતમા ભાગે છે. ત્યાં ઘણાં સૌધર્મદેવો વસે છે. તે મહર્દ્ધિક યાવત્ પ્રભાસે છે. તેઓ ત્યાં પોત-પોતાના - લાખો વિમાનાવાસો, અગ્રમહિષીઓ, હજારો સામાનિકોનું એ પ્રમાણે ઔધિકમાં કહ્યું તેમ અહીં પણ સમજી લેવું. યાવત્ બીજા ઘણાં સૌધર્મકલ્પવાસી વૈમાનિક દેવો-દેવીઓનું આધિપત્ય કરતા યાવત્ વિચરે છે.*

*દેવેન્દ્ર દેવરાજ, વજ્રપાણિ, પુરંદર, શતક્રતુ, મઘવા, સહસ્રાક્ષ, પાકશાસન, દક્ષિણાર્દ્ધ લોકાધિપતિ બત્રીશ લાખ વિમાન અધિપતિ, ઐરાવણ વાહન, સુરેન્દ્ર રજરહિત આકાશ જેવા વસ્ત્ર ધારણ કરનાર, માળા-મુગટ પહેરેલ, નવા સુવર્ણના સુંદર ચંચલ કુંડલો વડે જેના ગંડસ્થળો ઘસાય છે એવો ઋદ્ધિવાળો યાવત્ પ્રકાશિત કરતો શક્ર ત્યાં ૩૨-લાખ વિમાનાવાસ, ૮૪,૦૦૦ સામાનિકો, ૩૩-ત્રાયસ્ત્રિંશક, ચાર લોકપાલ, સપરિવાર આઠ અગ્રમહિષીઓ, ત્રણ પર્ષદા, સાત સૈન્યો, સાત સેનાધિપતિઓ, ચાર ગુણા ૮૪,૦૦૦ આત્મરક્ષક દેવો, બીજા પણ ઘણાં સૌધર્મકલ્પવાસી વૈમાનિક દેવો અને દેવીનું આધિપત્યાદિ કરતો યાવત્ રહે છે.*

● વિવેચન-૨૨૭ :-

સૌધર્મકલ્પ સૂત્રમાં अर्चिर्मालि० કિરણોની માળા અને કાંતિ સમૂહ, હાથમાં વજ્રધારી, અસુરાદિ નગરો વિદારનાર, પૂર્વભવે કાર્તિક શ્રેષ્ઠીના ભવની અપેક્ષાએ સો અભિગ્રહ વિશેષરૂપ પ્રતિમા અથવા શ્રાવકની પાંચમી પ્રતિમા સો વખત વહન કરનાર, જેને પાંચસો મંત્રીની બે આંખો છે એવો સહસ્રાક્ષ, મહામેઘો જેને આધીન છે તે, પાક નામે બળવાન્ રાક્ષસરૂપ શત્રુનું શાસન કરનાર, રજ રહિત અને સ્વચ્છ હોવાથી આકાશ જેવા વસ્ત્રધારી, માળા અને મુગટધારી, અતિશય સુંદર વર્ણ હોવાથી નવીન હોય તેવા સુવર્ણના સુંદર અને આશ્ચર્યકારી ચંચલ કુંડલો વડે સ્પર્શ કરાતા કપોલ પ્રદેશવાળો એવો ઈન્દ્ર છે.

● સૂત્ર-૨૨૮ થી ૨૩૪ :-

*[૨૨૮] ભગવન્ ! પર્યાપ્તા-અપર્યાપ્તા ઈશાન દેવોના સ્થાનો ક્યાં છે ?*

ભગવન્ ! ઈશાન દેવો ક્યાં વસે છે ? ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપના મેરુ પર્વતની ઉત્તરે આ રત્નપ્રભા પૃથ્વીના બહુસમ-રમણીય ભૂમિભાગથી ઉપર ચંદ્ર-સૂર્ય-ગ્રહ-નક્ષત્ર-તારારૂપથી ઘણાં સો યોજન, ઘણાં હજારો યોજન યાવત્ ઉર્ધ્વ જઈને ઈશાન નામે કલ્પ કહેલ છે. તે પૂર્વ-પશ્ચિમ લાંબો, ઉત્તર-દક્ષિણ પહોળો, એ પ્રમાણે સૌધર્મકલ્પવત્ 'પ્રતિરૂપ છે' ત્યાં સુધી કહેવું.

ત્યાં ઈશાનદેવોના ૨૮-લાખ વિમાનાવાસ કહેલ છે. તે વિમાનો સર્વ રત્નમય યાવત્ પ્રતિરૂપ છે. તેમના બહુ મધ્ય દેશ ભાગે પાંચ અવતંસક કહ્યા છે. તે આ — અંકાવતંસક, સ્ફટિકાવતંસક, રત્નાવતંસક, જાત્યરૂપાવતંસક, મધ્યમાં ઈશાન અવતંસક. તે અવતંસકો સર્વરત્નમય યાવત્ પ્રતિરૂપ છે. અહીં પર્યાપ્તા-અપર્યાપ્તા ઈશાનદેવોના સ્થાનો કહ્યા છે. તેના ઉપપાતાદિ ત્રણે લોકના અસંખ્યાતમા ભાગે છે. બાકી સૌધર્મ દેવોમાં કહ્યા મુજબ જાણવું યાવત્ વિચરે છે.

અહીં દેવેન્દ્ર દેવરાજ ઈશાન વસે છે. તે શૂલપાણી, વૃષભવાહન, ઉત્તરાર્દ્ધ લોકાધિપતિ, ૨૮-લાખ વિમાનાવાસાધિપતિ, રજરહિત સ્વચ્છ વસ્ત્રધારી છે. બાકીનું શક્ર મુજબ 'પ્રભાસે છે' ત્યાં સુધી જાણવું. તે ત્યાં ૨૮ લાખ વિમાનાવાસ, ૮૦,૦૦૦ સામાનિકો, ૩૩-ત્રાયસ્ત્રિંશક, ચાર લોકપાલો, સપરિવાર આઠ અગ્રમહિષી, ત્રણ પર્ષદા, સાત સૈન્યો, સાત સેનાધિપતિ, ૩,૨૦,૦૦૦ આત્મરક્ષક દેવો, બીજા પણ ઘણાં ઈશાનકલ્પવાસી દેવ-દેવીઓનું આધિપત્યાદિ કરતા યાવત્ વિચરે છે.

ભગવન્ ! પર્યાપ્તા-અપર્યાપ્તા સનત્કુમાર દેવોના સ્થાનો ક્યાં છે ? ભગવન્ ! સનત્કુમાર દેવો ક્યાં વસે છે ? ગૌતમ ! સૌધર્મકલ્પની ઉપર ચારે દિશા-વિદિશામાં ઘણાં યોજન, ઘણાં સેંકડો યોજન, ઘણાં હજાર યોજન યાવત્ - x - ઉપર અહીં સનત્કુમાર નામે કલ્પ છે. તે પૂર્વ-પશ્ચિમ લાંબો, ઉત્તર-દક્ષિણ પહોળા છે. સૌધર્મમાં કહ્યા મુજબ 'પ્રતિરૂપ છે' ત્યાં સુધી જાણવું. ત્યાં સનત્કુમાર દેવોના બાર લાખ વિમાનો કહેલાં છે. તે વિમાનો બધાં રત્નમય યાવત્ પ્રતિરૂપ છે. તે વિમાનોના મધ્ય ભાગમાં પાંચ અવતંસકો કહ્યા છે — અશોકાવતંસક, સપ્તપર્ણ - ચંપક-ચૂતાવતંસક, મધ્યે સનત્કુમારાવતંસક. તે અવતંસકો સર્વ રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. અહીં પર્યાપ્તા-અપર્યાપ્તા સનત્કુમાર દેવોના સ્થાનો છે. ઉપપાતાદિ ત્રણે લોકના અસંખ્યાત ભાગે છે. ત્યાં ઘણાં સનત્કુમાર દેવો વસે છે. તેઓ મહર્દ્ધિક યાવત્ પ્રભાસતા રહે છે. વિશેષ આ — અગ્રમહિષી નથી. દેવેન્દ્ર દેવરાજ સનત્કુમાર અહીં વસે છે. - x - બાકી શક્ર મુજબ. તે ત્યાં બાર લાખ વિમાનો, ૭૨,૦૦૦ સામાનિકો, બાકી શક્ર મુજબ જાણવું. - x -

ભગવન્ ! પર્યાપ્તા-અપર્યાપ્તા માહેન્દ્ર દેવોના સ્થાનો ક્યાં કહ્યા છે. ભગવન્ ! માહેન્દ્ર દેવો ક્યાં વસે છે ? ગૌતમ ! ઈશાન કલ્પની ઉપર ચારે દિશાદિમાં ઘણાં યોજનો યાવત્ ઉંચે જતાં અહીં માહેન્દ્ર નામે કલ્પે છે. તે



સનત્કુમારવત્ કહેવો. વિશેષ આ - આઠ લાખ વિમાનાવાસ છે. અવતંસક ઈશાનવત્. વિશેષ એ - મધ્યમાં મહેન્દ્રાવતંસક છે. બાકી સનત્કુમાર દેવો સમાન કહેવું. દેવેન્દ્ર દેવરાજ માહેન્દ્ર અહીં વસે છે. બાકી સનત્કુમારવત્ કહેવું. વિશેષ આ - આઠ લાખ વિમાનાવાસ, ૭૦,૦૦૦ સામાનિક દેવો, ચોગુણા ૭૦,૦૦૦ આત્મરક્ષક દેવોનું આધિપત્યાદિ કરે છે.

ભગવન્ ! પર્યાપ્તા-અપર્યાપ્તા બ્રહ્મલોક દેવોના સ્થાનો ક્યાં છે ? ભગવન્ ! બ્રહ્મલોક દેવો ક્યાં વસે છે ? ગૌતમ ! સનત્કુમાર - માહેન્દ્ર કલ્પની ઉપર સમાન દિશા-વિદિશામાં ઘણાં યોજનો જઈને યાવત્ આ બ્રહ્મલોક નામે કલ્પ છે. તે પૂર્વ-પશ્ચિમ લાંબો, ઉત્તર-દક્ષિણ પહોળો, પ્રતિપૂર્ણ ચંદ્ર આકારે રહેલ, કિરણોની માળા અને કાંતિના સમૂહયુક્ત, બાકી સનત્કુમારવત્ જાણવું. વિશેષ એ કે - ચાર લાખ વિમાનો છે. અવતંસકો સૌધર્મના અવતંસકવત્ કહેવા. વિશેષ એ કે મધ્યમાં બ્રહ્મલોકવતંસક છે. અહીં બ્રહ્મલોક કલ્પના દેવોના સ્થાનો કહ્યા છે. બાકી પૂર્વવત્ યાવત્ રહે છે. અહીં દેવેન્દ્ર દેવરાજ બ્રહ્મ વસે છે. શેષ સનત્કુમારવત્ કહેવું. વિશેષ એ - ચાર લાખ વિમનાવાસ, ૬૦,૦૦૦ સામાનિકો, ચોગુણા ૬૦,૦૦૦ આત્મરક્ષક દેવો, બીજા ઘણાંનું યાવત્ રહે છે.

ભગવન્ ! પર્યાપ્તા-અપર્યાપ્તા લાંતક દેવોના સ્થાનો ક્યાં કહ્યા છે ? ભગવન્ ! લાંતક દેવો ક્યાં વસે છે ? ગૌતમ ! બ્રહ્મલોક કલ્પની ઉપર સમાન દિશા-વિદિશામાં ઘણાં યોજનો યાવત્ ઘણાં કોડાકોડી યોજન ઉપર દૂર જઈને અહીં લાંતક નામે કલ્પ કહેલ છે. પૂર્વ-પશ્ચિમ લાંબો ઈત્યાદિ બ્રહ્મલોક અનુસાર કહેવું. વિશેષ એ - ૫૦,૦૦૦ વિમાનાવાસ કહેલ છે. અવતંસકો ઈશાનાવતંસક માફક જાણવા. માત્ર મધ્યમાં લાંતકાવતંસક છે. દેવો પૂર્વવત્ યાવત્ વિચરે છે. અહીં દેવેન્દ્ર દેવરાજ લાંતક વસે છે - આદિ સનત્કુમારવત્ કહેવું. વિશેષ એ - ૫૦,૦૦૦ વિમાનોનું, ૫૦,૦૦૦ સામાનિકોનું, બે લાખ આત્મરક્ષકોનું, બીજા પણ ઘણાં દેવ-દેવીઓનું આધિપત્યાદિ કરતા યાવત્ રહે છે.

ભગવન્ ! પર્યાપ્તા-અપર્યાપ્તા મહાશુક્ર દેવોના સ્થાનો ક્યાં કહ્યા છે ? ભગવન્ ! મહાશુક્ર દેવો ક્યાં વસે છે ? ગૌતમ ! લાંતક કલ્પની ઉપર સમાન દિશા-વિદિશામાં યાવત્ જઈએ ત્યાં મહાશુક્ર નામે કલ્પ કહ્યો છે. પૂર્વ-પશ્ચિમ લાંબો, ઉત્તર-દક્ષિણ પહોળો બ્રહ્મલોક મુજબ જાણવો. વિશેષ આ - ૪૦,૦૦૦ વિમાનો કહ્યા છે. અવતંસકો સૌધર્માવતંસક માફક જાણવા. વિશેષ એ - મધ્યમાં મહાશુક્રાવતંસક છે યાવત્ વિચરે છે. અહીં દેવેન્દ્ર દેવરાજ મહાશુક્ર છે તે સનત્કુમારવત્ જાણવો. વિશેષ આ - ૪૦,૦૦૦ વિમાનો, ૪૦,૦૦૦ સામાનિકો, ૧,૬૦,૦૦૦ આત્મરક્ષકોનું યાવત્ આધિપત્યાદિ કરતાં વિચરે છે.

ભગવન્ ! પર્યાપ્તા-અપર્યાપ્તા સહસ્રાર દેવોના સ્થાનો ક્યાં કહ્યા છે ? ભગવન્ ! સહસ્રાર દેવો ક્યાં વસે છે ? ગૌતમ ! મહાશુક્ર કલ્પની ઉપર સમાન

*દિશા-વિદિશામાં યાવત્ જતાં, અહીં સહસ્રાર નામે કલ્પ છે. શેષ બ્રહ્મલોકવત્ જાણવું. વિશેષ એ - ૬૦૦૦ વિમાનાવાસ કહેલ છે. દેવો પૂર્વવત્. અવતંસકો ઈશાનના છે તેમ જાણવા. વિશેષ આ - મધ્યમાં સહસ્રારવતંસક છે યાવત્ વિચરે છે. અહીં દેવેન્દ્ર દેવરાજ સહસ્રાર વસે છે. સનત્કુમાર માફક જાણવા. વિશેષ એ - ૬૦૦૦ વિમાનાવાસ, ૩૦,૦૦૦ સામાનિકો, ૧,૨૦,૦૦૦ આત્મરક્ષકો યાવત્ આધિપત્યાદિ કરતો રહે છે.*

*ભગવન્ ! પર્યાપ્તા-અપર્યાપ્તા આનત-પ્રાણત દેવોના સ્થાનો ક્યાં છે ? ભગવન્ ! આનત-પ્રાણત દેવો ક્યાં વસે છે ? ગૌતમ ! સહસ્રાર કલ્પની ઉપર સમાન દિશા-વિદિશામાં ક્યાં વસે છે ? ગૌતમ ! મધ્યમ ગ્રૈવેયકની ઉપર યાવત્ જઈને અહીં ઉપલીગ્રૈવેયકના ત્રણ ગ્રૈવેયક વિમાન પ્રસ્તટ છે. શેષ નીચલી ગ્રૈવેયકવત્ કહેવું. માત્ર અહીં ૧૦૦ વિમાનાવાસ છે. બાકી બધું અહમિંદ્ર પર્યન્ત પૂર્વવત્ કહેવું.*

*[૨૩૩] નીચલી ગ્રૈવેયકના ૧૧૧, મધ્યમના ૧૦૭, ઉપલીના ૧૦૦ અને અનુત્તરના પાંચ વિમાનો કહ્યા છે.*

*[૨૩૪] ભગવન્ ! પર્યાપ્તા-અપર્યાપ્તા અનુત્તરોપપાતિક દેવોના સ્થાનો ક્યાં છે ? ભગવન્ ! અનુત્તરોપપાતિક દેવો ક્યાં વસે છે ? ગૌતમ ! આ રત્નપ્રભાપૃથ્વીના બહુ સમ રમણીય ભૂમિભાગથી ઉપર ચંદ્ર૦ આદિથી ઘણાં સો યોજન યાવત્ ઘણાં કોડાકોડી યોજન ઉંચે જઈને સૌધર્મ, ઈશાનાદિ યાવત્ ૩૧૮ ગ્રૈવેયક વિમાનાવાસને ઓળંગીને ત્યાંથી અત્યંત દૂર જતાં રજરહિત, નિર્મળ, નિરંધકાર, વિશુદ્ધ એવા પાંચ દિશામાં પાંચ અનુત્તર મહા-મોટા મહાવિમાનો છે — વિજય, વૈજયંત, જયંત, અપરાજિત, સર્વાર્થસિદ્ધ. તે વિમાનો સર્વે રત્નમય, - x - યાવત્ - x - પ્રતિરૂપ છે. અહીં અનુત્તરોપપાતિક પર્યાપ્તા-અપર્યાપ્તા દેવોના સ્થાનો કહ્યા છે. ત્રણે લોકના અસંખ્યાત ભાગે છે. ત્યાં ઘણાં અનુત્તરોપપાતિક દેવો વસે છે. બધાં સમઋદ્ધિક - x - યાવત્ - x - અહમિંદ્રનામે દેવગણ કહેલ છે.*

**● વિવેચન-૨૨૮ થી ૨૩૪ :-**

સનત્કુમાર કલ્પમાં - सपक्खि - ચાર દિશારૂપ પાર્શ્વ ભાગ, सप्रतिदिसि - સમાન ચારે વિદિશામાં. સામાનિકની સંગ્રહણી ગાથા - જેમકે સૌધર્મેન્દ્રના ૮૪,૦૦૦ સામાનિકો, ઈશાનેન્દ્રના ૮૦,૦૦૦ સામાનિકો ઈત્યાદિ - x - જાણવું. અવતંસકો અતિદેશથી કહ્યા છે, માટે દૂરવબોધ છે. તેથી શિષ્યજનના અનુગ્રહાર્થે કહે છે - સૌધર્મમાં પૂર્વમાં અશોકાવતંસક, દક્ષિણમાં સપ્તપર્ણ, પશ્ચિમમાં ચંપક, ઉત્તરમાં ચૂતાવતંસક, મધ્યે સૌધર્માવતંસક. એ પ્રમાણે પૂર્વાદિ ક્રમથી ઈશાનમાં અંકાવતંસકાદિ જાણવા. સનત્કુમારમાં અશોકાદિ, માહેન્દ્રમાં અંકાદિ એ પ્રમાણે - x - છે.

ગ્રૈવેયક સૂત્રમાં - સમઋદ્ધિક૦ ઈત્યાદિ કહેવું. अणिंदा - ઈન્દ્ર રહિત,





अपेस्स-પ્રેષ્ય રહિત, अपुरोहिय - પુરોહિત-શાંતિકર્મકારી રહિત કેમકે ત્યાં અશાંતિનો અભાવ છે.

**● સૂત્ર-૨૩૫ થી ૨૫૬ :-**

*[૨૩૫] ભગવન્ ! સિદ્ધોના સ્થાનો ક્યાં કહ્યા છે ? ભગવન્ ! સિદ્ધો ક્યાં વસે છે ? ગૌતમ ! સર્વાર્થસિદ્ધ મહાવિમાનની ઉપરની સ્તુપિકાથી બાર યોજન ઉંચે ઇષત્પ્રાગ્ભારા નામે પૃથ્વી છે. તે ૪૫-લાખ યોજન લંબાઈ-પહોડાઈથી છે. તેની પરિધિ - ૧,૪૨,૩૦,૨૪૯ યોજનથી કંઈક અધિક છે. ઈષત્પ્રાગ્ભારા પૃથ્વીના બહુમધ્યદેશ ભાગનું આઠ યોજન પ્રમાણ ક્ષેત્ર, આઠ યોજન જાડાઈથી છે. ત્યારપછી થોડી થોડી પ્રદેશ પરિણતિથી ઘટતા-ઘટતા સર્વ બાજુના છેડામાં માખીની પાંખ કરતાં પણ વધુ પાતળી છે અને જાડાઈમાં અંગુલનો અસંખ્યાત ભાગ છે.*

*ઈષત્પ્રાગ્ભારા પૃથ્વીના બાર નામ છે — ઈષત્, ઈષત્પ્રાગ્ભારા, તન્વી, તનુતન્વી, સિદ્ધિ, સિદ્ધાલય, મુક્તિ, મુક્તાલય, લોકાગ્ર, લોકાગ્રસ્તૂપિકા, લોકાગ્રપ્રતિવાહિની, સર્વ પ્રાણ ભૂત જીવ સત્વ સુખાવહા. તે ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી શ્વેત, શંકદલ જેવા વિમલ, સ્વસ્તિક-મૃણાલ-જલકણ-ઝાકળ-ગાયનું દૂધ-હાર જેવા વર્ણવાળી છે. તે ચત્તા મૂકેલા છત્રના આકારે, સર્વ શ્વેત સુવર્ણમય છે, તે સ્વચ્છ, સુકોમલ, સ્નિગ્ધ, ઘૃષ્ટ, મૃષ્ટ, રજ-મલ-પંક-આવરણ રહિત, પ્રભા-શોભા-ઉધોતસહિત, પ્રાસાદીયાદિ ચારે છે.*

*તે ઈષત્પ્રાગ્ભારાથી નીસરણીની ગતિથી એક યોજન ઉપર લોકાંત છે, તે યોજનના ઉપરના એક ગાઉ, તે ગાઉના ઉપરના છઠ્ઠા ભાગમાં સિદ્ધ ભગવંતો સાદિ-અનંત, અનેક જન્મ-જરા-મરણ-યોનિના પરિભ્રમણનો કલેશ, પુનર્ભવ અને ગર્ભવાસના પ્રપંચ રહિત, શાશ્વત, અનાગતકાળ રહે છે. ત્યાં પણ વેદ-વેદના-મમત્વ રહિત, અસંગ, સંસારથી મુક્ત, પ્રદેશનિર્વૃત્તાકારે રહે છે.*

*[૨૩૬] સિદ્ધો ક્યાં પ્રતિહત, ક્યાં પ્રતિષ્ઠિત છે ? ક્યાં શરીર છોડીને, ક્યાં જઈને સિદ્ધિ પદને પામે છે ?... [૨૩૭] અલોકમાં સિદ્ધો રોકાયેલ છે, લોકાગ્રે પ્રતિષ્ઠિત છે. અહીં શરીરનો ત્યાગ કરી ત્યાં જઈને સિદ્ધ થાય છે...*

*[૨૩૮] લાંબું કે ટૂંકું છેલ્લા ભવે જે સંસ્થાન હોય તેનાથી ત્રીજો ભાગ હીન સિદ્ધની અવગાહના કહી છે.*

*[૨૩૯] અહીં શરીર તજતા છેલ્લા સમયમાં આત્મ પ્રદેશમાં ઘનરૂપ જે સંસ્થાન હોય તે સંસ્થાન ત્યાં સિદ્ધને હોય.*

*[૨૪૦] ૩૩૩-૧/૩ ધનુષ્ સિદ્ધોની ઉત્કૃષ્ટ અવગાહના છે.... [૨૪૧] ચાર હાથ અને ત્રીજો ભાગ ન્યૂન એક હાથ સિદ્ધોની મધ્યમ અવગાહના છે... [૨૪૨] એક હાથ અને આઠ અંગુલ અધિક, સિદ્ધોની જઘન્ય અવગાહના છે... [૨૪૩] સિદ્ધોની અવગાહના શરીરના ત્રીજા ભાગ વડે હીન છે. તેથી જરા-મરણથી*

*મુક્ત સિદ્ધોનું સંસ્થાન અનિયત છે... [૨૪૪] જ્યાં એક સિદ્ધ છે, ત્યાં ભવક્ષયથી મુક્ત થયેલ અનંત સિદ્ધો હોય છે. તેઓ પરસ્પર અવગાઢ રહેલા અને બધાં લોકાંતને સ્પૃષ્ટ છે... [૨૪૫] સિદ્ધો પોતાના સર્વ આત્મપ્રદેશ વડે અવશ્ય અનંત સિદ્ધોને સ્પર્શે છે, દેશ-પ્રદેશથી પણ સ્પૃષ્ટ છે, તે પણ તેથી અસંખ્યાતગણાં છે... [૨૪૬] તેઓ અશરીરી, જીવઘન, દર્શન-જ્ઞાનના ઉપયોગવાળા છે, તેથી સાકાર-અનાકાર ઉપયોગ એ સિદ્ધોનું લક્ષણ છે... [૨૪૭] કેવલજ્ઞાનોપયુક્તાથી સર્વ ગુણ-પર્યાય જાણે છે. અનંત કેવલદર્શનથી બધું જ જુએ છે.*

*[૨૪૮] અવ્યાબાધ સ્વરૂપને પ્રાપ્ત જે સુખ સિદ્ધોને છે, તે સુખ મનુષ્યો કે સર્વ દેવોને પણ નથી... [૨૪૯] સમસ્ત દેવગણનું સુખ, સર્વકાળના સમય વડે પિંડિત કરી, તેને અનંતગુણ કરી પુનઃ તેનો અનંતવાર વર્ગ કરો તો પણ સિદ્ધિસુખ તુલ્ય ન થાય... [૨૫૦] જો સિદ્ધના સુખની રાશિ સર્વકાળને એકઠો કરેલ હોય તેને અનંત વર્ગમૂલોથી ઘટાડીએ તો પણ સર્વાકાશમાં ન સમાય.*

*[૨૫૧] જેમ કોઈ મ્લેચ્છ બહુવિધ નગરના ગુણોને જાણતો, ઉપમા અભાવે કહી શકતો નથી... [૨૫૨] એમ સિદ્ધોનું સુખ અનુપમ છે, તેને કોઈ ઉપમા નથી, તો પણ કંઈક વિશેષતાથી તેનું સાદૃશ્યપણું કહું છું... [૨૫૩] જેમ કોઈ પુરુષ સર્વકામ ગુણિત ભોજન ખાઈને તૃષા-ક્ષુધા રહિત થઈ, અમૃતથી તૃપ્ત થયેલ હોઈ તેમ રહે... [૨૫૪] તેમ સર્વકાળ તૃપ્ત, અનુપમ નિર્વાણ પ્રાપ્ત સુખી સિદ્ધો અવ્યાબાધપણે શાશ્વત કાળ રહે.*

*[૨૫૫,૨૫૬] સિદ્ધ, બુદ્ધ, પારગત, પરંપરગત, કર્મકવચનો ત્યાગ કરેલ, જરા-મરણ-સંગરહિત, સર્વ દુઃખોથી તરી ગયેલ, જન્મ-જરા-મરણ બંધનથી મુક્ત, અવ્યાબાધ સુખને શાશ્વત કાળને માટે સિદ્ધો અનુભવે છે.*

● **વિવેચન-૨૩૫ થી ૨૫૬ :-**

સિદ્ધ સૂત્રમાં એક યોજન કોડી ઈત્યાદિ પરિધિ પરિમાણ છે. - x - તેનું ગણિત ક્ષેત્ર સમાસ ટીકાથી જાણવું. ત્યાં ૪૫-લાખ યોજન પ્રમાણ વિસ્તારવાળા મનુષ્ય ક્ષેત્રની પરિધિનો વિસ્તૃત વિચાર છે. ઈષત્ પ્રાગ્ભારા પૃથ્વીના બરાબર મધ્યે લંબાઈ-પહોળાઈ-જાડાઈ-ઉંચાઈમાં આઠ યોજન પ્રમાણ ક્ષેત્ર છે, ઘટતાં-ઘટતાં - x - માખીની પાંચથી પણ પાતળી છેડે થઈ જાય છે. આ પૃથ્વીના બાર નામ —

(૧) ईसि - પદના એક દેશમાં પદ સમુદાયનો આરોપ થતો હોવાથી ईषत् - કહેવાય. (૨) ईषत्प्राग्भारा, (૩) तनु - બાકીની પૃથ્વીની અપેક્ષાએ પાતળી, (૪) तनुतनु - જગત્ પ્રસિદ્ધ પદાર્થોથી પણ પાતળી, કેમકે માખીની પાંખ પણ છે કે પાતળી હોય છે. (૫) सिद्धि - સિદ્ધ ક્ષેત્રની નીકટતાથી. (૬) सिद्धालय - સિદ્ધ ક્ષેત્રની નીકટતાથી ઉપચારથી સિદ્ધોનું આલય કહ્યું. એ રીતે (૭) मुक्ति, (૮) मुक्तालय જાણવું. (૯) લોકાગ્ર-લોકના અગ્ર ભાગે હોવાથી. (૧૦) લોકાગ્રસ્તુપિકા, (૧૧) લોકાગ્ર પ્રતિવાહિની - લોકના અગ્રભાગ વડે ધારણ કરાય છે માટે. (૧૨) સર્વ



પ્રાણભૂત જીવ સત્ત્વ સુખાવહ - તે સર્વેને સુખ આપનાર. તેમાં પ્રાણ-બે ત્રણ ચાર ઈન્દ્રિય, ભૂત-તરુ, જીવ-પંચેન્દ્રિય, સત્વ-શેષ પ્રાણી.

તે ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી શ્વેત છે. શ્વેતપણાંને બતાવવા સૂત્રકારે ઉપમાઓ આપી છે. જેમકે શંખદળ ચૂર્ણનો નિર્મળ સ્વસ્તિક, મૃણાલ, જળકણ ઈત્યાદિ. उत्तानक - ઉંધુ કરાયેલ જે છત્ર, તે રૂપ આકારવાળી. સર્વથા શ્વેત સુવર્ણમયી. તે ઈષત્પ્રાગ્ભારા પૃથ્વીથી ઉપર નિસરણીની ગતિથી એક યોજન જતાં લોકાંત પ્રાપ્ત થાય છે. તે એક યોજનનો ઉપલો ચોથો ગાઉ છે. તે ગાઉનો સૌથી ઉપરનો છટ્ઠો ભાગ, ત્યાં સિદ્ધ રહે છે.

તેઓ સાદિ છે, કેમકે કર્મક્ષય થયા પછી જ સિદ્ધ થાય છે. આના વડે અનાદિ શુદ્ધ પુરુષ પ્રવાદનો નિષેધ જણાવ્યો. તેઓ અનંત છે. કેમકે રાગાદિ અભાવે પડવાનો અસંભવ છે. કેમકે રાગાદિ જ સિદ્ધપણાથી ભ્રષ્ટ કરવા સમર્થ છે. પણ તે સિદ્ધોને નથી. કેમકે સિદ્ધોએ તેનો નિર્મૂળ - નાશ કર્યો છે, તેથી રાગાદિ બીજ ફરી ઉત્પન્ન થતાં નથી. અનેક જન્મ, મરણ વડે તે-તે યોનિમાં સંસાર ભ્રમણથી જે કલંકી ભાવ - કદર્થના થાય છે, તેમજ દિવ્ય સુખને પ્રાપ્ત થયેલાને ફરી સંસારમાં ગર્ભવાસનો પ્રપંચ પ્રાપ્ત થાય છે. તે બંનેને ઓળંગેલા સિદ્ધો તેથી જ શાશ્વત કાળ રહે છે.

સિદ્ધક્ષેત્રમાં ગયેલા તે સિદ્ધ ભગવંતો પુરુષવેદાદિ રહિત, શાતા-અશાતા વેદના રહિત, મમત્વરહિત, બાહ્યાભ્યંતર સંગ રહિત છે. કયા હેતુથી આમ કહ્યું ? સંસારથી મૂકાયેલા છે. તેથી તેઓ અવેદા, અવેદના, નિર્મમ, અસંગ છે. વળી તેઓ આત્મ પ્રદેશો વડે નિષ્પન્ન થયેલ સંસ્થાન જેઓનું છે એવા છે, પણ તેમનું બાહ્ય પુદ્‌ગલો વડે સંસ્થાન નથી. કેમકે પાંચે શરીર તજેલ છે.

અહીં શિષ્યનો પ્રશ્ન છે — સિદ્ધો ક્યાં સ્ખલના પામે છે ? - x - ક્યાં સ્થાને રહેલા છે ? કયા ક્ષેત્રમાં बोंदि - શરીર છોડીને ક્યાં જઈને સિદ્ધ થાય છે - નિષ્ઠિતાર્થ થાય છે ? - x - x - આચાર્ય ઉત્તર આપે છે - અલોકમાં સિદ્ધો સ્ખલિત થાય છે. अलोक - કેવળ આકાશાસ્તિકાય. અહીં અલોકમાં ધર્માસ્તિકાયાદિ અભાવે ગતિ થતી નથી. તેથી અલોકને અડીને રહેવું તે જ સ્ખલના છે, પણ સિદ્ધો પ્રતિઘાત રહિત હોવાથી સંબંધ થતાં વિઘાત થવા રૂપ સ્ખલના થતી નથી. કેમકે પ્રતિઘાતયુક્ત પદાર્થોનો સંબંધ થવાથી વિઘાત થવા રૂપ સ્ખલના થાય છે, અન્યથી નહીં. સિદ્ધો પંચાસ્તિકાયાત્મક લોકાગ્રે પ્રતિષ્ઠિત - ફરી સંસારમાં પાછા ન આવવું પડે તે રીતે રહેલા છે. અહીં - મનુષ્યલોકમાં શરીરનો ત્યાગ કરીને સમયાંતર અને પ્રદેશાંતર - બીજા આકાશપ્રદેશોનો સ્પર્શ કર્યા વિના ત્યાં લોકના અગ્ર ભાગે સિદ્ધ થાય છે - કૃતાર્થ થાય છે.

હવે સિદ્ધિપદને પ્રાપ્ત થયેલ સિદ્ધોનું સંસ્થાન બતાવે છે - ૫૦૦ ધનુષ્પ્રમાણ દીર્ઘ, બે હસ્તપ્રમાણ હ્રસ્વ. 'वा' શબ્દથી મધ્યમ પ્રકારે છેલ્લા ભાવે જે સંસ્થાન છે, તે શરીરના ઉદર આદિના છિદ્રો પૂરવાથી તેના ત્રીજા ભાગ વડે હીન, સિદ્ધો જેમાં

રહે છે, તે અવગાહના - આત્મપ્રદેશોની અવસ્થા તીર્થંકર-ગણધરે કહેલ છે. અર્થાત્ પૂર્વભવાપેક્ષાએ ત્રિભાગ સંસ્થાન છે.

આ જ વાત સ્પષ્ટ કરે છે — જેટલા પ્રમાણનું સંસ્થાન આ મનુષ્યભવમાં હતું - [ભવ - જેમાં કર્મને વશવર્તી પ્રાણીઓ ઉત્પન્ન થાય તે શરીર] તે શરીરનો ત્યાગ કરતા અર્થાત્ કાયયોગ છોડતા છેલ્લા સમયે શુક્લધ્યાનના સૂક્ષ્મ ક્રિયા અપ્રતિપાતી નામે ચોથા પાયાના સામર્થ્યથી વદન, ઉદરાદિ છિદ્રોને પૂરવાથી ત્રીજા ભાગ વડે આત્મ પ્રદેશો વડે ઘનરૂપ તે જ સંસ્થાન મૂળ શરીરના પ્રમાણની અપેક્ષાએ ત્રીજા ભાગ વડે હીન પ્રમાણવાળું તે લોકના અગ્રભાગવર્તી તે સિદ્ધોને હોય છે.

હવે અવગાહનાથી ઉત્કૃષ્ટાદિ અવગાહના ભેદ કહે છે — ૩૩૩-$^{1}/_{3}$ ભાગ, સિદ્ધોની ઉત્કૃષ્ટ અવગાહના તીર્થંકર-ગણધરોએ કહી છે. આ અવગાહના ૫૦૦ ધનુષ્ શરીરવાળાને આશ્રીને છે. [શંકા] મરુદેવી નાભિ કુલકરના પત્ની હતા. નાભિનું શરીર ૫૨૫ ધનુષ્ હતુ, તે જ મરુદેવીનું હતું. કેમકે ''સંઘયણ-સંસ્થાન-ઉચ્ચત્વ કુલકર સમાન હોય'' એ શાસ્ત્ર વચન છે. મરુદેવી મોક્ષે ગયા. તેના શરીરનો ત્રીજો ભાગ બાદ કરતા ૩૫૦ ધનુષ્ થાય તો ઉક્ત ઉત્કૃષ્ટ અવગાહના કેમ ઘટી શકે ? ના, તે દોષ નથી. મરુદેવા નાભિથી કંઈક ન્યૂન પ્રમાણ હતા. કેમકે સ્વ-સ્વકાલ અપેક્ષાથી સ્ત્રીઓ કંઈક ન્યૂન હોય છે. તેથી મરુદેવીના ૫૦૦ ધનુષ્ શરીરમાં કોઈ દોષ નથી. ભાષ્યકાર કહે છે — નાભિથી કંઈક ન્યૂન હોવાથી ૫૦૦ ધનુષ્ જે ઘટે અથવા હાથીના સ્કંધે આરૂઢ હોવાથી સંકુચિત શરીરે સિદ્ધ થયા છે. તેથી શરીર સંકોચને લીધે અધિક અવગાહના ન હોય.

ચાર હાથ અને ત્રીજો ભાગ ન્યૂન એક હાથ મધ્યમ અવગાહના કહી.

[શંકા] જઘન્યપદે સાત હાથ ઉંચાઈવાળાની આગમમાં સિદ્ધિ કહી છે, તો ઉક્ત અવગાહના જઘન્ય કહેવાય. મધ્યમ કઈ રીતે કહી ? [સમાધાન] વસ્તુ તત્ત્વના અજ્ઞાનથી હોવાથી અયુક્ત છે. કેમકે જઘન્ય પદે સાત હાથ પ્રમાણવાળાની સિદ્ધિ તીર્થંકરની અપેક્ષાએ કહી છે. સામાન્ય કેવલી તેથી ન્યૂન પ્રમાણવાળા પણ હોય. અહીં અવગાહના પ્રમાણ વિચાર સામાન્ય સિદ્ધોની અપેક્ષાથી છે, માટે કંઈ દોષ નથી. જઘન્ય અવગાહના - પરિપૂર્ણ એક હાથ અને આઠ આંગળ છે. તે બે હાથ પ્રમાણવાળા કૂર્માપુત્ર આદિની જાણવી અથવા સાત હાથની ઉંચાઈવાળા છતાં યંત્રમાં પીલવા વડે સંકુચિત શરીરવાળાની અપેક્ષાએ જઘન્ય જાણવી.

ભાષ્યકારશ્રીની ત્રણ ગાથા અહીં વૃત્તિકારે મૂકેલ છે.

હવે સિદ્ધોનું સંસ્થાનલક્ષણ કહે છે — અનિત્થંસ્થ છે. - x - x - કેમકે વદનાદિના પોલાણ પૂરવા વડે પૂર્વનો આકાર અન્યથા થવાથી અનિયત આકારવાળું છે. સિદ્ધાદિના ગુણોના વર્ણનમાં ''સિદ્ધ દીર્ઘ નથી કે હ્રસ્વ નથી'' એમ કહી દીર્ઘપણાદિનો નિષેધ કર્યો છે. તે પણ પૂર્વાકારની અપેક્ષાએ સંસ્થાનના જુદાપણાથી જાણવો, પણ સંસ્થાનના સર્વથા અભાવથી નહીં. - x - x -



આ સિદ્ધો પરસ્પર ભિન્ન દેશમાં રહેલા છે કે નહીં ? એમ કહીએ છીએ — ''નથી''. કયા હેતુથી ? જ્યાં એક સિદ્ધ નિર્વાણને પામેલ છે, ત્યાં અનંતા સિદ્ધો ભવના ક્ષયથી મુક્ત થયેલા છે. અહીં ભવક્ષયના કથનથી સ્વેચ્છાએ ભવમાં અવતારગ્રહણ શક્તિવાળા સિદ્ધનો નિષેધ કર્યો છે. સિદ્ધો અન્યોન્ય સમવગાઢ છે. કેમકે ધર્માસ્તિકાયાદિવત્ તેવા અચિંત્ય પરિણામ છે. તેમજ લોકને અંતે બધાં સ્પર્શીને રહેલા છે. એક સિદ્ધ નિયમા પોતાના સર્વ આત્મપ્રદેશો વડે અનંત સિદ્ધોને સ્પર્શે છે. સર્વ પ્રદેશોથી સ્પર્શિત સિદ્ધો કરતાં દેશ-પ્રદેશથી સ્પર્શિત સિદ્ધો અસંખ્યાતગણા છે. કઈ રીતે ? અહીં એક સિદ્ધનું જેટલું અવગાહના ક્ષેત્ર છે, તેટલા પરિપૂર્ણ એક ક્ષેત્રમાં બીજા અનંત સિદ્ધો હોય છે. તે સિવાયના બીજા સિદ્ધો, તે ક્ષેત્રના એકૈક પ્રદેશને સ્પર્શીને રહ્યા છે, તે પણ પ્રત્યેક અનંતા છે. - x - તે મૂળક્ષેત્રના એકૈક પ્રદેશને છોડીને રહેલા સિદ્ધો પણ અનંત છે - x - એમ પ્રદેશની હાનિ-વૃદ્ધિ વડે જેઓ રહેલા છે, તે સિદ્ધો પરિપૂર્ણ એક ક્ષેત્રમાં રહેલ સિદ્ધોથી અસંખ્યાતગણાં છે, કેમકે પૂર્ણાગાઢ ક્ષેત્રના પ્રતિપદેશ અનંત સિદ્ધો રહેલ છે અને તે પ્રદેશો અસંખ્યાતા છે. - x - x -

હવે સિદ્ધોનું લક્ષણ કહે છે — અવિદ્યમાન શરીરી અર્થાત્ ઔદારિકાદિ પંચવિધ શરીર રહિત. ઉદરાદિના છિદ્રો પૂરાવાથી આત્મપ્રદેશ ઘન થાય છે માટે જીવઘન. કેવલજ્ઞાન-કેવલદર્શનના ઉપયોગવાળા. સામાન્ય દર્શક જ્ઞાન, વિશેષગ્રાહક જ્ઞાન કહેવાય છે, તેથી સાકાર-અનાકાર ઉપયોગરૂપ છે. - x - x - x - હવે સિદ્ધો કેવલજ્ઞાન-કેવલદર્શન વડે સમગ્ર વસ્તુને જાણે છે, એ બતાવે છે - કેવળજ્ઞાનથી ઉપયુક્ત, પણ અંતઃકરણથી નહીં, કેમકે તેમને અંતઃકરણ ન હોય. તેથી કેવળજ્ઞાનના ઉપયોગવાળા. સર્વ પદાર્થોના ગુણ અને પર્યાયોને જાણે છે. અહીં પ્રથમ ભાવ શબ્દ પદાર્થવાચી, બીજો પર્યાયવાચી છે. ગુણ-પર્યાયનો આ પ્રમાણે ભેદ છે - દ્રવ્યની સાથે રહેનારા ધર્મો તે ગુણ અને અનુક્રમે થનારા ધર્મો તે પર્યાય. અનંત કેવલદર્શનો વડે તેઓ સર્વથા જુએ છે. કેવલદર્શનની અનંતતા સિદ્ધોના અનંતપણાથી જાણવી. અહીં જ્ઞાનનું પ્રથમ ગ્રહણ, પહેલા તેના ઉપયોગમાં રહેલા સિદ્ધ થાય છે, તે જણાવવા છે. હવે તેમના નિરૂપમ સુખવાળાને કહે છે —

ચક્રવર્તી આદિને પણ તે સુખ નથી. અનુત્તર સુધી સર્વ દેવોને પણ તે સુખ નથી કે જે સુખ વિવિધ આબાધાના અભાવવાળા સિદ્ધોને છે. બીજા પ્રકારે આ સુખનો અભાવ કહે છે — દેવગણનું ત્રણે કાળનું સંપૂર્ણ સુખ, તેને સર્વકાળના સમયોથી ગુણીએ, તેને અનંતગણું કરતાં જેટલું સુખ થાય, તે અસત્ કલ્પનાથી એકૈક આકાશપ્રદેશે સ્થાપીએ. એમ સકલ આકાશ પ્રદેશો પૂરવાથી તે અનંત થાય, તેના અનંતા વર્ગ કરીએ, તો પણ તે સુખ મુક્તિના સુખ તુલ્ય ન થાય.

આ જ વાત બીજા ભંગથી કહે છે — સિદ્ધોના સુખની રાશિને સર્વ સાદિ અનંતકાળથી પિંડિત કરીએ અર્થાત્ સિદ્ધો જે સુખ પ્રતિ સમય અનુભવે તે એકત્ર

કરીએ, તેને અનંત વર્ગમૂળોથી ઘટાડતા - x - સિદ્ધપણાના પ્રથમ સમયાભાવી સુખ માત્ર રહે, તે પણ સર્વ આકાશમાં ન સમાય. - x - અહીં ભાવાર્થ આ છે - વિશિષ્ટ આનંદરૂપ સુખ ગ્રહણ કરવું કે જ્યાંથી આરંભી શિષ્ટ પુરુષો સુખ શબ્દનો પ્રયોગ કરે છે. - x - તે સુખથી માંડીને એક એક ગુણની વૃદ્ધિના તારતમ્યથી સુખને અનંતગુણ પર્યન્ત વધારવું. જેનાથી બીજું કોઈ ચડીયાતું ન હોય એવું છેવટનું સુખ એવું અત્યંત ઉપમારહિત, એકાંત ઉત્સુકતાની નિવૃત્તિરૂપ અત્યંત સ્થિરતારૂપ છેલ્લી કોટીનું સુખ તે સર્વદા સિદ્ધોને હોય તે સુખથી માંડીને પ્રથમના સુખથી ઉપર વચ્ચે રહેલ તારતમ્યથી સુખના વિશેષરૂપ અંશો, સર્વાકાશના પ્રદેશોથી ઘણાં વધારે છે, માટે કહ્યું સર્વાકાશમાં ન સમાય. - x -

હવે સિદ્ધના સુખોની નિરૂપમતા બતાવે છે — જેમ કોઈ મ્લેચ્છ ગૃહનિવાસાદિ બહુ પ્રકારના નગરના ગુણો જાણવા છતાં અરણ્યમાં જઈ અન્ય મ્લેચ્છોને કહેવા સમર્થ નથી. કેમકે તેની પાસે ઉપમાનો અભાવ છે. આનો ભાવાર્થ કથાનકથી જાણવો, તે આ છે — એક મહા અરણ્યવાસી મ્લેચ્છ અરણ્યમાં રહે છે. એક સમયે અશ્વથી હરણ કરાયેલ એક રાજા અટવીમાં આવ્યો. તે તેણે જોયો સત્કારીને રાજાને પોતાને ગામે લઈ ગયો. રાજા પણ તેને નગરમાં લઈ ગયો. તેને ઉપકારી સમજી અત્યંત સન્માન કર્યુ. રાજાની જેમ રહેવા લાગ્યો. કેટલાંક કાળે અરણ્યમાં પાછો આવ્યો. અરણ્યવાસીઓએ પૂછ્યું — નગર કેવું લાગ્યું ? તે જાણવા છતાં મ્લેચ્છ ઉપમાના અભાવે કંઈ કહી ન શક્યો.

એ પ્રમાણે સિદ્ધોનું સુખ અનુપમ છે. કેમકે ઉપમા નથી. તો પણ બાળજનોને સમજાવવા કંઈક સરખાપણું કહે છે - x - જેમ કોઈ પુરુષ સર્વ કામના ગુણયુક્ત, સર્વ પ્રકારના સૌંદર્ય વડે સંસ્કારવાળું ભોજન ખાઈને ક્ષુધા-તૃષાથી રહિત થયેલો અમૃતથી તૃપ્ત થયેલ હોય તેમ રહે છે. તેમ નિર્વાણપ્રાપ્ત સિદ્ધો આદિ-અનંતકાળ તૃપ્ત-સર્વ પ્રકારની ઉત્સુકતાની નિવૃત્તિ થવાથી પરમ સંતોષને પ્રાપ્ત થયેલા, ઉપમા અભાવે અનન્ય સદૃશ, પડવાનો અભાવ હોવાથી શાશ્વત, - x - અવ્યાબાધ સુખને પ્રાપ્ત રહે છે.

એનો વિશેષ વિચાર કરે છે — સિત - બાંધેલ આઠ પ્રકારના કર્મ જેઓએ ધ્માત - ભસ્મીભૂત કર્યા છે, અનેક ભવના કર્મરૂપ ઈંધણ બાળી નાંખેલ છે. એવા સિદ્ધો છે. સામાન્યથી કર્માદિ સિદ્ધો પણ કહેવાય છે. - x - તેથી તેનો નિષેધ કરવા કહે છે. બુદ્ધ - અજ્ઞાન નિદ્રામાં સુતેલ જગત્‌માં પર-ઉપદેશ વિના જીવાદિરૂપ તત્ત્વને જાણેલ છે એવા. સર્વજ્ઞ સર્વદર્શી સ્વભાવરૂપ બોધવાળા. વળી ‘‘સંસાર અને નિર્વાણમાં રહેલ નથી, પણ વિશ્વ કલ્યાણાર્થે રહેલ છે ‘‘એવાનો નિષેધ કરતાં કહ્યું — પારગત - જેઓ સંસાર કે પ્રયોજનના અંતને પામેલા છે તે. તથા ભવ્યત્વ વડે સૂચિત સકલ પ્રયોજન સમાપ્તિ વડે સમગ્ર કર્તવ્યશક્તિ રહિત.

કેટલાંક યદૃચ્છવાદીઓ ક્રમ સિવાય સિદ્ધપણું જણાવે છે - x - તેનો નિષેધ



કરવા ‘‘પરંપરાગત’’ વિશેષણ મૂક્યું. જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ પંરપરાથી અથવા મિથ્યાદૃષ્ટિ, સાસ્વાદન, સમ્યગ્ મિથ્યાદૃષ્ટિ૦ આદિ ચૌદ ગુણસ્થાનકોની પરંપરાથી મુક્તિને પામેલા છે. કેટલાક વાદીઓ — ‘‘કર્મ કવચથી નહીં મુકાયેલા માને છે’’ - x - ‘‘તીર્થને માટે ફરી સંસારમાં અવતાર ધારણ કરવો’’ એ વાત માને છે. તેમના મતનો નિષેધ કરવા કહે છે — કર્મરૂપ કવચ રહિત, પ્રબળપણે - ફરી સંસારમાં અવતાર ન ધારણ કરવારૂપે જેણે કર્મરૂપ કવચનો ત્યાગ કર્યો છે એવા. તેથી જ - શરીરના અભાવે જરારહિત, મરણરહિત - કેમકે શરીર રહિત હોવાથી તેને પ્રાણના ત્યાગરૂપ મરણનો અસંભવ છે. - x - x - વળી તેઓ સંગરહિત છે, કેમકે બાહ્ય અભ્યંતર પરિગ્રહ રહિત છે.

સર્વ દુઃખને તરી ગયેલા, જન્મ-જરા-મરણ અને તેના બધાંના કારણભૂત કર્મોનો સમગ્રપણે નાશ થયેલ હોવાથી વિશેષથી મુકાયેલા, તેથી સર્વ દુઃખને તરી ગયેલ - કેમકે દુઃખના કારણોનો અભાવ છે, તેથી જ સિદ્ધો અવ્યાબાધ શાશ્વત સુખને અનુભવે છે.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**પદ-૨-નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ પદ-૩-અલ્પબહુત્વ ❀

-- x -- x -- x --

૦ બીજા પદની વ્યાખ્યા કરી. હવે ત્રીજું પદ આરંભે છે — તેનો સંબંધ આ રીતે - પહેલા પદમાં પૃથ્વીકાયિકાદિ કહ્યા. બીજામાં તેના સ્વસ્થાનાદિ વિચાર્યા. આ પદમાં દિશાના વિભાગાદિ વડે તેમનું અલ્પબહુત્વ કહેવાનું છે. તેમાં આ દ્વારગાથા સંગ્રહ —

● **સૂત્ર-૨૫૭,૨૫૮ :-**

***દિશા, ગતિ, ઈન્દ્રિય, કાય, યોગ, વેદ, કષાય, લેશ્યા, સમ્યકત્વ, જ્ઞાન, દર્શન, સંયત, ઉપયોગ, આહાર, ભાષક, પરિત્ત, પર્યાપ્ત, સૂક્ષ્મ, સંજ્ઞી, ભવ, અસ્તિકાય, જીવ, ક્ષેત્ર, બંધ, પુદ્‌ગલ અને મહાદંડક [એમ ત્રીજા પદના ૨૭-દ્વારો છે.]***

● **વિવેચન-૨૫૭,૨૫૮ :-**

પહેલું દિશાદ્વાર, પછી ગતિદ્વાર એ ક્રમથી સૂત્રાર્થમાં જણાવ્યા મુજબ ૨૭-દ્વારો છે. તેમાં સોળમું પરિત્તદ્વાર - પ્રત્યેક શરીરી અને શુક્લ પાક્ષિકોનું દ્વાર. વીસમું ભવ - ભવસિદ્ધિક દ્વાર છે.

### ❀ પદ-૩-દ્વાર-૧ ❀

● **સૂત્ર-૨૫૯ :-**

***દિશાને અનુસરીને સૌથી થોડાં જીવો પશ્ચિમ દિશામાં છે, તેનાથી પૂર્વમાં વિશેષાધિક, દક્ષિણમાં તેથી વિશેષાધિક અને ઉત્તરમાં તેનાથી વિશેષાધિક છે.***

● **વિવેચન-૨૫૯ :-**

અહીં પહેલા આચારાંગ સૂત્રમાં દિશાના અનેક પ્રકારો વર્ણવ્યા છે, તેમાં અહીં ક્ષેત્ર દિશા લેવી. કેમકે તે નિયત છે. બીજી પ્રાયઃ અનવસ્થિત અને અનુપયોગી છે. ક્ષેત્ર દિશાનું ઉત્પત્તિસ્થાન તિર્છા લોકના મધ્યભાગે રહેલ આઠ રુચક પ્રદેશો છે. દિશાની અપેક્ષાથી સૌથી થોડાં જીવો પશ્ચિમ દિશામાં છે. કઈ રીતે ? આ અલ્પબહુત્વ બાદર જીવોની અપેક્ષાએ સમજવું. સૂક્ષ્મ જીવાશ્રિત નહીં. કેમકે સૂક્ષ્મ જીવો સર્વલોકમાં વ્યાપ્ત અને પ્રાયઃ બધે સરખાં છે. બાદર જીવોમાં પણ સર્વથી ઘણાં જીવો વનસ્પતિકાયિકો છે. કેમકે તે જીવો હંમેશાં અનંત સંખ્યારૂપે હોય છે. - x - જ્યાં પુષ્કળ પાણી હોય ત્યાં ઘણાં વનસ્પતિકાયિકો હોય છે. - x - પાણીમાં પનક અને સેવાળાદિ અવશ્ય હોય છે. તે બંને બાદર નામકર્મના ઉદયવાળા છે, તો પણ સૂક્ષ્મ અવગાહના અને ઘણાં જીવોના પિંડરૂપ હોવાથી બધે હોવા છતાં ચર્મચક્ષુથી દેખાતા નથી. કહ્યું છે — તે વાળના અગ્રભાગો સૂક્ષ્મ પનક જીવના શરીરની અવગાહનાથી અસંખ્યાતગણાં છે. ન દેખાય તો પણ છે.

આ વિશ્વમાં સર્વ જીવોથી ઘણાં વનસ્પતિકાયિકો છે. - x - x - પાણીમાં બાદર



વનસ્પતિ જીવો પણ હોય છે, પણ તેઓ સૂક્ષ્મ અવગાહનાવાળા અને આજ્ઞાગ્રાહ્ય છે. પુષ્કળ પાણી સમુદ્રાદિમાં હોય છે. કેમકે દ્વીપથી સમુદ્રનો વિસ્તાર બમણો છે. તે સમુદ્રોમાં પ્રત્યેક પૂર્વ-પશ્ચિમમાં અનુક્રમે ચંદ્ર-સૂર્યના દ્વીપો છે. જ્યાં તે દ્વીપ છે, ત્યાં પાણીનો અભાવ છે. પાણીના અભાવે વનસ્પતિનો પણ અભાવ હોય છે. કેવળ પશ્ચિમમાં લવણ સમુદ્રમાં ગૌતમ નામે દ્વીપ અધિક છે. ત્યાં પાણીના અભાવે વનસ્પતિનો અભાવ છે, તેથી પશ્ચિમમાં થોડા વનસ્પતિકાય છે.

તેનાથી પૂર્વ દિશામાં વિશેષાધિક છે. કેમકે ત્યાં ગૌતમદ્વીપ નથી. - x - તેનાથી દક્ષિણમાં વિશેષાધિક છે, કેમકે ત્યાં ચંદ્ર-સૂર્યના દ્વીપો નથી. પાણી પુષ્કળ હોવાથી વનસ્પતિકાયિક પણ ઘણાં છે. તેનાથી ઉત્તરદિશામાં વિશેષાધિક જીવો છે. કેમકે ઉત્તર દિશામાં સંખ્યાત યોજન પ્રમાણ દ્વીપોમાં કોઈ દ્વીપમાં લંબાઈ અને પહોળાઈથી સંખ્યાતા ક્રોડ યોજન પ્રમાણ માનસ સરોવર છે તેથી ત્યાં વધુ પાણી છે, પાણી હોવાથી ઘણી વનસ્પતિ છે. શંખાદિ બેઈન્દ્રિયો છે, કીડી વગેરે ઘણાં તેઈન્દ્રિય છે. ભ્રમરાદિ ચઉરિન્દ્રિયો છે અને મત્સ્યાદિ ઘણાં પંચેન્દ્રિયો છે. માટે ઉત્તરમાં ઘણાં જીવો છે, એમ દિશાને આશ્રીને જીવોનું અલ્પબહુત્વ કહ્યું. હવે વિશેષ —

● **સૂત્ર-૨૬૦ :-**

***દિશાની અપેક્ષાએ સૌથી થોડાં પૃથ્વીકાયિકો છે. તેથી ઉત્તરમાં વિશેષાધિક પૂર્વમાં વિશેષાધિક, પશ્ચિમમાં વિશેષાધિક છે. દિશાની અપેક્ષાએ સૌથી થોડાં અપ્કાયિકો પશ્ચિમમાં છે, પૂર્વમાં વિશેષાધિક, દક્ષિણમાં વિશેષાધિક, ઉત્તરમાં વિશેષાધિક છે.***

***દિશાની અપેક્ષાએ સૌથી થોડાં તેઉકાયિકો દક્ષિણ અને ઉત્તરમાં છે, પૂર્વમાં સંખ્યાતગણા, પશ્ચિમમાં વિશેષાધિક છે.***

***દિશાની અપેક્ષાએ સૌથી થોડાં વાયુકાયિકો પૂર્વમાં, પશ્ચિમમાં વિશેષાધિક, ઉત્તરમાં વિશેષાધિક, દક્ષિણમાં વિશેષાધિક છે.***

***દિશાની અપેક્ષાએ સૌથી થોડાં વનસ્પતિકાયિક પશ્ચિમમાં, પૂર્વમાં વિશેષ, દક્ષિણમાં વિશેષ ઉત્તરમાં વિશેષ છે.***

***દિશાની અપેક્ષાએ સૌથી થોડાં બેઈન્દ્રિયો પશ્ચિમમાં, પૂર્વમાં વિશેષાધિક, દક્ષિણમાં વિશેષાધિક, ઉત્તરમાં વિશેષાધિક છે. એ પ્રમાણે જ તેઈન્દ્રિયો અને ચઉરિન્દ્રિયોમાં પણ જાણવું.***

***દિશાની અપેક્ષાએ સૌથી થોડાં નૈરયિકો પૂર્વ, પશ્ચિમ, ઉત્તરમાં છે, દક્ષિણમાં અસંખ્યાતગણાં છે. એ પ્રમાણે જ રત્નપ્રભા પૃથ્વીનૈરયિક, શર્કરાપ્રભા-વાલુકાપ્રભા-પંકપ્રભા-ધૂમપ્રભા-તમઃપ્રભા-અધઃસપ્તમી પૃથ્વીનૈરયિકો સંબંધે પણ જાણવું.***

***દક્ષિણના અધઃસપ્તમી નરકપૃથ્વીના નૈરયિકોથી છઠ્ઠી તમઃપ્રભા પૃથ્વીના નૈરયિકો પૂર્વ-પશ્ચિમ-ઉત્તરમાં અસંખ્યાતગણાં છે, તેથી દક્ષિણ દિશામાં***

*અસંખ્યાતગણાં છે. દક્ષિણ દિશાના તમઃપ્રભા પૃથ્વીના નૈરયિકોથી પાંચમી ધૂમપ્રભા પૃથ્વીના નૈરયિકો પૂર્વ-પશ્ચિમ-ઉત્તરમાં અસંખ્યાતગણાં છે તેથી દક્ષિણમાં અસંખ્યાતગણાં છે. એ પ્રમાણે આ જ ક્રમથી પંકપ્રભા, વાલુકાપ્રભા, શર્કરાપ્રભા, રત્નપ્રભાના આલાવા કહેવા.*

*દિશાની અપેક્ષાએ - સૌથી થોડાં પંચેન્દ્રિયતિર્યંચ પશ્ચિમમાં, પૂર્વમાં વિશેષાધિક, દક્ષિણમાં વિશેષાધિક, ઉત્તરમાં વિશેષાધિક છે. દિશાની અપેક્ષાએ - સૌથી થોડાં મનુષ્યો દક્ષિણ-ઉત્તરમાં, પૂર્વમાં સંખ્યાતગણા, પશ્ચિમમાં વિશેષ છે.*

*દિશાની અપેક્ષાએ સૌથી થોડાં ભવનવાસી દેવો પૂર્વ-પશ્ચિમમાં છે, તેથી ઉત્તરમાં અસંખ્યાતગણાં, દક્ષિણમાં તેથી અસંખ્યાતગણાં છે. દિશાની અપેક્ષાએ સૌથી થોડાં વ્યંતરો પૂર્વમાં, પશ્ચિમમાં વિશેષાધિક, ઉત્તરમાં વિશેષાધિક, દક્ષિણમાં તેથી વિશેષાધિક છે. દિશાની અપેક્ષાએ સૌથી થોડાં જ્યોતિષ્ક દેવો પૂર્વ-પશ્ચિમમાં, દક્ષિણમાં વિશેષ, ઉત્તરમાં વિશેષ છે.*

*દિશાની અપેક્ષાથી સૌથી થોડાં દેવો સૌધર્મ કલ્પમાં પૂર્વ-પશ્ચિમમાં છે, ઉત્તરમાં અસંખ્યાતગણા, દક્ષિણમાં વિશેષાધિક છે. આ પ્રમાણે જ ઈશાનકલ્પથી માહેન્દ્રકલ્પ સુધી આલાવો કહેવો. દિશાની અપેક્ષાએ સૌથી થોડા દેવો બ્રહ્મલોક કલ્પમાં પૂર્વ-પશ્ચિમ-ઉત્તરમાં છે, દક્ષિણમાં અસંખ્યાતગણાં છે. આ પ્રમાણે સહસ્રારકલ્પ સુધી આ આલાવા કહેવા.*

*ત્યારપછી હે આયુષ્યમાન્ શ્રમણ ! બહુ સમાનપણે છે. દિશાની અપેક્ષાએ સૌથી થોડાં સિદ્ધો દક્ષિણ-ઉત્તરમાં છે, પૂર્વમાં સંખ્યાતગણાં, પશ્ચિમમાં વિશેષાધિક છે.*

● વિવેચન-૨૬૦ :-

દિશાને આશ્રીને. પૃથ્વીકાયિકને વિચારતા સૌથી થોડાં દક્ષિણ દિશામાં છે, કઈ રીતે ? જ્યાં ઘન ભાગ છે, ત્યાં ઘણાં પૃથ્વીકાયિકો છે. પોલાણ છે ત્યાં થોડાં છે. દક્ષિણમાં ભવનપતિના ઘણાં ભવનો, ઘણાં નરકાવાસો છે. તેથી ઘણાં પોલાણો સંભવે છે. તેથી દક્ષિણમાં થોડાં પૃથ્વીકાયિકો છે. ઉત્તરમાં વિશેષાધિક છે, કેમકે ત્યાં દક્ષિણથી ઓછા ભવન, ઓછા નરકાવાસો છે. તેથી વધુ ઘન ભાગ સંભવે છે, તેથી પૃથ્વીકાયિકો વિશેષાધિક કહ્યા. પૂર્વમાં તેથી વિશેષાધિક છે, કેમકે ચંદ્ર-સૂર્યના દ્વીપો છે. તેથી પશ્ચિમમાં વિશેષાધિક છે, કેમકે - x - પશ્ચિમમાં ગૌતમ નામે દ્વીપ અધિક છે.

(પ્રશ્ન) પશ્ચિમમાં. ગૌતમદ્વીપ છે, તેમ હજાર યોજન ઉંડા અધોલૌકિક ગ્રામો પણ છે. તેથી તુલ્ય પૃથ્વીકાયિક જ પ્રાપ્ત થાય, પણ વિશેષાધિક ન હોય. [ઉત્તર] એમ નથી. કેમકે અધોલૌકિક ગામનું ઉંડાણ ૧૦૦૦ યોજન છે, ગૌતમદ્વીપ ૧૦૭૬ યોજન ઉંચો, વિસ્તારમાં ૧૨,૦૦૦ યોજન છે. મેરુથી આરંભી અધોલૌકિક ગ્રામોની પૂર્વદિશામાં જે નજીકમાં હીનપણું, અધિક હીનપણું છે, તે પૂર્વમાં પુષ્કળ ખાડાં છે તેથી. અધોલૌકિકના ખાલી ભાગ કરતાં ગૌતમ દ્વીપ અધિક જ થાય, તુલ્ય નહીં.



માટે તેટલા અંશે પશ્ચિમમાં પૃથ્વીકાયિક વિશેષાધિક છે.

હવે અપ્કાયિકોનું અલ્પબહુત્વ-સૌથી થોડાં અપ્કાયિકો પશ્ચિમમાં છે. કેમકે ગૌતમદ્વીપમાં અપ્કાયિકો નથી. તેથી વિશેષાધિક પૂર્વમાં છે કેમકે ગૌતમદ્વીપ નથી. તેથી વિશેષાધિક દક્ષિણમાં છે. કેમકે ત્યાં ચંદ્ર-સૂર્યના દ્વીપો નથી. તેથી વિશેષ ઉત્તરમાં છે. કેમકે ત્યાં માનસ સરોવર છે.

દક્ષિણ અને ઉત્તરમાં સૌથી થોડાં તેઉકાયિકો છે. કેમકે મનુષ્યક્ષેત્રમાં જ બાદર તેઉકાયિકો છે. તેમાં પણ જ્યાં ઘણાં મનુષ્ય છે ત્યાં તેઉકાયિકો ઘણાં હોય છે. કેમકે ત્યાં રાંધવાદિ ક્રિયાનો વિશેષ સંભવ છે. - x - તેમાં દક્ષિણમાં પાંચ ભરતમાં અને ઉત્તરમાં પાંચ ઐરવતમાં ક્ષેત્ર થોડું હોવાથી મનુષ્યો થોડાં છે. તેથી તેઉકાયિકો પણ થોડાં છે - x - તેથી સૌથી થોડાં તેઉકાયિકો દક્ષિણ અને ઉત્તરમાં છે. સ્વસ્થાન અપેક્ષાએ પ્રાયઃ પરસ્પર સરખાં છે. તેથી પૂર્વમાં સંખ્યાતગણાં છે, કેમકે ક્ષેત્ર સંખ્યાતગણું છે. તેથી પશ્ચિમમાં વિશેષાધિક છે. કેમકે અધોલૌકિક ગામોમાં ઘણાં મનુષ્યો છે.

અહીં જ્યાં પોલાણ છે, ત્યાં વાયુ છે. ઘન ભાગ છે ત્યાં વાયુનો અભાવ છે. તેમાં પૂર્વ દિશામાં પુષ્કળ ઘન ભાગ છે. માટે ત્યાં થોડાં વાયુ છે. તેથી પશ્ચિમમાં વિશેષાધિક છે. કેમકે અધોલૌકિક ગ્રામનો સંભવ છે. તેથી ઉત્તરમાં વિશેષાધિક છે. કેમકે ત્યાં ભવન અને નરકાવાસ ઘણા હોવાથી અધિક પોલાણ છે. તેથી દક્ષિણમાં વિશેષાધિક છે કેમકે દક્ષિણમાં ઘણાં ભવન અને નરકાવાસો છે.

જ્યાં ઘણું પાણી છે, ત્યાં ઘણી અનંતકાયિક વનસ્પતિ છે. બેઈન્દ્રિયો ઘણાં હોય. શેવાલાદિને આશ્રીને તેઈન્દ્રિયો ઘણાં હોય. ભ્રમરાદિ ચઉરિન્દ્રિયો ઘણાં હોય. તેથી બધાં અપ્કાયિકવત્ કહેવા.

નૈરયિકોમાં સૌથી થોડાં પૂર્વ-ઉત્તર-પશ્ચિમમાં છે. કેમકે ત્યાં પુષ્પાવકીર્ણ નરકાવાસો અલ્પ છે. પ્રાયઃ સંખ્યાત યોજન વિસ્તારવાળા છે. તેથી દક્ષિણમાં અસંખ્યાતગણાં નૈરયિકો છે. કેમકે કૃષ્ણપાક્ષિક ઘણાં જીવો દક્ષિણમાં ઉપજે છે. જીવો બે ભેદે-કૃષ્ણ પાક્ષિક અને શુક્લપાક્ષિક. કંઈક ન્યૂન અર્દ્ધ પુદ્ગલપરાવર્ત સંસાર બાકી છે, તે શુક્લપાક્ષિક. તે સિવાયના કૃષ્ણપાક્ષિક. - x - તેથી શુક્લપાક્ષિકો થોડાં છે, કેમકે અલ્પસંસારી થોડાં છે. કૃષ્ણ પાક્ષિકો ઘણાં છે કેમકે અધિકસંસારી ઘણાં છે. તે તથા સ્વભાવથી દક્ષિણમાં ઉત્પન્ન થાય છે. પૂર્વાચાર્યો કહે છે —

કૃષ્ણપાક્ષિકો દીર્ઘ સંસારી હોય. ઘણાં પાપના ઉદયે દીર્ઘસંસારી થાય. ક્રુરકર્મા હોય છે. ક્રુરકર્મી તથાસ્વભાવથી તદ્ભવ મોક્ષગામી છતાં દક્ષિણમાં ઉપજે છે. કહ્યું છે — પ્રાયઃક્રુરકર્મી જીવો ભવ્ય છતાં દક્ષિણમાં નૈરયિક, તિર્યંચ, મનુષ્ય અને અસુરાદિ સ્થાનોમાં જાય છે. - x - x -

નૈરયિકોના અલ્પબહુત્વ માફક દરેક નરકપૃથ્વીના નૈરયિકોનું અલ્પબહુત્વ કહેવું કેમકે બધે યુક્તિ સમાન છે.

હવે સાતે નરકપૃથ્વીનું દિશાને આશ્રીને અલ્પબહુત્વ-સાતમી નરક પૃથ્વીમાં પૂર્વ-ઉત્તર-પશ્ચિમ દિશાના નૈરયિકોથી દક્ષિણના નૈરયિકો અસંખ્યાતગણાં છે. તેથી તમ:પ્રભા પૃથ્વીના પૂર્વ-ઉત્તર-પશ્ચિમના અસંખ્યાતગણાં, કેમકે અહીં સર્વોત્કૃષ્ટ પાપ કરનાર સંજ્ઞી પંચેન્દ્રિયો સાતમી નરકે ઉપજે છે. હીન, અધિક હીન આદિ છઠ્ઠી વગેરે નરકપૃથ્વીમાં ઉપજે છે. સર્વોત્કૃષ્ટ પાપકર્તા સૌથી થોડાં અને ક્રમશઃ હીન, હીનતરાદિ પાપકર્તા ઘણાં છે. તેથી સાતમીથી છઠ્ઠીમાં વધુ એ રીતે ઉત્તરોત્તર ક્રમથી વધુ-વધુ કહ્યા છે. - x - x -

તિર્યંચ પંચેન્દ્રિય સૂત્ર અપ્‌કાયિક માફક જાણવું.

સૌથી થોડાં મનુષ્યો દક્ષિણ અને ઉત્તર દિશામાં છે. કેમકે પાંચ ભરત-પાંચ ઐરવત ક્ષેત્રો નાના છે. તેથી પૂર્વમાં સંખ્યાતગણાં કેમકે તે ક્ષેત્ર સંખ્યાતગણું છે. તેથી પશ્ચિમમાં વિશેષાધિક છે. કેમકે અધોલૌકિક ગ્રામ વિશે મનુષ્ય સંખ્યા ઘણી છે.

દિશાની અપેક્ષાએ સૌથી થોડાં ભવનવાસી પૂર્વ અને પશ્ચિમમાં છે. કેમકે ત્યાં ભવનો થોડાં છે. તેથી ઉત્તરમાં સંખ્યાતગણાં છે. કેમકે ભવનવાસી દેવોનું પોતાનું સ્થાન છે. તેથી દક્ષિણમાં સંખ્યાતગણાં છે કેમકે ત્યાં ભવનો ઘણાં વધારે છે. પ્રત્યેક નિકાયે ચાર-ચાર લાખ ભવનો અધિક છે. ત્યાં કૃષ્ણ પાક્ષિકો ઘણાં ઉત્પન્ન થાય છે, માટે તે અસંખ્યાતગણાં છે.

વ્યંતર સૂત્ર — જ્યાં પોલાણ ભાગ છે, ત્યાં વ્યંતરો ચાલે છે. જ્યાં ઘન ભાગ છે, ત્યાં ચાલતા નથી. પૂર્વમાં ઘન ભાગ હોવાથી વ્યંતરો થોડાં છે. પશ્ચિમમાં વિશેષાધિક છે, કેમકે અધોલૌકિક ગામમાં પોલાણનો સંભવ છે. તેથી ઉત્તરમાં વિશેષાધિક છે કેમકે ત્યાં સ્વસ્થાન હોવાથી વ્યંતરોના નગરાવાસો છે. તેથી દક્ષિણમાં વિશેષાધિક છે. કારણ કે ત્યાં ઘમાં નગરો છે.

સૌથી થોડાં જ્યોતિષ્ક પૂર્વ-પશ્ચિમમાં છે. કેમકે ચંદ્ર-સૂર્યના દ્વીપોમાં થોડાં જ જ્યોતિષ્કો હોય છે. તેથી દક્ષિણમાં વિશેષાધિક છે. કેમકે ત્યાં ઘણાં વિમાનો છે અને કૃષ્ણપાક્ષિકો દક્ષિણમાં ઉત્પન્ન થાય છે. તેથી ઉત્તરમાં વિશેષાધિક છે. કેમકે માનસ સરોવરમાં ક્રિડા કરવામાં પ્રવૃત્ત ઘણાં જ્યોતિષ્કો રહે છે. વળી માનસસરોવરમાં જે મત્સ્યાદિ જલચરો છે, તે નજીકમાં રહેલ વિમાનોના દર્શનથી તેને જાતિસ્મરણ થાય છે. કંઈક વ્રત અંગીકાર કરી, અનશનાદિથી નિયાણુ કરી જ્યોતિષ્કમાં ઉપજે છે.

સૌધર્મકલ્પમાં સૌથી થોડાં પૂર્વ-પશ્ચિમમાં દેવો છે. કેમકે આવલિકા પ્રવિષ્ટ વિમાનો ચારે દિશામાં સરખાં છે. જે પુષ્પાવકીર્ણ વિમાનો છે, તેમાં ઘણાં અસંખ્યાતા યોજન વિસ્તારવાળાં છે અને તે દક્ષિણ-ઉત્તરમાં છે. પૂર્વ-પશ્ચિમથી ઉત્તરમાં અસંખ્યાતગણા છે. કેમકે ત્યાં પુષ્પાવકીર્ણ વિમાનો ઘણાં છે. દક્ષિણમાં વિશેષાધિક છે, કેમકે કૃષ્ણપાક્ષિકો ત્યાં ઉત્પન્ન થાય છે. એ રીતે ઈશાનાદિ.

બ્રહ્મલોક કલ્પે સૌથી થોડાં પૂર્વ-ઉત્તર-પશ્ચિમના દેવો છે. કેમકે કૃષ્ણપાક્ષિક તિર્યંચો દક્ષિણમાં ઉત્પન્ન થાય છે. તે જ કારણે દક્ષિણમાં અસંખ્યાતગણાં છે. એ રીતે લાંતકાદિ કહેવા.



આનતાદિમાં મનુષ્યો જ ઉત્પન્ન થાય છે. તેથી ત્યાંથી પ્રત્યેકમાં ચારે દિશાએ પ્રાયઃ સરખા ઉત્પન્ન થાય છે.

સિદ્ધો દક્ષિણ-ઉત્તરમાં થોડાં છે, કેમકે મનુષ્યો જ સિદ્ધ થાય છે. - x - તેમાં દક્ષિણમાં પાંચ ભરત, ઉત્તરમાં પાંચ ઐરવત ક્ષેત્રમાં ક્ષેત્રની અલ્પતાથી અલ્પ મનુષ્યો સિદ્ધ થાય છે, વળી સુષમ સુષમાદિ કાળમાં તો સિદ્ધિનો અભાવ છે. - x - તેનાથી પૂર્વમાં સંખ્યાતગણાં છે, કેમકે પૂર્વમહાવિદેહ ક્ષેત્ર સંખ્યાતગણું છે. તેથી ત્યાંના મનુષ્યો પણ સંખ્યાતગણાં છે, વળી સર્વ કાળે સિદ્ધ થાય છે. તેનાથી પશ્ચિમમાં વિશેષાધિક છે. કેમકે ત્યાં અધોલૌકિક ગ્રામો છે.

## ❀ પદ-૩-દ્વાર-૨-ગતિ ❀

● **સૂત્ર-૨૬૧ :-**

***ભગવન્ ! આ નૈરયિક, તિર્યંચયોનિક, મનુષ્ય, દેવ અને સિદ્ધોમાં પાંચ ગતિના સંક્ષેપથી કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડાં મનુષ્યો છે, નૈરયિકો અસંખ્યાતગણાં, દેવો અસંખ્યાતગણા, સિદ્ધો અનંતગણા, તેનાથી તિર્યંચો અનંતગણાં છે.***

***ભગવન્ ! આ નૈરયિક, તિર્યંચયોનિક, તિર્યંચયોનિક સ્ત્રી, મનુષ્ય, માનુષી, દેવો, દેવી, સિદ્ધો એ આઠ ગતિના સંક્ષેપથી કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય, વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડાં માનુષીઓ છે, મનુષ્યો અસંખ્યાતગણાં છે, નૈરયિકો અસંખ્યાતગણા, તિર્યંચયોનિકીઓ અસંખ્યાતગણી, દેવો અસંખ્યાત ગણા, દેવીઓ સંખ્યાતગણી, સિદ્ધો અનંતગણા, તિર્યંચીણી અનંતગુણી છે.***

● **વિવેચન-૨૬૧ :-**

સૌથી થોડાં મનુષ્યો છે, કેમકે છન્નુવાર છેદ કરવા વડે જે રાશિનો છેદ થાય એટલે જે રાશિનો અર્દ્ધાર્દ્ધ છેદ કરતાં છન્નુવાર છેદ થાય, છન્નુવાર બમણાં કરતાં જે સંખ્યા થાય તેટલા મનુષ્યો છે. મનુષ્યોથી નૈરયિકો અસંખ્યાતગણાં છે. - x - x - તેથી દેવો અસંખ્યાતગણાં છે - x - x - તેથી સિદ્ધો અનંતગણાં છે. કેમકે તે અભવ્યોથી અનંતગણાં છે, તેથી તિર્યંચો અનંતગણાં છે, કેમકે સિદ્ધોથી વનસ્પતિકાયિકો અનંતગણાં છે. એ પ્રમાણે નૈરયિક, તિર્યંચ, મનુષ્ય, દેવ અને સિદ્ધોનું અલ્પબહુત્વ કહ્યું.

હવે નૈરયિક, તિર્યંચ, તિર્યંચસ્ત્રી આદિ આઠેનું અલ્પબહુત્વ કહે છે — સૌથી થોડી મનુષ્યસ્ત્રીઓ છે, કેમકે સંખ્યાતા કોટાકોટી પ્રમાણ છે. તેથી મનુષ્યો અસંખ્યાતગણાં છે. અહીં સંમૂર્છિમ મનુષ્યો પણ લેવા. કેમકે વેદની વિવક્ષા નથી. તે સંમૂર્છિમો વમનથી આરંભી નગરની ખાળ આદિમાં ઉપજતા અસંખ્યાતા હોય છે. મનુષ્યોથી નૈરયિકો અસંખ્યાતગણાં છે. - x - x - તેથી તિર્યંચસ્ત્રીઓ અસંખ્યાતગણી

છે. - x - x - તેથી દેવો અસંખ્યાતગણાં છે. - x - તેથી દેવીઓ સંખ્યાતગણી છે, કેમકે દેવ કરતાં બત્રીશગણી છે. તેથી સિદ્ધો અનંતગણાં છે, તેથી તિર્યંચો અનંતગણાં છે.

## ❁ પદ-૩, દ્વાર-૩-'ઈન્દ્રિયદ્વાર' ❁

● સૂત્ર-૨૬૨ :-

*ભગવન્ ! આ ઈન્દ્રિયવાળા, એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય, અનિન્દ્રિય જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડાં પંચેન્દ્રિયો છે, ચઉરિન્દ્રિય વિશેષાધિક, તેઈન્દ્રિયો વિશેષાધિક, બેઈન્દ્રિયો વિશેષાધિક, અનિન્દ્રિયો અનંતગણા, એકેન્દ્રિયો અનંતગણાં, સઈન્દ્રિય વિશેષ છે.*

*આ અપર્યાપ્તા સેન્દ્રિય, એક-બે-ત્રણ-ચાર-પાંચ ઈન્દ્રિયમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડાં પંચેન્દ્રિય અપર્યાપ્તા છે, ચઉરિન્દ્રિય અપર્યાપ્તા વિશેષાધિક, તેઈન્દ્રિય અપર્યાપ્તા વિશેષાધિક, બેઈન્દ્રિય અપર્યાપ્તા વિશેષાધિક, એકેન્દ્રિય અપર્યાપ્તા અનંતગણાં, સેન્દ્રિય અપર્યાપ્તા વિશેષાધિક છે.*

*ભગવન્ ! આ પર્યાપ્તા સેન્દ્રિય, એક-બે-ત્રણ-ચાર-પાંચ ઈન્દ્રિયવાળામાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય, વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડાં પર્યાપ્તા ચઉરિન્દ્રિય, પર્યાપ્તા પંચેન્દ્રિય વિશેષાધિક, બેઈન્દ્રિય પર્યાપ્તા વિશેષાધિક, તેઈન્દ્રિય પર્યાપ્તા વિશેષાધિક, એકેન્દ્રિય પર્યાપ્તા અનંતગણાં, સેન્દ્રિય-પર્યાપ્તા તેથી વિશેષાધિક છે.*

*ભગવન્ ! આ પર્યાપ્તા-અપર્યાપ્તા સેન્દ્રિયોમાં કોણ કોનાથી અલ્પ આદિ છે ? ગૌતમ ! સૌથી થોડાં અપર્યાપ્તા સેન્દ્રિય છે, પર્યાપ્તા સેન્દ્રિયો તેથી સંખ્યાતગણાં છે.*

*ભગવન્ ! આ પર્યાપ્તા-અપર્યાપ્તા એકેન્દ્રિયોમાં કોણ કોનાથી અલ્પ-બહુ-તુલ્ય-વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડાં અપર્યાપ્તા એકેન્દ્રિયો, પર્યાપ્તા એકેન્દ્રિયો સંખ્યાતગણાં છે.*

*ભગવન્ ! આ પર્યાપ્તા-અપર્યાપ્તા બેઈન્દ્રિયોમાં૦ ? ગૌતમ ! સૌથી થોડાં પર્યાપ્તા બેઈન્દ્રિયો, અપર્યાપ્તા૦ અસંખ્યાતગણાં.*

*ભગવન્ ! પર્યાપ્તા-અપર્યાપ્તા તેઈન્દ્રિયોમાં૦ ? સૌથી થોડાં પર્યાપ્તા તેઈન્દ્રિયો, અપર્યાપ્તા૦ અસંખ્યાતગણાં છે.*

*ભગવન્ ! પર્યાપ્તા-અપર્યાપ્તા ચઉરિન્દ્રિયોમાં૦ ? સૌથી થોડાં પર્યાપ્તા ચઉરિન્દ્રિયો, અપર્યાપ્તા૦ અસંખ્યાતગણાં છે.*

*ભગવન્ ! પર્યાપ્તા-અપર્યાપ્તા પંચેન્દ્રિયોમાં૦ ? ગૌતમ ! સૌથી થોડાં પર્યાપ્તા પંચેન્દ્રિયો, અપર્યાપ્તા૦ અસંખ્યાતગણાં.*



*ભગવન્ ! પર્યાપ્તા-અપર્યાપ્તા સેન્દ્રિય, એક-બે-ત્રણ-ચાર-પાંચ ઈન્દ્રિયોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય, વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડાં પર્યાપ્તા ચઉરિન્દ્રિય, પર્યાપ્તા પંચેન્દ્રિય વિશેષાધિક, પર્યાપ્તા બેઈન્દ્રિય વિશેષાધિક-પર્યાપ્તા તેઈન્દ્રિય વિશેષ, અપર્યાપ્તા પંચેન્દ્રિય અસંખ્યાતગણાં, અપર્યાપ્તા ચઉરિન્દ્રિય વિશેષાધિક, અપર્યાપ્તા તેઈન્દ્રિય વિશેષાધિક, અપર્યાપ્તા બેઈન્દ્રિય વિશેષાધિક, અપર્યાપ્તા એકેન્દ્રિય અનંતગણાં, અપર્યાપ્તા સેન્દ્રિય વિશેષાધિક, પર્યાપ્તા એકેન્દ્રિય સંખ્યાતગણાં, પર્યાપ્તા સેન્દ્રિય વિશેષાધિક, તેથી સેન્દ્રિયો વિશેષાધિક છે.*

● વિવેચન-૨૬૨ :-

હવે ઈન્દ્રિય દ્વાર - સૌથી થોડાં પંચેન્દ્રિયો છે - x - x - તેથી ચઉરિન્દ્રિયો વિશેષાધિક - x - x - તેથી તેઈન્દ્રિયો વિશેષાધિક છે - x - x - તેથી બેઈન્દ્રિયો વિશેષાધિક છે. - x - તેથી અનિન્દ્રિયો અનંત ગુણ છે, કેમકે સિદ્ધો અનંતા છે. તેથી એકેન્દ્રિયો અનંતગુણ છે. કેમકે વનસ્પતિકાયિકોથી સિદ્ધોથી અનંતગણાં છે. તેનાથી સેન્દ્રિય વિશેષાધિક છે. કેમકે તેમાં બેઈન્દ્રિયાદિનો સમાવેશ છે.

સામાન્યજીવોનું અલ્પબહુત્વ કહ્યું હવે અપર્યાપ્તાનું-સૌથી થોડાં અપર્યાપ્તા પંચેન્દ્રિયો છે. - x - અપર્યાપ્તા ચઉરિન્દ્રિય તેથી વિશેષાધિક છે - x - તેથી અપર્યાપ્તા તેઈન્દ્રિયો વિશેષાધિક છે. - x - અપર્યાપ્તા બેઈન્દ્રિયો તેથી વિશેષાધિક છે. - x - તેથી અપર્યાપ્તા એકેન્દ્રિયો અનંતગણાં છે કેમકે અપર્યાપ્ત વનસ્પતિકાયિકો અનંત હોવાથી હંમેશાં વિદ્યમાન છે. તેથી સેન્દ્રિય અપર્યાપ્તા વિશેષાધિક છે. કેમકે અપર્યાપ્તા બેઈન્દ્રિયોનો તેમાં પ્રક્ષેપ છે.

હવે પર્યાપ્તાનું અલ્પબહુત્વ - સૌથી થોડાં પર્યાપ્તા ચઉરિન્દ્રિયો છે કેમકે તે અલ્પાયુ છે, તેથી ઘણો કાળ રહેતા નથી, તેથી પ્રશ્ન સમયે થોડાં પ્રાપ્ત થાય. - x - તેથી પર્યાપ્તા પંચેન્દ્રિયો વિશેષાધિક છે - x - તેથી પર્યાપ્તા બેઈન્દ્રિયો વિશેષાધિક છે. - x - તેથી પર્યાપ્તા તેઈન્દ્રિયો વિશેષાધિક છે. - x - તેથી પર્યાપ્તા એકેન્દ્રિય અનંતગણાં છે. કેમકે વનસ્પતિકાય પર્યાપ્તા અનંત છે તેથી સેન્દ્રિય પર્યાપ્તા વિશેષાધિક છે. - x -

હવે પર્યાપ્તા-અપર્યાપ્તા સેન્દ્રિયાદિનું અલ્પબહુત્વ - સૌથી થોડાં સેન્દ્રિય અપર્યાપ્તા, સેન્દ્રિયમાં એકેન્દ્રિયો જ ઘણાં છે, તેમાં સૂક્ષ્મો ઘણાં છે, કેમકે સર્વ લોકમાં વ્યાપ્ત છે. સૂક્ષ્મ અપર્યાપ્તા સૌથી થોડાં, તેથી પર્યાપ્તા સંખ્યાતગણાં છે. તથા સૌથી થોડાં બેઈન્દ્રિય પર્યાપ્તા છે - x - તેથી અપર્યાપ્તા બેઈન્દ્રિય અસંખ્યાતગણાં છે. એ રીતે તેઈન્દ્રિયાદિ પણ જાણવા.

હવે પર્યાપ્તા-અપર્યાપ્તા સેન્દ્રિયાદિનું સમુદિત અલ્પબહુત્વ કહે છે — બધું બીજા, ત્રીજા અલ્પબહુત્વની ભાવનાનુસાર સ્વયં જાણવું.

## ❀ પદ-૩, દ્વાર-૪-કાયદ્વાર ❀

● સૂત્ર-૨૬૩ :-

*ભગવન્ ! આ સકાયિક, પૃથ્વીકાયિક, અપ્કાયિક, તેઉકાયિક, વાયુકાયિક, વનસ્પતિકાયિક, ત્રસકાયિક, અકાયિકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડાં ત્રસકાયિક, તેઉકાયિક અસંખ્યાતગણાં, પૃથ્વીકાયિક વિશેષાધિક, અપ્કાયિક વિશેષાધિક, વાયુકાયિક વિશેષાધિક, અકાયિક અનંતગણાં, વનસ્પતિકાયિક અનંતગણા, સકાયિક વિશેષાધિક છે.*

*ભગવન્ ! આ સકાયિક, પૃથ્વી-અપ્-તેઉ-વાયુ-વનસ્પતિ-ત્રસકાયિક, અપર્યાપ્તામાં કોણ કોનાથી અલ્પ આદિ છે ? ગૌતમ ! સૌથી થોડાં અપર્યાપ્તા ત્રસકાયિક, અપર્યાપ્તા તેઉકાયિક અસંખ્યાતગણાં, અપર્યાપ્તા પૃથ્વીકાયિક વિશેષાધિક, અપર્યાપ્તા અપ્કાયિક વિશેષાધિક, અપર્યાપ્તા વાયુકાયિક વિશેષાધિક, અપર્યાપ્તા વનસ્પતિકાયિક અનંતગણા, સકાયિક અપર્યાપ્તા વિશેષાધિક છે.*

*ભગવન્ ! સકાયિક, પૃથ્વી યાવત્ ત્રસકાયિક પર્યાપ્તામાં કોણ કોનાથી અલ્પાદિ છે ? ગૌતમ ! સૌથી થોડાં પર્યાપ્તા ત્રસકાયિક, પર્યાપ્ત તેઉકાયિક અસંખ્યાતગણાં, પર્યાપ્તા પૃથ્વીકાયિક વિશેષાધિક, પર્યાપ્તા અપ્કાયિક વિશેષાધિક, પર્યાપ્તા વાયુકાયિક વિશેષાધિક, પર્યાપ્તા વનસ્પતિકાયિક અનંતગણાં, સકાયિક૦ વિશેષાધિક છે.*

*ભગવન્ ! પર્યાપ્તા-અપર્યાપ્તા સકાયિકમાં૦ ? સૌથી થોડાં અપર્યાપ્તા સકાયિક, પર્યાપ્તા સકાયિક સંખ્યાતગણા.*

*ભગવન્ ! પર્યાપ્તા-અપર્યાપ્તા પૃથ્વીકાયિકમાં૦ ? ગૌતમ ! સૌથી થોડાં અપર્યાપ્તા પૃથ્વીકાયિકો છે. તેથી પર્યાપ્તા પૃથ્વીકાયિકો સંખ્યાતગણાં છે. આ પ્રમાણે જ અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાયના આલાવા કહેવા.*

*ભગવન્ ! આ પર્યાપ્તા-અપર્યાપ્તા ત્રસકાયિકમાં કોણ-કોનાથી અલ્પ, બહુ, તુલ્ય, વિશેષાધિક છે ? પર્યાપ્તા ત્રસકાયિકો સૌથી થોડાં છે, અપર્યાપ્તા અસંખ્યાત-ગણાં છે.*

*ભગવન્ ! પર્યાપ્તા-અપર્યાપ્તા સકાયિક એવા પૃથ્વી-અપ્-તેઉ-વાયુ-વનસ્પતિકાયિક અને ત્રસકાયિકોમાં કોણ કોનાથી અલ્પ૦ આદિ છે ? ગૌતમ ! સૌથી થોડાં પર્યાપ્તા ત્રસકાયિક છે. અપર્યાપ્તા ત્રસકાયિકો સંખ્યાતગણાં છે. અપર્યાપ્તા તેઉકાયિક અસંખ્યાતગણા, અપર્યાપ્તા પૃથ્વીકાયિક વિશેષાધિક, અપર્યાપ્તા અપ્કાયિકો વિશેષાધિક, અપર્યાપ્તા વાયુકાયિકો વિશેષાધિક, પર્યાપ્તા તેઉકાયિકો સંખ્યાતગણાં, પર્યાપ્તા પૃથ્વીકાયિકો વિશેષાધિક, પર્યાપ્તા અપ્કાયિકો વિશેષાધિક, પર્યાપ્તા વાયુકાયિકો વિશેષાધિક, અપર્યાપ્તા વનસ્પતિકાયિક અનંતગણાં, અપર્યાપ્તા સકાયિકો વિશેષાધિક, પર્યાપ્તા વનસ્પતિકાયિક*





*સંખ્યાતગણાં, સકાયિક પર્યાપ્તા વિશેષાધિક, સકાયિક વિશેષાધિક છે.*

● વિવેચન-૨૬૩ :-

સૌથી થોડાં ત્રસકાયિકો છે. કેમકે બેઈન્દ્રિયાદિ જ ત્રસકાયિક છે. બાકી કાયોની અપેક્ષાએ અલ્પ છે. તેથી તેઉકાયિકો અસંખ્યાતગણાં છે. કેમકે અસંખ્યાતા લોકાકાશ પ્રદેશ પ્રમાણ છે. તેથી પૃથ્વીકાયિકો વિશેષાધિક છે, કેમકે ઘણાં અસંખ્યાતા લોકાકાશ પ્રદેશ પ્રમાણ છે. તેથી અપ્કાયિક વિશેષાધિક છે. - x - તેથી વાયુકાયિક વિશેષાધિક છે. - x - તેથી અકાયિક અનંતગુણ છે કેમકે સિદ્ધો અનંત છે, તેથી વનસ્પતિકાયિક અનંતગુણ છે. કેમકે અનંત લોકાકાશ પ્રદેશ પ્રમાણ છે. તેથી સકાયિક વિશેષ છે.

અપર્યાપ્તા સકાયિકાદિનું અલ્પબહુત્વ-સુગમ છે.

પર્યાપ્તા સકાયિકાદિનું અલ્પબહુત્વ-સુગમ છે.

પર્યાપ્તા-અપર્યાપ્તા સકાયિકાદિનું અલ્પબહુત્વ-સુગમ છે.

હવે સકાયિકાદિ પર્યાપ્તા-અપર્યાપ્તાનું સમુદિત અલ્પબહુત્વ કહે છે – સૌથી થોડાં પર્યાપ્તા ત્રસકાયિકો છે, તેથી અપર્યાપ્તા ત્રસકાયિકો અસંખ્યાતગણાં છે. કેમકે પર્યાપ્તા બેઈન્દ્રિયાદિથી અપર્યાપ્તા બેઈન્દ્રિયો અસંખ્યાતગણાં છે. તેથી અપર્યાપ્ત તેઉકાયિકો અસંખ્યાતગણાં છે, કેમકે તેઓ અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ છે. તેથી અપર્યાપ્તા પૃથ્વી-અપ્-વાયુ અનુક્રમે વિશેષાધિક છે. તેથી પર્યાપ્ત તેઉકાયિકો સંખ્યાતગણાં છે કેમકે સૂક્ષ્મ અપર્યાપ્તા સંખ્યાતગણાં છે.

● સૂત્ર-૨૬૪ :-

*ભગવન્ ! સૂક્ષ્મો, સૂક્ષ્મપૃથ્વી૦, સૂક્ષ્મ અપ્૦, સૂક્ષ્મ તેઉ૦, સૂક્ષ્મ વાયુ૦, સૂક્ષ્મ વનસ્પતિ૦, સૂક્ષ્મ નિગોદોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડા સૂક્ષ્મ તેઉકાયિકો છે, સૂક્ષ્મ પૃથ્વી-અપ્-વાયુક્રમશઃ વિશેષ છે. સૂક્ષ્મ નિગોદો અસંખ્યાતગણાં, સૂક્ષ્મ વનસ્પતિકાયિકો અનંતગણાં, તેનાથી સૂક્ષ્મો વિશેષાધિક છે.*

*ભગવન્ ! આ અપર્યાપ્તા એવા સૂક્ષ્મો સૂક્ષ્મ પૃથ્વી-અપ્-તેઉ-વાયુ-વનસ્પતિકાયિકો, સૂક્ષ્મ નિગોદોમાં કોણ કોનાથી અલ્પાદિ છે ? ગૌતમ ! સૌથી થોડાં અપર્યાપ્તા સૂક્ષ્મ તેઉકાયિકો છે, અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વી-અપ્-વાયુ૦ ક્રમશઃ વિશેષાધિક છે, તેથી અપર્યાપ્તા સૂક્ષ્મ નિગોદો અસંખ્યાતગણાં છે, તેથી અપર્યાપ્તા સૂક્ષ્મ વનસ્પતિકાયિકો અનંતગણાં છે, તેથી અપર્યાપ્તા સૂક્ષ્મો વિશેષાધિક છે.*

*ભગવન્ ! પર્યાપ્તા એવા સૂક્ષ્મ, સૂક્ષ્મ પૃથ્વી-અપ્-તેઉ-વાયુ-વનસ્પતિકાયિક અને સૂક્ષ્મ નિગોદોમાં કોણ કોનાથી અલ્પાદિ છે ? ગૌતમ ! સૌથી થોડાં પર્યાપ્તા તેઉકાયિકો છે. પર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વી-અપ્-વાયુ૦ અનુક્રમે વિશેષાધિક છે. પર્યાપ્તા સૂક્ષ્મ નિગોદો અસંખ્યાતગણાં છે, પર્યાપ્તા સૂક્ષ્મ વનસ્પતિકાયિકો અનંતગણાં છે. પર્યાપ્તા સૂક્ષ્મો વિશેષાધિક છે.*

*ભગવન્ ! પર્યાપ્તા-અપર્યાપ્તા સૂક્ષ્મોમાં કોણ કોનાથી૰ ? સૌથી થોડાં સૂક્ષ્મ અપર્યાપ્તા, પર્યાપ્તા સંખ્યાતગણાં. એ પ્રમાણે સૂક્ષ્મ પૃથ્વી૰ યાવત્ સૂક્ષ્મનિગોદો પણ જાણવા.*

*ભગવન્ ! પર્યાપ્તા-અપર્યાપ્તા સૂક્ષ્મો, સૂક્ષ્મ પૃથ્વી૰ યાવત્ વનસ્પતિ૰, સૂક્ષ્મ નિગોદોમાં કોણ કોનાથી૰ ? ગૌતમ ! સૌથી થોડાં અપર્યાપ્ત સૂક્ષ્મ તેઉકાયિકો છે. અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વી-અપ્-વાયુ૰ અનુક્રમે વિશેષાધિક છે. પર્યાપ્ત સૂક્ષ્મ તેઉકાયિકો વિશેષાધિક છે, પર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વી-અપ્-વાયુ૰ વિશેષાધિક છે. અપર્યાપ્તા સૂક્ષ્મ નિગોદો અસંખ્યાતગણાં છે. પર્યાપ્ત સૂક્ષ્મ નિગોદો સંખ્યાતગણા, અપર્યાપ્તા સૂક્ષ્મ વન૰ અનંતગણા, અપર્યાપ્તા સૂક્ષ્મો વિશેષાધિક, પર્યાપ્તા સૂક્ષ્મ વનસ્પતિકાયિક સંખ્યાતગણા, પર્યાપ્તા સૂક્ષ્મ વિશેષાધિક છે અને તેથી સૂક્ષ્મો વિશેષાધિક છે.*

● વિવેચન-૨૬૪ :-

સૌથી થોડાં સૂક્ષ્મ તેઉકાયિકો છે કેમકે અસંખ્યાતા લોકાકાશ પ્રદેશ પ્રમાણ છે. તેથી સૂક્ષ્મ પૃથ્વી૰ વિશેષાધિક છે. - x - તેથી સૂક્ષ્મ અપ્૰ વિશેષાધિક છે. - x - તેથી સૂક્ષ્મ વાયુ૰ વિશેષાધિક છે. તેથી સૂક્ષ્મ નિગોદો અસંખ્યાતગણાં છે. અહીં સૂક્ષ્મનું ગ્રહણ બાદરના નિષેધ માટે છે. નિગોદ બે પ્રકારે - બાદર અને સર્વલોકમાં વ્યાપ્ત એવા સૂક્ષ્મ. સૂક્ષ્મ નિગોદ દરેક ગોળામાં અસંખ્યાતા છે. તેનાથી સૂક્ષ્મ વનસ્પતિ૰ અનંતગણાં છે. કેમકે નિગોદમાં અનંતા જીવો છે. તેથી સામાન્ય સૂક્ષ્મો વિશેષાધિક છે કેમકે સૂક્ષ્મ પૃથ્વીકાયિકોનો તેમાં સમાવેશ થાય છે.

હવે અપર્યાપ્તા સૂક્ષ્મ જીવોનું અલ્પબહુત્વ - આ બધું પૂર્વની માફક જાણવું. પર્યાપ્તાનું પણ પૂર્વવત્ જ છે.

હવે સૂક્ષ્માદિ પર્યાપ્તા-અપર્યાપ્તાનું અલ્પબહુત્વ-બાદરોમાં પર્યાપ્તાથી અપર્યાપ્તા અસંખ્યાતગણાં છે, કેમકે એક એક પર્યાપ્તાને આશ્રીને અસંખ્યાત અપર્યાપ્તા ઉપજે છે. પહેલા પ્રજ્ઞાપનપદમાં પણ તે કહ્યું છે - x - સૂક્ષ્મોમાં આ ક્રમ નથી. ત્યાં પર્યાપ્તા-અપર્યાપ્તા દીર્ઘકાલસ્થિતિક છે. માટે હંમેશાં તે ઘણાં હોય છે. આ પ્રમાણે પૃથ્વીકાયિકાદિમાં પણ જાણવું.

હવે સૂક્ષ્માદિ પર્યાપ્તા-અપર્યાપ્તાનું સમુદિત અલ્પબહુત્વ - સૌથી થોડાં અપર્યાપ્તા સૂક્ષ્મ તેઉકાયિકો - x - તેનાથી અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વી-અપ્-વાયુ૰ અનુક્રમે વિશેષાધિક છે - x - તેથી પર્યાપ્તા સૂક્ષ્મ તેઉ૰ સંખ્યાતગણાં છે, કેમકે અપર્યાપ્તાથી પર્યાપ્તા સંખ્યાતગણાં છે, તે હમણાં જ વિચારેલ છે - x -. વિશેષાધિક એટલે કંઈક અધિક, બમણાથી ઓછાં. સૂક્ષ્મ અપર્યાપ્ત તેઉકાયિકોથી પર્યાપ્તા સૂક્ષ્મ તેઉ૰ સંખ્યાતગણાં છતાં, અપર્યાપ્તા સૂક્ષ્મ વાયુ૰ સંખ્યાતગણાં છે. તેનાથી સૂક્ષ્મ પૃથ્વી-અપ્-વાયુ વિશેષાધિક છે. તેથી અપર્યાપ્ત સૂક્ષ્મ નિગોદો અસંખ્યાતગણાં છે, કેમકે તે ઘણાં છે. તેથી પર્યાપ્તા સૂક્ષ્મ નિગોદ સંખ્યાતગણાં છે - x - તેનાથી સૂક્ષ્મ વનસ્પતિકાયિક



અપર્યાપ્તા અનંતગણાં છે - x - તેથી સામાન્યથી અપર્યાપ્તા સૂક્ષ્મ વિશેષાધિક છે - x - તેનાથી પર્યાપ્તા સૂક્ષ્મ વનસ્પતિ૰ સંખ્યાતગણાં છે, સૂક્ષ્મોમાં અપર્યાપ્તાથી પર્યાપ્તા સંખ્યાતગણાં છે. - x - તેનાથી સૂક્ષ્મ પર્યાપ્તા વિશેષાધિક છે. - x - તેનાથી સૂક્ષ્મ વિશેષાધિક છે. - x - સૂક્ષ્મો કહ્યા, હવે બાદર કહે છે —

● સૂત્ર-૨૬૫ :-

*ભગવન્ ! આ બાદરો, બાદર પૃથ્વી૰, બાદર અપ્૰, બાદર તેઉ૰, બાદર વાયુ૰, બાદર વનસ્પતિ૰ પ્રત્યેક શરીર બાદર વન૰ બાદર નિગોદ, બાદર ત્રસકાયિકોમાં કોણ કોનાથી અલ્પાદિ છે ? ગૌતમ ! સૌથી થોડાં બાદર ત્રસકાયિક, બાદર તેઉ૰ અસંખ્યાતગણાં, પ્રત્યેક શરીર બાદર વન૰ અસંખ્યાતગણાં, બાદર નિગોદ અસંખ્યાત ગણા, બાદર પૃથ્વી૰ અસંખ્યાતગણા, બાદર અપ્૰ અસં૰, બાદર વાયુ૰ અસં૰ બાદર વન૰ અનંતગણાં, બાદર વિશેષાધિક છે.*

*ભગવન્ ! આ બાદર અપર્યાપ્તા એવા પૃથ્વી૰ થી વનસ્પતિ૰, પ્રત્યેક શરીર બાદર વન૰, બાદર નિગોદ, બાદર ત્રસ૰ એ બધાં અપર્યાપ્તામાં કોણ કોનાથી અલ્પાદિ છે ? ગૌતમ ! સૌથી થોડાં બાદર ત્રસકાયિક અપર્યાપ્તા છે, બાદર તેઉ૰ અપર્યાપ્તા અસંખ્યાતગણાં, પ્રત્યેક શરીર બાદર વન૰ અપર્યાપ્તા અસં૰, બાદર નિગોદ અપર્યાપ્તા અસં૰, બાદર પૃથ્વી-અપ્-વાયુ-અપર્યાપ્તા અનુક્રમે અસંખ્યાતગણાં, બાદર વન૰ અપર્યાપ્તા અનંતગણાં, બાદર અપર્યાપ્તા વિશેષાધિક છે.*

*ભગવન્ ! બાદર પર્યાપ્તા એવા બાદર, બાદર પૃથ્વી-અપ્-તેઉ-વાયુ૰, પ્રત્યેક શરીર બાદર વન૰, બાદર નિગોદ, બાદર ત્રસકાયિક એ બધાં પર્યાપ્તામાં કોણ કોનાથી અલ્પાદિ છે ? ગૌતમ ! સૌથી થોડાં બાદર તેઉકાયિક પર્યાપ્તા છે, બાદર ત્રસ૰ પર્યાપ્તા અસંખ્યાતગણા, પ્રત્યેક શરીર બાદર વન૰ પર્યાપ્તા અસંખ્યાતગણાં, બાદર નિગોદ પર્યાપ્તા અસંખ્યાતગણાં, બાદર પૃથ્વી-અપ્-વાયુ૰ પર્યાપ્તા અનુક્રમે અસખ્યાતગણાં, બાદર વન૰ પર્યાપ્તા અનંતગણા, બાદર પર્યાપ્તા વિશેષાધિક છે.*

*ભગવન્ ! બાદર પર્યાપ્તા-અપર્યાપ્તામાં કોણ કોનાથી૰ ? સૌથી થોડાં બાદર પર્યાપ્તા, બાદર અપર્યાપ્તા અસંખ્યાતગણાં.*

*ભગવન્ ! બાદર પર્યાપ્તા-અપર્યાપ્તા પૃથ્વીકાયિકોમાં કોણ કોનાથી અલ્પાદિ૰ છે ? ગૌતમ ! સૌથી થોડાં પર્યાપ્તા બાદર પૃથ્વી૰ છે, અપર્યાપ્તા બાદર પૃથ્વી૰ અસંખ્યાત ગણા છે. આવા જ આલાવા પર્યાપ્તા-અપર્યાપ્તા બાદર અપ્, તેઉ, વાયુ, વનસ્પતિ૰ માં તથા પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિક, બાદર નિગોદ, બાદર ત્રસ કાયિકોમાં જાણવા. બધે જ પર્યાપ્તાથી અસંખ્યાતગણાં અપર્યાપ્તા છે.*

*ભગવન્ ! આ બાદર, બાદર એવા પૃથ્વી૰ યાવત્ વનસ્પતિ૰ પ્રત્યેક*

***શરીર બાદર વન૦, બાદર નિગોદ, બાદર ત્રસકાયિક પર્યાપ્તા-અપર્યાપ્તામાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય, વિશેષ છે? ગૌતમ! સૌથી થોડાં બાદર તેઉકાયિક પર્યાપ્તા, બાદર ત્રસ૦ પર્યાપ્તા અસંખ્યાતગણાં, બાદર ત્રસ૦ અપર્યાપ્તા અસંખ્યાતગણાં, પ્રત્યેક શરીર બાદર વન૦ પર્યાપ્તા અસં૦, બાદર નિગોદ પર્યાપ્તા અસં૦, બાદર પૃથ્વી૦ અપ્૦ વાયુ૦ પર્યાપ્તા અનુક્રમે અસંખ્યાતગણાં, બાદર તેઉ૦ અપર્યાપ્તા અસંખ્યાતગણાં, પ્રત્યેક શરીર બાદરવન૦ અપર્યાપ્તા અસંખ્યાતગણાં, બાદર નિગોદ-પૃથ્વી૦-અપ્૦-વાયુ૦ અપર્યાપ્તા અસંખ્યાતગણાં, બાદર વન૦ પર્યાપ્તા અનંતગણાં, બાદરવન૦ અપર્યાપ્તા અસંખ્યાતગણાં, બાદર અપર્યાપ્તા વિશેષા૦ બાદરા વિશેષા૦.***

● **વિવેચન-૨૬૫ :-**

સૌથી થોડાં બાદર ત્રસકાયિકો છે, કેમકે બેઈન્દ્રિયાદિ જ બાદર ત્રસ છે. તેથી બાદર તેઉકાયિકો અસંખ્યાતગણાં છે, કેમકે અસંખ્યાતા લોકાકાશ પ્રદેશ પ્રમાણ છે. તેથી પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિકાયિકો અસંખ્યાતગણાં છે. કેમકે તેઓનું સ્થાન અસંખ્યાતગણું છે અને બાદર તેઉ૦ તો મનુષ્યક્ષેત્રમાં જ હોય છે - x - x - અને બાદર વનસ્પતિ૦ ત્રણે લોકમાં ભવનાદિમાં હોય છે. - x - x - એ રીતે૦ ક્ષેત્રના અસંખ્યાતગણાથી તેઉકાય કરતાં અસંખ્યાતગણાં કહ્યા છે. પ્રત્યેક શરીર બાદર વન૦ થી બાદર નિગોદો અસંખ્યાતગણાં છે, કેમકે બાદર નિગોદની અત્યંત સૂક્ષ્મ અવગાહના છે. તે પાણીમાં સર્વત્ર હોય છે. તે બાદર અનંતકાયિક છે. તેથી બાદર પૃથ્વીકાયિકો અસંખ્યાતગણાં છે, કેમકે આઠે પૃથ્વી, ભવન, વિમાન, પર્વતાદિમાં હોય છે. તેથી અસંખ્યાતગણાં બાદર અપ્કાયિકો છે. કેમકે સમુદ્રમાં ઘણું જ પાણી છે. તેથી બાદર વાયુકાયિકો અસંખ્યાતગણાં છે, કેમકે પોલાણમાં બધે વાયુ સંભવે છે. તેથી બાદર વનસ્પતિકાયિક અનંત ગણા છે, કેમકે દરેક બાદર નિગોદમાં અનંત જીવો છે. તેથી સામાન્ય બાદર જીવો વિશેષાધિક છે. એ રીતે પ્રથમ અલ્પબહુત્વ કહ્યું.

હવે બાદરાદિ અપર્યાપ્તાનું બીજું અલ્પબહુત્વ - સૌથી થોડા અપર્યાપ્તા બાદર ત્રસકાયિકો છે, તેથી અપર્યાપ્તા બાદર તેઉ૦ અસંખ્યાતગણાં છે, કેમકે અસંખ્યાતા લોકાકાશ પ્રદેશ પ્રમાણ છે. એ રીતે પૂર્વોક્ત ક્રમથી અલ્પબહુત્વ જાણવું.

હવે પર્યાપ્તા બાદરાદિનું ત્રીજું અલ્પબહુત્વ - સૌથી થોડાં પર્યાપ્તા બાદર તેઉકાયિકો છે. - x - x - તેથી પર્યાપ્તા બાદર ત્રસકાયિકો અસંખ્યાતગણાં છે. - x - x - તેથી પર્યાપ્તા પ્રત્યેકશરીરી બાદર વનસ્પતિકાયિકો અસંખ્યાતગણાં છે. - x - x - x - તેથી પર્યાપ્તા બાદર નિગોદો અસંખ્યાતગણાં છે, કેમકે સૂક્ષ્મ અવગાહનાવાળા છે, અને બધાં જળાશયોમાં સર્વત્ર હોય છે. તેથી પર્યાપ્તા બાદર પૃથ્વી૦ અસંખ્યાતગણાં છે. - x - પર્યાપ્તા બાદર વાયુ૦ અસંખ્યાતગણાં છે. - x - x - તેથી બાદર વનસ્પતિ૦ પર્યાપ્તા અનંતગણાં છે - x - તેથી સામાન્ય બાદર



પર્યાપ્તા વિશેષાધિક છે.

હવે પર્યાપ્તા-અપર્યાપ્તા બાદરાદિ પ્રત્યેક જીવોનું અલ્પબહુત્વ - અહીં એકૈક બાદર પર્યાપ્તાને આશ્રીને અસંખ્યાતા બાદર અપર્યાપ્તા ઉત્પન્ન થાય છે. - x - x - બાદર જીવોની અપેક્ષાએ સર્વ સ્થળે પર્યાપ્તાથી અપર્યાપ્તા અસંખ્યાતગણાં કહેવા - x -

હવે પર્યાપ્તા-અપર્યાપ્તા બાદરાદિનું સામુદાયિક અલ્પ બહુત્વ કહે છે — સૌથી થોડાં બાદર તેઉકાયિકો છે. તેથી પર્યાપ્તા બાદર ત્રસકાયિકો અસંખ્યાતગણાં છે. તેથી અપર્યાપ્તા બાદર ત્રસકાયિક અસંખ્યાતગણાં છે૦ ઈત્યાદિ સૂત્રાર્થ મુજબ જાણવું. - x - પર્યાપ્ત બાદર વાયુ૦ થી અપર્યાપ્તા બાદર તેઉ૦ અસંખ્યાતગણાં છે. - x - તેનાથી અપર્યાપ્તા પ્રત્યેક બાદર વનસ્પતિકાયિકો અસંખ્યાતગણાં છે. તેથી અપર્યાપ્ત બાદર નિગોદો અસંખ્યાતગણાં છે૦ ઈત્યાદિ સૂત્રાર્થ મુજબ જાણવું. - x - અપર્યાપ્તા બાદર વાયુ૦ થી પર્યાપ્તા બાદર વનસ્પતિકાયિકો અનંતગણાં છે, કેમકે બાદર એકૈક નિગોદમાં અનંત જીવો હોય છે. તેથી સામાન્ય બાદર પર્યાપ્તા વિશેષાધિક છે, કેમકે પર્યાપ્તા બાદર તેઉકાયિકાદિનો તેમાં સમાવેશ થાય છે. તેથી અપર્યાપ્તા બાદર વનસ્પતિકાયિક અસંખ્યાતગણાં છે - x - તેથી સામાન્ય બાદર અપર્યાપ્તા વિશેષાધિક છે. કેમકે અપર્યાપ્તા બાદર તેઉકાયિકાદિનો પણ તેમાં સમાવેશ થાય છે. તેથી પર્યાપ્તા અપર્યાપ્તા વિશેષણ રહિત બાદર જીવો વિશેષાધિક છે.

બાદરાશ્રિત સૂત્રો કહ્યા. હવે સૂક્ષ્મ બાદર સમુદાયગત પંચ સૂત્રી કહેવાની ઈચ્છાવાળા પહેલાં ઔધિક સૂક્ષ્મ-બાદર સૂત્ર કહે છે—

● **સૂત્ર-૨૬૬ :-**

***ભગવન્! આ સૂક્ષ્મો, સૂક્ષ્મ એવા પૃથ્વી-અપ્-તેઉ-વાયુ-વનસ્પતિ૦-નિગોદ, બાદર, બાદર પૃથ્વી-અપ્-તેઉ-વાયુ-વનસ્પતિ૦, પ્રત્યેક શરીરી બાદર વન૦, બાદર નિગોદો, બાદર ત્રસકાયિકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય, વિશેષ છે?***

***ગૌતમ! સૌથી થોડાં બાદર ત્રસકાયિકો છે. બાદર તેઉ૦ અસંખ્યાતગણાં છે, પ્રત્યેક શરીર બાદર વન૦ અસંખ્યાત, બાદર નિગોદો અસંખ્યાતા, બાદર પૃથ્વી-અપ્-વાયુ૦ ક્રમશઃ અસંખ્યાતા, સૂક્ષ્મ તેઉ૦ અસંખ્યાતા, સૂક્ષ્મ પૃથ્વી-અપ્-વાયુ૦ ક્રમશઃ વિશેષાધિક, સૂક્ષ્મ નિગોદ અસંખ્યાતા, બાદર વન૦ અનંતગણાં, બાદર વિશેષાધિક, સૂક્ષ્મ વન૦ અસંખ્યાતા, તેથી સૂક્ષ્મ જીવો વિશેષાધિક છે.***

***ભગવન્! અપર્યાપ્તા એવા સૂક્ષ્મ, સૂક્ષ્મ પૃથ્વી૦ યાવત્ વનસ્પતિકાયિક, સૂક્ષ્મ નિગોદ, બાદર, બાદર પૃથ્વી૦ યાવત્ વનસ્પતિકાયિકો, પ્રત્યેક શરીર બાદર વન૦ બાદર નિગોદ, બાદર ત્રસકાયિકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષ છે?***

***ગૌતમ! સૌથી થોડાં અપર્યાપ્તા બાદર ત્રસકાયિકો છે, અપર્યાપ્તા બાદર***

*તેઉ૦ અસંખ્યાતા, અપર્યાપ્તા પ્રત્યેક શરીર બાદર વન૦ અસંખ્યાતા, અપર્યાપ્તા બાદર નિગોદો અસંખ્યાતા, અપર્યાપ્તા બાદર પૃથ્વી-અપ્-વાયુ૦ ક્રમશઃ અસંખ્યાતા, અપર્યાપ્તા સૂક્ષ્મ તેઉ૦ અસંખ્યાતગણાં, અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વી-અપ્-વાયુ૦ ક્રમશઃ વિશેષાધિક, અપર્યાપ્તા સૂક્ષ્મ નિગોદ અસંખ્યાતા, અપર્યાપ્તા બાદર વન૦ અનંતગણા, અપર્યાપ્તા બાદર વિશેષાધિક, અપર્યાપ્તા સૂક્ષ્મ વનસ્પતિ૦ અસંખ્યાતા, અપર્યાપ્ત સૂક્ષ્મો વિશેષ છે.*

*ભગવન્ ! પર્યાપ્તા-સૂક્ષ્મો, સૂક્ષ્મ પૃથ્વી૦ યાવત્ વનસ્પતિકાયિક, સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તા-બાદર, બાદર પૃથ્વી૦ યાવત્ વન૦ પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિક, બાદર નિગોદ, બાદર ત્રસકાયિક, એ બધાં પર્યાપ્તામાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય, વિશેષ છે ?*

*ગૌતમ ! સૌથી થોડાં પર્યાપ્તા બાદર તેઉકાયિકો છે, પર્યાપ્તા બાદર ત્રસકાયિક અસંખ્યાતગણા, પર્યાપ્તા પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિક અસંખ્યાતગણા, પર્યાપ્તા બાદર નિગોદ અસંખ્યાતગણા, પર્યાપ્તા બાદર પૃથ્વી-અપ્-વાયુ૦ ક્રમશઃ અસંખ્યાતગણા, પર્યાપ્તા સૂક્ષ્મ તેઉકાયિક અસંખ્યાતગણા, પર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વી૦ અપ્૦ વાયુ૦ અનુક્રમે વિશેષાધિક, સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તા અસંખ્યાતગણાં, પર્યાપ્તા બાદર વનસ્પતિકાયિક અનંત ગણા, પર્યાપ્તા બાદર વિશેષાધિક, પર્યાપ્તા સૂક્ષ્મ વનસ્પતિકાયિક અસંખ્યાત-ગણાં, પર્યાપ્તા સૂક્ષ્મ વિશેષાધિક છે.*

*ભગવન્ ! પર્યાપ્તા-અપર્યાપ્તા સૂક્ષ્મ અને બાદરમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડાં બાદર પર્યાપ્તા છે, બાદર અપર્યાપ્તા અસંખ્યાતગણાં. અપર્યાપ્તા સૂક્ષ્મ અસંખ્યાતગણાં, પર્યાપ્તા સૂક્ષ્મ સંખ્યાતગણાં.*

*ભગવન્ ! આ સૂક્ષ્મ પૃથ્વી૦ અને બાદર પૃથ્વી૦ માં પર્યાપ્તા-અપર્યાપ્તામાં કોણ કોનાથી અલ્પાદિ૦ છે ? ગૌતમ ! સૌથી થોડાં પર્યાપ્તા બાદર પૃથ્વી૦ છે, અપર્યાપ્તા બાદર પૃથ્વી૦ અસંખ્યાતા, અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વી૦ અસંખ્યાતા, પર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વી૦ સંખ્યાતા. - - - એ પ્રમાણે પર્યાપ્તા-અપર્યાપ્તા સૂક્ષ્મ અને બાદર અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, નિગોદ સંબંધી સૂત્રો જાણવા. આ બધામાં બાદર પર્યાપ્તાથી બાદર અપર્યાપ્તા અસંખ્યાતગણા, તેથી સૂક્ષ્મ અપર્યાપ્તા અસંખ્યાતગણા, સૂક્ષ્મ પર્યાપ્તા સંખ્યાતા છે.*

*ભગવન્ ! આ સૂક્ષ્મ, સૂક્ષ્મ પૃથ્વી૦ યાવત્ વન૦, સૂક્ષ્મ નિગોદ, બાદર, પૃથ્વી૦ યાવત્ વનસ્પતિકાય, પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાય, બાદર નિગોદ, બાદર ત્રસકાયિક પર્યાપ્તા-અપર્યાપ્તામાં કોણ કોનાથી અલ્પ આદિ છે ?*

*ગૌતમ ! સૌથી થોડાં પર્યાપ્તા બાદર તેઉકાયિકો છે. પર્યાપ્તા બાદર ત્રસકાયિક અસંખ્યાતગણાં, અપર્યાપ્તા બાદર ત્રસ૦ અસંખ્યાતગણાં, પર્યાપ્તા પ્રત્યેક શરીર બાદર વન૦ અસંખ્યાતા, પર્યાપ્તા બાદ નિગોદ અસં૦, પર્યાપ્તા બાદર પૃથ્વી૦ અપ્૦ વાયુ૦ અનુક્રમે અસંખ્યાતગણાં, અપર્યાપ્તા બાદર તેઉ૦ અસંખ્યાતગણાં, અપર્યાપ્તા પ્રત્યેક શરીર બાદર વનસ્પતિ૦ અસંખ્યાતગણાં, અપર્યાપ્તા બાદર નિગોદ અસંખ્યાતગણાં, અપર્યાપ્તા બાદર પૃથ્વી૦ અપ્૦ વાયુ૦ અનુક્રમે અસંખ્યાતગણાં, અપર્યાપ્તા સૂક્ષ્મ તેઉ૦ અસંખ્યાતગણા, અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વી૦ અપ્૦ વાયુ૦ અનુક્રમે વિશેષાધિક, પર્યાપ્તા સૂક્ષ્મ તેઉ૦ અસંખ્યાતગણા, પર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વી૦ અપ્૦ વાયુ૦ અનુક્રમે વિશેષાધિક, સૂક્ષ્મ નિગોદ અપર્યાપ્તા અસંખ્યાતગણાં, સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તા સંખ્યાતગણાં, પર્યાપ્તા બાદર વનસ્પતિ૦ અનંતગણાં, પર્યાપ્તા બાદર વિશેષાધિક, અપર્યાપ્તા બાદર વન૦ અસંખ્યાતગણાં, અપર્યાપ્તા બાદર વિશેષાધિક, બાદર વિશેષાધિક, અપર્યાપ્તા સૂક્ષ્મ વન૦ અસંખ્યાતગણાં, અપર્યાપ્તા સૂક્ષ્મ વિશેષાધિક, પર્યાપ્તા સૂક્ષ્મ વન૦ સંખ્યાતગણાં, સૂક્ષ્મ પર્યાપ્તા વિશેષ, સૂક્ષ્મ વિશેષ.*



● **વિવેચન-૨૬૬ :-**

બાદર સંબંધી અલ્પ બહુત્વનો વિચાર બાદરના પાંચ સૂત્રમાંના પ્રથમ સૂત્રવત્ બાદર વાયુકાય પદ સુધી જાણવો. પછી સૂક્ષ્મ સંબંધે અલ્પબહુત્વ પણ સૂક્ષ્મના પાંચ સૂત્રોમાં જે પહેલું સૂત્ર છે, તેની માફક સૂક્ષ્મ નિગોદ સુધી જાણવું. પછી બાદર વનસ્પતિકાયિક અનંતગણાં છે કેમકે એકૈક બાદર નિગોદમાં અનંત જીવો છે. તેથી બાદર જીવો વિશેષાધિક છે. કેમકે તેમાં બાદર તેઉ૦ સમાવેશ થાય છે. તેથી સૂક્ષ્મ વન૦ અસંખ્યાતગણાં છે, કેમકે બાદર નિગોદથી સૂક્ષ્મ નિગોદો અસંખ્યાતગણી છે. તેથી સામાન્ય સૂક્ષ્મો વિશેષાધિક છે. - x - એમ પ્રથમ અલ્પબહુત્વ કહ્યું.

હવે સૂક્ષ્માદિ અપર્યાપ્તાનું બીજું અલ્પબહુત્વ - સૌથી થોડા અપર્યાપ્તા બાદર ત્રસકાયિકો છે, તેથી અપર્યાપ્તા બાદર તેઉ૦ બાદર પ્રત્યેક વન૦, બાદર નિગોદ, બાદર પૃથ્વી-અપ્-વાયુ અનુક્રમે ઉત્તરોત્તર અસંખ્યાતગણાં છે. અહીં અલ્પબહુત્વ વિચાર બાદર સંબંધી બીજા અપર્યાપ્ત સૂત્રવત્ કરવો. અપર્યાપ્ત બાદર વાયુ૦ અપર્યાપ્ત સૂક્ષ્મ તેઉ૦ અસંખ્યાતગણાં છે. - x - તેથી અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વી૦ અપ્૦ વાયુ૦ સૂક્ષ્મ નિગોદ અનુક્રમે અસંખ્યાતગણાં છે. અહીં સૂક્ષ્મના પાંચ સૂત્રોમાં બીજા સૂત્રવત્ અલ્પબહુત્વ છે.

અપર્યાપ્તા સૂક્ષ્મ નિગોદથી બાદર વન૦ અનંતગણાં છે, કેમકે એકૈક બાદરમાં અનંતજીવો છે. તેથી અપર્યાપ્તા સામાન્ય બાદર વિશેષાધિક છે. - x - તેથી સૂક્ષ્મ વન૦ અપર્યાપ્તા અસંખ્યાત ગણાં છે. અપર્યાપ્ત બાદર નિગોદથી અપર્યાપ્ત સૂક્ષ્મ નિગોદો અસંખ્યાતગણાં છે, તેથી સામાન્ય સૂક્ષ્મ અપર્યાપ્તા વિશેષાધિક છે૦

હવે સૂક્ષ્માદિ પર્યાપ્તાનું ત્રીજું અલ્પબહુત્વ - સૌથી થોડાં પર્યાપ્તા બાદર તેઉકાયિકો છે. તેથી બાદર ત્રસકાયિક, બાદર પ્રત્યેક વન૦, બાદર નિગોદ, બાદર પૃથ્વી-અપ્-વાયુ૦ અનુક્રમે અસંખ્યાતગણાં છે. અહીં બાદરના પાંચ સૂત્રોમાંના

ત્રીજા પર્યાપ્ત સૂત્રવત્ વિચારવું. પર્યાપ્ત બાદર વાયુ૦ થી પર્યાપ્તા સૂક્ષ્મ તેઉ૦ અસંખ્યાતગણાં છે. - x - x - તેથી પર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વી-અપ્-વાયુ૦ અનુક્રમે વિશેષાધિક છે. પર્યાપ્તા સૂક્ષ્મ વાયુ૦ થી પર્યાપ્તા સૂક્ષ્મ નિગોદો અસંખ્યાતગણાં છે. કેમકે એકૈક ગોળામાં ઘણાં હોય છે. તેથી પર્યાપ્તા બાદર વનસ્પતિ૦ અનંતગણાં છે, - x - તેથી સામાન્ય બાદર પર્યાપ્તા વિશેષાધિક છે. - x - તેથી પર્યાપ્તા સૂક્ષ્મ વન૦ અસંખ્યાતગણાં છે - x - તેથી સામાન્ય સૂક્ષ્મ પર્યાપ્તા વિશેષાધિક છે. એમ ત્રીજું અલ્પબહુત્વ કહ્યું.

હવે પર્યાપ્તા-અપર્યાપ્તા સૂક્ષ્મ બાદરાદિ પ્રત્યેકનું પૃથક્-પૃથક્ અલ્પબહુત્વ - સૌથી થોડાં બાદર પર્યાપ્તા છે, કેમકે તે પરિમિત ક્ષેત્રમાં રહે છે, તેથી બાદર અપર્યાપ્તા અસંખ્યાતગણાં છે, - x - તેથી સૂક્ષ્મ અપર્યાપ્તા અસંખ્યાતગણા છે, કેમકે સર્વલોક વ્યાપી હોવાથી તેમનું ક્ષેત્ર અસંખ્યાતગણું છે, તેથી સૂક્ષ્મ પર્યાપ્તા સંખ્યાતગણાં છે - x - એમ ચોથું અલ્પબહુત્વ કહ્યું.

હવે પર્યાપ્તા-અપર્યાપ્તા સૂક્ષ્મ, સૂક્ષ્મપૃથ્વીકાયાદિ અને બાદર, બાદર પૃથ્વીકાયાદિનું સામુદાયિક પાંચમું અલ્પબહુત્વ કહે છે — સૌથી થોડાં પર્યાપ્તા બાદર તેઉકાયિકો છે - x - x - તેથી પર્યાપ્તા બાદર ત્રસકાયિકો અસંખ્યાતગણાં છે - x - x - તેથી પર્યાપ્તા પ્રત્યેક બાદર વન૦ બાદર નિગોદ, બાદર પૃથ્વી અપ્, વાયુ૦ અનુક્રમે અસંખ્યાતગણાં છે - x - x - તેથી બાદર અપર્યાપ્તા તેઉ૦ અસંખ્યાતગણાં છે, કેમકે તે અસંખ્યાતા લોકાકાશના પ્રદેશ પ્રમાણ છે. તેથી અપર્યાપ્તા પ્રત્યેક શરીર બાદર વન૦ બાદર નિગોદ, બાદર પૃથ્વી, અપ્, વાયુ૦ અનુક્રમે અસંખ્યાતગણાં છે. અપર્યાપ્તા બાદર વાયુ૦ થી અપર્યાપ્તા સૂક્ષ્મ તેઉ૦ અસંખ્યાતગણા છે. તેથી અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વી, અપ્, વાયુ અનુક્રમે વિશેષાધિક છે. તેથી પર્યાપ્તા સૂક્ષ્મ તેઉ૦ સંખ્યાતગણાં છે, કેમકે સૂક્ષ્મ જીવોમાં અપર્યાપ્તા કરતાં પર્યાપ્તા સામાન્ય રીતે સંખ્યાતગણાં છે. તેથી પર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વી, અપ્, વાયુ૦ અનુક્રમે વિશેષાધિક છે. તેથી અપર્યાપ્તા સૂક્ષ્મ નિગોદ અસંખ્યાતગણાં છે, - x - તેથી પર્યાપ્તા સૂક્ષ્મ નિગોદો સંખ્યાતગણાં છે, કેમકે સૂક્ષ્મમાં અપર્યાપ્તા કરતાં પર્યાપ્તા સામાન્ય રીતે સંખ્યાતગણાં હોય છે.

જો કે આ બધાં બાદર પર્યાપ્તા તેઉકાયિકથી પર્યાપ્તા સૂક્ષ્મ નિગોદ સુધીના પદાર્થો અન્યત્ર સામાન્યથી અસંખ્યાતા લોકાકાશ પ્રદેશ પ્રમાણ કહ્યા છે. તો પણ અસંખ્યાતા અસંખ્યાતા ભેદો હોવાથી અહીં આ અસંખ્યાતા-વિશેષ-સંખ્યાતા આદિ જે કહેલ છે, તે વિરુદ્ધ ન સમજવા. પર્યાપ્તા સૂક્ષ્મ નિગોદોથી પર્યાપ્તા બાદર વન૦ અનંતગણાં છે, કેમકે એક બાદરનિગોદમાં અનંત જીવો છે. તેથી સામાન્ય બાદર પર્યાપ્તા વિશેષાધિક છે - x - અપર્યાપ્તા બાદર વન૦ તેથી અસંખ્યાતગણાં છે, કેમકે તેના એકૈક પર્યાપ્તાને આશ્રીને અપર્યાપ્તાની ઉત્પત્તિ થાય છે. - x - તેથી સામાન્ય બાદર વિશેષાધિક છે. કેમકે તેમાં પર્યાપ્તાનો પણ સમાવેશ થાય છે. તેથી અપર્યાપ્તા



સૂક્ષ્મ વનસ્પતિકાયિકો અસંખ્યાતગણાં છે. કેમકે બાદર નિગોદ કરતાં સૂક્ષ્મ નિગોદ અસંખ્યાતગણાં છે. તેનાથી સામાન્ય સૂક્ષ્મ અપર્યાપ્તા વિશેષાધિક છે. - x - તેથી પર્યાપ્તા સૂક્ષ્મ વન૦ સંખ્યાતગણાં છે. કેમકે તેના અપર્યાપ્તાથી પર્યાપ્તા સંખ્યાત ગણાં છે. - x - તેથી સામાન્ય સૂક્ષ્મ પર્યાપ્તા વિશેષાધિક છે. - x - x - એમ સૂક્ષ્મ-બાદરનું સામુદાયિક અલ્પબહુત્વ કહ્યું.

## ❁ પદ-૩, દ્વાર-૫-“યોગદ્વાર” ❁

— x — x — x — x — x —

● **સૂત્ર-૨૬૭ :-**

***ભગવન્ ! આ સયોગી, મનોયોગી, વચનયોગી, કાયયોગી અને અયોગીમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય, વિશેષ છે ? ગૌતમ ! સૌથી થોડા જીવો મનોયોગી છે, વચનયોગી અસંખ્યાત૦ અયોગી અનંતગણાં, કાયયોગી અનંતગણા, સયોગી વિશેષાધિક છે.***

● **વિવેચન-૨૬૭ :-**

સૌથી થોડાં મનોયોગી છે, કેમકે સંજ્ઞી પર્યાપ્તા જ મનોયોગવાળા છે, વચનયોગી અસં૦ કેમકે બેઈન્દ્રિયાદિ વચનયોગી છે તેથી અયોગી અનંતગણાં છે કેમકે સિદ્ધો અનંતા છે. કાયયોગી અનંતગણા, કેમકે વનસ્પતિકાયિકો અનંત છે. - x - x - તેથી સામાન્ય સયોગી વિશેષાધિક છે. કેમકે તેમાં વાગ્યોગી આદિ છે.

## ❁ પદ-૩-દ્વાર-૬-“વેદદ્વાર” ❁

— x — x — x — x — x —

● **સૂત્ર-૨૬૮ :-**

***ભગવન્ ! જીવો સવેદી, સ્ત્રીવેદી, પુરુષવેદી, નપુંસક વેદી, અવેદીમાં કોણ કોનાથી અલ્પ૦ આદિ છે ? ગૌતમ ! સૌથી થોડાં જીવો પુરુષવેદી છે, સ્ત્રીવેદી સંખ્યાતગણાં, અવેદી અનંતગણા, નપુંસકવેદી અનંતગણાં, સવેદી વિશેષાધિક છે.***

● **વિવેચન-૨૬૮ :-**

હવે વેદદ્વાર - સૌથી થોડાં પુરુષવેદી, કેમકે સંજ્ઞીમાં જ તિર્યંચ, મનુષ્યોમાં તથા દેવોને પુરુષવેદ છે. સ્ત્રીવેદી સંખ્યાતગણાં કેમકે — તિર્યંચોથી તિર્યંચસ્ત્રી ત્રણ ગણી અને ત્રણ અધિક છે. મનુષ્યોથી માનુષી સ્ત્રી ૨૭ ગણી અને ૨૭ અધિક છે. દેવોથી દેવી ૩૨-ગણી અને ૩૨-અધિક છે. - x - x - તેથી અવેદી અનંતગણાં છે કેમકે સિદ્ધો અનંત છે. તેથી નપુંસકવેદી અનંતગણા છે, કેમકે સિદ્ધોથી વનસ્પતિ૦ અનંતગણાં છે. તેથી સામાન્ય સવેદી વિશેષ છે કેમકે તેમાં સ્ત્રી વેદી, પુરુષ વેદીનો સમાવેશ થાય છે.

## ❀ પદ-૩, દ્વાર-૭ “કષાય” ❀

● **સૂત્ર-૨૬૯ :-**

***ભગવન્ ! આ સકષાયી, ક્રોધ-માન-માયા-લોભ કષાયી, અકષાયીમાં કોણ-કોનાથી અલ્પાદિ છે ? ગૌતમ ! સૌથી થોડા જીવો અકષાયી છે, માનકષાયી અનંતગણા, ક્રોધ-માયા-લોભ કષાયી અનુક્રમે વિશેષાધિક, સકષાયી વિશેષાધિક છે.***

● **વિવેચન-૨૬૯ :-**

સૌથી થોડાં અકષાયી છે, કેમકે સિદ્ધો અને કેટલાંક મનુષ્યો અકષાયી છે. તેનાથી માનકષાય પરિણામી અનંતગણા છે. કેમકે છ એ જીવનિકાયમાં માનકષાયના પરિણામ હોય, ક્રોધ, માયા, લોભ કષાય પરિણામી અનુક્રમે વિશેષાધિક છે કેમકે માનકષાય પરિણામના કાળની અપેક્ષાએ ક્રોધાદિ કષાયના પરિણામનો કાળ અનુક્રમે વિશેષાધિક છે. લોભકષાયીથી સકષાયી વિશેષાધિક છે, કેમકે તેમાં માનાદિ કષાયનો સમાવેશ થાય છે. અહીં सकषायि - “કષાયોદય સહિત” એવો અર્થ છે. અર્થાત્ વિપાકાવસ્થા પ્રાપ્ત પોતાના ઉદયને પ્રદર્શિત કરતા કર્મ પરમાણુ, કેમકે તેવા પ્રકારના કર્મ પરમાણુ જેમને હોય ત્યારે જીવને અવશ્ય કષાયોદય હોય.

## ❀ પદ-૩, દ્વાર-૮-‘લેશ્યા’ ❀

● **સૂત્ર-૨૭૦ :-**

***ભગવન્ ! આ સલેશ્યી, કૃષ્ણ-નીલ-કાપોત-તેઉ-પદ્મ-શુક્લ લેશ્યી, અલેશ્યીમાં કોણ કોનાથી અલ્પ૦ આદિ છે ? ગૌતમ ! સૌથી થોડાં જીવો શુક્લલેશ્યી છે, પદ્મલેશ્યી સંખ્યાતગણા, તેજોલેશ્યી સંખ્યાતગણાં, અલેશ્યી અનંતગણા, કાપોતલેશ્યી અનંતગણા, નીલ-કૃષ્ણ-સલેશ્યી અનુક્રમે વિશેષાધિક છે.***

● **વિવેચન-૨૭૦ :-**

સૌથી થોડાં શુક્લલેશ્યી, કેમકે લાંતકથી અનુત્તર સુધી વૈમાનિકોમાં, કેટલાંક ગર્ભજ કર્મભૂમિના સંખ્યાતા વર્ષાયુવાળા મનુષ્યોમાં, સંખ્યાતા વર્ષાયુવાળા કેટલાંક તિર્યંચોમાં શુક્લલેશ્યા સંભવે છે, તેથી પદ્મલેશ્યી સંખ્યાતગણાં, કેમકે તે સનત્કુમારથી બ્રહ્મલોક કલ્પવાસીમાં તથા ઘણાં જ ગર્ભજ કર્મભૂમિજ સંખ્યાતા વર્ષાયુ મનુષ્ય આદિ - x - માં હોય છે - x - તેથી તેજોલેશ્યી સંખ્યાતગણાં છે, કેમકે સૌધર્મ, ઈશાન, જ્યોતિષ્ક, કેટલાંક ભવનપતિ, વ્યંતર, ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્યો અને બાદર પર્યાપ્તા એકેન્દ્રિયોમાં તેજોલેશ્યા હોય છે.

પ્રશ્ન - પદ્મલેશ્યીથી તેજોલેશ્યી અસંખ્યાતગણાં કેમ ન હોય ? કેમકે જ્યોતિષ્કો ભવનવાસીથી અસંખ્યાતગણાં છે. - x - જ્યોતિષ્કો બધાં તેજોલેશ્યી છે, સૌધર્મ-



ઈશાન દેવો પણ તેજોલેશ્યી છે, તો અસંખ્યાતગણાં કેમ નહીં ? (સમાધાન) તમારી શંકા અયુક્ત છે. કેમકે લેશ્યાપદમાં આ વિષયે સ્પષ્ટીકરણ આવશે - x - x - x -

સૂત્રનું તાત્પર્ય એ છે કે — પદ્મલેશ્યી દેવોની અપેક્ષાએ તેજોલેશ્યી દેવોને જ વિચારાય તો અસંખ્યાતગણાં થાય, પણ પદ્મલેશ્યીમાં તિર્યંચો પણ હોવાથી સંખ્યાતગણાં છે.

તેમનાથી અલેશ્યી જીવો અનંતગણાં છે, કેમકે સિદ્ધો અનંત છે, તેથી કાપોતલેશ્યી અનંતગણા છે કેમકે વનસ્પતિ૦ ને કાપોતલેશ્યા સંભવે છે. તેનાથી નીલલેશ્યી વિશેષાધિક છે, કેમકે ઘણાં જીવોને તે સંભવે છે. તેથી કૃષ્ણલેશ્યી વિશેષાધિક છે. તેનાથી સામાન્ય લેશ્યી જીવો વિશેષાધિક છે - x -

## ❀ પદ-૩, દ્વાર-૯ “સમ્યક્ત્વ” ❀

● **સૂત્ર-૨૭૧ :-**

***ભગવન્ ! આ સમ્યક્-મિથ્યા-મિશ્ર દૃષ્ટિમાં કોણ કોનાથી અલ્પ૦ આદિ છે ? ગૌતમ ! સૌથી થોડાં સમ્યક્ મિથ્યાદૃષ્ટિ છે, સમ્યક્દૃષ્ટિ અનંતગણાં, મિથ્યાદૃષ્ટિ અનંતગણાં છે.***

● **વિવેચન-૨૭૧ :-**

સૌથી થોડાં સમ્યક્ મિથ્યાદૃષ્ટિ છે, કેમકે તે પરિણામ કાળ અંતર્મુહૂર્ત પ્રમાણ છે. પૃચ્છા સમયે થોડાં જ પ્રાપ્ત થાય છે. તેનાથી સમ્યક્દૃષ્ટિ અનંતગણાં છે, કેમકે સિદ્ધો અનંત છે. તેથી મિથ્યાદૃષ્ટિ અનંતગણાં છે, કેમકે વનસ્પતિકાયિકો અનંત છે.

## ❀ પદ-૩, દ્વાર-૧૦, “જ્ઞાન” ❀

● **સૂત્ર-૨૭૨ :-**

***ભગવન્ ! આ આભિનિબોધિક-શ્રુત-અવધિ-મનઃપર્યવ-કેવળજ્ઞાનીઓમાં કોણ કોનાથી અલ્પ૦ આદિ છે ? ગૌતમ ! સૌથી થોડાં જીવો મનઃપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની અસંખ્યાતગણાં, આભિનિ૦ અને શ્રુતજ્ઞાની બંને તુલ્ય અને વિશેષ, કેવલી અનંત૦***

***ભગવન્ ! આ મતિઅજ્ઞાની, શ્રુતઅજ્ઞાની, વિભંગ જ્ઞાનીમાં કોણ કોનાથી અલ્પ૦ આદિ છે ? ગૌતમ ! સૌથી થોડાં જીવો વિભંગજ્ઞાની, મતિ-શ્રુત અજ્ઞાની બંને તુલ્ય અને અનંતગણા.***

***ભગવન્ ! આ આભિનિબોધિક યાવત્ કેવળજ્ઞાની અને મતિઅજ્ઞાનીથી વિભંગજ્ઞાનીમાં કોણ કોનાથી અલ્પ૦ છે ? ગૌતમ ! સૌથી થોડાં જીવો મનઃપર્યવજ્ઞાની, અવધિ૦ અસંખ્યાતગણાં, આભિનિ૦ અને શ્રુત૦ બંને તુલ્ય અને વિશેષાધિક, વિભંગજ્ઞાની અસંખ્યાતગણાં, કેવલજ્ઞાની અનંતગણાં, મતિઅજ્ઞાની-શ્રુતઅજ્ઞાની બંને તુલ્ય અને અનંતગણાં છે.***

● **વિવેચન-૨૭૨ :-**

સૌથી થોડાં મનઃપર્યવજ્ઞાની, કેમકે સંયતોને જ મનઃપર્યવજ્ઞાન સંભવે છે, અવધિજ્ઞાની તેથી અસંખ્યાતગણાં, કેમકે તે જ્ઞાન ચારે ગતિમાં સંભવે છે. તેનાથી આભિનિ૦ શ્રુત૦ વિશેષાધિક, કેમકે સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય મનુષ્યોમાં કેટલાંકને આ જ્ઞાનો સંભવે છે, સ્વસ્થાને બંને તુલ્ય છે, કેવલજ્ઞાની તેમનાથી અનંતગણાં છે.

જ્ઞાની કહ્યા, હવે અજ્ઞાનીનું અલ્પબહુત્વ - સૌથી થોડાં વિભંગજ્ઞાની, કેમકે કેટલાંક ચારે ગતિનાને વિભંગજ્ઞાન હોય છે. તેનાથી મતિ અને શ્રુત અજ્ઞાની અનંતગણાં કેમકે વનસ્પતિને પણ આ અજ્ઞાન સંભવે છે. તે બંને સ્વસ્થાને પરસ્પર તુલ્ય છે.

હવે જ્ઞાની-અજ્ઞાની બંનેનું સામુદાયિક અલ્પબહુત્વ સૌથી થોડાં મનઃપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની તેથી અસંખ્યાતગણાં, તેનાથી આદ્યના બે જ્ઞાની વિશેષાધિક - x - તેનાથી વિભંગજ્ઞાની અસંખ્યાતગણાં કેમકે દેવ-નારકગતિમાં સમ્યક્‌થી મિથ્યાદૃષ્ટિ અસંખ્યાતગણાં છે, - x - તેનાથી કેવળજ્ઞાની અનંત ગણાં કેમકે સિદ્ધો અનંત છે, તેનાથી મતિ-શ્રુત અજ્ઞાની અનંતગણાં, કેમકે વનસ્પતિ અનંત છે. - x -

જ્ઞાન દ્વાર પૂરું થયું.

## ❀ પદ-૩, દ્વાર-૧૧-''દર્શન'' ❀

● **સૂત્ર-૨૭૩ :-**

***ભગવન્ ! આ ચક્ષુ-અચક્ષુ-અવધિ-કેવલદર્શનીમાં કોણ કોનાથી અલ્પ૦ આદિ છે ? સૌથી થોડાં અવધિદર્શની છે, ચક્ષુદર્શની અસંખ્યાતગણાં, કેવલદર્શની અનંત૦ અચક્ષુદર્શની અનંત૦***

● **વિવેચન-૨૭૩ :-**

સૌથી થોડાં અવધિદર્શની છે. કેટલાંક દેવ, નારકી, સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ-મનુષ્યોને તે હોય છે, તેનાથી ચક્ષુદર્શનીઓ અસંખ્યાતગણાં, કેમકે બધાં દેવ, નારકી, ગર્ભજ મનુષ્યો, સંજ્ઞી તિર્યંચ પંચે૦ અસંજ્ઞી તિર્યંચ પંચે૦ ચઉરિન્દ્રિયોને ચક્ષુર્દર્શન હોય. તેનાથી કેવળદર્શની અનંતગણા, તેનાથી ચક્ષુર્દર્શની અનંતગણા કેમકે વનસ્પતિકાયિકો સિદ્ધોથી અનંતગણાં છે.

## ❀ પદ-૩, દ્વાર-૧૨-''સંયત'' ❀

● **સૂત્ર-૨૭૪ :-**

***ભગવન્ ! આ સંયત, અસંયત, સંયતાસંયત અને નોસંયતનોઅસંયતનો-સંયતાસંયતમાં કોણ કોનાથી અલ્પ૦ છે ? ગૌતમ ! સૌથી થોડાં જીવો સંયત, સંયતાસંયત અસંખ્યાતગણાં, નોસંયતનોઅસંયતનોસંયતાસંયત અનંત૦ અસંયત અનંત૦ છે.***



● **વિવેચન-૨૭૪ :-**

સૌથી થોડાં સંયતો, કેમકે ઉત્કૃષ્ટથી હજાર ક્રોડ પૃથકત્વ પ્રમાણ હોય છે. - x - તેનાથી સંયતાસંયત-દેશવિરતિ અસંખ્યાતા છે કેમકે તિર્યંચ પંચે૦માં અસંખ્યાતોને દેશવિરતિ સંભવે છે. તેનાથી નોસંયતા૦ અનંતગણાં છે, કેમકે તેવા સિદ્ધો હોય છે. તેનાથી અસંયતો અનંતગણાં છે, વનસ્પતિ૦ અનંત છે.

## ❀ દ્વાર-૩, પદ-૧૩-''ઉપયોગ'' ❀

● **સૂત્ર-૨૭૫ :-**

***ભગવન્ ! આ સાકારોપયુક્ત, અનાકારોપયુક્તોમાં કોણ કોનાથી અલ્પ૦ આદિ છે ? ગૌતમ ! સૌથી થોડાં જીવો અનાકારોપયુક્ત છે, સાકારોપયુક્ત જીવો સંખ્યાતગણાં છે.***

● **વિવેચન-૨૭૫ :-**

અનાકારોપયુક્ત કાળ સૌથી થોડો છે, સાકારોપયુક્ત કાળ સંખ્યાતગણો છે, તેથી અનાકારોપયુક્ત સૌથી થોડાં કહ્યા ઈત્યાદિ.

## ❀ દ્વાર-૩-પદ-૧૪ ''આહાર'' ❀

● **સૂત્ર-૨૭૬ :-**

***ભગવન્ ! આ આહારક - અનાહારકમાં કોણ કોનાથી૦ ? સૌથી થોડાં જીવો અનાહારક છે, આહારકો અસંખ્યાતગણાં છે.***

● **વિવેચન-૨૭૬ :-**

સૌથી થોડાં અનાહારક છે, કેમકે વિગ્રહગતિ આદિમાં જ અનાહારકત્વ છે. કહે છે — કેવલી, સમુહત, અયોગી, સિદ્ધો અણાહારક છે, બાકીના આહારક છે. આહારકો અસંખ્યાતગણાં છે. [પ્રશ્ન] વનસ્પતિકાયિકો સિદ્ધોથી અનંત છે, તેઓ આહારકપણે છે, તો અનંત૦ કેમ ન કહ્યા ? તે અયુક્ત છે, સૂક્ષ્મનિગોદ અસંખ્યાતા છે - x - તે સર્વકાળે વિગ્રહમાં હોય છે, તેથી અનાહારકો અતિ-ઘણાં છે. - x - તેનાથી આહારકો અસંખ્યાતગણાં છે, અનંતગણાં નથી.

## ❀ પદ-૩-દ્વાર-૧૫ થી ૨૦ ❀

● **સૂત્ર-૨૭૭ થી ૨૮૨ [છ દ્વારો અનુક્રમે] :-**

***[૨૭૭-દ્વાર-૧૫] ભગવન્ ! ભાષક અને અભાષક જીવોમાં કોણ કોનાથી૦ ? ભાષક સૌથી થોડાં, અભાષકો અનંતગણાં છે.***

***[૨૭૮-દ્વાર-૧૬] ભગવન્ ! આ પરીત્ત, અપરીત્ત, નોપરીત્તનોઅપરીત્ત જીવોમાં કોણ કોનાથી૦ ? સૌથી થોડાં પરીત્ત, નોપરિત્તનોઅપરિત્ત અનંતગણાં, અપરીત્ત અનંતગણાં છે.***

*[૨૭૯-દ્વાર-૧૭] ભગવન્ ! પર્યાપ્તા, અપર્યાપ્તા અને નોપર્યાપ્તાનો-અપર્યાપ્તામાં કોણ કોનાથી૦ ? સૌથી થોડાં નોપર્યાપ્તાનોઅપર્યાપ્તા છે, અપર્યાપ્તા અનંતગણાં, પર્યાપ્તા સંખ્યાતગણાં.*

*[૨૮૦-દ્વાર-૧૮] ભગવન્ ! સૂક્ષ્મ, બાદર, નોસૂક્ષ્મનોબાદર જીવોમાં કોણ કોનાથી૦ ? સૌથી થોડાં નોસૂક્ષ્મનોબાદર જીવો છે, બાદરો અનંતગણાં છે, સૂક્ષ્મો અસંખ્યાતગણાં છે.*

*[૨૮૧-દ્વાર-૧૯] ભગવન્ ! આ સંજ્ઞી, અસંજ્ઞી અને નોસંજ્ઞીનોઅસંજ્ઞી જીવોમાં કોણ કોનાથી૦ ? ગૌતમ ! સૌથી થોડાં જીવો સંજ્ઞી છે, નોસંજ્ઞીનોસંજ્ઞી અનંતગણા, અસંજ્ઞી અનંતગણાં.*

*[૨૮૨-દ્વાર-૨૦] ભગવન્ ! આ ભવસિદ્ધિક, અભવસિદ્ધિક, નોભવસિદ્ધિકનો-અભવસિદ્ધિક જીવોમાં કોણ કોનાથી અલ્પ૦ આદિ છે ? ગૌતમ ! સૌથી થોડાં જીવો અભવસિદ્ધિક, નોભવસિદ્ધિકનોઅભવસિદ્ધિકો અનંતગણાં, ભવસિદ્ધિકો અનંતગણાં છે.*

**● વિવેચન-૨૭૭ થી ૨૮૨ :- [દ્વાર-૧૫ થી ૨૦]**

સૌથી થોડાં ભાષક-ભાષા લબ્ધિસંપન્ન, કેમકે બેઈન્દ્રિય આદિને તે છે. અભાષક - ભાષા લબ્ધિ રહિત તે અનંતગણાં છે.

પરીત્ત-બે ભેદે છે, ભવ પરીત્ત અને કાય પરીત્ત. તેમાં ભવ પરીત્ત - જેમને કંઈક ન્યૂન અર્દ્ધ પુદ્ગલપરાવર્ત્ત સંસાર બાકી છે તે શુક્લપાક્ષિક. કાય પરીત્ત-પ્રત્યેકશરીરી. આ બંને સૌથી થોડાં છે, કેમકે શુક્લપાક્ષિક અને પ્રત્યેકશરીરી જીવો થોડાં છે. તેનાથી નોપરીત્તનોઅપરીત્ત અનંતગણાં છે કેમકે તે સિદ્ધો છે. તેનાથી અપરીત્ત જીવો અનંતગણાં છે. કેમકે કૃષ્ણપાક્ષિક અને સાધારણ વનસ્પતિકાયિક સિદ્ધોથી અનંતગણાં છે.

પર્યાપ્તદ્વારમાં સૌથી થોડાં નોપર્યાપ્તનોઅપર્યાપ્ત જીવો, કેમકે તે સિદ્ધો છે. તેનાથી અપર્યાપ્તા અનંતગણાં છે. સાધારણ વનસ્પતિકાયિક સદા અપર્યાપ્તપણે પ્રાપ્ત થાય છે. તેથી પર્યાપ્તા સંખ્યાતગણાં છે. કેમકે ઘણાં સૂક્ષ્મ જીવો છે. જેમાં પર્યાપ્તા સંખ્યાતા છે.

સૂક્ષ્મદ્વારમાં - સૌથી થોડાં નોસૂક્ષ્મનોબાદર અર્થાત્ સિદ્ધો છે. કેમકે તેઓ સૂક્ષ્મ અને બાદર રાશિના અનંતમાં ભાગે છે. તેથી બાદર જીવો અનંતગણાં છે, - x - તેથી સૂક્ષ્મ જીવો અસંખ્યાતગણાં છે, કેમકે બાદર નિગોદ કરતાં સૂક્ષ્મનિગોદ અસંખ્યાતા છે.

સંજ્ઞીદ્વારમાં - સૌથી થોડાં જીવો સંજ્ઞી છે કેમકે મનવાળા જ સંજ્ઞી હોય. તેથી નોસંજ્ઞીનોઅસંજ્ઞી અનંતગણા છે કેમકે તે સિદ્ધો છે. તેથી અસંજ્ઞી અનંતગણા છે - x -

ભવસિદ્ધિકદ્વાર - સૌથી થોડાં અભવસિદ્ધિક - અભવ્યો છે કેમકે જઘન્ય



યુક્તાનંત પરિણામવાળા છે. નોભવસિદ્ધિકનો અભવસિદ્ધિકો અનંતગણાં છે કેમકે તે સિદ્ધો છે. - x - તેથી ભવસિદ્ધિક અર્થાત્ ભવ્ય અનંતગણાં છે. ભવ્યો નિગોદના અનંતભાગ છે

## ❁ પદ-૩, દ્વાર-૨૧, 'અસ્તિકાય' ❁

**● સૂત્ર-૨૮૩ :-**

*ભગવન્ ! ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને અદ્ધાસમયોમાં દ્રવ્યાર્થરૂપે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષ છે ? ગૌતમ ! ધર્મ૦ અધર્મ૦ આકાશ૦ ત્રણે અસ્તિકાય દ્રવ્યાર્થતાથી તુલ્ય અને સૌથી થોડા છે. તેથી જીવાસ્તિકાય દ્રવ્યાર્થતાથી અનંતગણાં છે, તેથી પુદ્ગલાસ્તિકાય દ્રવ્યાર્થરૂપે અનંતગુણ, અદ્ધાસમય દ્રવ્યાર્થરૂપે અનંતગણાં છે.*

*ભગવન્ ! ધર્માસ્તિકાય યાવત્ અદ્ધાસમયોમાં પ્રદેશાર્થરૂપે કોણ કોનાથી અલ્પાદિ છે ? ગૌતમ ! ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય બંને પ્રદેશાર્થરૂપે તુલ્ય અને સૌથી થોડાં છે, જીવાસ્તિકાય-પુદ્ગલાસ્તિકાય, અદ્ધાસમયો, આકાશાસ્તિકાય અનુક્રમે પ્રદેશાર્થરૂપે અનંતગણાં છે.*

*ભગવન્ ! ધર્માસ્તિકાયમાં દ્રવ્યાર્થ-પ્રદેશાર્થપણે કોણ કોનાથી૦ ? સૌથી થોડાં ધર્મા૦ દ્રવ્યરૂપે એક, પ્રદેશરૂપે અસંખ્યાતા. અધર્માસ્તિકાય સંબંધે આ રીતે જ પ્રશ્ન અને ઉત્તર કહેવા.*

*ભગવન્ ! આકાશાસ્તિકાયમાં દ્રવ્યરૂપે - પ્રદેશરૂપે કોણ કોનાથી અલ્પ૦ આદિ છે ? ગૌતમ ! દ્રવ્યરૂપે આકાશાસ્તિકાય એક અને સૌથી થોડાં છે, પ્રદેશરૂપે અનંતગણાં છે.*

*જીવાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાયનો આલાવો ધર્માસ્તિકાયવત્ કહેવો. અદ્ધાસમયને પ્રદેશોનથી, તેથી પ્રશ્ન જ નથી.*

*ભગવન્ ! ધર્માસ્તિકાય યાવત્ અદ્ધાસમયમાં દ્રવ્યાર્થ અને પ્રદેશાર્થપણે કોણ કોનાથી અલ્પ૦ આદિ છે ? ગૌતમ ! ધર્મ૦ અધર્મ૦ આકાશ૦ ત્રણે દ્રવ્યાર્થપણે તુલ્ય અને સૌથી થોડાં છે. ધર્મ૦ અધર્મ૦ બંને તુલ્ય અને પ્રદેશાર્થતાથી અસંખ્યાતગણાં છે. જીવાસ્તિકાય દ્રવ્યાર્થપણે અનંતગણાં અને પ્રદેશરૂપે અસંખ્યાતગણાં છે. તેથી પુદ્ગલાસ્તિકાય દ્રવ્યરૂપે અનંતગણાં, પ્રદેશરૂપે અસંખ્યાતગણાં છે. અદ્ધાસમય દ્રવ્યાર્થ-પ્રદેશાર્થતાથી અનંતગણાં છે. આકાશાસ્તિકાય પ્રદેશરૂપે અનંતગણાં છે.*

**● વિવેચન-૨૮૩ :-**

ધર્મ૦ અધર્મ૦ આકાશ૦ ત્રણે અસ્તિકાય દ્રવ્ય સ્વરૂપે તુલ્ય છે. કેમકે પ્રત્યેક એકૈક દ્રવ્યરૂપ છે, માટે સૌથી થોડાં છે. તેથી જીવાસ્તિકાય દ્રવ્યરૂપે અનંતગણાં છે,

કેમકે પ્રત્યેક જીવો દ્રવ્ય છે. તે અનંતા છે. તેથી પુદ્ગલાસ્તિકાય દ્રવ્યરૂપે અનંતગણાં છે.

અહીં પરમાણુ, દ્વિપ્રદેશિકાદિ જુદા જુદા દ્રવ્યો છે. તે સામાન્યરૂપે ત્રણ પ્રકારે છે – પ્રયોગ પરિણત, મિશ્ર પરિણત, વિસ્રસા પરિણત. તેમાં પ્રયોગ પરિણત પણ જીવોથી અનંતગણા છે. કેમકે એકૈક જીવ જ્ઞાનાવરણીયાદિ પ્રત્યેક કર્મના અનંત પુદ્ગલસ્કંધોથી પરિવેષ્ટિત છે. તો બીજા વિશે શું કહેવું ? પ્રયોગ૰ થી મિશ્રપરિણત પુદ્ગલ દ્રવ્યો અનંતગણાં છે. તેથી વિસ્રસા પરિણત અનંતગણાં.

- x - તેથી જીવાસ્તિકાયથી પુદ્ગલાસ્તિકાય દ્રવ્યરૂપે અનંતગણાં છે. તેથી અદ્ધાસમય દ્રવ્યાર્થપણે અનંતગણાં છે. કઈ રીતે ? એક જ પરમાણુ ભાવિકાળમાં દ્વિ-ત્રિપ્રદેશિક યાવત્ દશપ્રદેશિક, સંખ્યાત-અસંખ્યાત-અનંતપ્રદેશિક સ્કંધોમાં પરિણત થવાથી જુદા જુદા કાળે થનારા અનંત ભાવી સંયોગો કેવળી જાણે છે. - x - તે બધાંના પરિણામ મનુષ્ય (?) લોકક્ષેત્ર અંતર્વર્તી સંભવે છે. ક્ષેત્રથી પણ આ પરમાણુ આ આકાશપ્રદેશમાં એક સમયાદિ સ્થિતિક, એમ એક પરમાણુના એક આકાશપ્રદેશમાં અસંખ્યાતા ભાવી સંયોગો થવાના છે, ઈત્યાદિ - x - કાળના અનંતભાવી સંયોગો છે. - x - ભાવથી આ પરમાણુ આ કાળે એકગુણ કાળો છે એમ એક પરમાણુના જુદા જુદા કાળે અનંત સંયોગો થવાના છે. - x - એ રીતે એકૈક પરમાણુના દ્રવ્યાદિ ચાર ભેદે અનંત ભાવી સમયો કેવળીએ જાણેલા છે. ઈત્યાદિ - x - x - આ રીતે અતીત સમયો પણ સિદ્ધ થાય છે માટે દ્રવ્યરૂપે પુદ્ગલ૰થી અનંતગણાં અદ્ધા સમય છે.

પ્રદેશાર્થરૂપે અલ્પબહુત્વ - ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય એ બંને પરસ્પર પ્રદેશાર્થતાથી તુલ્ય છે કેમકે બંને લોકાકાશ પ્રદેશ પરિણામ છે. તેથી બીજાની અપેક્ષાએ થોડાં છે. તેથી જીવાસ્તિકાય પ્રદેશાર્થરૂપે અનંતગુણ છે, કેમકે જીવો અનંત છે - x - પુદ્ગલ૰ તેથી પ્રદેશાર્થરૂપે અનંતગણા છે. કેમકે કર્મસ્કંધ પ્રદેશો સર્વ જીવપ્રદેશોથી અનંતગણાં છે. પ્રત્યેક જીવપ્રદેશ અનંતાનંત કર્મપરમાણુથી વીંટાયેલ છે. - x - તેથી અદ્ધાસમયો પ્રદેશાર્થરૂપે અનંતગણાં છે, કેમકે દ્રવ્યાદિ ભેદે અનંત અતીત-અનાગત સમયો થાય છે. તેથી આકાશાસ્તિકાય પ્રદેશાર્થરૂપે અનંતગણું છે. કેમકે અલોક ચારે તરફ અનંત છે.

હવે પ્રત્યેક દ્રવ્યોનું દ્રવ્યાર્થ-પ્રદેશાર્થરૂપે અલ્પબહુત્વ :- સૌથી થોડાં ધર્માસ્તિકાય દ્રવ્યપણે છે. કેમકે તે એક છે અને પ્રદેશાર્થરૂપે અસંખ્યાતગણાં છે. કેમકે લોકાકાશ પ્રદેશ પ્રમાણ છે. એ રીતે અધર્માસ્તિકાય કહેવા. આકાશાસ્તિકાય દ્રવ્યાર્થપણે એક પણ પ્રદેશાર્થપણે અનંતગણું છે, કેમકે અપરિમિત છે. જીવાસ્તિકાય પણ પ્રદેશાર્થરૂપે અસંખ્યાતગણું છે - x - પુદ્ગલાસ્તિકાય દ્રવ્યરૂપે સૌથી અલ્પ, કેમકે બધે થોડાં છે, પ્રદેશાર્થતાથી અસંખ્યાતગણાં છે.

(પ્રશ્ન) જગતમાં અનંતપ્રદેશિક સ્કંધો ઘણાં છે, તો પ્રદેશાર્થરૂપે અનંતગણાં કેમ ન સંભવે ? શંકા ખોટી છે. કેમકે અનંતપ્રદેશિક સ્કંધો થોડાં છે, પરમાણુ આદિ





ઘણાં જ છે. - x - x - તેથી જ્યારે સર્વ પુદ્ગલાસ્તિકાયને પ્રદેશરૂપે વિચારીએ ત્યારે અનંત પ્રદેશિક સ્કંધો ઘણાં થોડાં હોવાથી - x - અસંખ્યાત જ ઘટે, અનંતગુણ ન ઘટે. અદ્ધા સમયને પ્રદેશો નથી માટે તેનો પ્રશ્ન થતો નથી.

(પ્રશ્ન) કાળ દ્રવ્યરૂપે હોવામાં શો નિયમ છે ? તેમાં પ્રદેશાર્થતા પણ હોવી જ જોઈએ ? ઈત્યાદિ૰ આ શંકા અયુક્ત છે. કેમકે દૃષ્ટાંત અને દાર્ષ્ટાન્તિકનું સમાનપણું નથી. - x - અદ્ધા સમયો પરસ્પર નિરપેક્ષ છે. કેમકે વર્તમાન સમય વિધમાન હોય છે ત્યારે અતીત અને અનાગત સમયો હોતા નથી. તેથી તે સ્કંધરૂપે ન પરિણમે, સ્કંધ અભાવે અદ્ધા સમયના પ્રદેશો નથી.

હવે ધર્માસ્તિકાયાદિ બધાંનું સાથે દ્રવ્યાર્થ-પ્રદેશાર્થપણે અલ્પબહુત્વ - ધર્મ૰ અધર્મ૰ આકાશ૰ ત્રણે દ્રવ્યરૂપે તુલ્ય અને સૌથી થોડાં છે કેમકે પ્રત્યેક એકૈક દ્રવ્ય છે, ધર્મ૰ અને અધર્મ૰ બંને પ્રદેશાર્થરૂપે અસંખ્યાતગણાં અને સ્વસ્થાન અપેક્ષાએ તુલ્ય છે. તેથી જીવાસ્તિકાય દ્રવ્યાર્થરૂપે અનંતગણાં છે, કેમકે અનંત જીવદ્રવ્યો છે. જીવાસ્તિકાય પ્રદેશાર્થરૂપે અસંખ્યાતગણાં છે કેમકે દરેક જીવને અસંખ્યાતા પ્રદેશો છે. પુદ્ગલાસ્તિકાય દ્રવ્યાર્થ રૂપે અનંતગણાં છે, કેમકે જીવના પ્રત્યેક પ્રદેશે અનંતા જ્ઞાનાવરણ આદિ કર્મપુદ્ગલ સ્કંધો લાગેલા છે. તેથી પુદ્ગલાસ્તિકાય પ્રદેશાર્થપણે અસંખ્યાતગણાં છે, તેનાથી અદ્ધાસમયો અનંતગણાં છે. તેથી આકાશાસ્તિકાય પ્રદેશાર્થરૂપે અનંતગણાં છે, કેમકે સર્વ દિશામાં અંત નથી અને અદ્ધાસમય માત્ર મનુષ્ય ક્ષેત્રમાં છે.

## ❀ પદ-૩, દ્વાર-૨૨,૨૩ ❀

• **સૂત્ર-૨૮૪,૨૮૫ [બંને દ્વાર] :-**

***[૨૮૪-દ્વાર-૨૨] ભગવન્ ! આ ચરમ અને અચરમ જીવોમાં કોણ-કોનાથી અલ્પ૰ આદિ છે ? ગૌતમ ! સૌથી થોડાં જીવો અચરમ છે, ચરમ જીવો તેથી અનંતગણાં છે.***

***[૨૮૫-દ્વાર-૨૩] ભગવન્ ! જીવો, પુદ્ગલો, અદ્ધાસમયો, સર્વ દ્રવ્યો, સર્વ પ્રદેશો, સર્વ પર્યાયોમાં કોણ કોનાથી અલ્પાદિ છે ? ગૌતમ ! સૌથી થોડાં જીવો, પુદ્ગલો અનંતગણાં, અદ્ધાસમયો અનંતગણાં, સર્વ દ્રવ્યો વિશેષાધિક, સર્વ પ્રદેશો અનંત૰ સર્વ પર્યાયો અનંત૰***

• **વિવેચન-૨૮૪,૨૮૫ :-**

ચરમદ્વાર-જેને યોગ્યતા વડે છેલ્લો ભવ સંભવે છે તે ચરમ એટલે ભવ્ય, બીજા અચરમ-અભવ્ય અને સિદ્ધ. કેમકે તે બંનેને ચરમભવ નથી. તેમાં અચરમો થોડાં છે, અભવ્ય અને સિદ્ધો બંને મળીને પણ મધ્યમયુક્ત અનંતપરિણામી છે. તેથી અનંતગણાં ચરમ-ભવ્યો છે. કેમકે અજઘન્યોત્કૃષ્ટ અનંતાનંત પરિણામી છે.

જીવદ્વાર-સૌથી થોડાં જીવો, તેથી પુદ્ગલો અનંતગુણ, તેથી અદ્ધાસમયો

અનંતગુણ, તેથી સર્વદ્રવ્યો વિશેષાધિક છે, કેમકે તેમાં જીવાદિ બધાં દ્રવ્યો નાંખતા કંઈક અધિક થાય છે. તેથી સર્વ પ્રદેશો અનંતગણાં છે, કેમકે આકાશ અનંત છે. તેથી સર્વે પર્યાયો અનંતગુણ છે, કેમકે એક આકાશપ્રદેશમાં અનંત અગુરુલઘુ પર્યાયો છે.

## ❁ દ્વાર-૩, પદ-૨૪-''ક્ષેત્રદ્વાર'' ❁

● **સૂત્ર-૨૮૬ :-**

***ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડાં જીવો ઉર્ધ્વલોક-તિર્છાલોકમાં છે, અધોલોક-તિર્છાલોકમાં વિશેષાધિક છે, તિર્છાલોકમાં અસંખ્યાતગણાં, ત્રણેલોકમાં અસંખ્યાતગણાં છે, ઉર્ધ્વલોકમાં અસંખ્યાતગણાં, અધોલોકમાં વિશેષાધિક છે.***

● **વિવેચન-૨૮૬ :-**

ક્ષેત્રાનુસાર - સૌથી થોડાં જીવો ઉર્ધ્વલોક-તિર્છાલોકમાં છે, અહીં ઉર્ધ્વલોકનું સૌથી નીચેનું આકાશપ્રતર, તિર્છાલોકનું સૌથી ઉપરનું આકાશપ્રતર તે ઉર્ધ્વલોક-તિર્છાલોક છે. ચૌદરાજ પ્રમાણ સર્વલોકના ત્રણ વિભાગ - ઉર્ધ્વ, તિર્છા, અધોલોક. તે વિભાગ રુચક પ્રદેશોથી થાય. રુચકપ્રદેશ નીચે ૯૦૦ અને ઉપર ૯૦૦ યોજન તે તિર્છાલોક. તિર્છાની નીચે તે અધોલોક, ઉપર તે ઉર્ધ્વલોક. સાત રાજ પ્રમાણથી કંઈક ન્યૂન ઉર્ધ્વલોક, કંઈક અધિક તે અધોલોક.

રુચકની સમભૂતળ પૃથ્વીથી ૯૦૦ યોજન જઈને જે જ્યોતિશ્ચક્રની ઉપર તિર્છાલોકનું એક પ્રદેશાત્મક આકાશપ્રતર તે તિર્છાલોકપ્રતર, ઉપરનું એક પ્રદેશાત્મક આકાશપ્રતર તે તિર્છાલોકપ્રતર, ઉપરનું એક પ્રદેશાત્મક તે ઉર્ધ્વલોક પ્રતર. તે બંને તે ઉર્ધ્વલોક-તિર્છાલોક કહેવાય, તે અનાદિ પ્રવચન પરિભાષા છે. ત્યાં રહેતા જીવો સૌથી થોડાં છે. કેમકે જેઓ ઉર્ધ્વથી તિર્છાલોકમાં અને તિર્છાથી ઉર્ધ્વલોકમાં ઉપજે, તે બંને પ્રતરને સ્પર્શે છે. તે સિવાય બીજા કેટલાંક જીવો, જે ત્યાં રહીને બંને પ્રતરનો આશ્રય કરે છે, તેઓ જ આ બે પ્રતરમાં રહેનારા છે. પણ ઉર્ધ્વથી અધોલોકમાં ઉપજતાની અહીં ગણના ન કરવી. કેમકે તેઓ બીજા સૂત્રનો વિષય થાય છે. - x -

(પ્રશ્ન) ઉર્ધ્વલોકમાં રહેલા સર્વ જીવોનો અસંખ્યાતમો ભાગ નિરંતર મરણ પ્રાપ્ત હોય છે, તેઓ તીર્છાલોકમાં ઉપજતા ઉપરોક્ત બે પ્રતરને સ્પર્શે છે, તો એવા જીવો થોડા કેમ કહેવાય ? આ શંકા અયુક્ત છે. કેમકે વસ્તુતત્ત્વના અપરિજ્ઞાનથી થઈ છે. ઉક્ત મરણ પ્રાપ્ત જીવો માત્ર તીર્છાલોકમાં નથી ઉપજતા, પણ અધો અને ઉર્ધ્વલોકમાં પણ ઉપજે છે, તેથી ઉક્ત જીવો થોડાં જ છે.

તેનાથી અધોલોક-તીર્છાલોકના જીવો વિશેષાધિક છે. અહીં અધોલોકના ઉપરનું એક પ્રદેશવાળું આકાશપ્રદેશ પ્રતર અને તીર્છાલોકનું નીચેનું તેવું પ્રતર, તે બંને અધોલોકતીર્છાલોક કહેવાય છે. કેમકે તેવું પ્રવચનમાં પ્રસિદ્ધ છે. તેમાં વિગ્રહગતિથી અથવા ત્યાં રહેવા વડે તે બંને પ્રતરોમાં વર્તે છે. તેઓ વિશેષાધિક છે.



જેઓ અધોલોકથી તીર્છામાં અને તીર્છાલોકથી અધોમાં ઈલિકા ગતિથી ઉપજે છે, તેઓ ઉક્ત બંને પ્રતરોને સ્પર્શે છે અને જે ત્યાં રહેલા છે, તે પણ બે પ્રતરનો આશ્રય કરે છે. તે બંનેને ઉપરના પ્રતરમાં રહેનારા કહેવાય છે. પણ જે અધોલોકથી ઉર્ધ્વમાં ઉપજે છે, તેમને ગ્રહણ ન કરવા - x - x -

તેનાથી તીર્છાલોકમાં રહેલા જીવો અસંખ્યાતગણા છે, કેમકે ઉક્ત બંને ક્ષેત્ર કરતા તિર્છાલોકનું ક્ષેત્ર અસંખ્યાતગણું છે. તેનાથી ત્રણે લોકને સ્પર્શતા જીવો અસંખ્યાતગણાં છે. અહીં જેઓ માત્ર ઉર્ધ્વ, અધો કે તીર્છાલોકમાં રહે છે, જેઓ વક્રગતિથી ઉર્ધ્વ અને તીર્છાલોકને સ્પર્શે છે, તેની ગણના ન કરવી, પણ વિગ્રહગતિ પ્રાપ્ત જે ત્રણે લોકને સ્પર્શે છે, તે ગ્રહણ કરવા કેમકે આ સૂત્ર વિશેષાર્થનો વિષય છે. તીર્છાલોકવર્તીથી તે અસંખ્યાત ગણાં જ છે. તે આ રીતે — અહીં ઘણાં સૂક્ષ્મ નિગોદો ઉર્ધ્વ અને અધોલોકમાં મરણ પામે છે. પણ જે સૂક્ષ્મ નિગોદો તિર્છાલોકમાં મરણ પામી અધો, ઉર્ધ્વ કે તે જ તીર્છાલોકમાં ઉત્પન્ન થાય છે. તેઓ ત્રણ લોકને સ્પર્શતા નથી, માટે તેઓ આ સૂત્રનો વિષય નથી. - x - કેટલાંક મરણ પામીને સ્વસ્થાને ઉપજે છે.

તેનાથી અસંખ્યાતગણાં અધોલોકમાં રહેલા ઉર્ધ્વ લોકમાં અને ઉર્ધ્વલોકમાં રહેલા અધોલોકમાં ઉત્પન્ન થાય છે. તેઓ તે પ્રકારે ઉત્પન્ન થતાં ત્રણે લોકને સ્પર્શે છે માટે અસંખ્યાત ગણા છે. [પ્રશ્ન] ઘણાં જીવો હંમેશાં વિગ્રહગતિ પ્રાપ્ત હોય છે. એ કઈ રીતે જાણી શકાય ? યુક્તિથી. જે પૂર્વે સ્થાનપદમાં કહ્યું છે. ''અપર્યાપ્તા અનંતગણાં છે, તેથી પર્યાપ્તા સંખ્યાતગણા છે'' એ પ્રમાણે અપર્યાપ્તા ઘણાં છે કેમકે પર્યાપ્તા તેનાથી સંખ્યાતગણાં જ છે. - x - ઘણાં અપર્યાપ્તા તો અંતરાલગતિમાં વર્તતા હોય છે. તેથી ત્રણ લોકનો સ્પર્શ કરનારા જીવો કરતાં ઉર્ધ્વલોકમાં રહેલા જીવો અસંખ્યાતગણાં હોય છે. કેમકે ઉપજવાનું ક્ષેત્ર ઘણું મોટું છે અને તેના અસંખ્યાતા જીવોની જ ઉદ્‌વર્તના થાય છે.

તેનાથી અધોલોકમાં રહેલ જીવો વિશેષાધિક છે, કેમકે ઉર્ધ્વલોકના ક્ષેત્રથી અધોલોકનું ક્ષેત્ર વિશેષાધિક છે. - x -

● **સૂત્ર-૨૮૭ :-**

***ક્ષેત્રને આશ્રીને સૌથી થોડાં નૈરયિકો ત્રણ લોકમાં છે, અધોલોક-તીર્છાલોકમાં અસંખ્યાતગણાં, અધોલોકમાં અસંખ્યાતગણાં.***

***ક્ષેત્રને આશ્રીને સૌથી થોડાં તિર્યંચયોનિકો ઉર્ધ્વલોક-તીર્છાલોકમાં, અધોલોક તીર્છાલોકમાં વિશેષાધિક, તીર્છાલોકમાં અસંખ્યાતગણાં, ત્રિલોકમાં અસંખ્યાતગણાં, ઉર્ધ્વલોકમાં અસંખ્યાતગણાં, અધોલોકમાં વિશેષાધિક છે.***

***ક્ષેત્રને આશ્રીને સૌથી થોડી તિર્યંચ સ્ત્રીઓ ઉર્ધ્વલોકમાં છે, ઉર્ધ્વલોક-તીર્છાલોકમાં અસંખ્યાતગણાં, ત્રિલોકમાં સંખ્યાતગણાં, અધોલોક-તીર્છાલોકમાં સંખ્યાતગણાં, અધોલોકમાં સંખ્યાતગણાં, તીર્છાલોકમાં સંખ્યાતગણાં છે.***

***ક્ષેત્રને આશ્રીને સૌથી થોડાં મનુષ્યો ત્રિલોકમાં, ઉર્ધ્વલોક-તીર્છાલોકમાં અસંખ્યાતગણાં, અધોલોકતીર્છાલોકમાં સંખ્યાતગણાં, ઉર્ધ્વલોકમાં સંખ્યાતગણાં, અધોલોકમાં સંખ્યાતગણાં, તીર્છાલોકમાં સંખ્યાતગણાં છે.***

***ક્ષેત્રને આશ્રીને સૌથી થોડી મનુષ્યસ્ત્રી ત્રિલોકમાં, ઉર્ધ્વલોક-તીર્છાલોકમાં સંખ્યાતગણી, અધોલોક તીર્છાલોકમાં સંખ્યાતગણી, ઉર્ધ્વલોકમાં અધોલોક, તીર્છાલોકમાં અનુક્રમે સંખ્યાતગણી.***

***ક્ષેત્રને આશ્રીને સૌથી થોડાં દેવો ઉર્ધ્વલોકમાં, ઉર્ધ્વલોક-તીર્છાલોકમાં અસંખ્યાતગણાં, ત્રિલોકમાં સંખ્યાતગણાં, અધોલોક-તીર્છાલોકમાં સંખ્યાતગણા, અધોલોકમાં સંખ્યા૦ તીર્છાલોકમાં સંખ્યા૦***

***ક્ષેત્રને આશ્રીને દેવી સંબંધી આલાવો દેવ મુજબ જાણવો.***

**● વિવેચન-૨૮૭ :-**

ક્ષેત્રની અપેક્ષાએ નૈરયિક - સૌથી થોડાં ત્રણ લોકને સ્પર્શ કરનારા છે. કઈ રીતે ? જે મેરુ શિખરે કે અંજન-દધિમુખ પર્વતના શિખરાદિમાં કે વાવોમાં વર્તતા મત્સ્યાદિ નરકમાં ઉત્પન્ન થનાર છે, તે ઈલિકાગતિ વડે આત્મપ્રદેશોને વિસ્તારી ત્રણે લોકને સ્પર્શે છે, તેઓ મરીને તત્કાળ નરકમાં ઉત્પન્ન થતા હોવાથી અને નરકાયુષ્ અનુભવતા હોવાથી નારકો છે એવા થોડાં હોય છે. - x - અથવા પૂર્વોક્ત વાવોમાં તિર્યંચ પંચેન્દ્રિયપણે ઉપજતા અને મરણ સમુદ્ઘાત વડે આત્મપ્રદેશોને ઉત્પત્તિ સ્થાન પર્યન્ત વિસ્તારતા એવા નારકો જ ગ્રહણ કરવા, - x - તે ત્રણ લોકનો સ્પર્શ કરનારા છે.

તેનાથી અધોલોક-તીર્છાલોક સંજ્ઞક પૂર્વોક્ત પ્રતરનો સ્પર્શ કરનારા અસંખ્યાતગણાં છે, કેમકે અસંખ્યાતા દ્વીપસમુદ્રોમાં ઘણાં તિર્યંચ પંચેન્દ્રિયો નરકમાં ઉપજતાં ઉક્ત બે પ્રતરનો સ્પર્શ કરે છે, તેથી પૂર્વોક્ત ત્રિલોક સ્પર્શી કરતાં અસંખ્યાતગણાં છે. કેમકે ક્ષેત્ર અસંખ્યાતગણું છે બીજા કહે છે — અસંખ્યાત દ્વીપ સમુદ્રમાં તિર્યંચ પંચેન્દ્રિયપણે ઉપજતાં અને મરણ સમુદ્ઘાતથી ઉત્પતિસ્થાન સુધી આત્મપ્રદેશ વિસ્તારતા નારકો જ અહીં લેવા. તે અસંખ્યાતગણાં છે.

તેથી અધોલોકમાં અસંખ્યાતગણાં છે, કેમકે સ્વસ્થાન છે.

હવે તિર્યંચગતિ - આ અલ્પબહુત્વ સામાન્ય જીવસૂત્ર માફક જાણવું. કેમકે તે અલ્પબહુત્વ સૂક્ષ્મનિગોદોને આશ્રીને કહ્યું છે.

હવે તિર્યંચ સ્ત્રી-ક્ષેત્રાનુસાર વિચારતાં તિર્યંચ સ્ત્રી સૌથી થોડી ઉર્ધ્વલોકમાં છે, તેનાથી ઉર્ધ્વલોક-તીર્છાલોક પ્રતર દ્વયમાં અસંખ્યાતગણી છે. કેમકે સહસ્રાર સુધીના દેવો પણ ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિયોમાં ઉપજે છે, બીજી કાયમાં પણ ઉત્પન્ન થાય. તે બધાં જીવો ઉર્ધ્વલોક તીર્છાલોકમાં તિર્યંચ પંચેન્દ્રિય સ્ત્રીપણે આયુ વેદતા હોય છે. તીર્છાલોકવાસી તિર્યંચસ્ત્રી ઉર્ધ્વલોકમાં દેવરૂપ કે બીજીકાયમાં ઉપજે છે, તે મરણ સમુદ્ઘાત વડે ઉત્પત્તિ સ્થાને પોતપોતાના આત્મપ્રદેશને વિસ્તારતા પૂર્વોક્ત બે



પ્રતરને સ્પર્શે છે, તે તિર્યંચ સ્ત્રી તેથી અસંખ્યાતગણી છે કેમકે ક્ષેત્ર અસંખ્યાતગણું છે.

તેનાથી ત્રિલોકમાં સંખ્યાતગણી છે, કેમકે વ્યંતરાદિ જીવો અધોલોકથી ઉર્ધ્વલોકમાં પણ તિર્યંચ પંચેન્દ્રિય સ્ત્રીપણે ઉપજે છે અને ઉર્ધ્વલોકથી દેવાદિ પણ અધોલોકમાં ઉપજે છે, તેઓ મરણ સમુદ્ઘાત કરી, પોતપોતાના આત્મપ્રદેશથી ત્રણે લોકને સ્પર્શે છે. તેઓ ઘણી છે, તિર્યંચસ્ત્રી આયુ વેદવાથી તિર્યંચ સ્ત્રી કહેવાય છે.

તેનાથી અધોલોકતીર્છાલોક નામે બે પ્રતરમાં રહેલી સંખ્યાતગણી છે, કેમકે ઘણાં નારકાદિ જીવો સમુદ્ઘાત સિવાય પણ તીર્છાલોકમાં પંચેન્દ્રિય સ્ત્રીરૂપે ઉત્પન્ન થાય છે અને તીર્છાલોકમાં રહેલ જીવો તિર્યંચસ્ત્રીપમે અધોલૌકિક ગ્રામોમાં પણ ઉપજે છે અને તે રીતે બે પ્રતરને સ્પર્શે છે. આયુવેદનથી તે તિર્યંચ સ્ત્રીઓ પણ કહેવાય છે. તથા અધોલૌકિકગ્રામો ક્રમશઃ વધતા છેવટે ૧૦૦૦ યોજન ઉંડા છે. તેની પૂર્વે ૯૦૦ યોજન ઉંડાઈવાળા પ્રદેશ પણ છે, ત્યાં રહેવા વડે ઉક્ત બે પ્રતરનો આશ્રય કરે છે માટે પૂર્વોક્ત તિર્યંચ સ્ત્રીઓથી સંખ્યાતગણી છે, તેથી અધોલોકમાં સંખ્યાતગણી છે. કેમકે અધોલૌકિક ગ્રામો અને સમુદ્રો ૧૦૦૦ યોજન ઉંડા છે, નવસો યોજનથી નીચેની તિર્યંચસ્ત્રીઓનું સ્વસ્થાન હોવાથી સંખ્યાતગણી છે. તેનાથી તીર્છાલોકમાં સંખ્યાતગણી છે.

હવે મનુષ્યગતિ - ક્ષેત્રાનુસાર ત્રિલોકસ્પર્શી મનુષ્યો સૌથી થોડાં છે, કેમકે ઉર્ધ્વલોકથી અધોલૌકિકગ્રામોમાં ઉપજવાની યોગ્યતાવાળા મારણાંતિક સમુદ્ઘાત કરે ત્યારે આત્મપ્રદેશો વડે ત્રિલોકને સ્પર્શે છે, જેઓ વૈક્રિય કે આહારક સમુદ્ઘાત પ્રાપ્ત થયેલા તથાવિધ પ્રયત્નથી અતિ દૂર ઉર્ધ્વ અને અધોલોકે આત્મપ્રદેશોને વિસ્તારે છે તે અને કેવલી સમુદ્ઘાત પ્રાપ્ત, તે બધાં ત્રિલોકને સ્પર્શે છે, તેઓ થોડાં છે, માટે સૌથી થોડાં છે તેમ કહ્યું.

તેનાથી ઉર્ધ્વલોક-તીર્છાલોકને સ્પર્શતા અસંખ્યાતગણાં છે, કેમકે વૈમાનિક દેવાદિ જીવો યથાસંભવ ઉર્ધ્વલોકથી તીર્છાલોકમાં મનુષ્યપણે ઉપજે છે, તે બે પ્રતરોને સ્પર્શે છે. વિદ્યાધરો પણ મેરુ પર્વતાદિમાં જાય છે. તેમના વીર્ય-રુધિરાદિમાં સંમૂર્છિમ મનુષ્યો ઉપજે છે, જે બંને પ્રતરોનો સ્પર્શે છે માટે અસંખ્યાતગણાં કહ્યા.

તેનાથી અધોલોક-તીર્છાલોકમાં સંખ્યાતગણાં છે. કેમકે અધોલૌકિક ગ્રામોમાં સ્વભાવથી જ ઘણાં મનુષ્યો છે, જેઓ તીર્છાલોકથી મનુષ્યાદિ જીવો અધોલૌકિક ગ્રામોમાં મનુષ્યરૂપે ઉપજે છે કે અધોલોક અને અધોલૌકિક ગામોથી તીર્છાલોકમાં મનુષ્યરૂપે ઉપજવાના છે, તે પૂર્વોક્ત બે પ્રતરોને સ્પર્શે છે, તેઓ ઘણાં છે ઈત્યાદિ - x -.

તેનાથી ઉર્ધ્વલોકમાં સંખ્યાતગણાં છે. કેમકે સૌમનસ વનાદિમાં ક્રીડાર્થે કે ચૈત્યવંદન નિમિત્તે ઘણાં વિદ્યાધર અને ચારણ મુનિઓના ગમનાગમનનો સંભવ છે. તેમના રુધિરાદિમાં સંમૂર્છિમ મનુષ્યો સંભવે છે. તેનાથી અધોલોકમાં સંખ્યાતગણાં છે. કેમકે સ્વસ્થાન હોવાથી ઘણાં છે. તેથી તીર્છાલોકમાં સંખ્યાતગણાં છે, કેમકે ક્ષેત્ર

સંખ્યાતગણું છે અને સ્વસ્થાન છે.

હવે મનુષ્ય સ્ત્રી-ક્ષેત્રાનુસાર સૌથી થોડી મનુષ્યસ્ત્રી ત્રિલોકને સ્પર્શનારી છે. યુક્તિ પૂર્વવત્. તેનાથી ઉર્ધ્વલોક તીર્છાલોકમાં વર્તતી સ્ત્રીઓ સંખ્યાતગણી છે. યુક્તિ મનુષ્યવત્ - x - તેનાથી અધોલોક-તીર્છાલોકમાં સંખ્યાતગણી છે. યુક્તિ મનુષ્યવત્ - x - તેનાથી ઉર્ધ્વલોકમાં સંખ્યાતગણી છે. પૂર્વવત્ - x - તેનાથી તીર્છા લોકમાં સંખ્યાતગણી છે. કેમકે ક્ષેત્ર સંખ્યાતગણું અને સ્વસ્થાન છે.

દેવગતિ આશ્રીને - ક્ષેત્રાનુસાર વિચારતા સૌથી થોડાં દેવો ઉર્ધ્વલોકમાં છે, કેમકે ત્યાં વૈમાનિક દેવો છે, તેઓ થોડાં છે, ભવનપત્યાદિ જિન જન્મ મહોત્સવે મેરુ પર્વતાદિએ જાય છે, તેઓ પણ થોડાં છે તેનાથી ઉર્ધ્વલોક-તીર્છાલોકમાં અસંખ્યાતગણાં છે. કેમકે જ્યોતિષ્કોને નજીક છે, સ્વસ્થાન છે. ભવનપત્યાદિ મેરુ પર્વતાદિ ઉપર તથા સૌધર્માદિમાં ગયેલ સ્વસ્થાનમાં ગમનાગમન કરતા અને વૈમાનિકપણે ઉત્પન્ન થવાની યોગ્યતાવાળા છે અને દેવાયુષ્ વેદતા ઉત્પત્તિ સ્થાન સુધી જાય છે. તેઓ પૂર્વોક્ત બે પ્રતરને સ્પર્શે છે. - x - તેમનાથી ત્રિલોકને સ્પર્શનાર સંખ્યાતગણાં છે કેમકે ચારે પ્રકારના દેવો તથાવિધ પ્રયત્નથી વૈક્રિય સમુદ્ઘાત વડે ત્રણે લોકને સ્પર્શે છે ઈત્યાદિ

- x - તેનાથી અધોલોક-તીર્છા લોક નામે બે પ્રતરમાં વર્તતા સંખ્યાતગણાં છે કેમકે તે બે પ્રતર ભવનપતિ અને વ્યંતરોને સ્વસ્થાન છે. ઘણાં ભવનપતિ તીર્છા લોકમાં ગમનાગમન વડે, મરણ પામતા વૈક્રિય સમુદ્ઘાત વડે સમવહત થયેલા તથા તીર્છાલોકમાં રહેનારા તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્યો ભવનપતિપણે ઉત્પન્ન થતા બે પ્રતરને સ્પર્શે છે. તેનાથી અધોલોકમાં સંખ્યાતગણાં છે કેમકે ભવનપતિનું સ્વસ્થાન છે. તેથી તીર્છાલોકમાં સંખ્યાતગણાં છે, કેમકે તે જ્યોતિષ્ક અને વ્યંતરોનું સ્વસ્થાન છે. દેવીની અલ્પબહુત્વ દેવની જેમ કહેવું.

હવે ભવનપત્યાદિ વિશેષ વિષયનું પ્રતિપાદન કરે છે —

● **સૂત્ર-૨૮૮ :-**

***ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડાં ભવનવાસી ઉર્ધ્વલોકમાં, ઉર્ધ્વતીર્છાલોકમાં અસંખ્યાતગણાં, ત્રિલોકમાં સંખ્યાતગણા, અધોલોકતીર્છાલોકમાં અસંખ્યાતગણાં, તીર્છાલોકમાં અસંખ્યાતગણા, અધોલોકમાં અસંખ્યાતગણાં... ક્ષેત્રની અપેક્ષાએ ભવનવાસીની દેવીનું અલ્પબહુત્વ સૂત્રમાં કહેલ છે, તે ભવનવાસી દેવવત્ જાણવું.***

***ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડાં વ્યંતર દેવો ઉર્ધ્વલોકમાં છે. ઉર્ધ્વલોક-તીર્છાલોકમાં અસંખ્યાતગણાં, ત્રિલોકમાં સંખ્યાતગણાં, અધોલોકતીર્છાલોકમાં અસંખ્યાતગણાં, અધોલોકમાં સંખ્યાતગણાં, તીર્છાલોકમાં સંખ્યાતગણાં છે... વ્યંતર દેવીનો આલાવો પણ વ્યંતર દેવની માફક જ જાણવો. જેમકે સૌથી થોડી ઉર્ધ્વલોકમાં આદિ.***

***ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડાં જ્યોતિષ્ક દેવો ઉર્ધ્વલોકમાં, ઉર્ધ્વલોક-તીર્છાલોકમાં અસંખ્યાતગણાં, ત્રિલોકમાં સંખ્યાતગણાં, અધોલોક તીર્છાલોકમાં અસંખ્યાતગણાં, અધોલોકમાં સંખ્યાતગણાં, તીર્છાલોકમાં અસંખ્યાતગણાં છે. જ્યોતિષ્કદેવીનો આલાવો જ્યોતિષ્કદેવની માફક જ જાણવો.***

***ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડાં વૈમાનિકદેવો ઉર્ધ્વલોક-તીર્છાલોકમાં છે, ત્રિલોકમાં સંખ્યાતગણાં, અધોલોકતીર્છાલોકમાં સંખ્યાતગણાં, અધોલોકમાં સંખ્યાતગણાં, તીર્છાલોકમાં સંખ્યાતગણાં, ઉર્ધ્વલોકમાં અસંખ્યાતગણાં છે. વૈમાનિક દેવી પણ આ રીતે જાણવી.***



● **વિવેચન-૨૮૮ :-**

ક્ષેત્રની અપેક્ષાએ ભવનવાસી દેવોમાં સૌથી થોડાં ઉર્ધ્વલોકમાં છે. કેટલાંકે સૌધર્માદિમાં પૂર્વની મિત્રતાથી ગમન થાય છે. કેટલાંક તીર્થંકરજન્મ મહિમા નિમિત્તે મેરુ આદિએ જાય છે. કેટલાંક ક્રીડા નિમિત્તે ત્યાં જાય છે, તે બધાં થોડાં હોય છે. તેનાથી ઉર્ધ્વલોક તીર્છાલોકમાં અસંખ્યાતગણાં છે, કેમકે તીર્છાલોકવાસી ભવનવાસી વૈક્રિય સમુદ્ઘાત કરી બંને પ્રતરને સ્પર્શે છે તથા તીર્છાલોકના ભવનવાસી મરણસમુદ્ઘાત વડે ઉર્ધ્વલોકમાં સૌધર્માદિ કલ્પમાં બાદર પર્યાપ્ત પૃથ્વી-અપ્-વનસ્પતિકાયિક વડે મણિ આદિ શુભ સ્થાનમાં ઉપજવાના છે, પણ હજી સ્વભવાયુ અનુભવે છે. પણ પૃથ્વીકાયાદિ પરભવનું આયુ અનુભવતા નથી.

મારણાંતિક સમુદ્ઘાતથી સમવહત બે પ્રકારના છે, કેટલાંક પરભવનું આયુ વેદે છે અને કેટલાંક વેદતા નથી. અહીં ભગવતીજીની સાક્ષી મૂકી છે. - x - x - જે પોતાના ભવનું આયુ વેદે છે, તે ભવનવાસી જ કહેવાય. તેઓ ઉત્પત્તિ સ્થાન સુધી આત્મપ્રદેશને વિસ્તારે છે, તથા ઉર્ધ્વ લોકમાં જવા-આવવાથી અને બે પ્રતર પાસે તેમનું ક્રીડા સ્થાન હોવાથી ઉક્ત બે પ્રતરને સ્પર્શે છે, તેથી અસંખ્યાતગણાં કહ્યા.

તેનાથી ત્રિલોકસ્પર્શી સંખ્યાતગણાં છે, કેમકે જે ઉર્ધ્વલોકવાસી તિર્યંચે પંચેન્દ્રિય ભવનપતિપણે ઉપજવાના છે અને જે સ્વસ્થાને વૈક્રિય કે મરણ સમુદ્ઘાત વડે સમવહત થાય છે, તે ત્રિલોકને સ્પર્શે છે. માટે સંખ્યાતગણાં છે - x - તેનાથી અધોલોક તીર્છાલોકવર્તી ભવનપતિ સંખ્યાતગણાં છે. સ્વસ્થાન નજીક હોવાથી અને તીર્છાલોકમાં ગમનાગમનથી, સ્વસ્થાને ક્રોધાદિ સમુદ્ઘાત પ્રાપ્ત થતાં ભવનપતિઓ પૂર્વોક્ત બે પ્રતરને સ્પર્શે છે.

તેનાથી તીર્છાલોકમાં અસંખ્યાતગણાં છે કેમકે સમોસરણમાં વંદનાદિ નિમિત્તે કે ક્રીડાર્થે આવવાનો સંભવ છે. તેનાથી અધોલોકમાં અસંખ્યાતગણાં છે, કારણ કે અધોલોક એ ભવનવાસીનું સ્વસ્થાન છે. આ રીતે ભવનવાસીદેવીનું જાણવું.

હવે વ્યંતરનું અલ્પબહુત્વ - ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડાં વ્યંતર ઉર્ધ્વલોકમાં, કેમકે કેટલાંક વ્યંતર મેરુના પંડકવનાદિમાં હોય છે. તેનાથી ઉર્ધ્વલોકતીર્છાલોકમાં અસંખ્યાતગણાં છે, કેમકે કેટલાંકને બંને પ્રતર પોતાના સ્થાનમાં આવી જાય છે, કેટલાંકને નજીક છે, કેટલાંક ગમનાગમનથી ત્યાં સ્પર્શે છે - x - તેનાથી ત્રિલોકમાં

સંખ્યાતગણાં છે કેમકે તેઓ ત્યાં તથાવિધ પ્રયત્નથી વૈક્રિય સમુદ્ઘાત વડે આત્મપ્રદેશોથી ત્રણે લોકને સ્પર્શે છે. - x - તેથી અધોલોક તીર્છાલોકમાં અસંખ્યાતગણાં છે કેમકે ત્યાં તેમનું સ્વસ્થાન છે. તેનાથી અધોલોકમાં સંખ્યાતગણાં છે, કેમકે અધોલૌકિક ગ્રામોમાં તેમનું સ્વસ્થાન છે, ઘણાં અધોલોકમાં ક્રીડાર્થે ગમન કરે છે તેથી તીર્છાલોકમાં સંખ્યાતગણાં છે, કેમકે તે તેમનું સ્વસ્થાન છે. - - - એ રીતે વ્યંતર દેવીનું પણ અલ્પબહુત્વ જાણવું.

હવે જ્યોતિષ્ક સંબંધે અલ્પબહુત્વ - ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડાં જ્યોતિષ્કો ઉર્ધ્વલોકમાં છે. કેમકે કેટલાંક તીર્થંકરના જન્મ મહોત્સવ નિમિત્તે મેરુ આદિ ઉપર જાય છે ઈત્યાદિ - x - તેનાથી ઉર્ધ્વલોક તીર્છાલોકમાં અસંખ્યાતગણાં છે કેમકે સ્વ સ્થાનથી નીકટ હોવાથી ત્યાં સ્પર્શે છે. કેટલાંક વૈક્રિય સમુદ્ઘાતથી ઈત્યાદિ - x - . તેનાથી ત્રણ લોકને સ્પર્શનારા સંખ્યાતગણાં છે. કેમકે તેવા પ્રકારના તીવ્ર પ્રયત્નથી ત્રણે લોકનો સ્વપ્રદેશ વડે સ્પર્શ કરે છે. તેનાથી અધોલોક તીર્છાલોકમાં સ્પર્શતા અસંખ્યાત ગણા છે, કેમકે અધોલૌકિક ગ્રામોમાં સમોસરણાદિ નિમિત્તે જાય છે ઈત્યાદિ - x -. તેનાથી અધોલોકમાં સંખ્યાતગણાં છે - x - તેનાથી અસંખ્યાતગણાં તીર્છાલોકમાં છે. એ રીતે જ્યોતિષ્ક દેવી કહેવી.

હવે વૈમાનિક દેવ સંબંધી અલ્પબહુત્વ - ક્ષેત્રની અપેક્ષાએ વૈમાનિક દેવો સૌથી થોડાં ઉર્ધ્વલોક-તીર્છાલોકમાં છે. કેમકે નીચેના લોકના જીવો વૈમાનિકમાં ઉત્પન્ન થાય, ગમનાગમન કરે, ક્રીડા સ્થાને આવે, સમુદ્ઘાતથી આત્મપ્રદેશ વિસ્તારે તે ઉક્ત બે પ્રતરને સ્પર્શે છે. તેનાથી ત્રણ લોકમાં સંખ્યાતગણાં છે કેમકે અધોલૌકિક ગ્રામોમાં ગયેલ વૈમાનિકો, સમુદ્ઘાતાદિ પ્રવૃત્ત દેવો કે ચ્યવીને અધોલૌકિકમાં ઉપજતા ત્રમે લોકને સ્પર્શે છે. તેનાથી અધોલોક-તીર્છાલોકમાં સંખ્યાતગણાં છે, યુક્તિ પૂર્વવત્ - x - તેનાથી અધોલોકમાં સંખ્યાતગણાં - x - તેનાથી તીર્છાલોકમાં સંખ્યાતગણાં છે કેમકે ઘણાં વૈમાનિકો સમોસરણમાં કે ક્રીડા સ્થાનમાં આવે છે. ઉર્ધ્વલોકમાં તેથી અસંખ્યાતગણાં છે. કેમકે તે તેમનું સ્વસ્થાન છે. ત્યાં ઘણાં જ વૈમાનિક દેવો રહે છે. આ રીતે જ વૈમાનિક દેવી સંબંધે સૂત્ર વિચારવું.

● **સૂત્ર-૨૮૯ :-**

***ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડાં એકેન્દ્રિય જીવો ઉર્ધ્વલોક-તીર્છાલોકમાં છે અધોલોકતીર્છાલોકમાં વિશેષાધિક, તીર્છાલોકમાં અસંખ્યાતગણાં, ત્રિલોકમાં અસંખ્યાતગણાં, ઉર્ધ્વલોકમાં અસંખ્યાતગણાં, અધોલોકમાં વિશેષાધિક છે.... ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડાં અપર્યાપ્તા એકેન્દ્રિય જીવો ઉર્ધ્વલોકતીર્છાલોકમાં ઈત્યાદિ ઉપરના સૂત્ર મુજબ જાણવું.... એ જ પ્રમાણે પર્યાપ્તા એકેન્દ્રિયમાં જાણવું.***

● **વિવેચન-૨૮૯ :-**

ક્ષેત્રની અપેક્ષાએ વિચારતા સૌથી થોડાં એકેન્દ્રિય જીવો ઉર્ધ્વલોકતીર્છાલોક સંજ્ઞક બે પ્રતરમાં છે. કેમકે જેઓ ત્યાં રહેલા છે, ઉર્ધ્વથી તીર્છા કે તીર્છાથી ઉર્ધ્વમાં જતાં મરણ સમુદ્ઘાત કરી તે પ્રતરને સ્પર્શે છે, તે થોડાં છે. તેનાથી અધોલોકતીર્છાલોકમાં વિશેષાધિક છે. - x - પૂર્વોક્ત યુક્તિ તથા ઉર્ધ્વથી અધોલોકમાં એકેન્દ્રિયો વિશેષ છે. તેનાથી તીર્છાલોકમાં અસંખ્યાતગણાં છે કેમકે ઉક્ત પ્રતર ક્ષેત્રથી તીર્છાલોક ક્ષેત્ર અસંખ્યાતગણું છે. તેનાથી ત્રિલોકમાં અસંખ્યાતગણાં છે, કેમકે ઘણાં ઉર્ધ્વથી અધો કે અધોથી ઉર્ધ્વલોકમાં ઉત્પન્ન થાય છે. તેમાં ઘણાં મરણ સમુદ્ઘાત વડે આત્મપ્રદેશ વિસ્તારી ત્રણે લોકને સ્પર્શે છે. તેનાથી ઉર્ધ્વલોકમાં અસંખ્યાતગણાં છે. કેમકે ઉપજવાનું ક્ષેત્ર ઘણું મોટું છે. તેથી અધોલોકમાં વિશેષાધિક છે. - x - x -



● **સૂત્ર-૨૯૦ :-**

***ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડાં બેઈન્દ્રિયો ઉર્ધ્વલોકમાં છે, ઉર્ધ્વલોક-તીર્છાલોકમાં અસંખ્યાતગણાં, ત્રિલોકમાં અને અધોલોક તીર્છાલોકમાં અનુક્રમે અસંખ્યાતગણાં, અધોલોક-તીરછાલોકમાં અનુક્રમે સંખ્યાતગણાં છે... ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડાં અપર્યાપ્તા બેઈન્દ્રિયો ઉર્ધ્વલોકમાં ઈત્યાદિ ઔઘિક સૂત્રવત્ છે. એ જ રીતે પર્યાપ્તા બેઈન્દ્રિયનું સૂત્ર જાણવું....તેઈન્દ્રિયોના ત્રમે સૂત્રો બેઈન્દ્રિય પ્રમાણે જ જાણવા.... ચઉરિન્દ્રિયોના ત્રણે સૂત્રોનું અલ્પબહુત્વ પણ બેઈન્દ્રિયવત્ જાણવું.***

● **વિવેચન-૨૯૦ :-**

ક્ષેત્રની અપેક્ષાએ વિચારતા સૌથી થોડાં બેઈન્દ્રિયો ઉર્ધ્વલોકમાં છે, કેમકે ઉર્ધ્વલોકમા એક ભાગમાં તેનો સંભવ છે. તેનાથી ઉર્ધ્વલોક-તીર્છાલોક નામે બે પ્રતરમાં અસંખ્યાતગણાં છે. કેમકે જેઓ ઉર્ધ્વથી તીર્છા કે તીર્છાથી ઉર્ધ્વલોકમાં બેઈન્દ્રિયપણે ઉપજવાના છે, તેનું આયુ અનુભવતા ઈલિકાગતિથી ઉત્પન્ન થાય છે તે અને બેઈન્દ્રિયો જ છે ઈત્યાદિ તથા મરણસમુદ્ઘાતથી આત્મપ્રદેશો વિસ્તારે છે, તેઓ પૂર્વોક્ત બે પ્રતરમાં ઉપજે છે. તેનાથી ત્રિલોકમાં અસંખ્યાતગણાં છે કેમકે બેઈન્દ્રિયોના ઘણાં ઉત્પત્તિ સ્થાનો અધોલોકમાં છે, તેથી ઘણાં તીર્છાલોકમાં છે, તેમાં અધોથી ઉર્ધ્વ કે ઉર્ધ્વથી અધોલોકમાં ઉપજનારા જીવો મરણ સમુદ્ઘાત વડે આત્મપ્રદેશો વિસ્તારે ત્યારે બેઈન્દ્રિયાયુષ્‌ને અનુભવતા ત્રણે લોકને સ્પર્શે છે. તેનાથી અધોલોકતીર્છાલોકરૂપ પ્રતરમાં અસંખ્યાતગણાં છે - "યુક્તિ ત્રિલોકવત્ છે, પણ અહીં અધોલોક અને તીર્છાલોકનો સંબંધ કહેવો. તેનાથી અધોલોકમાં સંખ્યાતગણાં છે કેમકે ત્યાં તેના ઉત્પત્તિસ્થાનો ઘણાં છે. તેનાથી તીર્છાલોકમાં સંખ્યાતગણાં છે, કેમકે ત્યાં તેમના ઉત્પત્તિસ્થાનો અતિઘણાં છે. બેઈન્દ્રિયના સામાન્ય સૂત્ર માફક ચઉરિન્દ્રિય પર્યન્તના સૂત્રો કહેવા.

હવે ઔઘિક પંચેન્દ્રિયનું અલ્પબહુત્વ —

● **સૂત્ર-૨૯૧ :-**

***ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડાં પંચેન્દ્રિયો ત્રિલોકમાં છે, ઉર્ધ્વલોક-તીર્છાલોકમાં સંખ્યાતગણાં, અધોલોકતીર્છાલોકમાં સંખ્યાતગણા, ઉર્ધ્વલોકમાં***

*સંખ્યાતગણાં, અધોલોકમાં સંખ્યાતગણાં, તીર્છાલોકમાં અસંખ્યાતગણાં છે.. અપર્યાપ્તાનો આલાવો ઔઘિકની માફક કહેવો... ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડાં પંચેન્દ્રિય પર્યાપ્તાઓ ઉર્ધ્વલોકમાં, ઉર્ધ્વલોકતીર્છાલોકમાં અસંખ્યાતગણાં, ત્રિલોકમાં સંખ્યાતગણાં, અધોલોકતીર્છાલોકમાં સંખ્યાતગણાં, અધોલોકમાં સંખ્યાત૦ તીર્છાલોકમાં અસંખ્યાત૦*

● વિવેચન-૨૯૧ :-

ક્ષેત્રની અપેક્ષાએ વિચારતા સૌથી થોડાં પંચેન્દ્રિયો ત્રણ લોકને સ્પર્શનારા છે કેમકે અધોથી ઉર્ધ્વલોકમાં અને ઉર્ધ્વથી અધોલોકમાં બાકીની કાયાવાળા પંચેન્દ્રિયાયુષ્નો અનુભવ કરતા ઈલિકાગતિથી ઉત્પન્ન થાય છે. વળી - x - આ બંને લોકમાંના કોઈપણ કાયપણે ઉત્પન્ન થવાની ઈચ્છાવાળા મરણ સમુદ્ઘાત કરી ઉત્પત્તિ સ્થાન સુધી આત્મપ્રદેશ વિસ્તારી હજી પંચેન્દ્રિયાયુનો અનુભવ કરે છે તે ત્રણે લોકમાં સ્પર્શનારા છે, તે થોડાં છે.

તેનાથી ઉર્ધ્વલોક-તીર્છાલોકમાં અસંખ્યાતગણાં છે કેમકે ઘણાં જીવોના ઉપજવા તથા સમુદ્ઘાત વડે બે પ્રતરને સ્પર્શે છે. તેનાથી અધોલોક તીર્છાલોકમાં સંખ્યાતગણાં છે, કેમકે તેને અત્યંત ઘણાં જીવો ઉક્ત રીતે સ્પર્શે છે. તેનાથી અધોલોકમાં સંખ્યાતગણાં છે. કેમકે વૈમાનિક દેવો કરતાં સંખ્યાતગણાં નારકો ત્યાં રહે છે. તેનાથી તીર્છાલોકમાં અસંખ્યાતગણાં છે. - x - x - એ પ્રમાણે અપર્યાપ્તા પંચેન્દ્રિયો પણ કહેવા.

પર્યાપ્તા પંચેન્દ્રિયોમાં ક્ષેત્ર અપેક્ષાએ સૌથી થોડાં ઉર્ધ્વલોકમાં કેમકે પ્રાયઃ ત્યાં વૈમાનિક છે. તેનાથી ઉર્ધ્વલોક તીર્છાલોકમાં અસંખ્યાતગણાં કેમકે જ્યોતિષ્કો નજીક છે. જ્યોતિષ્કાશ્રિત ક્ષેત્રમાં વ્યંતર, પંચેન્દ્રિય તિર્યંચો, વૈમાનિકાદિ ગમનાગમન કરતા તે બે પ્રતરને સ્પર્શે છે. તેનાથી ત્રણ લોકમાં સ્પર્શનારા સંખ્યાતગણાં છે - અધોલોકવાસી ભવનપતિ, વ્યંતરાદિ ત્રણે વૈક્રિય સમુદ્ઘાત કરતા તથાવિધ પ્રયત્નથી આત્મપ્રદેશને ઉર્ધ્વલોકમાં વિસ્તારતા ત્રણે લોકને સ્પર્શે છે. તેનાથી અધોલોક-તીર્છાલોકમાં સંખ્યાતગણાં કેમકે ઘણાં વ્યંતરોને સ્વસ્થાન નજીક છે, તીર્છાલોકમાં ભવનપતિ, ઈત્યાદિ અન્ય દેવો અધોલૌકિક ગ્રામોમાં ગમનાગમન કરે છે - x - ઈત્યાદિ કારણે આ બે પ્રતરને સ્પર્શે છે. તેનાથી અધોલોકમાં સંખ્યાતગણાં, કેમકે નૈરયિક, ભવનપતિ ત્યાં રહે છે. તેનાથી તીર્છાલોકમાં અસંખ્યાતગણાં છે. કેમકે પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્યો, વ્યંતરાદિનું સ્વસ્થાન છે.

હવે એકેન્દ્રિય ભેદોમાં પૃથ્વીકાયિકાદિનું અલ્પબહુત્વ —

● સૂત્ર-૨૯૨ :-

*ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડાં પૃથ્વીકાયિકો ઉર્ધ્વલોક-તીર્છાલોકમાં છે, અધોલોક તીર્છાલોકમાં વિશેષાધિક છે. તીર્છાલોક-ત્રિલોક-ઉર્ધ્વલોકમાં અનુક્રમે અસંખ્યાતગણાં અધોલોકમાં વિશેષાધિક છે. અપર્યાપ્તા અને પર્યાપ્તા પૃથ્વીકાયના બંને આલાવા ઔઘિક પૃથ્વીકાય માફક જ જાણવા.*



*ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડાં અપ્કાયિકો ઉર્ધ્વલોક-તીર્છાલોકમાં છે, અધોલોકતીર્છાલોકમાં વિશેષાધિક, તીર્છાલોક-ત્રિલોક-ઉર્ધ્વલોકમાં અનુક્રમે અસંખ્યાતગણાં, અધોલોકમાં વિશેષાધિક છે. અપર્યાપ્તા અને પર્યાપ્તા અપ્કાયિક સૂત્રો એ પ્રમાણે જ જાણવા.*

*તેઉકાયિક, વાયુકાયિક અને વનસ્પતિકાયિક એ ત્રણેના સામાન્ય, અપર્યાપ્તા, પર્યાપ્તા એ ત્રણે સૂત્રો અપ્કાયવત્ જ જાણવા.*

● વિવેચન-૨૯૨ :-

આ પંદર સૂત્રો [પૃથ્વીકાયિકાદિ પાંચે કાયના ત્રણ-ત્રણ સૂત્રો] પૂર્વે કહેલા એકેન્દ્રિયના સૂત્રવત્ કહેવા. હવે ઔઘિક ત્રસકાય અને અપર્યાપ્તા, પર્યાપ્તા ત્રસકાયના સૂત્રો કહે છે.

● સૂત્ર-૨૯૩ :-

*ક્ષેત્રને આશ્રીને સૌથી થોડાં ત્રસકાયિકો ત્રિલોકમાં છે, ઉર્ધ્વલોકતીર્છાલોક અસંખ્યાતગણાં, અધોલોકતીર્છાલોકમાં સંખ્યાતગણાં, ઉર્ધ્વલોકમાં સંખ્યાતગણાં, અધોલોકમાં સંખ્યાતગણાં, તીર્છાલોકમાં અસંખ્યાતગણાં છે. આ પ્રમાણે જ અપર્યાપ્તા અને પર્યાપ્તા બંને ત્રસકાયિકોના સૂત્રો જાણવા.*

● વિવેચન-૨૪૩ :-

પંચેન્દ્રિયસૂત્રવત્ આ સૂત્ર કહેવું. હવે બંધદ્વાર કહે છે —

## ❁ પદ-૩-, દ્વારા-૨૫, ''બંધદ્વાર'' ❁

● સૂત્ર-૨૯૪ :-

*ભગવન્ ! આ આયુકર્મ બંધક, અબંધક, પર્યાપ્તા, અપર્યાપ્તા, સુપ્ત, જાગ્રત, સમવહત, અસમવહત, સાતાવેદક, આસાતાવેદક, ઈન્દ્રિયોપયુક્ત, નોઈન્દ્રિયોપયુક્ત, સાકારોપયુક્ત, અનાકારોપયુક્ત જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષ છે ?*

*ગૌતમ! સૌથી થોડાં જીવો આયુકર્મબંધક, અપર્યાપ્તા સંખ્યાતગણાં, સુપ્ત સંખ્યાતગણાં, સમવહત અસંખ્યાતગણા, સાતા વેદક સંખ્યાતગણા, ઈન્દ્રિયોપયુક્ત સંખ્યાતગણાં, અનાકારોપયુક્ત સંખ્યાતગણાં, સાકારોપયુક્ત સંખ્યાતગણાં, નોઈન્દ્રિયોપયુક્ત વિશેષ અધિક છે, અસાતાવેદક વિશેષાધિક, અસમવહતવિશેષાધિક, જાગૃત વિશેષાધિક, પર્યાપ્તા વિશેષાધિક, આયુકર્મઅબંધક વિશેષાધિક છે.*

● વિવેચન-૨૯૪ :-

આયુકર્મબંધક આદિનું અલ્પબહુત્વ - પહેલાં પ્રત્યેકનું અલ્પબહુત્વ કહીએ છીએ, જેથી સમુદાયનું સુખેથી સમજાય.

સૌથી થોડાં આયુકર્મબંધક છે, તેથી અબંધક સંખ્યાતગણાં છે, કેમકે વર્તમાન

ભવે અનુભવાતા આયુનો ત્રીજો ભાગ, ત્રીજા ભાગનો ત્રીજો ભાગ, તેનો પણ ત્રીજો ભાગ ઈત્યાદિ બાકી હોય ત્યારે જીવો પરભવનું આયુ બાંધે છે. તેથી બેતૃતીયાંશ અબંધકકાળ છે. - x - તથા સૌથી થોડાં અપર્યાપ્તા છે, તેથી પર્યાપ્તા સંખ્યાતગણાં છે. આ સૂક્ષ્મ જીવોને આશ્રીને જાણવું. કેમકે સૂક્ષ્મ જીવોમાં ઉપક્રમ હોતો નથી. તેથી ઘણાંની નિષ્પત્તિ અને થોડાંની અનિષ્પત્તિ જાણવી.

સૌથી થોડાં સુપ્ત છે, તેથી જાગ્રત સંખ્યાતગણાં છે. આ પણ સૂક્ષ્મ એકેન્દ્રિય જીવોની અપેક્ષાએ જામવું. કેમકે અપર્યાપ્તા સૂતેલા હોય છે અને પર્યાપ્તા જાગતા પણ હોય છે - x - x - સમવહત સૌથી થોડાં છે. કેમકે અહીં મરણસમુદ્ઘાત ગ્રહણ કરવો. તે મરણ કાળે જ હોય અને બધાં જીવોને મરણ સમુદ્ઘાત હોતો નથી. તેનાથી અસમવહત અસંખ્યાતગણાં છે. કેમકે જીવનકાળ ઘણો છે.

સૌથી થોડાં સાતાવેદક છે. કેમકે ઘણાં જીવો સાધારણ શરીરી હોય, થોડાં પ્રત્યેકશરીરી હોય છે, સાધારણ શરીરીમાં ઘણાં આસાતાવેદક અને થોડાં સાતાવેદક છે. પ્રત્યેકશરીરીમાં ઉલટું છે. સાતા વેદકથી અસાતાવેદક સંખ્યાતગણાં છે. સૌથી થોડાં ઈન્દ્રિય ઉપયુક્ત છે, તેનાથી નોઈન્દ્રિયોપયુક્ત સંખ્યાતગણાં છે. કેમકે ઈન્દ્રિયનો ઉપયોગ વર્તમાનકાળ વિષયક હોય છે. માટે તેનો ઉપયોગકાળ થોડો હોય છે. તે જ અર્થને ઈન્દ્રિય વડે જાણીને ઓઘ સંજ્ઞાથી વિચારે છે. ત્યારે તે નોઈન્દ્રિયોપયુક્ત કહેવાય છે. તેનો ઉપયોગ અતીત-અનાગત કાળ વિષયક હોવાથી ઘણો કાળ હોય છે. માટે તે સંખ્યાતગણાં છે. સૌથી થોડાં અનાકાર ઉપયોગવાળાં હોય છે, કેમકે દર્શનોપયોગકાળ થોડો છે, તેનાથી સાકારોપયોગ સંખ્યાતગણાં છે.

હવે સૂત્રોક્ત સામુદાયિક અલ્પબહુત્વ - સૌથી થોડાં જીવો આયુકર્મના બંધક છે, કેમકે આયુબંધનો કાળ પ્રતિનિયત છે તેથી પર્યાપ્તા સંખ્યાતાગણા છે, કેમકે અપર્યાપ્તા અનુભવાતા વર્તમાન ભવાયુનો ત્રીજો ભાગાદિ રહે ત્યારે પરભવાયુ બાંધે છે. તેથી અબંધકાળ $^{2}/_{3}$ છે અને બંધકાળ $^{1}/_{3}$ છે. તેથી બંધકાળથી અબંધકાળ સંખ્યાતગણો છે. તેથી આયુબંધકથી અપર્યાપ્તા સંખ્યાતગણાં છે. અપર્યાપ્તાથી સુપ્ત સંખ્યાતગણાં છે. કેમકે અપર્યાપ્તા-પર્યાપ્તા બંને સુપ્ત હોય અને પર્યાપ્તા અપર્યાપ્તાથી સંખ્યાતગણાં છે. તેનાથી સમવહત સંખ્યાતગણાં છે, કેમકે બધાં મરણ સમુદ્ઘાતને પ્રાપ્ત થવા સંભવે છે. તેથી સાતા વેદક સંખ્યાતગણાં છે, કેમકે આયુ બંધક, અપર્યાપ્તા, સુપ્ત બધામાં સાતાવેદક સંભવે છે.

તેનાથી ઈન્દ્રિયોપયુક્ત સંખ્યાતગણાં છે કેમકે અસાતા વેદકમાં પણ ઈન્દ્રિયોપયોગ હોય. તેનાથી અનાકારોપયુક્ત સંખ્યાત ગણાં છે - x - તેનાથી નોઈન્દ્રિયોપયુક્ત વિશેષાધિક છે - x - અહીં શિષ્યોના અનુગ્રહ માટે અસદ્ભાવના સ્થાપનાથી દૃષ્ટાંત કહે છે — સાકારોપયુક્ત ૧૯૨ છે, તે બે પ્રકારે — ઈન્દ્રિય સાકારોપયુક્ત, નોઈન્દ્રિયસાકારોપયુક્ત. તેમાં પહેલા અત્યંત થોડાં છે, માટે તેની સંખ્યા વીશ કલ્પવી. બાકીના ૧૭૨ નોઈન્દ્રિય સાકારોપયુક્ત છે. નોઈન્દ્રિય



અનાકારોપયુક્ત પર જેટલા છે. તેથી સામાન્યથી સાકારોપયુક્તથી ૨૦ જેટલા ઈન્દ્રિય સાકારોપયુક્ત બાદ કરીએ, તેમાં બાવન જેટલાં અનાકારોપયુક્ત નાંખતા ૨૨૪ થાય છે માટે સાકારોપયુક્તથી નોઈન્દ્રિયોપયુક્ત વિશેષાધિક છે.

તેનાથી અસાતાવેદક વિશેષાધિક છે, કેમકે ઈન્દ્રિયોપયુક્ત પણ અસાતાવેદક છે. તેનાથી અસમવહત વિશેષાધિક છે. - x - તેનાથી જાગૃત વિશેષાધિક છે. કેમકે સમવહતમાં પણ કેટલાંક જાગૃત હોય છે. તેથી પર્યાપ્તા વિશેષાધિક છે. કેમકે કેટલાંક સુપ્ત પર્યાપ્ત પણ હોય છે અને જાગૃત પર્યાપ્તા જ હોય છે. તેનાથી આયુ કર્મના બંધક વિશેષાધિક છે. કેમકે અપર્યાપ્તા પણ આયુબંધક હોય છે. આ જ અલ્પબહુત્વ શિષ્યોના અનુગ્રહ માટે સ્થાપનારાશિ વડે બતાવાય છે *[અહીં વૃત્તિકારશ્રીએ બે પંક્તિ દ્વારા અસત્કલ્પનાથી અંક સંખ્યા દ્વારા ઉક્ત અલ્પબહુત્વ જણાવેલ છે, જેની સ્થાપના અમે અહીં બતાવેલ નથી, સુગમ છે.]* વૃત્તિ જોઈ લેવી. - x - x -

એ પ્રમાણે બંધદ્વાર કહ્યું. હવે પુદ્ગલદ્વાર કહે છે —

## ❀ પદ-૩-દ્વાર-૨૬-‘‘પુદ્ગલ’’ ❀

● **સૂત્ર-૨૯૫ :-**

***ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડાં પુદ્ગલો ત્રણ લોકમાં છે, તેનાથી ઉર્ધ્વલોકતીર્છાલોકમાં અનંતગણાં છે, તેનાથી અધોલોકતીર્છાલોકમાં વિશેષાધિક છે, તેથી તિર્છાલોકમાં અસંખ્યાતગણાં છે, તેનાથી ઉર્ધ્વલોકમાં અસંખ્યાતગણાં છે, તેથી અધોલોકમાં વિશેષાધિક છે.***

***દિશાની અપેક્ષાએ સૌથી થોડાં પુદ્ગલો ઉર્ધ્વ દિશામાં છે, અધોદિશામાં વિશેષાધિક છે, ઈશાનમાં નૈઋત્યમાં અસંખ્યાતગણાં અને બંને વિદિશામાં પરસ્પરતુલ્ય, તેથી અગ્નિ અને વાયવ્યમાં બંને સ્થાને સરખા અને વિશેષાધિક, પૂર્વમાં અસંખ્યાતા પશ્ચિમમાં દક્ષિણમાં, ઉત્તરમાં અનુક્રમે વિશેષાધિક છે.***

***ક્ષેત્રની અપેક્ષાએ સૌથી થોડાં દ્રવ્યો ત્રિલોકમાં, ઉર્ધ્વલોક તીર્છાલોકમાં અનંતગણા, અધોલોકતીર્છાલોકમાં વિશેષાધિક, ઉર્ધ્વલોકમાં અસંખ્યાતગણાં, અધોલોકે અનંતગણા, તિર્છાલોકે સંખ્યાતગણા.***

***દિશાની અપેક્ષાએ સૌથી થોડાં દ્રવ્યો અધોદિશામાં, ઉર્ધ્વ દિશામાં અનંતગણાં, ઈશાન અને નૈઋત્ય બંનેમાં તુલ્ય અને અસંખ્યાતગણાં, અગ્નિ અને વાયવ્યમાં બંનેમાં તુલ્ય અને વિશેષાધિક, પૂર્વમાં અસંખ્યાતગણાં, પશ્ચિમ-દક્ષિણ-ઉત્તરમાં ક્રમશઃ વિશેષાધિક.***

● **વિવેચન-૨૯૫ :-**

આ પુદ્ગલોનું અલ્પબહુત્વ દ્રવ્યાર્થપણાને આશ્રીને સમજવું. કેમકે તેવી પરંપરા છે. તેમાં ક્ષેત્રાનુસાર વિચારતાં ત્રિલોક સ્પર્શી પુદ્ગલો સૌથી થોડાં છે, - x - કેમકે અચિત્ત મહાસ્કંધો જ ત્રિલોક વ્યાપી છે. તેથી ઉર્ધ્વલોક તીર્છાલોકમાં અનંતગણાં છે,

કેમકે તે બે પ્રતરને, તેને અનંત સંખ્યાતપ્રદેશી યાવત્ અનંત અનંત પ્રદેશી સ્કંધો સ્પર્શે છે માટે દ્રવ્ય સ્વરૂપે અનંતગમાં છે.

તેનાથી અધોલોકતીર્છાલોકમાં વિશેષાધિક છે, કેમકે લંબાઈ-પહોળાઈમાં ક્ષેત્ર કંઈક અધિક છે. તેથી તીર્છાલોકમાં અસંખ્યાતગણાં છે, કેમકે ક્ષેત્ર અસંખ્યાતગણું છે. તેથી ઉર્ધ્વલોકમાં અસંખ્યાતગણાં છે કેમકે તીર્છાલોકથી તે અસંખ્યાતગણું ક્ષેત્ર છે. તેથી અધોલોકમાં વિશેષાધિક છે, કેમકે તે ઉર્ધ્વલોકથી વિશેષાધિક છે.

હવે દિશાને આશ્રીને અલ્પબહુત્વ - સૌથી થોડાં પુદ્‌ગલો ઉર્ધ્વદિશામાં છે. રત્નપ્રભાના સમભૂતળ મેરુના મધ્ય ભાગમાં ચાર ઉપર અને ચાર નીચે એમ આઠ પ્રદેશોનો રૂચક છે, તેથી ચાર પ્રદેશની લોકાંત પર્યન્ત ઉર્ધ્વદિશા નીકળી, તેમાં સૌથી થોડાં પુદ્‌ગલો છે. તેનાથી અધોદિશામાં વિશેષાધિક છે. અધોદિશા રુચકથી ચાર પ્રદેશ નીચે લોકાંત પર્યન્ત છે. તે દિશા ઉર્ધ્વદિશાથી વિશેષાધિક છે.

તેનાથી ઈશાન અને નૈઋત્ય પ્રત્યેકમાં અસંખ્યાતગણાં છે અને સ્વસ્થાનની અપેક્ષાએ પરસ્પર તુલ્ય છે. કેમકે તે બંને વિદિશા પણ રુચકથી નીકળી મોતીની માળાના આકારે તીર્છા-અધો-ઉર્ધ્વલોકના અંત સુધી ગયેલ છે, ક્ષેત્ર અસંખ્યાતગણું છે. પણ સ્વસ્થાન ક્ષેત્ર તુલ્ય છે. તેનાથી અગ્નિ અને વાયવ્યમાં પ્રત્યેકને આશ્રીને વિશેષાધિક અને સ્વસ્થાને તુલ્ય છે. વિશેષાધિક હોવાનું કારણ આ છે — અહીં સૌમનસ અને ગંધમાદન પર્વતમાં સાત સાત શિખરો, વિદ્યુત્પ્રભ અને માલ્યવંતમાં નવ નવ શિખરો છે. તેમાં ઝાકળ આદિના ઘણાં સૂક્ષ્મ પુદ્‌ગલો છે. માટે વિશેષાધિક છે અને સ્વસ્થાને તુલ્ય છે.

તેનાથી પૂર્વમાં અસંખ્યાતગણાં છે, કેમકે ક્ષેત્ર અસંખ્યાતગણું છે, તેથી પશ્ચિમમાં વિશેષાધિક છે, અધોલૌકિક ગ્રામોમાં ખાલી જગ્યા હોવાથી ત્યાં ઘણાં પુદ્‌ગલો છે. તેથી દક્ષિણમાં વિશેષાધિક તેનાથી ઉત્તરમાં વિશેષાધિક છે કેમકે ઉત્તરમાં સંખ્યાતા કોડાકોડી યોજન પ્રમાણ માનસ સરોવર છે, તેમાં ઘણાં જીવો છે, તેઓના તૈજસ કાર્મણ પુદ્‌ગલો અધિક છે, એ પ્રમાણે પુદ્‌ગલનું અલ્પબહુત્વ કહ્યું.

હવે ક્ષેત્રાનુસારી સામાન્ય દ્રવ્યોનું અલ્પ બહુત્વ-ક્ષેત્ર અપેક્ષાએ - સૌથી થોડાં દ્રવ્યો ત્રિલોકને સ્પર્શે છે. કેમકે — ધર્મ-અધર્મ-આકાશ દ્રવ્ય, પુદ્‌ગલાસ્તિકાય મહાસ્કંધ અને જીવાસ્તિકાયમાં મરણ સમુદ્‌ઘાતને પ્રાપ્ત જીવો ત્રિલોક વ્યાપી છે. તેનાથી ઉર્ધ્વલોક તીર્છાલોકમાં અનંતગણાં દ્રવ્યો છે કેમકે તેને અનંત પુદ્‌ગલ દ્રવ્યો અને અનંતજીવ દ્રવ્યો સ્પર્શે છે. તેથી અધોલોક-તીર્છાલોકમાં વિશેષાધિક છે - x - તેનાથી ઉર્ધ્વલોકે અસંખ્યાતગણાં છે કેમકે ક્ષેત્ર અસંખ્યાતગણું છે, તેનાથી અધોલોકમાં અનંતગણાં છે કેમકે અધોલૌકિક ગ્રામોમાં કાળ છે, તે કાળ - x - અનંત છે. તેનાથી તીર્છાલોકમાં સંખ્યાતગણાં છે - x - x -

હવે દિશાને આશ્રીને સામાન્ય દ્રવ્યોનું અલ્પબહુત્વ સૌથી થોડાં દ્રવ્યો અધો દિશામાં છે, તેનાથી ઉર્ધ્વમાં અનંતગમાં, કેમકે ઉર્ધ્વમા મેરુનો ૫૦૦ યોજનનો સ્ફટિકમય



કાંડ છે - x - તેમાં ક્ષણાદિકાળ વિભાગ થાય છે, કાળ - x - અનંત છે, તેથી ઈશાનમાં અને નૈઋત્યમાં અસંખ્યાતા દ્રવ્યો છે. સ્વસ્થાનમાં તુલ્ય છે. તેનાથી અગ્નિ અને વાયવ્યમાં વિશેષાધિક છે - x - તેનાથી પૂર્વમાં અસંખ્યાતગણાં છે કેમકે ક્ષેત્ર અસંખ્યાતગણું છે. તેનાથી પશ્ચિમમાં વિશેષાધિક છે કેમકે અધોલૌકિક ગ્રામોમાં ખાલી જગ્યામાં પુદ્‌ગલો સંભવે છે. તેનાથી દક્ષિણમાં વિશેષાધિક છે કેમકે ભવનોનો ખાલી ભાગ છે. તેથી ઉત્તરમાં વિશેષાધિક છે.

હવે પરમાણુ પુદ્‌ગલ, સંખ્યાતાદિ પ્રદેશોનું અલ્પબહુત્વ —

● **સૂત્ર-૨૯૬ :-**

***ભગવન્ ! આ પરમાણુ પુદ્‌ગલ, સંખ્યાત પ્રદેશિક, અસંખ્યાતપ્રદેશી, અનંતપ્રદેશી સ્કંધોમાં દ્રવ્યાર્થતાથી, પ્રદેશાર્થપણાથી, દ્રવ્યાર્થ-પ્રદેશાર્થતાથી કોણ કોનાથી અલ્પ૦ છે ?***

***ગૌતમ ! સૌથી થોડાં અનંતપ્રદેશી સ્કંધો દ્રવ્યાર્થપણે, પરમાણુ પુદ્‌ગલો દ્રવ્યાર્થપણે અનંતગણાં, સંખ્યાત પ્રદેશી સ્કંધો દ્રવ્યાર્થપણે સંખ્યાતગણાં, અસંખ્યાતપ્રદેશી સ્કંધો દ્રવ્યાર્થપણે અસંખ્યાતગણાં છે. અનંતપ્રદેશી સ્કંધો પ્રદેશાર્થપણે સૌથી થોડાં છે, પરમાણુ પુદ્‌ગલો પ્રદેશાર્થપણે અનંતગણાં છે, સંખ્યાત પ્રદેશી સ્કંધો પ્રદેશાર્થપણે સંખ્યાતગણાં છે, અસંખ્યાતપ્રદેશી સ્કંધો પ્રદેશાર્થપણે અસંખ્યાતગણાં છે.***

***દ્રવ્યાર્થ-પ્રદેશાર્થપણે — સૌથી થોડાં અનંતપ્રદેશી સ્કંધો દ્રવ્યાર્થપણે છે, તે પ્રદેશાર્થપણે અનંતગમાં છે. પરમાણુ પુદ્‌ગલો દ્રવ્યાર્થ-પ્રદેશાર્થપણે અનંતગણાં, સંખ્યાતપ્રદેશી સ્કંધ દ્રવ્યાર્થપણે સંખ્યાતગણા, તે જ પ્રદેશાર્થપણે સંખ્યાતગણાં છે, અસંખ્યાતપ્રદેશી સ્કંધ દ્રવ્યાર્થપણે અસંખ્યાતગણાં, તે જ પ્રદેશાર્થપણે અસંખ્યાતગણાં છે.***

***ભગવન્ ! એક પ્રદેશાવગાઢ, સંખ્યાત પ્રદેશાવગાઢ, અસંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્‌ગલોમાં દ્રવ્યાર્થપણે, પ્રદેશાર્થપણે, દ્રવ્યાર્થ-પ્રદેશાર્થપણે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય, વિશેષ છે ? ગૌતમ ! સૌથી થોડાં એક પ્રદેશાવગાઢ પુદ્‌ગલો દ્રવ્યાર્થપણે છે. તેથી સંખ્યાતપ્રદેશાવગાઢ પુદ્‌ગલો દ્રવ્યાર્થપણે સંખ્યાતપ્રદેશાવગાઢ છે, તેથી અસંખ્યાતપ્રદેશાવગાઢ પુદ્‌ગલો દ્રવ્યાર્થપણે અસંખ્યાતગણાં છે. પ્રદેશાર્થપણે - સૌથી થોડા એક પ્રદેશાવગાઢ, સંખ્યાતપ્રદેશાવગાઢ૦ સંખ્યાતગણા, અસંખ્યાતપ્રદેશાવગાઢ૦ અસંખ્યાતગણાં છે. - - - દ્રવ્યાર્થપ્રદેશાર્થપણે સૌથી થોડાં એકપ્રદેશાવગાઢ પુદ્‌ગલો દ્રવ્યાર્થ-પ્રદેશાર્થપણે છે. સંખ્યાતપ્રદેશ અવગાઢ પુદ્‌ગલો બંને રીતે સંખ્યાતગણાં, અસંખ્યાતપ્રદેશાવગાઢ પુદ્‌ગલો બંને રીતે અસંખ્યાતગણાં છે.***

***ભગવન્ ! એક સમયસ્થિતિક, સંખ્યાત સમયસ્થિતિક, અસંખ્યાત સમય સ્થિતિક પુદ્‌ગલોમાં કોણ કોનાથી૦ ?***

*ગૌતમ ! (૧) દ્રવ્યાર્થપણે - સૌથી થોડાં એક સમય સ્થિતિક પુદ્ગલો, સંખ્યાત સમય સ્થિતિક૦ સંખ્યાતગણાં, તેથી અસંખ્યાત સમય સ્થિતિક૦ અસંખ્યાતગણાં છે. (૨) પ્રદેશાર્થપણે સૌથી થોડાં એક સમય સ્થિતિક પુદ્ગલો, સંખ્યાત સમય સ્થિતિક૦ સંખ્યાતગણાં, અસંખ્યાતસમય સ્થિતિક૦ અસંખ્યાતગણાં છે. (૩) દ્રવ્યાર્થ-પ્રદેશાર્થપણે - સૌથી થોડાં એક સમય સ્થિતિક પુદ્ગલો, સંખ્યાત સમય સ્થિતિક૦ બંને રીતે સંખ્યાતગણા, અસંખ્યાત સમય સ્થિતિક૦ બંને રીતે અસંખ્યાતગણાં છે.*

*ભગવન્ ! એક ગુણ કાળા, સંખ્યાતગુણકાળા, અસંખ્યાતગુણ કાળા, અનંતગુણકાળા પુદ્ગલોમાં દ્રવ્યાર્થપણે, પ્રદેશાર્થપણે, દ્રવ્યાર્થ-પ્રદેશાર્થપણે કોણ કોનાથી અલ્પ આદિ છે ? ગૌતમ ! સામાન્ય પુદ્ગલો સંબંધે કહ્યું તેમ અહીં કહેવું. એ પ્રમાણે બાકીના વર્ણ, ગંધ, રસ સંબંધે કહેવું. સ્પર્શમાં કર્કશ-મૃદુ-ગુરુ-લઘુસ્પર્શ સંબંધે એક પ્રદેશાવગાઢ માફક કહેવા. બાકીના સ્પર્શો વર્ણો કહ્યા તેમ કહેવા.*

● વિવેચન-૨૯૬ :-

પરમાણુ પુદ્ગલ, સંખ્યાતપ્રદેશી આદિ પાઠસિદ્ધ છે. વિશેષ આ - અલ્પબહુત્વ બધે સ્થળે તથા સ્વભાવ કારણ જાણવું.

હવે ક્ષેત્ર પ્રાધાન્યથી અલ્બહુત્વ - અહીં ક્ષેત્રની મુખ્યતા હોવાથી પરમાણુથી આરંભી અનંતપ્રદેશી સ્કંધો પણ એક પ્રદેશાશ્રિત હોય તો આધાર-આધેય અભેદતાથી એક દ્રવ્ય ગણાય છે. કેમકે તેનું આધારક્ષેત્ર એક આકાશપ્રદેશ છે. આવા એક પ્રદેશાવગાઢ પુદ્ગલ દ્રવ્ય સૌથી થોડાં છે, લોકાકાશ પ્રદેશ પ્રમાણ છે. - x - તેનાથી સંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્ગલો દ્રવ્યાર્થપણે સંખ્યાત ગણાં છે. તે આ રીતે — ક્ષેત્રથી પ્રાધાન્યતાથી દ્વિપ્રદેશથી અનંતપ્રદેશી સ્કંધ એક દ્રવ્ય ગણાય છે. તે પૂર્વોક્તથી સંખ્યાતગણા છે. - x - x - એક પ્રદેશાવગાઢથી દ્વિપ્રદેશાવગાઢ પુદ્ગલો સંખ્યાતગણા, તેનાથી ત્રિપ્રદેશાવગાઢ સંખ્યાતગણા ઈત્યાદિ - x - x - એ પ્રમાણે અસંખ્યાતા પ્રદેશાવગાઢ પુદ્ગલો દ્રવ્યાર્થપણે અસંખ્યાતગણાં છે કેમકે અસંખ્યાતાના અસંખ્યાતા ભેદો છે.

પ્રદેશાર્થતા સૂત્રો, દ્રવ્યાર્થ-પ્રદેશાર્થતા સૂત્રો સુગમ હોવાથી તેનો સ્વયં વિચારવા. કાળ અને ભાવ સૂત્રો પણ સુગમ છે. પૂર્વે જેમ સામાન્ય રીતે પુદ્ગલો કહ્યા, તેમ એકગુણકાળા આદિ પુદ્ગલો કહેવા. તે આ રીતે — સૌથી થોડાં એકગુણકાળા અનંતપ્રદેશી સ્કંધો છે. તેનાથી એકગુણ કાળા પરમાણુ પુદ્ગલો દ્રવ્યાર્થપણે અનંતગણાં છે. તેનાથી એક ગુણ કાળા સંખ્યાતપ્રદેશી સ્કંધો સંખ્યાતગણાં છે ઈત્યાદિ - x - કહેવું.

આ પ્રમાણે બાકીના વર્ણ, ગંધ, રસ સંબંધે કહેવું.

કર્કશ સ્પર્શ - એક પ્રદેશાવગાઢ એકગુણ કર્કશ સ્પર્શવાળા પુદ્ગલો દ્રવ્યાર્થપણે





સૌથી થોડાં છે, સંખ્યાતપ્રદેશાવગાઢ એકગુણ કર્કશ સ્પર્શવાળા પુદ્ગલો દ્રવ્યાર્થપણે સંખ્યાતગણાં છે, તેથી અસંખ્યાત પ્રદેશાવગાઢ એકગુણ કર્કશ સ્પર્શવાળા પુદ્ગલો દ્રવ્યાર્થપણે અસંખ્યાતગણા છે ઈત્યાદિ. આ પ્રમાણે મૃદુ, ગુરુ, લઘુ સ્પર્શ સંબંધે જાણવું. બાકીના સ્પર્શો વર્ણાદિવત્ છે.

પુદ્ગલ દ્વાર કહ્યું, હવે મહાદંડક દ્વાર કહે છે —

## ❀ પદ-૩-દ્વાર-૨૭-"મહાદંડક" ❀

● સૂત્ર-૨૯૭ :-

*ભગવન્ ! હવે સર્વ જીવોના અલ્પબહુત્વ મહાદંડકનું વર્ણન કરીશ. ૧-સૌથી થોડાં ગર્ભજ મનુષ્યો, ૨-માનુષી સંખ્યાતગણી, ૩-પર્યાપ્તા બાદર તેઉકાયિક અસંખ્યાતગણા, ૪-અનુત્તરોપપાતિક દેવો અસંખ્યાતગણાં, ૫-ઉપલી ગ્રૈવેયકના દેવો સંખ્યાતગણાં, ૬-મધ્યમ ગ્રૈવેયક દેવો સંખ્યાતગણાં, ૭-નીચલા ગ્રૈવેયક દેવો સંખ્યાતગણાં, ૮ થી ૧૧ - અચ્યુત-આરણ-પ્રાણત-આનતકલ્પના દેવો અનુક્રમે સંખ્યાતગણાં છે.*

*૧૨,૧૩ - સાતમી અને છઠ્ઠી પૃથ્વીના નારકો ઉત્તરોત્તર અસંખ્યાતગણાં, ૧૪,૧૫ - સહસ્રાર અને મહાશુક્રના દેવો ક્રમશઃ અસંખ્યાતગણાં, ૧૬ - પાંચમી પૃથ્વીના નારકો અસંખ્યાતગણાં, ૧૭ - લાંતક કલ્પે દેવો અસંખ્યાતગણાં, ૧૭-ચોથી પૃથ્વીના નારકો અસંખ્યાતગણાં, ૧૯-બ્રહ્મલોક કલ્પે દેવો અસંખ્યાતગણાં, ૨૦-ત્રીજી પૃથ્વીના નારકો અસંખ્યાતગણાં, ૨૧-માહેન્દ્રકલ્પના દેવો અસંખ્યાતગણાં, ૨૨-સનત્કુમાર કલ્પના દેવો અસંખ્યાતગણા, ૨૩-બીજી પૃથ્વીના નારકો અસંખ્યાતગણાં, ૨૪-સંમૂર્છિમ મનુષ્યો અસંખ્યાતગણાં, ૨૫-ઈશાનકલ્પના દેવો અસંખ્યાતગણાં, ૨૬ થી ૨૮ ઈશાનકલ્પની દેવી, સૌધર્મના દેવો, સૌધર્મની દેવી ક્રમશઃ સંખ્યાતગણી. ૨૯-ભવનવાસી દેવો અસંખ્યાતગણા, ૩૦-ભવનવાસી દેવી સંખ્યાતગણી છે.*

*૩૧-રત્નપ્રભા પૃથ્વીના નારકો અસંખ્યાતગણાં છે. ૩૨-ખેચર પંચેન્દ્રિય પુરુષ તિર્યંચો અસંખ્યાતગણાં, ૩૩-ખેચર પંચેન્દ્રિય તિર્યંચસ્ત્રી સંખ્યાતગણી. ૩૪ થી ૩૭- સ્થલચર પંચે૦ પુરુષ તિર્યંચો, સ્થલચર પંચે૦ તિર્યંચ સ્ત્રી, જલચર પંચે૦ પુરુષ તિર્યંચો, જલચર પંચે૦ તિર્યંચ સ્ત્રીઓ ક્રમશઃ સંખ્યાતગણાં છે. ૩૮ થી ૪૧ - વ્યંતરદેવ, વ્યંતર દેવી, જ્યોતિષ્ક દેવ, જ્યોતિષ્ક દેવી ક્રમશઃ સંખ્યાતગણાં છે. ૪૨ થી ૪૪ - ખેચર પંચે૦ નપુંસક તિર્યંચ સ્થલચર પંચે૦ નપુંસક તિર્યંચ, જલચર પંચે૦ નપુંસક તિર્યંચ ક્રમશઃ સંખ્યાતગણાં છે, ૪૫-પર્યાપ્તા ચઉરિન્દ્રિયો સંખ્યાતગણાં ચે, ૪૬ થી ૪૮ પર્યાપ્તા પંચેન્દ્રિયો, પર્યાપ્તા બેઈન્દ્રિય, પર્યાપ્તા તેઈન્દ્રિય ઉત્તરોત્તર વિશેષાધિક છે. ૪૯-અપર્યાપ્તા પંચે૦ અસંખ્યાતગણાં છે, ૫૦-અપર્યાપ્તા ચઉરિન્દ્રિયો વિશેષાધિક છે. ૫૧-૫૨, તેથી*

*અપર્યાપ્તા તેઈન્દ્રિય, અપર્યાપ્તા બેઈન્દ્રિયો ક્રમશઃ વિશેષાધિક છે.*

*૫૩ થી ૬૪ - પર્યાપ્તા પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાય, પર્યાપ્તા બાદર નિગોદ, પર્યાપ્તા બાદર પૃથ્વી૰, પર્યાપ્તા બાદર અપ્૰, પર્યાપ્તા બાદર વાયુ૰, અપર્યાપ્તા બાદર તેઉ૰ અપર્યાપ્તા પ્રત્યેકશરીર બાદર વનસ્પતિ૰, અપર્યાપ્તા બાદર નિગોદો, અપર્યાપ્તા બાદર પૃથ્વી૰, અપર્યાપ્તા બાદર અપ્૰, અપર્યાપ્તા બાદર વાયુ૰, અપર્યાપ્તા સૂક્ષ્મ તેઉ૰ ક્રમશઃ અસંખ્યાતગણાં છે. ૬૫ થી ૬૭ - અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વી૰ અપર્યાપ્તા સૂક્ષ્મ અપ્૰, અપર્યાપ્તા સૂક્ષ્મ વાયુ૰ ક્રમશઃ વિશેષાધિક છે. ૬૮ થી ૬૧ - તેથી પર્યાપ્તા સૂક્ષ્મ તેઉ૰, પર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વી૰, પર્યાપ્તા સૂક્ષ્મ અપ્૰, પર્યાપ્તા સૂક્ષ્મ વાયુ૰ વિશેષાધિક છે. ૭૨ - અપર્યાપ્તા સૂક્ષ્મ નિગોદ અસંખ્યાતગણાં, ૭૩-પર્યાપ્તા સૂક્ષ્મ નિગોદ સંખ્યાતગણાં છે.*

*૭૪ થી ૭૬ - અભવ્યો, પતિત સમ્યક્દષ્ટિ, સિદ્ધો ક્રમશઃ અનંતગણાં છે, ૭૭-પર્યાપ્તા બાદર વનસ્પતિ૰ અનંત ગણા છે, ૭૮-બાદર પર્યાપ્તા વિશેષાધિક છે, ૭૯-અપર્યાપ્તા બાદર વનસ્પતિ૰ અસંખ્યાતગણાં છે, ૮૦-બાદર અપર્યાપ્તા વિશેષાધિક છે, ૮૧-બાદર જીવો વિશેષાધિક છે. ૮૨-અપર્યાપ્તા સૂક્ષ્મ વનસ્પતિ૰ અસંખ્યાતગણાં છે, ૮૩-સૂક્ષ્મ અપર્યાપ્તા વિશેષાધિક છે, ૮૪-પર્યાપ્તા સૂક્ષ્મ વનસ્પતિ૰ સંખ્યાતગણાં છે. ૮૫-સૂક્ષ્મ પર્યાપ્તા વિશેષાધિક છે. ૮૬-સૂક્ષ્મો વિશેષાધિક છે. ૮૭-ભવસિદ્ધિકો વિશેષાધિક છે, ૮૮-નિગોદો વિશેષાધિક છે. ૮૯-વનસ્પતિજીવો વિશેષાધિક છે. ૯૦,૯૧ એકેન્દ્રિયો, તિર્યંચ ક્રમશઃ વિશેષાધિક છે. ૯૨ થી ૯૮ - મિથ્યાદૃષ્ટિ, અવિરતિ, સકષાયી, છદ્મસ્થ, સયોગી, સંસારી, સર્વજીવો ઉત્તરોત્તર વિશેષાધિક છે.*

● વિવેચન-૨૯૭ :-

ભગવન્ ! સર્વ જીવોના અલ્પબહુત્વ મહાદંડકનું વર્ણન કરીશ - સૂત્ર રચીશ. આના દ્વારા જણાવે છે - તીર્થંકર અનુજ્ઞા માત્ર સાપેક્ષ જ ગણધરો સૂત્ર રચના કરે છે. પણ શ્રુતાભ્યાસ સાપેક્ષ નહીં. અથવા એમ જણાવે છે — કુશલ કાર્યમાં પણ ગુરુની અનુજ્ઞા વિના પ્રવૃત્તિ ન કરવી, અન્યથા વિનેયપણું ન ઘટે.

વિનેયનું લક્ષણ - પોતાના આત્મા ગુરુને નિવેદિત કર્યો છે, ગુરુની ચિત્તવૃત્તિને અનુસરે છે, મુક્તિ માટે હંમેશા પ્રયત્ન કરે છે, તે શિષ્ય. તે ગુરુ કેવા હોય ? ધર્મજ્ઞ, ધર્મકર્તા, ધર્મપ્રવર્તક અને પ્રાણીઓને ધર્મશાસ્ત્રના અર્થનો ઉપદેશ કરનાર હોય, તે ગુરુ.

હવે કૃત્પ્રતિજ્ઞાનુસાર મહાદંડકનું વર્ણન કરે છે —

૧-સૌથી થોડાં ગર્ભજ મનુષ્યો છે, કેમકે તે સંખ્યાતા કોટાકોટી પ્રમાણ છે. ૨-તેનાથી મનુષ્ય સ્ત્રી સંખ્યાતગણી છે, કેમકે તે ૨૭-ગુણી છે. ૩-તેનાથી પર્યાપ્તા બાદર તેઉકાયિક અસંખ્યાતગણાં છે - x - ૪-તેનાથી અનુત્તરોપપાતી દેવો અસંખ્યાતગણાં છે. - x - ૫-તેનાથી ઉપલી ગ્રૈવેયકના દેવો સંખ્યાતગણાં છે - x



- કારણ ત્યાં ઘણા વિમાનો છે - x - ૬-તેનાથી મધ્યમ ગ્રૈવેયકના દેવો સંખ્યાતગણાં છે. ૭-તેનાથી નીચેના ગ્રૈવેયકના દેવો સંખ્યાતગણાં છે. ૮-તેનાથી અચ્યુતકલ્પના દેવો સંખ્યાતગણાં છે. ૯-તેનાથી આરણકલ્પના દેવો સંખ્યાતગણાં છે. જો કે આરણ અને અચ્યુત બંને સમશ્રેણિક છે, વિમાનસંખ્યા પણ સરખી છે, તો પણ કૃષ્ણપાક્ષિક જીવો તથા સ્વભાવથી દક્ષિણ દિશામાં ઉપજે છે. - x - ૧૦-તેનાથી પ્રાણતકલ્પના દેવો સંખ્યાતગણાં છે.

૧૧-તેનાથી આનતકલ્પના દેવો સંખ્યાતગણાં છે. અહીં આરણકલ્પવત્ વિચારવું. ૧૨-તેનાથી સાતમીનરકના નારકો અસંખ્યાતગણાં છે - x - ૧૩-તેનાથી છટ્ઠી નરકવાળા અસંખ્યાતગણા છે. પૂર્વદિશાની અપેક્ષાએ નૈરયિકોના અલ્પબહુત્વનો વિચાર કર્યો. ૧૪-તેનાથી સહસ્રારકલ્પ દેવો અસંખ્યાતગણાં છે - x - ૧૫-તેનાથી મહાશુક્ર કલ્પ દેવો અસંખ્યાતગણાં છે. કેમકે અહીં ઘણાં વિમાનો છે. વિમાનો ૪૦,૦૦૦ છે, નીચે-નીચેના વિમાનમાં ઘણાં વધારે દેવો છે. ૧૬-તેનાથી પાંચમી નરકમાં નારકો અસંખ્યાતગણાં છે. - x - ૧૭-તેનાથી લાંતકકલ્પદેવો અસંખ્યાતગણાં છે - x - ૧૮-તેનાથી ચોથી નરકના નારકો અસંખ્યાતગણાં છે, યુક્તિ પૂર્વવત્. ૧૯-તેનાથી બ્રહ્મલોકકલ્પ દેવો અસંખ્યાતગણાં છે. યુક્તિ પૂર્વવત્. ૨૦-તેનાથી ત્રીજી. નરકના નારકો અસંખ્યાતગણાં જાણવા.

૨૧-તેનાથી માહેન્દ્રકલ્પ દેવો અસંખ્યાતગણાં છે. ૨૨-તેનાથી સનત્કુમારકલ્પ દેવો અસંખ્યાતગણાં છે. બધે યુક્તિ પૂર્વવત્. ૨૩-તેનાથી બીજી નરકના નારકો અસંખ્યાતગણાં છે. સાતમીથી બીજી પૃથ્વી સુધી પ્રત્યેકને સ્વસ્થાનની અપેક્ષાએ વિચારતાં બધાં ઘનીકૃત્ લોક શ્રેણીના અસંખ્યાતમા ભાગ આકાશપ્રદેશ રાશિ પ્રમાણ છે. ૨૪-તેનાથી સંમૂર્છિમમનુષ્યો અસંખ્યાતગણાં છે. - x - ૨૫-તેનાથી ઈશાનકલ્પદેવો અસંખ્યાતગણાં છે - x - x - ૨૬-તેનાથી ઈશાનકલ્પદેવી સંખ્યાતગણી છે, કેમકે તે બત્રીશગણી છે. - x - ૨૭-તેનાથી સૌધર્મકલ્પ દેવો સંખ્યાતગણાં છે, કેમકે ત્યાં ઘણાં વિમાનો છે. ૩૨ લાખ વિમાનો છે. દક્ષિણ દિશામાં હોવાથી કૃષ્ણપાક્ષિક જીવો ઘણાં ઉપજે છે [પ્રશ્ન] આ યુક્તિ ત્રીજા-ચોથા કલ્પમાં પણ કહી છે, તો ત્યાં અસંખ્યાતગણા અને અહીં સંખ્યાતગણાં કેમ કહ્યા?

[ઉ૰] શાસ્ત્ર પ્રામાણ્યથી આ માનવું, અહીં પાઠની ભ્રાંતિ નથી - x - ૨૮-તેનાથી સૌધર્મકલ્પદેવીઓ સંખ્યાતગણી છે, કેમકે તે દેવોથી ૩૨-ગણી છે. ૨૯-દેવીથી અસંખ્યાતગણાં ભવનવાસી દેવો છે. - x - x - ૩૦-તેનાથી ભવનવાસિની દેવીઓ સંખ્યાતગણી છે. કેમકે તે બત્રીશગણી છે.

૩૧-તેનાથી પહેલી પૃથ્વીના નારકો અસંખ્યાતગણાં છે - x - x - ૩૨-તેનાથી ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક પુરુષો અસંખ્યાતગણાં છે - x - x - ૩૩-તેનાથી ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક સ્ત્રીઓ સંખ્યાતગણી છે. કેમકે તે ત્રણગુણી છે - x - ૩૪-તેનાથી સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક પુરુષો સંખ્યાતગણાં છે - x - x - ૩૫-

તેનાથી સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચસ્ત્રી સંખ્યાતગણી છે, કેમકે તે ત્રણ ગણી છે. ૩૬-તેનાથી જલચર પંચેન્દ્રિય તિર્યંચ યોનિક પુરુષો સંખ્યાતગણાં છે - x - x - ૩૭-તેનાતી જલચર પંચેન્દ્રિય તિર્યંચસ્ત્રીઓ સંખ્યાતગણી છે, કેમકે તે ત્રણગણી છે. ૩૮-તેનાથી વ્યંતર દેવો સંખ્યાતગણાં છે - x - x - x - ૩૯-તેનાથી વ્યંતરીઓ બત્રીશગણી હોવાથી સંખ્યાતગણી કહી છે. ૪૦-તેનાથી જ્યતિષ્ક દેવો સંખ્યાતગણાં છે - x - x -

૪૧-તેનાથી જ્યોતિષ્ક દેવી સંખ્યાતગણી છે, કેમકે બત્રીશગણી છે. ૪૨-તેનાથી ખેચર પંચેન્દ્રિય તિર્યંચ નપુંસકો સંખ્યાતગણાં છે, ક્યાંક ‘‘અસંખ્યાતગણા’’ પાઠ છે, પણ તે યોગ્ય નથી. કેમકે આગળ પર્યાપ્તા ચઉરિન્દ્રિયો કહેવાશે, તે પણ જ્યોતિષ્ક દેવોથી સંખ્યાતગણાં જ ઘટી શકે, તે નહીં ઘટે. - x - x - x - x - ૪૩-તેનાથી સ્થલચર પંચેન્દ્રિય નપુંસકો સંખ્યાતગણાં છે. ૪૪-તેનાથી જલચર પંચેન્દ્રિય નપુંસકો સંખ્યાતગણાં છે. ૪૫-તેનાથી પર્યાપ્તા ચઉરિન્દ્રિયો સંખ્યાતગણાં છે. ૪૬-તેનાથી પર્યાપ્તા સંજ્ઞી અને અસંજ્ઞી પંચેન્દ્રિયો વિશેષાધિક છે. ૪૭-તેનાથી પર્યાપ્તા બેઈન્દ્રિયો વિશેષાધિક છે. ૪૮-તેનાથી પર્યાપ્તા તેઈન્દ્રિયો વિશેષાધિક છે - x - x -. બીજે સ્થળે પણ આ પ્રમાણે અલ્પબહુત્વ કહ્યું છે —

તેથી નપુંસક ખેચર, નપુંસક સ્થલચર, નપુંસક જલચર, પર્યાપ્તા ચઉરિન્દ્રિય સંખ્યાતગણાં છે, તેનાથી પર્યાપ્તા પંચેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય કંઈક અધિક છે. ૪૯-તેનાથી અપર્યાપ્ત પંચેન્દ્રિયો અસંખ્યાતગમાં છે. - x - x - ૫૦-તેનાથી અપર્યાપ્તા ચઉરિન્દ્રિયો વિશેષાધિક છે.

૫૧-તેનાથી અપર્યાપ્તા તેઈન્દ્રિય વિશેષાધિક છે. ૫૨-તેનાથી અપર્યાપ્તા બેઈન્દ્રિયો વિશેષાધિક છે. - x - x - ૫૩-તેનાથી પ્રત્યેક બાદર વનસ્પતિકાયિક પર્યાપ્તા અસંખ્યાતગણાં છે. - x - x - x - ૫૪-તેનાથી પર્યાપ્ત અનંતકાયિક જીવના શરીરરૂપ બાદર નિગોદો અસંખ્યાતગણાં છે. ૫૫-તેનાથી બાદર પૃથ્વીકાયિક પર્યાપ્તા અસંખ્યાતગણાં છે. ૫૬-તેનાથી પર્યાપ્તા બાદર અપ્‌કાયિકો અસંખ્યાતગણાં છે - x - x - અંગુલના અસંખ્યાત ભાગના અસંખ્યાત ભેદો હોવાથી અહીં અસંખ્યાતગણાં કહેવામાં કોઈ દોષ નથી. ૫૭-તેનાથી પર્યાપ્તા બાદર વાયુકાયિકો અસંખ્યાતગણાં છે - x - x - ૫૮-તેનાથી બાદર તેઉકાયિક અપર્યાપ્તા અસંખ્યાતગણાં છે. કેમકે તેઓ અસંખ્યાત લોકના આકાશપ્રદેશના રાશિ પ્રમાણ છે. ૫૯-તેનાથી પ્રત્યેકશરીર બાદર વનસ્પતિકાયિક અપર્યાપ્તા અસંખ્યાતગણાં છે. ૬૦-તેનાથી અપર્યાપ્તા બાદર નિગોદ અસં૦ છે.

૬૧-તેનાથી બાદર પૃથ્વીકાયિક અપર્યાપ્તા અસંખ્યાતગણાં છે. ૬૨-તેનાથી બાદર અપ્‌૦ અપર્યાપ્તા અસં૦ છે. ૬૩-તેનાથી બાદર વાયુ૦ અપર્યાપ્તા અસં૦ છે. ૬૪-તેનાથી સૂક્ષ્મ તેઉ૦ અપર્યાપ્તા અસં૦ છે. ૬૫-તેનાથી સૂક્ષ્મ પૃથ્વી૦ અપર્યાપ્તા વિશેષાધિક છે. ૬૬-તેનાથી સૂક્ષ્મ અપ્‌૦ અપર્યાપ્તા વિશે૦ છે. ૬૭-તેનાથી સૂક્ષ્મ



વાયુ૦ અપર્યાપ્તા વિશે૦ છે. ૬૮-તેનાથી સૂક્ષ્મ તેઉ૦ પર્યાપ્તા સંખ્યાતગણાં છે, કેમકે અપર્યાપ્તા સૂક્ષ્મોથી પર્યાપ્તા સૂક્ષ્મો સ્વભાવથી જ ઘણાં છે. - x - x - ૬૯-તેનાથી સૂક્ષ્મ પૃથ્વી૦ પર્યાપ્તા વિશે૦ છે. ૭૦-તેનાથી સૂક્ષ્મ અપ્‌૦ પર્યાપ્તા વિશે૦ છે.

૭૧-તેનાથી સૂક્ષ્મ વાયુ૦ પર્યાપ્તા વિશે૦ છે. ૭૨-તેનાથી સૂક્ષ્મ નિગોદ અપર્યાપ્તા અસં૦ છે. ૭૩-તેનાથી પર્યાપ્તા સૂક્ષ્મ નિગોદો અસં૦ છે - x - x - x - ૭૪-તેનાથી અભવસિદ્ધિકો અનંતગણાં છે કેમકે તે જઘન્યયુક્ત અનંત પ્રમાણ છે. ૭૫-તેનાથી સમ્યક્‌દર્શન પતિત અનંતગણાં છે. ૭૬-તેનાથી સિદ્ધો અનંતગણા છે. ૭૭-તેનાથી બાદર વન૦ પર્યાપ્તા અનંતગણાં છે. ૭૮-તેનાથી સામાન્ય બાદર પર્યાપ્તા વિશે૦ છે. કેમકે તેમાં બાદર પૃથ્વી૦નો પણ સમાવેશ થાય છે. ૭૯-તેનાથી બાદર અપર્યાપ્ત વન૦ અસંખ્યાતા છે. કેમકે એકૈક પર્યાપ્તા બાદર નિગોદમાં અસંખ્યાતગણાં બાદર અપર્યાપ્ત નિગોદો ઉપજે છે. ૮૦-તેનાથી સામાન્ય બાદર અપર્યાપ્તા વિશે૦ છે. કેમકે તેમાં બાદર અપર્યાપ્ત પૃથ્વી૦નો સમાવેશ છે.

૮૧-તેનાથી સામાન્ય બાદરો વિશે૦ છે, કેમકે તેમાં પર્યાપ્તા-અપર્યાપ્તા બંનેનો સમાવેશ થાય છે. ૮૨-તેનાથી સૂક્ષ્મ વન૦ અપર્યાપ્તા અસં૦ છે. ૮૩-તેનાથી સામાન્ય સૂક્ષ્મ અપર્યાપ્તા વિશે૦ છે. - x - ૮૪-તેનાથી સૂક્ષ્મ વન૦ પર્યાપ્તા સંખ્યાતગણાં છે, કેમકે સૂક્ષ્મ અપર્યાપ્તાથી સૂક્ષ્મ પર્યાપ્તા સ્વભાવથી જ સંખ્યાતગણાં છે. ૮૫-તેનાથી સામાન્ય સૂક્ષ્મ પર્યાપ્તા વિશેષાધિક છે. કેમકે પર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વીકાયાદિનો તેમાં સમાવેશ છે. ૮૬-તેનાથી પર્યાપ્તા અપર્યાપ્તા વિશેષણ રહિત સૂક્ષ્મો વિશે૦ છે. કેમકે તેમાં અપર્યાપ્તા સૂક્ષ્મ સર્વેનો સમાવેશ છે. ૮૭-તેનાથી ભવસિદ્ધિક - ભવ્ય જીવો વિશે૦ છે. કેમકે જઘન્ય યુક્ત અનંત અભવ્ય સિવાય બધાં ભવ્ય છે. ૮૮-તેનાથી સામાન્ય નિગોદ વિશે૦ છે કેમકે ભવ્ય, અભવ્ય, સૂક્ષ્મ-બાદર નિગોદ જીવરાશિમાં જ પ્રાપ્ત થાય છે. - x - x - ૮૯-તેનાથી સામાન્ય વનસ્પતિ જીવો વિશેષાધિક છે, કારણ કે પ્રત્યેક શરીરવાળા વનસ્પતિ જીવોનો તેમાં સમાવેશ થાય છે. ૯૦-તેનાથી સામાન્ય એકેન્દ્રિય જીવો વિશેષાધિક છે. કેમકે બાદર અને સૂક્ષ્મ પૃથ્વીકાયિકાદિનો પણ તેમાં સમાવેશ થાય છે.

૯૧-તેનાથી સામાન્ય તિર્યંચો વિશેષાધિક છે. કેમકે પર્યાપ્ત અને અપર્યાપ્ત બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય અને તિર્યંચ પંચેન્દ્રિયોનો તેમાં સમાવેશ થાય છે. ૯૨-તેનાથી ચારે ગતિમાં રહેલા મિથ્યાદૅષ્ટિ જીવો વિશેષાધિક છે. કારણ કે અહીં કેટલાક અવિરતિ સમ્યગ્‌દૅષ્ટિ આદિ સંજ્ઞી જીવો સિવાય બાકીના બધાય તિર્યંચો મિથ્યાદૅષ્ટિ છે અને ચારે ગતિના મિથ્યાદૅષ્ટિના વિચારમાં અસંખ્યાતા-નારકાદિનો પ્રક્ષેપ કરવો. તેથી તિર્યંચ જીવરાશિની અપેક્ષા વિચાર કરતાં ચાર ગતિના મિથ્યાદૅષ્ટિ જીવો વિશેષાધિક છે. ૯૩-તેનાથી વિરતિરહિત જીવો વિશેષાધિક છે. કારણ કે અવિરતિ સમ્યગ્‌દૅષ્ટિ જીવોનો પણ તેમાં સમાવેશ થાય છે. ૯૪-તેનાથી સકષાયી જીવો વિશેષાધિક છે. કેમકે દેશવિરતાદિ સકષાયી હોવાથી

તેનો પણ તેમાં સમાવેશ થાય છે. ૯૫-તેનાથી છદ્મસ્થ જીવો વિશેષાધિક છે, કેમકે ઉપશાંત મોહાદિનો તેમાં સમાવેશ થાય છે. ૯૬-તેનાથી સયોગી જીવો વિશેષાધિક છે, કેમકે સયોગી કેવલીનો તેમાં સમાવેશ થાય છે. ૯૭-તેનાથી સંસારી જીવો વિશેષાધિક છે, કેમકે અયોગી કેવલીનો પણ તેમાં સમાવેશ થાય છે. ૯૮-તેનાથી સર્વ જીવો વિશેષાધિક છે. કેમકે સિદ્ધોનો પણ તેમાં સમાવેશ થાય છે.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**પદ-૩-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**



## ❀ પદ-૪-"સ્થિતિ" ❀

-- x -- x -- x --

● **સૂત્ર-૨૯૮ :-**

*ભગવન્ ! નારકોની કેટલા કાળની સ્થિતિ કહી છે ? ગૌતમ ! જઘન્ય દશ હજાર વર્ષ, ઉત્કૃષ્ટ ૩૩-સાગરોપમ. ભગવન્ ! અપર્યાપ્ત નૈરયિકોની કેટલો કાળ સ્થિતિ કહી છે ? ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત. ભગવન્ ! પર્યાપ્ત નૈરયિકોની કેટલો કાળ સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત ન્યૂન ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન ૩૩-સાગરોપમ.*

*ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વી નૈરયિકની કેટલો કાળ સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ સાગરોપમ. અપર્યાપ્ત રત્નપ્રભા પૃથ્વી નૈરયિકની કેટલી સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્ય, ઉત્કૃષ્ટ પણ અંતર્મુહૂર્ત. પર્યાપ્ત રત્નપ્રભા પૃથ્વીનૈરયિકની સ્થિતિ કેટલો કાળ છે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત ન્યૂન સાગરોપમ.*

*ભગવન્ ! શર્કરાપ્રભા પૃથ્વી નૈરયિકની કેટલો કાળ સ્થિતિ કહી છે ? ગૌતમ ! જઘન્ય એક સાગરોપમ, ઉત્કૃષ્ટ ત્રણ સાગરોપમ. અપર્યાપ્ત શર્કરા-પૃથ્વી નૈરયિકની સ્થિતિ કેટલો કાળ છે ? ગૌતમ ! જઘન્ય, ઉત્કૃષ્ટ પણ અંતર્મુહૂર્ત. પર્યાપ્તા શર્કરાપ્રભા પૃથ્વી નૈરયિકની કેટલો કાળ સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત ન્યૂન સાગરોપમ. ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત ન્યૂન ત્રણ સાગરોપમ.*

*ભગવન્ ! વાલુકાપ્રભા પૃથ્વી નૈરયિકની સ્થિતિ કેટલી કહી છે ? ગૌતમ ! જઘન્ય ૩-સાગરોપમ, ઉત્કૃષ્ટ ૭-સાગરોપમ. અપર્યાપ્તા વાલુકાપ્રભા પૃથ્વી નૈરયિકની સ્થિતિ ? જઘન્ય, ઉત્કૃષ્ટ પણ અંતર્મુહૂર્ત. પર્યાપ્તા વાલુકાપ્રભા પૃથ્વી નૈરયિકની સ્થિતિ ? જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન ૩-સાગરોપમ, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન ૭-સાગરોપમ.*

*ભગવન્ ! પંકપ્રભા પૃથ્વી નૈરયિકની સ્થિતિ કેટલી છે ? જઘન્ય સાત સાગરોપમ, ઉત્કૃષ્ટ દશ સાગરોપમ. અપર્યાપ્તા પંકપ્રભા પૃથ્વી નૈરયિકની સ્થિતિ ? જઘન્ય, ઉત્કૃષ્ટ પણ અંતર્મુહૂર્ત. પર્યાપ્તા પંકપ્રભા પૃથ્વી નૈરયિકની સ્થિતિ ? જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન સાત સાગરોપમ, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન દશ સાગરોપમ.*

*ભગવન્ ! ધૂમપ્રભા પૃથ્વી નૈરયિકની કેટલી સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્ય દશ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૧૭-સાગરોપમ. અપર્યાપ્ત ધૂમપ્રભા પૃથ્વી નૈરયિકની સ્થિતિ ? ગૌતમ ! જઘન્ય, ઉત્કૃષ્ટ પણ અંતર્મુહૂર્ત. પર્યાપ્તા ધૂમપ્રભા પૃથ્વી નૈરયિકની સ્થિતિ ? જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન ૧૦ સાગરોપમ, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તોણ ૧૭ સાગરોપમ.*

*ભગવન્ ! તમઃપ્રભા પૃથ્વી નૈરયિકની કેટલી સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્ય ૧૭-સાગરોપમ, ઉત્કૃષ્ટ ૨૨-સાગરોપમ. અપર્યાપ્તા તમઃપ્રભા પૃથ્વી નૈરયિકની*

*સ્થિતિ ? જઘન્ય, ઉત્કૃષ્ટ પણ અંતર્મુહૂર્ત. પર્યાપ્તા તમઃપ્રભા પૃથ્વીનૈરયિકની સ્થિતિ ? જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન ૧૭ સાગરોપમ, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન ૨૨-સાગરોપમ છે.*

*ભગવન્ ! અધઃસપ્તમી પૃથ્વી નૈરયિકની કેટલી સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્ય ૨૨-સાગરોપમ, ઉત્કૃષ્ટ ૩૩-સાગરોપમ. અપર્યાપ્તા અધઃસપ્તમી પૃથ્વી નૈરયિકની કેટલી સ્થિતિ છે ? જઘન્ય અને ઉત્કૃષ્ટથી પણ અંતર્મુહૂર્ત છે. પર્યાપ્તા અધઃસપ્તમી પૃથ્વી નૈરયિકની સ્થિતિ કેટલી છે ? જઘન્ય અંતર્મુહૂર્તન્યૂન ૨૨-સાગરોપમ, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્તન્યૂન ૩૩-સાગરોપમ છે.*

● વિવેચન-૨૯૮ :-

હવે ચોથું પદ કહે છે. તેનો સંબંધ આ છે – પૂર્વના પદમાં દિશાની અપેક્ષાએ અલ્પબહુત્વની સંખ્યા નિર્ધારિત કરી. અહીં તે જીવોની જન્મથી મરણ સુધીના નારકાદિ પર્યાયરૂપે નિરંતર સ્થિતિનો વિચાર કરાય છે. આ સંબંધથી પ્રાપ્ત સ્થિતિપદનું સૂત્ર –

ભગવન્ ! નૈરયિકોની સ્થિતિ કેટલી છે ? જેના વડે રહેવાય તે સ્થિતિ – આયુષ્ કર્મનો અનુભવ કે જીવન. જો કે અહીં જીવે મિથ્યાત્વાદિ હેતુથી ગૃહીત, જ્ઞાનાવરણીયાદિ રૂપે પરિણત કર્મ પુદ્‌ગલોનું જે રહેવું તે સ્થિતિ. તો પણ નારકાદિ વ્યવહારનો હેતુ જે આયુકર્મનો અનુભવ તે પણ સ્થિતિ કહેવાય. તે આ – જો કે નરકગતિ, પંચેન્દ્રિયજાતિ આદિ નામકર્મના ઉદયને આશ્રીને નારકત્વ પર્યાય છે, તો પણ ઉદયના પ્રથમ સમયે નરકક્ષેત્રને અપ્રાપ્ત છતાં નારકપણાંનો વ્યવહાર થાય છે. - x - x - માટે અહીં નારકપણાંના વ્યવહારનું કારણ આયુકર્મના અનુભવને ઉક્ત વ્યુત્પત્તિથી સ્થિતિ કહી છે. ભગવન્ ઉત્તર આપે છે. હે ગૌતમ ! ઈત્યાદિ. અહીં પર્યાપ્ત-અપર્યાપ્તાના વિભાગ સિવાય સામાન્યથી ઉત્તર આપેલ છે. પર્યાપ્તા-અપર્યાપ્તાના વિભાગ વડે સ્થિતિનો વિચાર કરતાં અપર્યાપ્તાદિ સૂત્ર જાણવા.

અહીં અપર્યાપ્તા લબ્ધિ અને કરણ વડે બે ભેદે છે – તેમાં નારકો, દેવો, અસંખ્યાત વર્ષાયુષ્ક તિર્યંચ અને મનુષ્યો કરણો વડે જ અપર્યાપ્તા છે. કેમકે લબ્ધિ અપર્યાપ્તાની તેઓમાં ઉત્પત્તિ નથી - x - અંતર્મુહૂર્ત સુધી અપર્યાપ્તા હોય છે. બાકીના તિર્યંચ અને મનુષ્યો ઉત્પત્તિ સમયે અને લબ્ધિ વડે અપર્યાપ્તા હોય છે. એટલે કરણ અપર્યાપ્તા અને લબ્ધિ અપર્યાપ્તા બંને છે.

અપર્યાપ્તા જઘન્યથી અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત પર્યન્ત હોય છે. માટે કહ્યું છે – જઘન્ય અને ઉત્કૃષ્ટથી અપર્યાપ્તાની સ્થિતિ અંતર્મુહૂર્ત છે. અપર્યાપ્તાનો કાળ પૂરો થયા પછી બાકીનો પર્યાપ્તાનો કાળ છે. તેથી પર્યાપ્તાના સૂત્રમાં કહ્યું છે – જઘન્યથી અંતર્મુહૂર્ત ન્યૂન દશ હજાર વર્ષ ઈત્યાદિ - x - સામાન્ય નરક પૃથ્વીને આશ્રીને વિચાર્યુ. હવે પૃથ્વીના વિભાગ વડે વિચારે છે. તેમાં રત્નપ્રભા ઈત્યાદિ બધું સુગમ છે.



● સૂત્ર-૨૯૯ થી ૩૦૫ :-

*[૨૯૯] ભગવન્ ! દેવોની કેટલો કાળ સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ ૩૩-સાગરોપમ. અપર્યાપ્ત દેવોની કેટલી સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્યથી ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત ન્યૂન ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત ન્યૂન ૩૩-સાગરોપમ.*

*ભગવન્ ! દેવીની કેટલો કાળ સ્થિતિ છે ? જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી ૫૫-પલ્યોપમ. અપર્યાપ્તાદેવીની સ્થિતિ ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત ન્યૂન દશ હજાર વર્ષ. ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત ન્યૂન પંચાવન પલ્યોપમની સ્થિતિ છે.*

*ભગવન્ ! ભવનવાસી દેવોની કેટલો કાળ સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્યથી દશ હજાર વર્ષ, ઉત્કૃષ્ટથી સાધિક સાગરોપમ. અપર્યાપ્ત ભવનવાસી દેવોની સ્થિતિ ? જઘન્ય, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત પર્યાપ્ત ભવનવાસી દેવોની સ્થિતિ ? જઘન્યે અંતર્મુહૂર્ત ન્યૂન ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત ન્યૂન સાતિરેક સાગરોપમ છે.*

*ભગવન્ ! ભવનવાસી દેવીની કેટલી કાળ સ્થિતિ કહી છે ? ગૌતમ ! જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી સાડા ચાર પલ્યોપમ છે. અપર્યાપ્ત ભવનવાસી દેવીની સ્થિતિ ? જઘન્ય અને ઉત્કૃષ્ટથી પણ અંતર્મુહૂર્ત. પર્યાપ્તા ભવનવાસી દેવીની સ્થિતિ ? જઘન્યથી અંતર્મુહૂર્ત ન્યૂન દશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત ન્યૂન સાડા ચાર પલ્યોપમની કહી છે.*

*ભગવન્ ! અસુરકુમાર દેવોની સ્થિતિ કેટલી છે ? ગૌતમ ! જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી સાતિરેક સાગરોપમ છે. અપર્યાપ્તા અસુરકુમારોની સ્થિતિ ? જઘન્યથી, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત પર્યાપ્તા અસુરકુમારની ? જઘન્યથી અંતર્મુહૂર્ત ન્યૂન ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત ન્યૂન સાતિરેક સાગરોપમ છે.*

*ભગવન્ ! અસુરકુમાર દેવીની કેટલી સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી સાડાચાર પલ્યોપમ અપર્યાપ્ત અસુરકુમાર દેવીની ? જઘન્ય, ઉત્કૃષ્ટપણ અંતર્મુહૂર્ત અસુરકુમારી પર્યાપ્ત દેવીની સ્થિતિ કેટલી ? જઘન્યથી અંતર્મુહૂર્ત ન્યૂન ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત ન્યૂન સાડાચાર પલ્યોપમની છે.*

*ભગવન્ ! નાગકુમાર દેવોની કેટલી સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ દેશોન બે પલ્યોપમ છે. અપર્યાપ્તા નાગકુમારની સ્થિતિ ? જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત. પર્યાપ્તા નાગકુમારની સ્થિતિ ? જઘન્યથી અંતર્મુહૂર્ત ન્યૂન ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત ન્યૂન દેશોન બે પલ્યોપમની છે.*

*ભગવન્ ! નાગકુમારી દેવીની સ્થિતિ કેટલી છે ? ગૌતમ ! જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી દેશોન પલ્યોપમ. અપર્યાપ્તા નાગકુમારદેવીની ? જઘન્ય, ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત પર્યાપ્તા નાગકુમાર દેવીની ? જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન*

૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત ન્યૂન દેશોન પલ્યોપમ.

ભગવન્ ! સુવર્ણકુમાર દેવોની કેટલી સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી કંઈક ન્યૂન બે પલ્યોપમ. અપર્યાપ્તા સુવર્ણકુમાર દેવોની ? જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત્ત. પર્યાપ્તાની ? જઘન્યથી અંતર્મુહૂર્ત્ત ન્યૂન ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્ત ન્યૂન દેશોન બે પલ્યોપમ.

સુવર્ણકુમાર દેવીની પૃચ્છા - જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ ઉત્કૃષ્ટ દેશોન પલ્યોપમ. અપર્યાપ્ત દેવીની પૃચ્છા - જઘન્ય, ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત્ત પર્યાપ્તી દેવીની પૃચ્છા- જઘન્ય અંતર્મુહૂર્ત્ત ન્યૂન ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત ન્યૂન દેશોન પલ્યોપમ.

એ પ્રમાણે સ્તનિતકુમાર પર્યન્ત સામાન્ય, અપર્યાપ્તા અને અપર્યાપ્તાના ત્રણ-ત્રણ સૂત્રો નાગકુમારની માફક જાણવા.

[૩૦૦] ભગવન્ ! પૃથ્વીકાયિકોની કેટલી સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ૨૨,૦૦૦ વર્ષ. અપર્યાપ્તા પૃથ્વીકાયની ? જઘન્ય, ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત્તઃ પર્યાપ્તા પૃથ્વી૰ પૃચ્છા-જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત ન્યૂન ૨૨,૦૦૦ વર્ષ.

સૂક્ષ્મ પૃથ્વીકાયિકની પૃચ્છા-જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત્ત. અપર્યાપ્તા અને પર્યાપ્તા બંને આલવા એ જ રીતે છે. બાદર પૃથ્વીકાયિકની પૃચ્છા - તે સામાન્ય પૃથ્વી૰ માફક જાણવા.

ભગવન્ ! અપ્કાયિકની કેટલી કાળ સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ૭૦૦૦ વર્ષ. અપર્યાપ્તા અપ્કાયિકની ? જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત્ત. પર્યાપ્તા અપ્કાયિકની પૃચ્છા - સામાન્ય અપ્કાયિકવત્ જાણવી.

સૂક્ષ્મ અપ્કાયિકના ત્રણે સૂત્રો પૃથ્વી૰વત્ જાણવા. બાદર અપ્કાયિક પર્યાપ્તા ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્ત ન્યૂન ૭૦૦૦ વર્ષ.

તેઉકાયિક સંબંધે પ્રશ્ન - જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ ત્રણ અહોરાત્ર. અપર્યાપ્ત તેઉકાયિકોનો પ્રશ્ન - બંને અંતર્મુહૂર્ત્ત. પર્યાપ્તા તેઉકાયિકોનો પ્રશ્ન - ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્ત ન્યૂન ત્રણ રાત્રિદિવસ. - - - અપર્યાપ્તા સંબંધી ત્રણે પ્રશ્ન - જઘન્યથી, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્ત. - - - બાદર તેઉ૦ પૃચ્છા-જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્ત ન્યૂન ત્રણ અહોરાત્ર.

ભગવન્ વાયુકાયિકોની સ્થિતિ કેટલા કાળની છે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ૩૦૦૦ વર્ષ. - - - અપર્યાપ્તા વાયુ૰ની પૃચ્છા - જઘન્ય, ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત્ત પર્યાપ્તા વાયુ૰ પૃચ્છા-જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત ન્યૂન ૩૦૦૦ વર્ષ.

સૂક્ષ્મ વાયુ૰ના ત્રણે પ્રશ્નો - જઘન્ય, ઉત્કૃષ્ટ બંનેથી અંતર્મુહૂર્ત્ત. બાદર



વાયુ૰નો પ્રશ્ન - ત્રણે સ્થિતિ ઔધિકવત્ છે.

ભગવન્ ! વનસ્પતિકાયિકની કેટલી સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ૧૦,૦૦૦ વર્ષ. અપર્યાપ્તા વન૰નો પ્રશ્ન - જઘન્ય, ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત્ત. પર્યાપ્તા વન૰નો પ્રશ્ન - જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત ન્યૂન દશ હજાર વર્ષ સૂક્ષ્મ વનસ્પતિકાયિકની ત્રણે સ્થિતિ - જઘન્ય, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત. બાદર વન૰ પ્રશ્ન-ત્રણે સ્થિતિ ઔધિકવત્ કહેવી. અંતર્મુહૂર્ત્તન્યૂન.

[૩૦૧] ભગવન્ ! બેઈન્દ્રિયોની કેટલા કાળની સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ બાર વર્ષ. અપર્યાપ્તા બેઈન્દ્રિયની સ્થિતિ-જઘન્યથી, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્ત, પર્યાપ્તા બેઈન્દ્રિયનો પ્રશ્ન-જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત ન્યૂન બાર વર્ષ.

ભગવન્ ! તેઈન્દ્રિયોની કેટલા કાળની સ્થિતિ છે ? જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ ૪૯ અહોરાત્ર. અપર્યાપ્ત તેઈન્દ્રિયોનો સ્થિતિ - બંને અંતર્મુહૂર્ત્ત. પર્યાપ્ત તેઈન્દ્રિયની સ્થિતિ ? જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્ત ન્યૂન ૪૯ અહોરાત્રિ.

ભગવન્ ! ચઉરિન્દ્રિયોની કેટલી કાળ સ્થિતિ છે ? જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ છ માસ. અપર્યાપ્ત ચઉરિન્દ્રિયની સ્થિતિ ? બંને અંતર્મુહૂર્ત્ત. પર્યાપ્તા ચઉરિન્દ્રિય સંબંધી પ્રશઅન-જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્ત ન્યૂન છ માસ.

[૩૦૨] ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચની કેટલી સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ. અપર્યાપ્તાની પૃચ્છા-ગૌતમ ! જઘન્યથી, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્ત. પર્યાપ્તાની પૃચ્છા - ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્ત ન્યૂન ત્રણ પલ્યોપમની છે.

સંમૂર્છિમ પંચેન્દ્રિય તિર્યંચયોનિકની પૃચ્છા - જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી પૂર્વ ક્રોડ. અપર્યાપ્તાની પૃચ્છા-જઘન્યથી, ઉત્કૃષ્ટથી બંને અંતર્મુહૂર્ત્ત. પર્યાપ્તાની પૃચ્છા-જઘન્યથી ગૌતમ ! અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્ત ન્યૂન પૂર્વક્રોડ.

ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિયની પૃચ્છા-ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ. એ રીતે બંને સૂત્રો જાણવા.

ભગવન્ ! જલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકની કેટલી કાળ સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત. ઉત્કૃષ્ટથી પૂર્વકોડી. અપર્યાપ્તાની પૃચ્છા. - જઘન્યથી, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્ત પર્યાપ્તાની પૃચ્છા. જઘન્યથી અંતર્મુહૂર્ત્ત ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્ત ન્યૂન પૂર્વક્રોડ. - - - સંમૂર્છિમ જલચર પંચે૰ તિર્યંચ૰ જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી પૂર્વક્રોડ. બાકી બંને સૂત્રો ઔધિક સંમૂર્છિમવત્ જાણવા. - - - પર્યાપ્તાની પૃચ્છા - ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત ન્યૂન પૂર્વક્રોડ.

ગર્ભજ જલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકની પૃચ્છા. ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી પૂર્વક્રોડ. અપર્યાપ્તાની પૃચ્છા - જઘન્યથી, ઉત્કૃષ્ટથી

અંતર્મુહૂર્ત. પર્યાપ્તાની પૃચ્છા - જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત ન્યૂન પૂર્વક્રોડ.

ચતુષ્પદ સ્થલચર પંચે૦ તિર્યંચ૦ની પૃચ્છા-જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ. અપર્યાપ્તા ચતુ૦ સ્થ૦ પંચે૦ તિર્યંચ૦ની પૃચ્છા-જઘન્યથી, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત પર્યાપ્તાની પૃચ્છા. જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અંત૦ન્યૂન ત્રણ પલ્યોપમ.

સંમૂર્છિમ ચતુ૦ સ્થલ૦ પંચે૦ તિર્યંચની પૃચ્છા-ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૮૪,૦૦૦ વર્ષ. અપર્યાપ્તા૦ ? બંને અંતર્મુહૂર્ત. પર્યાપ્તા સંબંધે પ્રશ્ન-જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત ન્યૂન ૮૪,૦૦૦ વર્ષ.

ગર્ભજ ચતુ૦ સ્થ૦ પંચે૦ તિર્યંચ૦ સંબંધે પ્રશ્ન. જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ. અપર્યાપ્તાની સ્થિતિ ? જઘન્ય, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત પર્યાપ્તાની સ્થિતિ ? જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી અંત૦ન્યૂન ત્રણ પલ્યોપમ.

ઉરપરિસર્પ સ્થ૦ પંચે૦ તિર્યંચ૦ની સ્થિતિ ? જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ પૂર્વક્રોડ અપર્યાપ્તાની ? બંને અંતર્મુહૂર્ત. પર્યાપ્તાની ? જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અંત૦ન્યૂન પૂર્વક્રોડ.

સંમૂર્છિમ ઉરપરિસર્પ૦ની સ્થિતિ ? જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૫૩,૦૦૦ વર્ષ. અપર્યાપ્તાની ? બંને અંતર્મુહૂર્ત. પર્યાપ્તાની ? જઘન્ય અંતર્મુહૂર્ત. ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન ૫૩,૦૦૦ વર્ષ.

ગર્ભજ ઉરપરિસર્પ સ્થ૦પંચે૦તિર્યંચની સ્થિતિ ? જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી પૂર્વકોડી. અપર્યાપ્તાની પૃચ્છા-જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત. પર્યાપ્તાની સ્થિતિ ? જઘન્ય અંતર્મુહૂર્ત. ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત ન્યૂન પૂર્વકોડી.

ભુજપરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકની સ્થિતિ ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી ક્રોડપૂર્વ. એ રીતે અપર્યાપ્તા અને પર્યાપ્તાની પણ ગર્ભજવત્ કહેવી.

સંમૂર્છિમ ભુજ પરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકની સ્થિતિ ? જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી ૪૨,૦૦૦ વર્ષ અપર્યાપ્તાની સ્થિતિ ? જઘન્યથી, ઉત્કૃષ્ટથી બંને અંતર્મુહૂર્ત. પર્યાપ્તાની સ્થિતિ ? જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અંત૦ ન્યૂન ૪૨,૦૦૦ વર્ષ.

ગર્ભજ ભુજ પરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચ૦ની સ્થિતિ ? જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ પૂર્વક્રોડ. અપર્યાપ્તાની સ્થિતિ ? જઘન્યથી, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત. પર્યાપ્તાની સ્થિતિ ? જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત ન્યૂન પૂર્વક્રોડ.

ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકની સ્થિતિ ? જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ. અપર્યાપ્તાની સ્થિતિ ? જઘન્યથી, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત. પર્યાપ્તાની સ્થિતિ ? જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અંત૦ ન્યૂન



પલ્યોપમનો અસં૦મો ભાગ.

સંમૂર્છિમ ખેચર પંચે૦તિર્યંચની સ્થિતિ ? જઘન્ય, અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૭૨,૦૦૦ વર્ષ. અપર્યાપ્તાની સ્થિતિ ? જઘન્ય, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત. પર્યાપ્તાની સ્થિતિ ? જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્તન્યૂન ૭૨,૦૦૦ વર્ષ.

ગર્ભજ ખેચર પંચે૦તિર્યંચ૦ની સ્થિતિ ? જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ. અપર્યાપ્તા-પર્યાપ્તાની સ્થિતિ પણ સામાન્ય ખેચર પંચે૦ મુજબ કહેવી.

[૩૦૩] ભગવન્ ! મનુષ્યોની કેટલી સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ. અપર્યાપ્તા મનુષ્યની સ્થિતિ ? બંને અંતર્મુહૂર્ત. પર્યાપ્તા મનુષ્યોની સ્થિતિ ? જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અંત૦ન્યૂન ત્રણ પલ્યોપમ.

સંમૂર્છિમ મનુષ્યોની સ્થિતિ ? બંને અંતર્મુહૂર્ત. ગર્ભજ મનુષ્યની સ્થિતિ ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ. અપર્યાપ્તાની સ્થિતિ ? બંને અંત૦, પર્યાપ્તાની ? જઘન્ય અંત૦ ઉત્કૃષ્ટ અંત૦ન્યૂન ત્રણ પલ્યોપમ.

[૩૦૪] ભગવન્ ! વ્યંતર દેવોની કેટલા કાળની સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ પલ્યોપમ. અપર્યાપ્તા વ્યંતર દેવોની સ્થિતિ ? જઘન્યથી, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત, પર્યાપ્તાની સ્થિતિ ? જઘન્યથી અંતર્મુહૂર્ત ન્યૂન ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત ન્યૂન પલ્યોપમ.

વ્યંતર દેવીની સ્થિતિ ? જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ અર્દ્ધ પલ્યોપમ. અપર્યાપ્તિની ? બંને અંતર્મુહૂર્ત. પર્યાપ્તિની ? જઘન્ય અંત૦ન્યૂન ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ અંત૦ન્યૂન અર્દ્ધ પલ્યો૦

[૩૦૫] જ્યોતિષ્ક દેવોની સ્થિતિ ? જઘન્યથી પલ્યોપમનો આઠમો ભાગ, ઉત્કૃષ્ટ પલ્યોપમ અને એક લાખ વર્ષાધિક. અપર્યાપ્ત જ્યોતિષ્કનો પ્રશ્ન-જઘન્ય, ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત પર્યાપ્તાની સ્થિતિ ? જઘન્યથી અંતર્મુહૂર્ત ન્યૂન પલ્યોપમનો આઠમો ભાગ, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન લાખવર્ષાધિક પલ્યોપમ.

જ્યોતિષ્ક દેવીની સ્થિતિ ? ગૌતમ ! જઘન્ય પલ્યોપમનો અષ્ટભાગ, ઉત્કૃષ્ટ અર્દ્ધપલ્યોપમ અને ૫૦,૦૦૦ વર્ષાધિક. અપર્યાપ્તા જ્યોતિષ્ક દેવીની સ્થિતિ ? ગૌતમ ! જઘન્ય પણ, ઉત્કૃષ્ટ પણ અંતર્મુહૂર્ત. પર્યાપ્તા જ્યોતિષ્ક દેવીની સ્થિતિ ? સામાન્ય સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત ન્યૂન કરતા જે આવે તે.

ચંદ્રદેવની સ્થિતિ ? જઘન્ય ચતુર્ભાગ પલ્યોપમ. ઉત્કૃષ્ટ લાખ વર્ષાધિક પલ્યોપમ. અપર્યાપ્તાની ? બંને અંતર્મુહૂર્ત. પર્યાપ્તાની ? સામાન્ય સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત બાદ કરવું.

ચંદ્ર વિમાને દેવીની સ્થિતિ ? જઘન્ય ચતુર્ભાગ પલ્યોપમ, ઉત્કૃષ્ટ ૫૦,૦૦૦ વર્ષાધિક અર્દ્ધપલ્યોપમ. અપર્યાપ્તા દેવીની ? બંને અંતર્મુહૂર્ત. પર્યાપ્તા દેવીની ?

*જઘન્ય અંત૦ ન્યૂન ચતુર્ભાગ પલ્યોપમ. ઉત્કૃષ્ટ અંત૦ન્યૂન ૫૦,૦૦૦ વર્ષાધિક અર્ધપલ્યો૦*

*સૂર્ય વિમાને દેવોની સ્થિતિ ? જઘન્યથી ચતુર્ભાગ પલ્યોપમ, ઉત્કૃષ્ટ હજાર વર્ષાધિક પલ્યોપમ. અપર્યાપ્તાની ? બંને અંતર્મુહૂર્ત. પર્યાપ્તાની ? સામાન્ય સ્થિતિમાં અંતર્મુહૂર્ત્ત ન્યૂન.*

*સૂર્યવિમાને દેવીની સ્થિતિ ? જઘન્ય ચતુર્ભાગ પલ્યોપમ, ઉત્કૃષ્ટ ૫૦૦ વર્ષાધિક અર્ધપલ્યોપમ. અપર્યાપ્તાની ? બંને અંતર્મુહૂર્ત. પર્યાપ્તાની ? સામાન્યમાં અંતર્મુહૂર્ત્તન્યૂન.*

*ગ્રહવિમાને દેવોની સ્થિતિ ? જઘન્યથી ચતુર્ભાગ પલ્યોપમ, ઉત્કૃષ્ટ પલ્યોપમ. અપર્યાપ્તાની ? બંને અંતર્મુહૂર્ત. પર્યાપ્તાની ? સામાન્ય સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત્ત ન્યૂન કરવી.*

*ગ્રહવિમાને દેવીની સ્થિતિ ? જઘન્ય ચતુર્ભાગ પલ્યો૦ ઉત્કૃષ્ટ અર્ધપલ્યોપમ. અપર્યાપ્તા દેવીની ? બંને અંતર્મુહૂર્ત. પર્યાપ્તાદેવીની ? સામાન્ય સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત્ત ન્યૂન કરવી.*

*નક્ષત્ર વિમાને દેવોની સ્થિતિ ? જઘન્યથી ચતુર્ભાગ પલ્યોપમ. ઉત્કૃષ્ટથી અર્ધપલ્યોપમ. અપર્યાપ્તાની ? બંને સ્થિતિ અંતર્મુહૂર્ત. પર્યાપ્તાની સ્થિતિ ? અંતર્મુહૂર્ત્ત ન્યૂન ચતુર્ભાગ પલ્યો૦ જઘન્ય સ્થિતિ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત ન્યૂન અર્ધપલ્યોપમ.*

*નક્ષત્ર વિમાને દેવીની સ્થિતિ ? જઘન્યથી ચતુર્ભાગ પલ્યોપમ, ઉત્કૃષ્ટ સાતિરેક ચતુર્ભાગ પલ્યો૦, અપર્યાપ્તાની ? બંને અંતર્મુહૂર્ત. પર્યાપ્તાની ? સામાન્યમાંથી અંતર્મુહૂર્ત્ત બાદ કરવા.*

*તારાવિમાને દેવોની સ્થિતિ ? જઘન્યથી અષ્ટભાગ પલ્યોપમ, ઉત્કૃષ્ટ ચતુર્ભાગ પલ્યો૦, અપર્યાપ્તાની ? અંતર્મુહૂર્ત. પર્યાપ્તાની ? જઘન્ય અને ઉત્કૃષ્ટ બંનેમાં અંતર્મુહૂર્ત્ત ન્યૂન.*

*તારા વિમાને દેવીની સ્થિતિ ? જઘન્યથી અષ્ટભાગ પલ્યોપમ, ઉત્કૃષ્ટ સાતિરેક અષ્ટભાગ પલ્યો૦ અપર્યાપ્તિદેવીની ? બંને સ્થિતિ અંતર્મુહૂર્ત્ત. પર્યાપ્તિદેવીની ? જઘન્ય અંતર્મુહૂર્ત્ત ન્યૂન અષ્ટભાગ પલ્યો૦, ઉત્કૃષ્ટ અંત૦ન્યૂન સાતિરેક અષ્ટભાગ પલ્યો૦*

**● વિવેચન-૨૯૯ થી ૩૦૫ :-**

ચંદ્ર વિમાનમાં ચંદ્ર ઉત્પન્ન થયા છે. બાકીના તેમના પરિવારરૂપ છે. ઉત્કૃષ્ટથી કેટલાંક ઈન્દ્ર, સામાનિક આદિની લાખ વર્ષ અધિક પલ્યોપમ. ચંદ્રદેવની યથોક્ત ઉત્કૃષ્ટ જ છે.

**● સૂત્ર-૩૦૬ :-**

*ભગવન્ ! વૈમાનિક દેવોની કેટલા કાળની સ્થિતિ કહી છે ? ગૌતમ ! જઘન્યથી પલ્યોપમ, ઉત્કૃષ્ટ ૩૩-સાગરોપમ. અપર્યાપ્તાની સ્થિતિ ? ગૌતમ ! જઘન્યથી, ઉત્કૃષ્ટથી પણ અંતર્ મુહૂર્ત્ત. પર્યાપ્તાની સ્થિતિ ? જઘન્યથી અંતર્મુહૂર્ત્ત ન્યૂન પલ્યોપમ. ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્તન્યૂન ૩૩-સાગરોપમ.*



*ભગવન્ ! વૈમાનિક દેવીની કેટલો કાળ સ્થિતિ છે ? જઘન્યથી પલ્યોપમ, ઉત્કૃષ્ટથી પંચાવન પલ્યોપમ. અપર્યાપ્તાની સ્થિતિ ? જઘન્ય, ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત. પર્યાપ્તીની ? જઘન્ય અંતર્મુહૂર્ત્તન્યૂન પલ્યો૦ ઉત્કૃષ્ટ અંત૦ ન્યૂન ૫૫-પલ્યો૦*

*સૌધર્મકલ્પે દેવ સ્થિતિ ? જઘન્ય પલ્યોપમ, ઉત્કૃષ્ટ બે સાગરોપમ. અપર્યાપ્તાદેવની ? બંને અંતર્મુહૂર્ત. પર્યાપ્તા દેવોની ? સામાન્ય સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત્ત બાદ કરવું.*

*સૌધર્મ કલ્પે દેવીની સ્થિતિ ? જઘન્ય પલ્યોપમ, ઉત્કૃષ્ટ ૫૦-પલ્યોપમ. અપર્યાપ્તા દેવીની ? બંને અંતર્મુહૂર્ત. પર્યાપ્તા દેવીની ? સામાન્ય સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત્તન્યૂન સ્થિતિ.*

*સૌધર્મકલ્પે પરિગૃહીતા દેવીની સ્થિતિ ? જઘન્ય પલ્યોપમ, ઉત્કૃષ્ટ સાત પલ્યોપમ. અપર્યાપ્તા પરિગૃહીતાદેવીની ? બંને અંતર્મુહૂર્ત. પરિગૃહીતા પર્યાપ્તા દેવીની ? જઘન્યથી અંતર્મુહૂર્ત્તન્યૂન પલ્યોપમ, ઉત્કૃષ્ટ અંત૦ન્યૂન સાત પલ્યો૦*

*સૌધર્મકલ્પે અપરિગૃહીતા દેવીની સ્થિતિ ? જઘન્ય પલ્યોપમ, ઉત્કૃષ્ટ ૫૦-પલ્યોપમ. અપર્યાપ્તીદેવીની ? બંને અંતર્મુહૂર્ત. પર્યાપ્તીની ? સામાન્યમાં અંતર્મુહૂર્ત્ત બાદ.*

*ઈશાનકલ્પે દેવોની સ્થિતિ ? જઘન્યથી સાતિરેક પલ્યોપમ, ઉત્કૃષ્ટ સાતિરેક બે સાગરોપમ. અપર્યાપ્તાની ? બંને અંતર્મુહૂર્ત. પર્યાપ્તાની ? સામાન્યમાંથી અંતર્મુહૂર્ત્ત ન્યૂન.*

*ઈશાનકલ્પે દેવીની સ્થિતિ ? જઘન્ય સાતિરેક પલ્યોપમ, ઉત્કૃષ્ટ ૫૫-પલ્યો૦, અપર્યાપ્તા દેવીની ? બંને અંતર્મુહૂર્ત. પર્યાપ્તા દેવીની ? સામાન્યમાંથી અંતર્મુહૂર્ત્ત ન્યૂન.*

*ઈશાનકલ્પે પરીગૃહીતાદેવીની ? જઘન્ય સાતિરેક પલ્યો૦, ઉત્કૃષ્ટ નવ પલ્યો૦. અપર્યાપ્તાદેવીની ? અંતર્મુહૂર્ત. પર્યાપ્તા દેવીની ? સામાન્ય સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત્ત ન્યૂન.*

*ઈશાનકલ્પે અપરિગૃહીતા દેવીની સ્થિતિ ? જઘન્ય સાતિરેક પલ્યો૦, ઉત્કૃષ્ટ ૫૫-પલ્યો૦ અપર્યાપ્તાદેવીની ? બંને સ્થિતિ અંતર્મુહૂર્ત્ત છે. પર્યાપ્તાદેવીની ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત ન્યૂન સાતિરેક પલ્યો૦ ઉત્કૃષ્ટ અંત૦ ન્યૂન ૫૫-પલ્યોપમ૦*

*સનત્કુમાર કલ્પ દેવોની સ્થિતિ ? જઘન્ય બે સાગરોપમ, ઉત્કૃષ્ટ સાત સાગરોપમ. અપર્યાપ્તાની ? અંતર્મુહૂર્ત. પર્યાપ્તાની ? સામાન્ય સ્થિતિમાંથી*

અંતર્મુહૂર્તન્યૂન.

માહેન્દ્રકલ્પે દેવોની સ્થિતિ ? જઘન્ય સાતિરેક બે સાગરોપમ, ઉત્કૃષ્ટ સાતિરેક સાત સાગરોપમ. અપર્યાપ્તા દેવોની ? જઘન્ય, ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત. પર્યાપ્તાદેવોની ? સામાન્ય સ્થિતિમાંથી અંતર્મુહૂર્તન્યૂન સ્થિતિ આવે તે સ્થિતિ.

બ્રહ્મલોક કલ્પે દેવોની સ્થિતિ ? જઘન્ય સાત સાગરોપમ, ઉત્કૃષ્ટ દશ સાગરોપમ. અપર્યાપ્તાની ? બંને અંતર્મુહૂર્ત. પર્યાપ્તાની ? સામાન્ય સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત ન્યૂન.

લાંતક કલ્પે દેવોની સ્થિતિ ? જઘન્ય દશ સાગરોપમ, ઉત્કૃષ્ટ ચૌદ સાગરોપમ. અપર્યાપ્તાની ? બંને અંતર્મુહૂર્ત સ્થિતિ. પર્યાપ્તા દેવોની ? સામાન્યમાંથી અંતર્મુહૂર્ત ન્યૂન એવી સ્થિતિ.

મહાશુક્ર કલ્પે દેવોની સ્થિતિ ? જઘન્ય ૧૪ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૧૭-સાગરોપમ. અપર્યાપ્તા દેવોની ? અંતર્મુહૂર્ત. પર્યાપ્તતા દેવોની ? સામાન્ય સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત ન્યૂન.

સહસ્રારકલ્પે દેવોની સ્થિતિ ? જઘન્ય-૧૭-સાગરોપમ, ઉત્કૃષ્ટ ૧૮-સાગરોપમ. અપર્યાપ્તાદેવોની ? બંને અંતર્મુહૂર્ત. પર્યાપ્તાદેવોની ? સામાન્ય સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત ન્યૂન.

આનત કલ્પે દેવોની સ્થિતિ ? જઘન્ય ૧૮-સાગરોપમ, ઉત્કૃષ્ટ ૧૯-સાગરોપમ. અપર્યાપ્તા દેવોની ? બંને અંતર્મુહૂર્ત. પર્યાપ્તા દેવોની ? સામાન્ય સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત ન્યૂન.

પ્રાણતકલ્પે દેવોની સ્થિતિ ? જઘન્ય ૧૯ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૨૦-સાગરોપમ. અપર્યાપ્તાદેવોની ? બંને અંતર્મુહૂર્ત. પર્યાપ્તા દેવોની ? સામાન્ય સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત ન્યૂન.

આરણ કલ્પે દેવોની સ્થિતિ ? જઘન્ય ૨૦ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૨૧-સાગરોપમ. અપર્યાપ્તાની ? જઘન્ય, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત. પર્યાપ્તા દેવોની ? જઘન્યથી અંતર્મુહૂર્તન્યૂન ૨૦-સાગરોપમ, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત ન્યૂન ૨૧-સાગરોપમની છે.

અચ્યુત કલ્પે દેવોની સ્થિતિ ? જઘન્ય ૨૧-સાગરોપમ, ઉત્કૃષ્ટ ૨૨-સાગરોપમ. અપર્યાપ્તાદેવોની ? બંને અંતર્મુહૂર્ત. પર્યાપ્તા દેવોની ? સામાન્ય સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત ન્યૂન.

નીચલીનીચલી ગ્રૈવેયક દેવોની ? જઘન્યથી બાવીશ સાગરોપમ, ઉત્કૃષ્ટથી ૨૩-સાગરોપમ.

અપર્યાપ્તાની ? અંતર્મુહૂર્ત.

પર્યાપ્તાની ? સામાન્ય સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત ન્યૂન.

નીચલી મધ્યમ ગ્રૈવેયકદેવોની ? જઘન્યથી તેવીશ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૨૪-સાગરોપમ.





અપર્યાપ્તાની ? અંતર્મુહૂર્ત.

પર્યાપ્તાદેવોની ? સામાન્ય સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત ન્યૂન.

નીચલી-ઉપલી ગ્રૈવેયક દેવોની ? જઘન્ય ૨૪-સાગરોપમ, ઉત્કૃષ્ટ-૨૫-સાગરોપમ,

અપર્યાપ્તા દેવોની ? બંને અંતર્મુહૂર્ત.

પર્યાપ્તાદેવોની ? સામાન્ય સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત ન્યૂન.

મધ્યમ-નીચલી ગ્રૈવેયક દેવોની સ્થિતિ ? જઘન્ય ૨૫-સાગરોપમ, ઉત્કૃષ્ટ ૨૬-સાગરોપમ.

અપર્યાપ્તાની ? અંતર્મુહૂર્ત.

પર્યાપ્તા દેવોની ? સામાન્ય સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત બાદ.

મધ્યમ-મધ્યમ ગ્રૈવેયક દેવોની સ્થિતિ ? જઘન્ય ૨૬-સાગરોપમ, ઉત્કૃષ્ટ ૨૭-સાગરોપમ.

અપર્યાપ્તા ? અંતર્મુહૂર્ત.

પર્યાપ્તા દેવોની ? સામાન્ય સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત ન્યૂન.

મધ્યમ-ઉપલી ગ્રૈવેયક દેવોની સ્થિતિ ? જઘન્ય ૨૭-સાગરોપમ, ઉત્કૃષ્ટ ૨૮-સાગરોપમ.

અપર્યાપ્તાની ? અંતર્મુહૂર્ત.

પર્યાપ્તા દેવોની ? સામાન્ય સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત ન્યૂન.

ઉપરની નીચલી ગ્રૈવેયક દેવોની સ્થિતિ ? જઘન્ય ૨૮-સાગરોપમ, ઉત્કૃષ્ટ ૨૯-સાગરોપમ.

અપર્યાપ્તાની ? અંતર્મુહૂર્ત.

પર્યાપ્તા દેવોની ? સામાન્ય સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત ન્યૂન.

ઉપરની મધ્યમ ગ્રૈવેયક દેવોની સ્થિતિ ? જઘન્ય ૨૯-સાગરોપમ, ઉત્કૃષ્ટ ૩૦-સાગરોપમ.

અપર્યાપ્તાની ? અંતર્મુહૂર્ત.

પર્યાપ્તા દેવોની ? સામાન્ય સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત ન્યૂન.

ઉપરની ઉપલી ગ્રૈવેયક દેવોની સ્થિતિ ? જઘન્ય ૩૦-સાગરોપમ, ઉત્કૃષ્ટ ૩૧-સાગરોપમ.

અપર્યાપ્તાની ? અંતર્મુહૂર્ત.

પર્યાપ્તા દેવોની ? સામાન્ય સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત ન્યૂન.

ભગવન્ ! વિજય, વૈજયંત, જયંત, અપરાજિતમાં દેવોની કેટલા કાળની સ્થિતિ કહી છે ? ગૌતમ ! જઘન્યથી ૩૧-સાગરોપમ, ઉત્કૃષ્ટથી ૩૩-સાગરોપમ.

અપર્યાપ્તા દેવોની સ્થિતિ ? જઘન્યથી, ઉત્કૃષ્ટથી બંને અંતર્મુહૂર્ત.

પર્યાપ્તા દેવોની સ્થિતિ ? જઘન્યથી અંતર્મુહૂર્ત ન્યૂન ૩૧-સાગરોપમ,

*ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત ન્યૂન ૩૩-સાગરોપમ છે.*

*ભગવન્ ! સર્વાર્થસિદ્ધના દેવોની કેટલી સ્થિતિ કહી છે ? ગૌતમ ! અજઘન્યોત્કૃષ્ટ ૩૩-સાગરોપમ સ્થિતિ છે.*

*સર્વાર્થસિદ્ધના અપર્યાપ્તા દેવોની સ્થિતિ ? જઘન્યથી, ઉત્કૃષ્ટથી બંને અંતર્મુહૂર્ત.*

*સર્વાર્થસિદ્ધના પર્યાપ્તા દેવોની સ્થિતિ ? અજઘન્યોત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન ૩૩-સાગરોપમ છે.*

મુનિ દીપરત્નસાગરે કરેલ
પદ-૪-નો ટીકા સહિતનો અનુવાદપૂર્ણ



## પદ-૫-''પર્યાય''

— x — x — x —

૦ એ પ્રમાણે ચોથા પદની વ્યાખ્યા કરી, હવે પાંચમું કહે છે. તેના સંબંધ આ છે — ચોથા પદમાં નારકાદિ પર્યાયરૂપે જીવોની સ્થિતિ કહી. અહીં તેમના ઔદયિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક ભાવને આશ્રીને પર્યાયોની સંખ્યા બતાવે છે. તેનું આદિ સૂત્ર આ પ્રમાણે છે—

● **સૂત્ર-૩૦૭ :-**

***ભગવન્ ! પર્યાયો કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે — જીવપર્યાય અને અજીવપર્યાય. ભગવન્ ! જીવપર્યાયો સંખ્યાતા, અસંખ્યાતા કે અનંતા ? ગૌતમ ! સંખ્યાત કે અસંખ્યાત નથી, અનંત છે. એમ કેમ કહ્યું ? ગૌતમ ! નૈરયિકો, અસુર-નાગ-સુવર્ણ-વિદ્યુત્-અગ્નિ-દ્વીપ-ઉદધિ-દિશા-વાયુ-સ્તનિતકુમારો, પૃથ્વી-અપ્-તેઉ-વાયુકાયિકો (એ બધાં) અસંખ્યાતા છે. વનસ્પતિકાયિકો અનંતા છે. બે-ત્રણ-ચાર ઈન્દ્રિયોવાળા, પંચેન્દ્રિય તિર્યંચો, મનુષ્યો, વ્યંતરો, જ્યોતિષ્કો વૈમાનિકો [આ બધાં] અસંખ્યાતા છે. તથા સિદ્ધો અનંતા છે. તેથી હે ગૌતમ ! એમ કહ્યું કે — અનંતા છે.***

● **વિવેચન-૩૦૭ :-**

પર્યાયો કેટલા ભેદે કહ્યા છે ? ગૌતમે કયા અભિપ્રાયથી આમ પૂછ્યું ? પહેલા પદના પ્રારંભે પ્રજ્ઞાપનાના બે ભેદો કહ્યા છે - જીવપ્રજ્ઞાપના, અજીવપ્રજ્ઞાપના. તેમાં જીવ, અજીવ દ્રવ્યો છે. કેમકે ગુણ-પર્યાયવાળું દ્રવ્ય છે. તેથી જીવ, અજીવ પર્યાયના ભેદો જાણવા આ પ્રશ્ન કર્યો. ભગવંત ઉત્તર આપે છે — પર્યાયો બે ભેદે, જીવ અને અજીવ પર્યાયો. તેમાં પર્યાય, ગુણ, વિશેષ, ધર્મ એ પર્યાયવાચી છે.

પ્રશ્ન-સંબંધમાં ઔદયિકાદિ ભાવોને આશ્રીને પર્યાયસંખ્યા બતાવવાની છે. ઔદયિકાદિ ભાવો જીવાશ્રિત છે, તો અહીં જીવ અને અજીવ પર્યાયો કેમ કહ્યા ? ઉત્તર-આ શંકા અયુક્ત છે. કેમકે ઔદયિકાદિ ભાવો પુદ્ગલને વિશે પણ હોય છે. તેથી જીવ અને અજીવના ભેદ વડે ઔદયિકાદિ ભાવ હોવાથી દોષ નથી.

હવે પર્યાયનું પરિમાણ જાણવાને પૂછે છે — જીવ પર્યાય સંખ્યાતા છે ઈત્યાદિ. અહીં વનસ્પતિ અને સિદ્ધ સિવાય બધા નારકાદિ જીવ પ્રત્યેક અસંખ્યાતા છે. વનસ્પતિ અને સિદ્ધો અનંતા છે. તેથી પર્યાયવાળા જીવો અનંતા હોવાથી અનંતા જીવપર્યાયો કહ્યા.

એ પ્રમાણે ગૌતમે સામાન્યથી જીવપર્યાયો પૂછ્યા અને ભગવંતે પણ સામાન્ય ઉત્તર કહ્યો. હવે વિશેષ વિષય પ્રશ્ન—

● **સૂત્ર-૩૦૮ :-**

***ભગવન્ ! નારકોના કેટલા પર્યાયો છે ? ગૌતમ ! અનંતા પર્યાયો છે. એમ કેમ કહ્યું ? ગૌતમ ! એક નારક, બીજા નારકની અપેક્ષાએ દ્રવ્યાર્થપણે***

*તુલ્ય છે, પ્રદેશાર્થપણે તુલ્ય છે, પણ અવગાહના વડે કદાચ હીન, કદાચ તુલ્ય, કદાચ હીન હોય. જો હીન હોય તો અસંખ્યાતમો ભાગ હીન હોય, સંખ્યાતમો ભાગ-સંખ્યાત ગુણ કે અસંખ્યાતગુણ હીન હોય. જો અધિક હોય તો અસંખ્યાતમો ભાગ યાવત્ અસંખ્યાતગુણ અધિક હોય. સ્થિતિની અપેક્ષાથી કદાચ હીન, કદાચ તુલ્ય કે કદાચ અધિક હોય. જો હીન સ્થિતિક હોય તો અસંખ્યાતમો ભાગ યાવત્ અસંખ્યાતગુણ હીન હોય. જો અધિક હોય તો અસંખ્યાતમો ભાગ યાવત્ અસંખ્યાતગુણ અધિક સ્થિતિવાળો હોય, કાળા વર્ણ પર્યાયની અપેક્ષાથી કદાચ હીન, કદાચ તુલ્ય કે કદાચ અધિક હોય. જો હીન હોય તો અનંત-અસંખ્યાત-સંખ્યાતમો ભાગ હીન હોય અથવા સંખ્યાત-અસખ્યાત-અનંતગુણ હીન હોય. જો અધિક હોય તો અનંતમો ભાગ યાવત્ અનંતગુણ અધિક હોય. એ રીતે નીલ-રક્ત-હારિદ્ર અને શુક્લવર્ણની અપેક્ષાથી પણ છ સ્થાન પતિત જાણવો.*

*સુગંધ અને દુર્ગન્ધ પર્યાયની અપેક્ષાથી છ સ્થાન પતિત હોય, તિક્ત-કટુક-કષાય-અમ્લ-મધુરરસ પર્યાયની અપેક્ષાએ છ સ્થાન પતિત હોય, કર્કશ-મૃદુ-ગુરુ-લઘુ-શીત-ઉષ્ણ-સ્નિગ્ધ-રૂક્ષ સ્પર્શ પર્યાય વડે છ સ્થાન પ્રાપ્ત હોય. આભિનિબોધિક-શ્રુત-અવધિ-મનઃપર્યાયજ્ઞાન પર્યાય તથા મતિઅજ્ઞાન-શ્રુત અજ્ઞાન-વિભંગજ્ઞાન પર્યાય વડે, ચક્ષુ-અચક્ષુ-અવધિ દર્શન પર્યાય વડે છ સ્થાનને પ્રાપ્ત હોય. - - - તે કારણથી હે ગૌતમ ! એમ કહ્યું કે નારકોના અનંતા પર્યાય હોય છે.*

● **વિવેચન-૩૦૮ :-**

ભગવન્ ! નારકોના કેટલા પર્યાયો કહ્યા છે ? આ પ્રશ્ન કયા અભિપ્રાયથી છે ? પહેલા સામાન્ય જીવોના પ્રશ્નમાં પર્યાયવાળા જીવો અનંત હોવાથી અનંતપર્યાયો કહ્યા, પણ જ્યાં પર્યાયવાળા જીવો અનંતા નથી, ત્યાં પર્યાયોનું અનંતપણું કઈ રીતે ઘટે ? ત્યાં એ જ ઉત્તર આપે છે - ''નારકોના અનંતપર્યાયો છે.'' અહીં સંશય કરે છે કે એમ શા હેતુથી કહો છો ? તેનો ઉત્તર —

એક નૈરયિક, બીજા નૈરયિકની અપેક્ષાએ દ્રવ્યસ્વરૂપે તુલ્ય છે. ઈત્યાદિ. અનંત પર્યાયો શી રીતે ઘટે, તે બતાવે ચે - કોઈ પણ એક દ્રવ્ય અનંત પર્યાયવાળું છે, કેમકે નારક જીવ પણ દ્રવ્ય છે તેથી એક નારક જીવ દ્રવ્ય, બીજા નારક જીવની અપેક્ષાથી દ્રવ્યસ્વરૂપે તુલ્ય છે. પ્રદેશની અપેક્ષાથી - નારક જીવ દ્રવ્યના પ્રદેશ લોકાકાશના પ્રદેશો જેટલા છે, તેથી પ્રદેશાર્થપણે બંને તુલ્ય છે. પ્રદેશાર્થપણે તુલ્ય છે તેમ કહીને દ્રવ્યો પ્રદેશવાળા અને અપ્રદેશવાળા છે એમ બે ભેદ જણાવે છે. તેમાં પરમાણુ અપ્રદેશ દ્રવ્ય છે તથા દ્વિપ્રદેશાદિ દ્રવ્યો પણ છે. તથા અવગાહનાની અપેક્ષાથી કદાચહીન હોય અર્થાત્ અસંખ્યાત પ્રદેશી નૈરયિક કદાચ બીજા તુલ્યપ્રદેશી નૈરયિકથી અવગાહનાની અપેક્ષાથી હીન હોય. અહીં સ્યાત્ શબ્દ પ્રશંસા, અસ્તિત્વ,



વિવાદ, વિચારણા, અનેકાંત, સંશય, પ્રશ્નાદિ અર્થમાં છે એટલે અનેકાંતપણે કદાચ હીન હોય, કદાચ તુલ્ય કે અધિક હોય. કેમકે રત્નપ્રભા પૃથ્વીના નારકોના ભવધારણીય વૈક્રિય શરીરની અવગાહના જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટથી સાત ધનુષ્ ત્રણ હાથ છ આંગળ છે અને ઉત્કૃષ્ટથી વધતાં વધતાં સાતમી નારકમાં તે ૫૦૦ ધનુષ્ હોય છે.

ઉક્ત અવગાહના જો એક-બીજી નરકની અપેક્ષાથી ગણીએ તો અસંખ્યાતમો-સંખ્યાતમો ભાગ હીન પણ હોય. સંખ્યાત કે અસંખ્યાતગુણ હીન પણ હોય એ રીતે અધિક હોય તો અસખ્યાત ભાગ યાવત્ અસંખ્યાતગુણ અધિક પણ હોય. કેમકે એક નારકમાં ઉંચાઈ ૫૦૦ ધનુષ્ છે, બીજામાં અંગુલનો અસંખ્યાતભાગ હીન છે. - x - x - આ રીતે ''વૃત્તિકાર'' ગણિત દ્વારા હીન-અધિકતા કહે છે. - x - તેમાં અસંખ્યાત ગુણને જણાવતા કહે છે કે — એક નારક અપર્યાપ્ત અવસ્થામાં અંગુલનો અસંખ્યાત ભાગ છે, તો આ અસંખ્યાતને અસંખ્યાત વડે ગુણતા ૫૦૦ ધનુષ્ થાય છે તેથી અસંખ્યાતગુણ હીન કહેલ છે. બીજો પહેલાંથી અસંખ્યાતગુણ અધિક કહેવાય છે.

જેમ અવગાહના વડે હાનિ અને વૃદ્ધિના ચાર સ્થાનકો કહ્યાં, તેમ સ્થિતિ વડે પણ ચાર સ્થાનકો કહેવા. તે આ રીતે — એક નારકમાં ૩૩-સાગરોપમ સ્થિતિ છે, બીજાની સમયાદિ ન્યૂન ૩૩-સાગરોપમ સ્થિતિ છે. એ રીતે - x - x - અસંખ્યાતભાગ હીન કે અધિક થયા. કેમકે અસંખ્યાતા સમયોની એક આવલિકા, સંખ્યાતી આવલિકાનો એક ઉચ્છ્વાસનિઃશ્વાસ, સાત ઉચ્છ્વાસ નિઃશ્વાસ વડે એક સ્તોક, સાત સ્તોકનો એક લવ, ૭૭ લવનો એક મુહૂર્ત. એ રીતે - x - x - અસંખ્યાતા વર્ષે એક પલ્યોપમ થાય. એ રીતે સમયાદિ હીન નારક, પૂર્ણ સ્થિતિવાળાની અપેક્ષાએ અસંખ્યાતમો ભાગ હીન થાય, બીજો તેની અપેક્ષાએ અધિક થાય. વળી દશ કોડાકોડી પલ્યોપમથી એકે સાગરોપમ થાય. તેથી કેટલાંક પલ્યોપમ ન્યૂન સ્થિતિવાળો પૂર્ણ સ્થિતિવાળા નારકની અપેક્ષાએ સંખ્યાતમો ભાગ હીન છે, બીજો તેનાથી અધિક છે. આ જ વસ્તુ સાગરોપમની તુલનાથી પણ વૃત્તિકારે બતાવી છે. તેમજ અસંખ્યાતગુણ હીનતા બનાવતા કહે છે — દશ હજાર વર્ષની સ્થિતિવાળો ૩૩-સાગરોપમની અપેક્ષાએ અસંખ્યાતગુણહીન છે.

એ રીતે ક્ષેત્રને આશ્રીને અવગાહનાનું હીનાધિકત્વ અને કાળને આશ્રીને સ્થિતિનું હીનાધિકત્વ હોવાથી ચતુઃસ્થાનની પ્રાપ્તિ કહી છે. હવે ભાવને આશ્રીને હીનાધિકત્વ કહે છે —

સર્વ જીવ અને અજીવ દ્રવ્યોનો પરસ્પર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ વડે વિભાગ થાય છે. જેમકે ઘડો, કોઈ માટીનો હોય કોઈ સોનાનો હોય વગેરે. તે દ્રવ્ય વિભાગ. ક્ષેત્રથી એક અહીં તો, બીજો પાટલીપુત્રનો કાળથી આ આજનો, આ બીજા વર્ષનો ભાવથી એક કાળો, બીજો લાલ વગેરે. એમ બીજા દ્રવ્યો સંબંધે પણ જાણવું.

તેમાં પ્રથમ પુદ્‌ગલ વિપાકી નામ કર્મના ઉદયથી જીવના ઔદયિક ભાવનું હીનાધિકત્વ બતાવે છે. કાળા વર્ણ પર્યાય વડે કદાચ હીન, કદાચ તુલ્ય, કદાચ અધિક હોય. અહીં ભાવની અપેક્ષાએ હીનપણા અને અધિકપણાના વિચારમાં હાનિ અને વૃદ્ધિના પ્રત્યેકના છ-છ સ્થાનક પ્રાપ્ત થાય છે અને તે છ સ્થાનકોમાં જે જેની અપેક્ષાએ અનંતભાગહીન હોય તેને સર્વ જીવ પ્રમાણ અનંત સંખ્યા વડે ભાગવાતી જે પ્રાપ્ત થાય તે અનંતમાં ભાગ વડે હીન હોય છે. જે જેની અપેક્ષાએ અસંખ્યાતમો ભાગ હીન હોય છે, તેને અસંખ્યાતા લોકાકાશ પ્રદેશ પ્રમાણ રાશિ વડે ભાગ આપવાથી જે પ્રાપ્ત થાય, તેટલા ભાગ વડે ન્યૂન હોય છે. [ઈત્યાદિ વૃત્તિથી જાણવું.]

કર્મપ્રકૃતિ સંગ્રહણી ગાથા-૩૭ની અહીં સાક્ષી આપી છે.

કૃષ્ણ વર્ણના પર્યાયનું પરિમાણ વાસ્તવિક રીતે અનંત છે. તો પણ અસત્‌કલ્પનાથી દશ હજાર ગણવું. તેને સર્વ જીવના અનંત રાશિરૂપ કલ્પિત સો સંખ્યા વડે ભાગવા. તેથી સો સંખ્યા આવે, તેમાં એક નારકના કૃષ્ણવર્ણ પર્યાયનું પરિમાણ ૧૦,૦૦૦ છે, બીજાના ૧૦૦ પર્યાયો ઓછા હોવાથી ૯૯૦૦ છે તેને શત સખ્યારૂપ સર્વજીવોના અનંત વડે ભાગવાથી ૧૦૦ એ અનંતમો ભાગ થાય છે. તેથી જેને ૧૦૦ ન્યૂન દશ હજાર કૃષ્ણવર્ણ પર્યાયો છે, તે નારક પરિપૂર્ણ કૃષ્ણ વર્ણ પર્યાય નારકથી અનંતભાગ હીન છે. તેથી અપેક્ષાએ પૂર્ણ કૃષ્ણવર્ણ પર્યાયી નારક અનંતભાગ અધિક છે.

કૃષ્ણ વર્ણ પર્યાય પરિમાણ ૧૦,૦૦૦ છે. તેને અસંખ્યાતા લોકાકાશ પ્રદેશ પ્રમાણ કલ્પિત ૫૦ વડે ભાગ આપતા ૨૦૦ આવે છે. તે અસંખ્યાતમો ભાગ છે. ઈત્યાદિ - x - x - એ રીતે ૧૦૦૦ ઓછા હોય તો - x - ૯૦૦૦ કૃષ્ણ વર્ણ પર્યાયવાળો નારકપૂર્ણ કૃષ્ણ વર્ણ પર્યાયવાળા નારક કરતાં સંખ્યાતભાગહીન છે, તેની અપેક્ષાએ બીજો સંખ્યાતભાગ અધિક છે. ઈત્યાદિ - x - x - x - વૃત્તિકારશ્રીએ અનંતગુણહીન યાવત્ અનંતગુણ અધિકને સંખ્યા દૃષ્ટાંતથી જણાવેલ છે એ રીતે - x - x - કૃષ્ણ વર્ણ પર્યાયથી હાનિ અને વૃદ્ધિના છ સ્થાનકો કહ્યાં છે. તેમ બાકીના વર્ણ, ગંધ, રસ, સ્પર્શોને આશ્રીને પ્રત્યેકના છ સ્થાનકો જાણવા. એ પ્રમાણે પુદ્‌ગલવિપાકી નામકર્મના ઉદયથી ઉત્પન્ન થયેલ જીવના ઔદયિક ભાવાપેક્ષાએ છ સ્થાનકો બતાવ્યા. હવે જીવવિપાકીકર્મના ક્ષયોપશમભાવથી છ સ્થાનક—

અહીં પૂર્વવત્ પ્રત્યેક આભીનિબોધિકાદિ જ્ઞાનમાં છ સ્થાનકોનો વિચાર કરવો. અહીં દ્રવ્યથી તુલ્યપણું બતાવતા સૂત્રકારે જેમાં ભેદ-પ્રભેદનું બીજ તિરોહિત છે, મયૂરના ઇંડાના રસની માફક જેમાં દેશ અને કાળનો ક્રમ અવ્યક્ત છે એવું તથા વિશેષ ભેદના પરિણામને યોગ્ય દ્રવ્ય છે. એટલે અભેદરૂપ, દેશ-કાળના ક્રમરહિત તથા વિશેષ અને ભેદના પરિણામને યોગ્ય દ્રવ્ય છે. એ જણાવ્યું.

અવગાહના વડે ચાર સ્થાનક બનાવતા સૂત્રકારે ‘‘ક્ષેત્રથી આત્મા સંકોચ અને વિસ્તાર પામવાના સ્વભાવવાળો છે, પણ દ્રવ્યના પ્રદેશની સંખ્યાનો સંકોચ અને



વિસ્તાર થતો નથી.’’ અર્થાત્ દ્રવ્યના પ્રદેશની સંખ્યામાં હાનિ કે વૃદ્ધિ થતી નથી. એમ બતાવ્યુ છે. - x - x - સ્થિતિ વડે ચતુઃસ્થાનને જણાવતાં સૂત્રકારે આયુકર્મની સ્થિતિબંધના કારણભૂત અધ્યવસાય સ્થાનોનો ઉત્કર્ષ અને અપકર્ષ બતાવ્યો છે, એમ ન હોય તો ચાર સ્થાનક ઘટી ન શકે. અહીં આયુકર્મના ઉપલક્ષણથી સર્વકર્મના સ્થિતિબંધના હેતુભૂત અધ્યવસાયોનો ઉત્કર્ષ અને અપકર્ષ જાણવો. - x - x -

પ્રશ્ન-નારકોના પર્યાયસંબંધી પ્રશ્નમાં ભગવંતે ‘‘અનંતપર્યાયો છે’’ એમ કહેવું જોઈએ, તો પછી દ્રવ્યાદિ ચારે કેમ કહ્યા ? (ઉત્તર) - શંકા અયુક્ત છે. અહીં બધાં જીવોના બધાં સ્વપર્યાયોની સંખ્યા સરખી હોતી નથી. પણ તેમાં છ સ્થાનો હોય છે. તેમ હમણાં બતાવ્યું તે છ સ્થાનની પ્રાપ્તિ પરિણામીપણા સિવાય હોતી નથી. તે પરિણામીત્વ ઉક્ત લક્ષણવાળા દ્રવ્યનું જ છે, માટે દ્રવ્યથી તુલ્યપણું કહ્યું. આત્મા કેવળ કૃષ્ણાદિ પર્યાય વડે જ પર્યાયવાળો નથી - x - પણ તેને અધ્યવસાય સ્થાનો વડે પણ પર્યાયવાળો છે. માટે ક્ષેત્રાદિ પણ કહ્યા.

હવે અસુરકુમારમાં પર્યાયસંખ્યા સંબંધે પ્રશ્ન—

● **સૂત્ર-૩૦૯ થી ૩૧૪ :-**

***[૩૦૯] ભગવન્ ! અસુરકુમારોના કેટલા પર્યાયો કહ્યાં છે ? ગૌતમ ! અનંતપર્યાયો છે. એમ કેમ કહ્યું ? ગૌતમ ! એક અસુરકુમાર બીજા અસુરકુમાર કરતાં દ્રવ્યાર્થપણે તુલ્ય છે, પ્રદેશાર્થપણે તુલ્ય છે. અવગાહનારૂપે ચતુઃસ્થાન પતિત છે. સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત છે. કાળાવર્ણ પર્યાયથી છ સ્થાનને પ્રાપ્ત થયેલ છે. એ રીતે નીલ-રક્ત-પીત-શુક્લવર્ણ પર્યાય વડે, સુગંધ-દુર્ગન્ધ પર્યાય વડે, તિક્ત-કટુક-કષાય-અમ્લ-મધુર રસ પર્યાય વડે, કર્કશ-મૃદુ-ગુરુ-લઘુ-શીત-ઉષ્ણ-સ્નિગ્ધ-રુક્ષ સ્પર્શ પર્યાય વડે, આભિનિબોધિકાદિ ચાર જ્ઞાન, મતિ આદિ ત્રણ અજ્ઞાન વડે તથા ચક્ષુ-અચક્ષુ-અવધિ દર્શન પર્યાય વડે છ સ્થાનક પતિત છે. હે ગૌતમ ! એ કારણથી કહું છું કે — અસુરકુમારને અનંત પર્યાયો કહ્યા છે. બાકી બધું નૈરયિકવત્ જાણવું. અસુરકુમારની માફક સ્તનિતકુમાર સુધી કહેવું.***

***[૩૧૦] ભગવન્ ! પૃથ્વીકાયિકોને કેટલા પર્યાયો છે ? ગૌતમ ! અનંત પર્યાયો છે. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! એક પૃથ્વીકાયિક, બીજા પૃથ્વીકાયિકની અપેક્ષાએ દ્રવ્યાર્થ અને પ્રદેશાર્થરૂપે તુલ્ય છે, અવગાહનારૂપે કદાચિત હીન-તુલ્ય કે અધિક હોય છે. જો ન્યૂન હોય તો અસંખ્યાતમો-સંખ્યાતમો ભાગ ન્યૂન હોય છે કે સંખ્યાત ગુણ-અસંખ્યાતગુણ અધિક હોય છે. સ્થિતિની અપેક્ષાએ ત્રિસ્થાન પતિત હોય - કદાચ ન્યૂન-તુલ્ય કે અધિક હોય. જો ન્યૂન હોય તો અસંખ્યાતમો ભાગ - સંખ્યાતમો ભાગ - સંખ્યાતગુણ ન્યૂન હોય. જો અધિક હોય તો અસંખ્યાતમો ભાગ-સંખ્યાતમો ભાગ - સંખ્યાતગુણ અધિક હોય. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, મતિ અને શ્રુત અજ્ઞાનપર્યાય, અચક્ષુદર્શન***

*પર્યાય વડે છ સ્થાન પતિત હોય છે.*

*ભગવન્ ! અપ્કાયિકોને કેટલા પર્યાયો છે ? અનંત પર્યાયો છે. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! એક અપ્કાયિક બીજા અપ્કાયિકની અપેક્ષાએ દ્રવ્યાર્થ-પ્રદેશાર્થપણે તુલ્ય છે. અવગાહના રૂપે ચાર સ્થાન અને સ્થિતિરૂપે ત્રિસ્થાન પતિત હોય છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, ચક્ષુદર્શનથી છ સ્થાન પતિત હોય.*

*તેઉકાયિકના કેટલા પર્યાયો છે ? અનંત. એમ કેમ કહ્યું ? ગૌતમ ! એક તેઉકાયિક, બીજા એક તેઉકાયિકની અપેક્ષાથી દ્રવ્યાર્થપ્રદેશાર્થપણે તુલ્ય છે. અવગાહનરૂપે ચતુઃસ્થાન સ્થિતિરૂપે ત્રિસ્થાન પતિત હોય છે. વર્ણાદિચાર, મત્સાદિ બે અજ્ઞાન, અચક્ષુદર્શન વડે પર્યાય છ સ્થાનપતિત હોય છે.*

*વાયુકાયિકના કેટલા પર્યાયો છે ? અનંત. એમ કેમ કહ્યું ? ગૌતમ ! એક વાયુકાયિક બીજા એક વાયુકાયિકની અપેક્ષાથી દ્રવ્યાર્થ અને પ્રદેશાર્થરૂપે તુલ્ય છે. અવગાહનારૂપે ચતુઃસ્થાન, સ્થિતિરૂપે ત્રિસ્થાનપતિત છે. વર્ણાદિ ચાર, મતિ આદિ બે અજ્ઞાન, અચક્ષુદર્શન પર્યાય વડે છ સ્થાનપતિત હોય છે.*

*વનસ્પતિકાયિકના કેટલા પર્યાય છે ? અનંત. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! કોઈ એક વનસ્પતિકાયિક બીજા વનસ્પતિકાયિકની અપેક્ષાએ દ્રવ્યાર્થ અને પ્રદેશાર્થથી તુલ્ય છે. અવગાહનારૂપે ચતુઃસ્થાન અને સ્થિતિરૂપે ત્રિસ્થાનપતિત છે. વર્ણાદિ ચાર, મત્યાદિ બે અજ્ઞાન, અચક્ષુદર્શન પર્યાય વડે છ સ્થાનપતિત છે.*

*[૩૧૧] બેઈન્દ્રિયોને કેટલા પર્યાય છે ? અનંતા. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! એક બેઈન્દ્રિય, બીજા બેઈન્દ્રિયની અપેક્ષાથી દ્રવ્યાર્થ-પ્રદેશાર્થપણે તુલ્ય છે. અવગાહનાથી કદાચ ન્યૂન, તુલ્ય કે અધિક હોય. જો ન્યૂન હોય તો અસંખ્યાત કે સંખ્યાત ભાગ ન્યૂન તથા સંખ્યાત કે અસંખ્યાતગુણ ન્યૂન હોય. જો અધિક હોય તો અસંખ્યાત ભાગ યાવત્ અસંખ્યાતગુણ અધિક હોય છે. સ્થિતિને આશ્રીને ત્રિસ્થાનપતિત હોય. વર્ણાદિ ચાર, આભિનિબોધિકાદિ બે જ્ઞાન, બે અજ્ઞાન અને અચક્ષુદર્શન પર્યાય વડે છ સ્થાનપતિત હોય છે.*

*એ પ્રમાણે તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિયો જીવો જાણવા. પણ ચઉરિન્દ્રિયોમાં ચક્ષુ અને અચક્ષુ એ બે દર્શન હોય છે.*

*[૩૧૨] નૈરયિકોવત્ પંચેન્દ્રિય તિર્યંચયોનિકને કહેવા.*

*[૩૧૩] મનુષ્યોને કેટલા પર્યાયો છે ? અનંતા. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! કોઈ એક મનુષ્ય, બીજા મનુષ્યની અપેક્ષાથી દ્રવ્યાર્થ-પ્રદેશાર્થપણે તુલ્ય છે. અવગાહનારૂપે ચતુઃસ્થાન પતિત અને સ્થિતિરૂપે ત્રિસ્થાન પતિત છે. વર્ણાદિ ચાર, આભિનિબોધિકાદિ ચાર જ્ઞાનથી છ સ્થાનપતિત છે. કેવળજ્ઞાન પર્યાયથી તુલ્ય છે. ત્રણ અજ્ઞાન, ત્રણ દર્શન વડે છ સ્થાન પતિત છે. કેવળદર્શન પર્યાયથી તુલ્ય છે.*



*[૩૧૪] વ્યંતરો અવગાહના અને સ્થિતિરૂપે ચતુઃસ્થાન પતિત છે. વર્ણાદિથી છ સ્થાનપતિત છે. જ્યોતિષ્ક અને વૈમાનિક પણ એ જ પ્રકારે છે. પણ સ્થિતિ વડે ત્રિસ્થાનપતિત છે.*

● **વિવેચન-૩૦૯ થી ૩૧૪ :-**

અસુરકુમારોના કેટલાં પર્યાયો છે ? ઈત્યાદિ. ઉક્ત અર્થ બધાં અસુરકુમારાદિમાં જાણવો. ચોવીશે દંડકના સૂત્રો પૂર્વવત્ કહેવા. વિશેષ એ કે – પૃથ્વીકાયિકાદિની અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ પ્રમાણ છે. તેમાં ચાર સ્થાનકો જાણવા. કેમકે અંગુલના અસંખ્યાતમાં ભાગ પ્રમાણના અસંખ્યાતા ભેદો છે. તેના સ્થિતિ આશ્રિત હીન અને અધિકત્વમાં ત્રણ સ્થાનકો છે. કેમકે તેમાં અસંખ્યાતગુણ વૃદ્ધિ અને હાનિનો સંભવ નથી. કેમકે અહીં પૃથ્વીકાયિકાદિનું સૌથી જઘન્યાયુ ક્ષુલ્લકભવપ્રમાણ છે, જે ૨૫૬ આવલિકા થાય. બે ઘડીમાં ક્ષુલ્લક ભવોની સંખ્યા ૬૫,૫૩૬ થાય છે. - x - પૃથ્વી૦ની સ્થિતિ ઉત્કૃષ્ટથી સંખ્યાતા વર્ષપ્રમાણ છે. તેથી અસંખ્યાતગુણ વૃદ્ધિ-હાનિ સંભવ નથી. ત્રણ વૃદ્ધિ-હાનિ આ પ્રમાણે – એક પૃથ્વી૦ની સ્થિતિ સંપૂર્ણ ૨૨,૦૦૦ વર્ષ છે, બીજાની સમય ન્યૂન ૨૨,૦૦૦ છે. તેથી બીજો પહેલાની અપેક્ષાએ અસંખ્યાતમો ભાગ ન્યૂન છે અને બીજો અસંખ્યાત ભાગ અધિક છે. એક પૃથ્વી૦ ૨૨,૦૦૦ વર્ષ સ્થિતિ છે, બીજાની અંતર્મુહૂર્તાદિ ન્યૂન સ્થિતિ છે. જે અંતર્મુહૂર્તાદિનો સંખ્યાતમો ભાગ થાય છે. અંતર્મુહૂર્ત આદિ ન્યૂન ૨૨,૦૦૦ વર્ષની સ્થિતિવાળો પૂર્ણ ૨૨,૦૦૦ વર્ષની સ્થિતિવાળાની અપેક્ષા સંખ્યાત ભાગન્યૂન છે. તેની અપેક્ષાએ સંપૂર્ણ ૨૨,૦૦૦ સ્થિતિવાળો સંખ્યાતભાગ અધિક છે. [ઈત્યાદિ ગણિત વૃત્તિમાં છે તે જોવું.]

આ પ્રમાણે અપ્કાયથી ચઉરિન્દ્રિય પર્યાપ્તા સુધી પોતપોતાની ઉત્કૃષ્ટ સ્થિતિ અનુસાર સ્થિતિ વડે ત્રિસ્થાનક વિચારવા. તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યને ચાર સ્થાનકો જાણવા. કેમકે તેઓની સ્થિતિ ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ છે. પલ્યોપમ અસંખ્યાતા વર્ષ પ્રમાણ હોવાથી અસંખ્યાતગુણ વૃદ્ધિ-હાનિનો સંભવ છે.

એ રીતે વ્યંતરોને પણ જાણવા. કેમકે તેની જઘન્ય સ્થિતિ ૧૦,૦૦૦ વર્ષ ઉત્કૃષ્ટ પલ્યોપમ છે. જ્યોતિષ્ક અને વૈમાનિકની સ્થિતિને આશ્રીને ત્રણ સ્થાનકો જાણવા. કેમકે જ્યોતિષ્કનું જઘન્યાયુ પલ્યોપમનો અષ્ટભાગ, ઉત્કૃષ્ટ લાખ વર્ષાધિક પલ્યોપમ છે. વૈમાનિકનું આયુ જઘન્ય એક પલ્યોપમ, ઉત્કૃષ્ટ ૩૩-સાગરોપમ છે. તેથી તેમની વૃદ્ધિ-હાનિનો અસંભવ હોવાથી સ્થિતિથી ત્રિસ્થાનપતિત કહ્યા.

● **સૂત્ર-૩૧૫ :-**

*જઘન્ય અવગાહનાવાળા નૈરયિકોને કેટલા પર્યાયો છે ? ગૌતમ ! અનંતા. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જઘન્ય અવગાહનાવાળો નૈરયિક બીજા જઘન્ય અવગાહનાવાળા નૈરયિકની અપેક્ષાએ દ્રવ્યાર્થ-પ્રદેશાર્થ-અવગાહનારૂપે તુલ્ય છે, સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ પર્યાય તથા*

*ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, ત્રણ દર્શન વડે છ સ્થાન પતિત છે.*

*ઉત્કૃષ્ટ અવગાહનાવાળા નૈરયિકોના કેટલાં પર્યાયો છે ? ગૌતમ ! અનંતા. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! ઉત્કૃષ્ટ અવગાહનાવાળો એક નૈરયિક, બીજા નૈરયિકની અપેક્ષાથી દ્રવ્યાર્થ-પ્રદેશાર્થ-અવગાહનારૂપે તુલ્ય છે. સ્થિતિ વડે કદાચ ન્યૂન, તુલ્ય કે અધિક હોય. જો ન્યૂન હોય તો અસંખ્યાતમો ભાગ ન્યૂન હોય, સંખ્યાતમો ભાગ, ન્યૂન હોય, અધિક હોય તો અસંખ્યાતમો કે સંખ્યાતમો ભાગ અધિક હોય, વર્ણ-ગંધ-રસ-સ્પર્શ પર્યાયથી, ત્રણ જ્ઞાન-ત્રણ અજ્ઞાન-ત્રણ દર્શન વડે છ સ્થાન પતિત હોય.*

*અજઘન્ય અનુત્કૃષ્ટ અવગાહનાવાળા નૈરયિકોને કેટલાં પર્યાયો છે ? ગૌતમ ! અનંતા. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! અજઘન્ય અનુત્કૃષ્ટ અવગાહનાવાળો એક નૈરયિક, તેવા જ નૈરયિકની અપેક્ષાએ દ્રવ્યાર્થ અને પ્રદેશાર્થરૂપે તુલ્ય હોય, અવગાહનારૂપે કદાચ હીન, તુલ્ય કે અધિક હોય. જો હીન હોય તો કદાચ અસંખ્યાતમો ભાગ કે સંખ્યાતમો ભાગ કે સંખ્યાતગુણ કે અસંખ્યાતગુણ હીન હોય. જો અધિક હોય તો અસંખ્યાતમો ભાગ યાવત્ અસંખ્યાતગુણ અધિક હોય. સ્થિતિ વડે કદાચ હીન, તુલ્ય કે અધિક હોય. જો હીન હોય તો અસંખ્યાતમો ભાગ, સંખ્યાતમો ભાગ કે સંખ્યાતગુણ હીન હોય, જો અધિક હોય તો આ ક્રમેથી અધિક હોય, વર્ણ-ગંધ-રસ-સ્પર્શ વડે, ત્રણ જ્ઞાન-ત્રણ અજ્ઞાન-ત્રણ દર્શન વડે છ સ્થાન પતિત હોય, તેથી અજઘન્યાનુત્કૃષ્ટ૰ને અનંત કહ્યા.*

*જઘન્ય સ્થિતિક નૈરયિકોને કેટલાં પર્યાયો છે ? ગૌતમ ! અનંત. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જઘન્યસ્થિતિક એક નૈરયિક, બીજા નૈરયિકની અપેક્ષાથી દ્રવ્યાર્થ અને પ્રદેશાર્થરૂપેતુલ્ય છે. અવગાહનારૂપે ચતુઃસ્થાન પતિત છે. સ્થિતિ વડે તુલ્ય છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ પર્યાય વડે, ત્રણ જ્ઞાન-ત્રણ અજ્ઞાન-ત્રણ દર્શનો વડે છ સ્થાનપતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટસ્થિતિ અને અજઘન્યઅનુત્કૃષ્ટ સ્થિતિવાળા નૈરયિકોને માટે જાણવું. પણ સ્વસ્થાન અપેક્ષાએ ચતુઃસ્થાન પતિત હોય છે.*

*ભગવન્ ! જઘન્ય કાળા વર્ણવાળા નૈરયિકોના કેટલા પર્યાયો છે ? ગૌતમ ! અનંતા. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જઘન્ય કાળા વર્ણવાળા એક નૈરયિકની અપેક્ષા બીજા નૈરયિકની અપેક્ષા દ્રવ્યાર્થ અને પ્રદેશાર્થપણે તુલ્ય છે. અવગાહના અને સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત છે. કાળા વર્ણપર્યાય વડે તુલ્ય છે, બાકીના વર્ણાદિ વડે, ત્રણ જ્ઞાન-ત્રણ અજ્ઞાન-ત્રણ દર્શનથી છ સ્થાનપતિત હોય છે. તે હેતુથી હે ગૌતમ ! કહ્યું કે અનંતપર્યાયો છે.*

*એ પ્રમાણે ઉત્કૃષ્ટ અને અજઘન્ય અનુત્કૃષ્ટ કૃષ્ણવર્ણવાળા નૈરયિકો માટે પણ જાણવું. પણ કાળા વર્ણ પર્યાયથી છ સ્થાન પતિત હોય છે, એ પ્રમાણે બાકીના વર્ણો અને ગંધાદિમાં જાણવું.*



*ભગવન્ ! જઘન્ય આભિનિબિધોક જ્ઞાની નૈરયિકોને કેટલા પર્યાયો છે ? ગૌતમ ! અનંતા પર્યાયો છે. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જઘન્ય આભિનિબોધિકજ્ઞાની એક નૈરયિક, બીજા નૈરયિકની અપેક્ષાએ દ્રવ્યાર્થ - પ્રદેશાર્થપણે તુલ્ય છે. અવગાહનાથી ચતુઃસ્તાન પતિત છે. વર્ણાદિ ચાર વડે છ સ્થાનપતિત છે. આભિનિબોધિક જ્ઞાનપર્યાય વડે તુલ્ય છે. શ્રુતજ્ઞાન-અવધિજ્ઞાન પર્યાયો અને ત્રણ દર્શન વડે છ સ્થાનપતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ અને મધ્યમ આભિનિબોધિક જ્ઞાની નૈરયિકો માટે પણ તેમ જાણવું. પણ સ્વસ્થાનથી આભિનિબોધિકજ્ઞાન પર્યાયો વડે છ સ્થાન પતિત છે. એ પ્રમાણે શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની નૈરયિકો વિશે પણ જાણવું. પણ જેમને જ્ઞાન હોય, તેમને અજ્ઞાન હોતું નથી. જ્ઞાનની જેમ અજ્ઞાન વિશે પણ કહેવું. પરંતુ જેને અજ્ઞાન હોય તેને જ્ઞાન હોતું નથી.*

*ભગવન્ ! જઘન્ય ચક્ષુદર્શની નૈરયિકોને કેટલા પર્યાયો છે ? ગૌતમ ! અનંતા. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જઘન્ય ચક્ષુદર્શનવાળો એક નૈરયિક, બીજા નૈરયિકની અપેક્ષાએ દ્રવ્યાર્થ-પ્રદેશાર્થરૂપે તુલ્ય છે. અવગાહનાથી ચતુઃસ્થાન પતિત છે, સ્થિતિથી ચતુઃસ્થાન પતિત છે. વર્ણાદિચાર, ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન વડે છ સ્થાનપતિત છે. ચક્ષુર્દર્શનપર્યાય વડે તુલ્ય છે. અચક્ષુર્દશન અને અવધિ દર્શન, પર્યાય વડે છ સ્થાન પતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ અને મધ્યમ ચક્ષુર્દર્શનવાળા પણ જાણવા. સ્વસ્થાન અપેક્ષાએ છ સ્થાનપતિત હોય છે. આ પ્રમાણે ચક્ષુ અને અવધિદર્શની પણ જાણવા.*

**● વિવેચન-૩૧૫ :-**

હવે જઘન્યાદિ અવગાહનાને આશ્રીને તે પ્રત્યેકના પર્યાયોની સંખ્યા બતાવે છે. જઘન્ય અવગાહનાવાળા નૈરયિકને કેટલા પર્યાયો કહ્યા છે ? ઈત્યાદિ પાઠ સુગમ છે. પણ સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત છે. જેમકે — દશ હજાર વર્ષની સ્થિતિવાળો જઘન્ય અવગાહનાવાળો નૈરયિક પહેલાં રત્નપ્રભામાં હોય છે અને ઉત્કૃષ્ટ સ્થિતિક સાતમી નરકપૃથ્વીમાં હોય છે. તેથી તેમને સ્થિતિ વડે ચતુઃસ્થાનકો ઘટે છે. ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, ત્રણદર્શન વડે છ સ્થાન પતિત છે. અહીં જ્યારે ગર્ભજ સંજ્ઞી પંચેન્દ્રિય નરકમાં ઉત્પન્ન થાય છે. ત્યારે તે નારકાયુષ્ના વેદવાના પ્રથમ સમયે જ પૂર્વગૃહીત ઔદારિક શરીરનો ત્યાગ કરે છે. તે જ સમયે સમ્યગ્દૃષ્ટિને ત્રણ જ્ઞાન અને મિથ્યાદૃષ્ટિને ત્રણ અજ્ઞાન ઉત્પન્ન થાય છે. પછી વિગ્રહ કે અવિગ્રહ ગતિથી ઉત્પત્તિસ્થાને જઈને વૈક્રિયશરીરનો સંઘાત કરે છે. જે સંમૂર્છિમ અસંજ્ઞી પંચે૰ તિર્યંચ નરકમાં ઉત્પન્ન થાય છે ત્યારે તેને તે સમયે વિભંગ જ્ઞાન હોતું નથી, માટે જઘન્યાવગાહનાવાળાને બે કે ત્રણ અજ્ઞાનો વિકલ્પે જાણવા.

ઉત્કૃષ્ટ અવગાનાવાળા નૈરયિકને સ્થિતિ વડે હાનિ અને વૃદ્ધિના બબ્બે

સ્થાનો છે. તે આ રીતે — અસંખ્યાતભાગહાનિ અને સંખ્યાતભાગહાનિ તથા અસંખ્યાતભાગ વૃદ્ધિ, સંખ્યાતભાગવૃદ્ધિ. કેમકે ઉત્કૃષ્ટ અવગાહનાવાળા નારકો ૫૦૦ ધનુષ્ પ્રમાણવાળા અને તે સાતમી નરકમાં છે. ત્યાં જઘન્યસ્થિતિ ૨૨-સાગરોપમ, ઉતક્ષ્ટ ૩૩-સાગરોપમ છે. તેથી અસંખ્યાત અને સંખ્યાતભાગ હાનિ-વૃદ્ધિ જ ઘટે છે. તેમને ત્રણ જ્ઞાન કે ત્રણ અજ્ઞાન અવશ્ય જાણવા. પણ વિકલ્પે ન સમજવા. કેમકે સંમૂર્છિમ અસંજ્ઞી પંચે૰નો ઉત્પત્તિ તેમાં અસંભવ છે.

મધ્યમ અવગાહનાવાળા નૈરયિક સૂત્રમાં અવગાહના આશ્રીને ચાર સ્થાનકો છે - અંગુલના અસંખ્યાત ભાગથી કંઈક ન્યૂન ૫૦૦ ધનુષ્ અવગાહના છે. તેથી અવગાહના આશ્રિત ચાર સ્થાનકો અને સ્થિતિ અપેક્ષાએ ચાર સ્થાનો ઘટે છે - x -

જઘન્ય સ્થિતિ અવગાહના અપેક્ષાએ ચાર સ્થાનકો હોય છે. - x - અહીં પણ ત્રણ અજ્ઞાન વિકલ્પે હોય છે. - x - ઉત્કૃષ્ટ સ્થિતિના વિચારમાં અવગાહના અપેક્ષાથી ચાર સ્થાનકો હોય છે - x - મધ્યમ સ્થિતિવાળા માટે પણ એમજ જાણવું. - x - વિશેષ એ કે - જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ સૂત્રમાં સ્થિતિ વડે તુલ્યપણું કહેલ છે. અહીં સ્વસ્થાનને આશ્રીને ચાર સ્થાનકો કહેવા. કેમકે સમયાધિક દશ હજાર વર્ષથી માંડી ઉત્કૃષ્ટ સ્થિતિ સમય ન્યૂન ૩૩-સાગરોપમની હોય છે.

જઘન્યગુણ કાળા૰ ઈત્યાદિ સૂત્રો પ્રસિદ્ધ છે. વિશેષ એ કે જેમને જ્ઞાન હોય, તેમને અજ્ઞાન સંભવ નથી કેમકે સમ્યગ્દૃષ્ટિને જ્ઞાન અને મિથ્યાદૃષ્ટિને અજ્ઞાન હોય છે. બંને દૃષ્ટિ એકબીજાના નાશથી થાય છે - x - x - જેમ જ્ઞાનો કહ્યા તેમ અજ્ઞાનો પણ કહેવા. પણ જેને અજ્ઞાન હોય છે, તેને જ્ઞાન હોતાં નથી. બાકી સુગમ છે.

● **સૂત્ર-૩૧૬ થી ૩૨૧ :-**

*[૩૧૬] ભગવન્ ! જઘન્ય અવગાહનાવાળા અસુરકુમારોને કેટલા પર્યાયો છે ? ગૌતમ ! અનંતા છે. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જઘન્ય અવગાહનાવાળો એક અસુરકુમાર, બીજા અસુરકુમારની અપેક્ષાએ દ્રવ્યાર્થ-પ્રદેશાર્થ-અવગાહનાથી તુલ્ય છે. સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત છે. વર્ણાદિ વડે છ સ્થાન પતિત છે. આભિનિબોધિકાદિ ત્રણ જ્ઞાનના પર્યાયો વડે, ત્રણ અજ્ઞાન, ત્રણ દર્શન વડે છ સ્થાનપતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ અવગાહનાવાળા સંબંધે જાણવું. મધ્યમ અવગાહનાવાળામાં પણ જાણવું, પણ સ્વસ્થાન અવગાહના અપેક્ષાથી ચતુઃસ્થાનપતિત જાણવા.*

*એ પ્રમાણે સ્તનિતકુમાર સુધી જાણવું.*

*[૩૧૭] ભગવન્ ! જઘન્ય અવગાહનાવાળા પૃથ્વીકાયિકોને કેટલા પર્યાયો છે ? ગૌતમ ! અનંતા છે. ભગવન્ ! એમ કેમ કહો છો ? ગૌતમ ! જઘન્ય અવગાહનાવાળો એક પૃથ્વીકાયિક. બીજા પૃથ્વીની અપેક્ષાએ દ્રવ્યાર્થ-પ્રદેશાર્થ-અવગાહનારૂપે તુલ્ય છે. પણ સ્થિતિથી ત્રિસ્થાનપતિત છે. વર્ણ-ગંધ-રસ-સ્પર્શ*



*વડે, બે અજ્ઞાન, અચક્ષુદર્શન પર્યાય વડે છ સ્થાનપતિત છે. એમ ઉત્કૃષ્ટ અવગાહનાવાળા પૃથ્વી૰ જાણવા. મધ્યમ અવગાહનાવાળા પૃથ્વી૰ માટે એમ જ જાણવું. પણ સ્વસ્થાન અપેક્ષાએ ચતુઃસ્થાનપતિત જાણવા.*

*જઘન્ય સ્થિતિક પૃથ્વીકાયિકને કેટલા પર્યાયો છે ? ગૌતમ ! અનંતા. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જઘન્યસ્થિતિક પૃથ્વી૰ બીજા તેવાની અપેક્ષાથી દ્રવ્યાર્થ-પ્રદેશાર્થ-સ્થિતિરૂપે તુલ્ય છે અને અવગાહનારૂપે ચતુઃસ્થાન પતિત છે. વર્ણ-ગંધ-રસ-સ્પર્શપર્યાય વડે, બે અજ્ઞાન-અચક્ષુદર્શનપર્યાય વડે છ સ્થાનપતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ સ્થિતિક પૃથ્વી૰ પણ જાણવો. મધ્યમસ્થિતિકમાં પણ એમ જ સમજવું. પણ સ્થિતિ વડે ત્રિસ્થાનપતિત છે.*

*ભગવન્ ! જઘન્ય કાળા ગુણવાળા પૃથ્વી૰ને કેટલા પર્યાયો છે ? ગૌતમ ! અનંતા. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જઘન્ય કાળા ગુણવાળો એક પૃથ્વી૰ બીજા પૃથ્વી૰ની અપેક્ષાથી દ્રવ્યાર્થ અને પ્રદેશાર્થરૂપે તુલ્ય છે. પણ અવગાહના વડે ચતુઃસ્થાનથી પતિત છે. સ્થિતિ વડે ત્રિસ્થાનપતિત છે. કાળા વર્ણ પર્યાયથી તુલ્ય છે. બાકીના વર્ણાદિ વડે છ સ્થાનપતિત છે. બે અજ્ઞાન, અચક્ષુર્દર્શન પર્યાયથી છ સ્થાન પતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ કાળા ગુણવાળા પૃથ્વી૰માં જાણવું. મધ્યમ કાળાગુણવાળા માટે પણ એમજ છે. પણ સ્વસ્થાન અપેક્ષાથી છ સ્થાન પતિત છે. એ રીતે પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ, આઠ સ્પર્શ સંબંધમાં પણ જાણવું.*

*જઘન્ય મતિ અજ્ઞાની પૃથ્વી૰ ના પર્યાયો ? અનંતા છે. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જઘન્યમતિઅજ્ઞાની એક પૃથ્વી૰ બીજી પૃથ્વી૰ની અપેક્ષાથી દ્રવ્યાર્થ-પ્રદેશાર્થથી તુલ્ય છે. અવગાહના રૂપે ચતુઃસ્થાન પતિત છે. સ્થિતિ વડે ત્રિસ્થાનપતિત છે. વર્ણાદિ વડે છ સ્થાનપતિત છે. મતિઅજ્ઞાન પર્યાયથી તુલ્ય છે. શ્રુતઅજ્ઞાન પર્યાય અને અચક્ષુર્દર્શન પર્યાયથી છ સ્થાન પતિત છે. એમ શ્રુતઅજ્ઞાની અને અચક્ષુર્દર્શની જાણવા. એ પ્રમાણે વનસ્પતિકાયિક સુધી જાણવું.*

*[૩૧૮] જઘન્ય અવગાહનાવાળા બેઈન્દ્રિયો વિશે પૃચ્છા-ગૌતમ ! અનંતપર્યાયો છે. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જઘન્ય અવગાહનાવાળો એક બેઈન્દ્રિય, બીજાની અપેક્ષાથી દ્રવ્યાર્થ-પ્રદેશાર્થ-અવગાહનારૂપે તુલ્ય છે, સ્થિતિ વડે ત્રિસ્થાનપતિત છે. વર્ણાદિ ચાર વડે, બે જ્ઞાન, બે અજ્ઞાન, અચક્ષુર્દર્શન વડે છ સ્થાન પતિત છે. એ રીતે ઉત્કૃષ્ટ અવગાહનાવાળા સંબંધે જાણવું. પણ અહીં જ્ઞાનો હોતા નથી. મધ્યમ અવગાહનાવાળાને, જઘન્ય અવગાહનાવાળા માફક જાણવું. પણ સ્વસ્થાનને આશ્રીને ચતુઃસ્થાન પતિત છે.*

*જઘન્યસ્થિતિક બેઈન્દ્રિયની પૃચ્છા-ગૌતમ ! અનંત પર્યાયો છે. ભગવન્ ! એમ કેમ કહો છો ? ગૌતમ ! જઘન્યસ્થિતિક એક બેઈન્દ્રિય, બીજાની અપેક્ષાએ દ્રવ્ય-પ્રદેશ-સ્થિતિરૂપે તુલ્ય છે. પણ અવગાહનારૂપે ચતુઃસ્થાન પતિત છે. વર્ણાદિ*

ચાર, બે અજ્ઞાન, અચક્ષુ દર્શન પર્યાય વડે છ સ્થાન પતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ સ્થિતિકને જાણવા. પણ અહીં બે જ્ઞાન અધિક હોય છે. મધ્યમ સ્થિતિકને ઉત્કૃષ્ટ માફક કહેવા. પણ અહીં સ્થિતિ અપેક્ષાએ ત્રિસ્થાનપતિત હોય છે.

જઘન્ય કાળા ગુણવાળા બેઈન્દ્રિયની પૃચ્છા - ગૌતમ ! અનંતપર્યાયો છે. ભગવન્ ! એમ કેમ કહ્યું ? જઘન્યગુણ કાળો એક બેઈન્દ્રિય, બીજાની અપેક્ષાએ દ્રવ્ય અને પ્રદેશરૂપે તુલ્ય છે. અવગાહનારૂપે છ સ્થાન પતિત છે. કાળાવર્ણ પર્યાયથી તુલ્ય છે. બાકીના વર્ણ, ગંધ, રસ, સ્પર્શપર્યાયથી, બે જ્ઞાન, બે અજ્ઞાન, અચક્ષુદર્શનપર્યાય વડે છ સ્થાન પતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ કાળા ગુણવાળા પણ જાણવા. મધ્યમ કાળા ગુણવાળા પણ એમ જ છે. પણ સ્વસ્થાનને આશ્રીને છ સ્થાન પતિત છે. એમ પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ, આઠ સ્પર્શ માટે કહેવું.

જઘન્ય આભિનિબોધિક જ્ઞાની બેઈન્દ્રિયોને કેટલા પર્યાયો હોય છે ? ગૌતમ ! અનંતા. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જઘન્ય આભિનિબોધિક-જ્ઞાની એક બેઈન્દ્રિય, બીજાની અપેક્ષાથી દ્રવ્યાર્થપ્રદેશાર્થથી તુલ્ય છે. અવગાહના વડે ચતુઃસ્થાન પતિત છે, સ્થિતિથી ત્રિસ્થાનપતિત છે. વર્ણાદિ પર્યાયોથી છ સ્થાન પ્રાપ્ત છે. આભનિબોધિક જ્ઞાન પર્યાય વડે તુલ્ય છે. શ્રુતજ્ઞાન અને અચક્ષુદર્શન પર્યાયથી છ સ્થાનપતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ આભિનિબોધિક જ્ઞાની પણ જાણવા. મધ્યમ આભિનિબોધિકજ્ઞાની પણ એમ જ છે. પરંતુ સ્વસ્થાન અપેક્ષાથી છ સ્થાનપતિત છે.

એ પ્રમાણે શ્રુતજ્ઞાની, શ્રુતઅજ્ઞાની, અચક્ષુદર્શની બેઈન્દ્રિયો જાણવા. પરંતુ જ્યાં જ્ઞાન છે, ત્યાં અજ્ઞાન નથી, અજ્ઞાન છે ત્યાં જ્ઞાન નથી. દર્શન છે ત્યાં જ્ઞાન અને અજ્ઞાન પણ હોય છે. એમ તેઈન્દ્રિયો પણ જાણવા. ચઉરિન્દ્રિય તેમજ છે, પણ ચક્ષુદર્શન અધિક છે.

[૩૧૯] ભગવન્ ! જઘન્ય અવગાહનાવાળા પંચેન્દ્રિય તિર્યંચોને કેટલાં પર્યાય છે ? ગૌતમ ! અનંતા. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જઘન્ય અવગાહનાવાળો એક પંચેન્દ્રિયતિર્યંચ બીજાની અપેક્ષાએ દ્રવ્ય-પ્રદેશ-અવગાહનારૂપે તુલ્ય છે. પણ સ્થિતિ વડે ત્રિસ્થાનપતિત છે. વર્ણાદિ ચાર, બે જ્ઞાન, બે અજ્ઞાન, બે દર્શન પર્યાયો વડે છ સ્થાન પતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ અવગાહનામાં પણ જાણવું. પરંતુ ત્રણ જ્ઞાન, ત્રણ દર્શન વડે છ સ્થાન પતિત હોય છે. ઉત્કૃષ્ટ અવગાહનાવાળા માફક મધ્યમ અવગાહનાવાળાને પણ કહેવા. પરંતુ અવગાહના અને સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત હોય છે.

જઘન્ય સ્થિતિક પંચેન્દ્રિય તિર્યંચોને કેટલા પર્યાયો છે ? ગૌતમ ! અનંતા. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જઘન્ય સ્થિતિક એક પંચેન્દ્રિય તિર્યંચ, બીજાની અપેક્ષાથી દ્રવ્ય અને પ્રદેશથી તુલ્ય છે. અવગાહનારૂપે ચતુઃસ્થાન પતિત છે. સ્થિતિ વડે તુલ્ય છે. વર્ણાદિ ચાર, બે અજ્ઞાન, બે દર્શન વડે છ સ્થાન પતિત છે. ઉત્કૃષ્ટ સ્થિતિકને એમ જ જાણવો. પણ તેને બે જ્ઞાન, બે અજ્ઞાન, બે દર્શન હોય છે. મધ્યમસ્થિતિકવાળાને પણ એમ જ જાણવા. પણ તે સ્થિતિથી ચતુઃસ્થાન પતિત છે. તેને ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, ત્રણ દર્શન હોય છે.



જઘન્ય કાળાવર્ણવાળા પંચેન્દ્રિય તિર્યંચ વિશે પ્રશ્ન - ગૌતમ ! અનંતા પર્યાયો છે. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જઘન્ય કાળા વર્ણવાળો એક પંચેન્દ્રિય તિર્યંચ, બીજાની અપેક્ષા દ્રવ્ય અને પ્રદેશરૂપે તુલ્ય છે. પણ અવગાહના અને સ્થિતિથી ચતુઃસ્થાન પતિત છે. કાળા વર્ણપર્યાયથી તુલ્ય છે. બાકીના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ પર્યાય વડે તથા ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, ત્રણ દર્શન વડે છ સ્થાનથી પતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ કાળા વર્ણવાળા જાણવા. મધ્યમ કાળા વર્ણવાળામાં પણ એમ જ જાણવું. પણ સ્વસ્થાનને આશ્રીને તે છ સ્થાનપતિત છે. આ પ્રમાણે પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ, આઠ સ્પર્શ સંબંધે જાણવું.

જઘન્ય આભિનિબોધિકજ્ઞાની પંચેન્દ્રિય તિર્યંચોને કેટલા પર્યાયો છે ? ગૌતમ ! અનંતા પર્યાયો છે. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જઘન્ય આભિનિબોધિકજ્ઞાની એક પંચેન્દ્રિય તિર્યંચ, બીજાની અપેક્ષા દ્રવ્ય અને પ્રદેશથી તુલ્ય છે. પણ અવગાહના અને સ્થિતિથી ચતુઃસ્થાન પતિત છે. કાળા વર્ણપર્યાયથી તુલ્ય છે. બાકીના વર્ણ, ગંધ, રસ, સ્પર્શપર્યાય વડે તથા ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, ત્રણ દર્શન વડે છ સ્થાનથી પતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ કાળા વર્ણવાળા જાણવા. મધ્યમ કાળા વર્ણવાળામાં પમ એમ જ જાણવું. પણ સ્વસ્થાનને આશ્રીને તે છ સ્થાન પતિત છે. આ પ્રમાણે પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ, આઠ સ્પર્શ સંબંધે જાણવું.

જઘન્ય આભિનિબોધિકજ્ઞાની પંચેન્દ્રિય તિર્યંચોને કેટલા પર્યાયો છે ? ગૌતમ ! અનંતા પર્યાયો છે. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જઘન્ય આભિનિબોધિકજ્ઞાની એક પંચેન્દ્રિય તિર્યંચ, બીજાની અપેક્ષાથી દ્રવ્ય અને પ્રદેશરૂપે તુલ્ય છે. અવગાહના અને સ્થિતિરૂપે ચતુઃસ્થાન પતિત છે. વર્ણાદિ ચાર વડે છ સ્થાનપતિત છે. આભિનિબોધિક જ્ઞાન પર્યાયથી તુલ્ય છે. શ્રુતજ્ઞાન, ચક્ષુદર્શન, અચક્ષુદર્શન પર્યાય વડે છ સ્થાન પતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ આભિનિબોધિક જ્ઞાની સંબંધે જાણવું. પણ સ્થિતિ વડે તે ત્રિસ્થાન પતિત છે. તેને ત્રણ જ્ઞાન, ત્રણ દર્શન હોય છે. સ્વસ્થાન અપેક્ષાથી તુલ્ય છે. બાકીના પર્યાયની અપેક્ષાથી છ સ્થાનપતિત છે. મધ્યમ આભિનિબોધિક જ્ઞાની ઉત્કૃષ્ટ માફક સમજવા. પરંતુ સ્થિતિની અપેક્ષાએ ચતુઃસ્થાન પતિત છે અને સ્વસ્થાન અપેક્ષાથી છ સ્થાન પતિત છે એમ શ્રુતજ્ઞાન પણ છે.

જઘન્ય અવધિજ્ઞાની પંચેન્દ્રિય તિર્યંચોનો પ્રશ્ન - ગૌતમ ! અનંતા પર્યાય છે. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જઘન્ય અવધિજ્ઞાની કોઈ એક પંચેન્દ્રિય

તિર્યંચ, બીજાની અપેક્ષાથી દ્રવ્ય અને પ્રદેશ રૂપે તુલ્ય છે. પણ અવગાહના વડે ચતુઃસ્થાન પતિત છે. સ્થિતિ વડે ત્રિસ્થાન પતિત છે, વર્ણ-ગંધ-રસ-સ્પર્શ વડે તથા પહેલા બે જ્ઞાનથી છ સ્થાન પતિત છે. અવધિજ્ઞાન પર્યાય વડે તુલ્ય છે. અજ્ઞાન નથી. ત્રણ દર્શન વડે છ સ્થાન પતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ અવધિજ્ઞાની પણ જાણવા. મધ્યમ અવધિજ્ઞાની પણ એમ જ છે. પરંતુ સ્વસ્થાન આશ્રીને છ સ્થાન પતિત છે. આભિનિબોધિક જ્ઞાની માફક બંને અજ્ઞાનીને કહેવા. અવધિ જ્ઞાની માફક વિભંગજ્ઞાનીને કહેવા. બે દર્શની આભિનિબોધિક જ્ઞાની માફક જાણવા. અવધિદર્શની અવધિજ્ઞાની માફક જાણવા. પરંતુ જ્યાં જ્ઞાન છે, ત્યાં અજ્ઞાન નથી, અજ્ઞાન છે ત્યાં જ્ઞાન નથી. જ્યાં દર્શન છે ત્યાં જ્ઞાન અને અજ્ઞાન બંને છે એમ કહેવું.

[૩૨૦] ભગવન્ ! જઘન્ય અવગાહનાવાળા મનુષ્યોને કેટલા પર્યાયો છે ? ગૌતમ ! અનંતા છે. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જઘન્ય અવગાહનાવાળો એક મનુષ્ય, બીજાની અપેક્ષાથી દ્રવ્ય-પ્રદેશ અને અવગાહનારૂપે તુલ્ય છે. સ્થિતિ વડે ત્રિસ્થાનપતિત છે. વર્ણાદિ ચાર પર્યાય વડે, ત્રણ જ્ઞાન, બે અજ્ઞાન, ત્રણ દર્શન વડે છ સ્થાન પતિત છે. ઉત્કૃષ્ટ અવગાહનાવાળા માટે પણ એમજ સમજવું. પરંતુ સ્થિતિ વડે કદાચ ન્યુન, અધિક કે તુલ્ય હોય. જો ન્યૂન હોય તો અસંખ્યાતમો ભાગ ન્યૂન, જો અધિક હોય તો અસંખ્યાતમો ભાગ અધિક હોય. તેને બે જ્ઞાન, બે અજ્ઞાન, બે દર્શન હોય છે. મધ્યમ અવગાહનાવાળામાં પણ એમ જ સમજવું. પરંતુ અવગાહના અને સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત હોય છે. કેવળદર્શન પર્યાય વડે તુલ્ય છે.

ભગવન્ ! જઘન્યસ્થિતિક મનુષ્યોને કેટલા પર્યાયો છે ? ગૌતમ ! અનંતા. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જઘન્યસ્થિતિક એક મનુષ્ય, બીજા મનુષ્યની અપેક્ષાએ દ્રવ્ય-પ્રદેશ-સ્થિતિરૂપે તુલ્ય છે. પણ અવગાહનારૂપે ચતુઃસ્થાન પતિત છે. વર્ણાદિચાર પર્યાય, બે અજ્ઞાન, બે દર્શન વડે છ સ્થાનપતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ સંબંધે જાણવું. પણ તેને બે જ્ઞાન, બે અજ્ઞાન, બે દર્શન હોય છે. મધ્યમ સ્થિતિવાળામાં પણ એમજ જાણવું. પણ સ્થિતિ અને અવગાહનાથી ચતુઃસ્થાન પતિત, આદિ ચાર જ્ઞાન વડે છ સ્થાન પતિત, કેવળજ્ઞાન વડે તુલ્ય, ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શન વડે છ સ્થાનપતિત, કેવળ દર્શનપર્યાયથી તુલ્ય છે.

જઘન્યગુણ કાળા વર્ણવાળા મનુષ્યોને કેટલા પર્યાયો છે ? ગૌતમ ! અનંતા. ભગવન્ ! એમ કેમ કહ્યું ? જઘન્ય કાળા વર્ણીય એક મનુષ્ય, બીજાની અપેક્ષાથી દ્રવ્ય અને પ્રદેશરૂપે તુલ્ય છે, અવગાહના અને સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત છે. કાળા વર્ણપર્યાયથી તુલ્ય છે. ત્રણ અજ્ઞાન, ત્રણ દર્શન વડે છ સ્થાનપતિત છે. કેવળદર્શનપર્યાયથી તુલ્ય છે એમ ઉત્કૃષ્ટ કાળાવર્ણવાળા સંબંધે જાણવું. મધ્યમ કાળા વર્ણવાળાને પણ એમ જ જાણવા. પણ સ્વસ્થાન આશ્રીને





છ સ્થાન પતિત હોય છે. એ પ્રમાણે પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ, આઠ સ્પર્શ સંબંધે જાણવું.

ભગવન્ ! જઘન્ય આભિનિબોધિકજ્ઞાની મનુષ્યોને કેટલા પર્યાયો છે ? ગૌતમ ! અનંતા પર્યાય છે ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જઘન્ય આભિનિ-બોધિકવાળો એક મનુષ્ય, બીજાની અપેક્ષાથી દ્રવ્ય અને પ્રદેશરૂપે તુલ્ય છે. પણ અવગાહના અને સ્થિતિ વડે ચતુઃસ્થાનપતિત છે. વર્ણાદિચારથી છ સ્થાન પતિત છે. આભિનિબોધિકજ્ઞાન પર્યાય વડે તુલ્ય છે. શ્રુતજ્ઞાનપર્યાય, બે દર્શન વડે છ સ્થાનપતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ આભિનિબોધિકજ્ઞાની સંબંધે જાણવું. પણ સ્થિતિ વડે ત્રિસ્થાન પતિત, ત્રણ જ્ઞાન અને ત્રણ દર્શનથી છ સ્થાનપતિત છે. મધ્યમ આભિનિબોધિક જ્ઞાની, ઉત્કૃષ્ટ૦ માફક જાણવા. પણ સ્થિતિ વડે ચતુઃસ્થાનપતિત અને સ્વસ્થાનથી છ સ્થાનપતિત હોય છે.

એ પ્રમાણે શ્રુતજ્ઞાની સંબંધે પણ જાણવું.

ભગવન્ ! જઘન્ય અવધિજ્ઞાની મનુષ્યોને કેટલા પર્યાયો છે ? ગૌતમ ! અનંતા. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જઘન્ય અવધિજ્ઞાની એક મનુષ્ય, બીજાની અપેક્ષાથી દ્રવ્ય અને પ્રદેશરૂપે તુલ્ય છે. પણ અવગાહના અને સ્થિતિથી ત્રિસ્થાનપતિત છે. વર્ણાદિ ચાર અને બે જ્ઞાનથી છ સ્થાન પતિત છે. અવધિજ્ઞાન-પર્યાયથી તુલ્ય, મનઃપર્યવ જ્ઞાન પર્યાય અને ત્રણ દર્શનથી છ સ્થાન પતિત હોય છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ અવધિજ્ઞાની પણ જાણવા. મધ્યમ અવધિજ્ઞાની પણ એમ જ જાણવા. પણ અવગાહનાથી ચતુઃસ્થાન પતિત અને સ્વસ્થાનથી છ સ્થાન પતિત છે.

અવધિની જેમ મનઃપર્યવજ્ઞાની પણ કહેવા. પરંતુ તે અવગાહનાથી ત્રણ સ્થાન પતિત હોય છે.

આભિનિબોધિક જ્ઞાની માફક મતિ અને શ્રુત અજ્ઞાની કહેવા.

અવધિજ્ઞાનીવત્ વિભંગ જ્ઞાની કહેવા.

ચક્ષુ અને અચક્ષુદર્શની આભિનિબોધિકજ્ઞાની માફક કહેવા.

અવધિદર્શની અવધિજ્ઞાની માફક જાણવા. પણ જ્યાં જ્ઞાન છે ત્યાં અજ્ઞાન નથી. અજ્ઞાન છે ત્યાં જ્ઞાન નથી. દર્શન છે ત્યાં જ્ઞાન અને અજ્ઞાન બંને હોય છે.

ભગવન્ ! કેવલજ્ઞાની મનુષ્યોને કેટલા પર્યાયો છે ? ગૌતમ ! અનંતા. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! કેવલજ્ઞાની એક મનુષ્ય બીજાની અપેક્ષાથી દ્રવ્ય અને પ્રદેશરૂપે તુલ્ય છે. અવગાહનાથી ચતુઃસ્થાન પતિત છે સ્થિતિથી ત્રિસ્થાન પતિત છે. વર્ણાદિચારથી છ સ્થાન પતિત છે. કેવલજ્ઞાન પર્યાયથી તુલ્ય છે. એમ કેવલદર્શની પણ છે.

[૩૨૧] વ્યંતરો, અસુરકુમારવત્ કહેવા. એ પ્રમાણે જ્યોતિષ્ક અને વૈમાનિક

*પણ જાણવા. પરંતુ સ્વસ્થાનથી ત્રિસ્થાનપતિત કહેવા.*

*- - તે આ જીવપર્યાયો કહ્યા.*

**● વિવેચન-૩૧૬ થી ૩૨૧ :-**

એ પ્રમાણે અસુરકુમારાદિ સૂત્રોને પણ વિચારવા, કેમકે પ્રાયઃ બધે સરખાં પાઠ છે. જઘન્ય અવગાહનાદિવાળા પૃથ્વી આદિ સૂત્રમાં સંખ્યાતા વર્ષોનું આયુ હોવાથી તેમની સ્થિતિથી ત્રિસ્થાનપતિત છે. તે પૂર્વે સામાન્ય પૃથ્વી૦ સૂત્રમાં વિચાર્યુ. પર્યાય વિચારણામાં મતિ અને શ્રુત અજ્ઞાન કહેવા, પણ જ્ઞાન ન કહેવા. કેમકે તેમાં સમ્યક્ત્વનો અસંભવ છે. તેથી સૂત્રમાં બે અજ્ઞાન વડે છસ્થાનપતિતપણું હોય છે. જઘન્ય અવગાહનાવાળા બેઈન્દ્રિયસૂત્રમાં બે જ્ઞાન, બે અજ્ઞાન વડે છ સ્થાન પતિતપણું કહ્યું. કેમકે - x - બેઈન્દ્રિયને અપર્યાપ્તાવસ્થામાં સાસ્વાદન સમ્યક્ત્વ હોય છે. સાસ્વાદન સમકિતને જ્ઞાન હોય છે, માટે તેમને મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન હોય છે. બાકીનાને અજ્ઞાન છે.

ઉત્કૃષ્ટ અવગાહનામાં અપર્યાપ્તાવસ્થાનો અભાવ હોવાથી સાસ્વાદન સમ્યક્ત્વ હોતું નથી માટે ત્યાં જ્ઞાન ન કહેવા. મધ્યમ અવગાહના પ્રથમ સમય બાદ હોય છે, તેથી અપર્યાપ્તાવસ્થા પણ તેમાં સંભવે છે માટે સાસ્વાદન સમ્યગ્દૃષ્ટિને જ્ઞાન હોય છે અને બીજાને અજ્ઞાન હોય છે. તેથી જ્ઞાન-અજ્ઞાન બંને કહેવા.

જઘન્યસ્થિતિસૂત્રમાં બે અજ્ઞાન જ કહેવા. જ્ઞાન ન કહેવા. કેમકે સૌથી જઘન્યસ્થિતિક લબ્ધિ અપર્યાપ્ત હોય છે. તે સંક્લિષ્ટ પરિણામી હોવાથી. તેમાં સાસ્વાદન સમ્યગ્દૃષ્ટિ ન ઉપજે. તેથી તેમને અજ્ઞાન જ હોય છે. ઉત્કૃષ્ટ સ્થિતિકમાં તો સાસ્વાદન સમકિત સહિત પણ ઉત્પન્ન થાય છે, માટે તેમાં જ્ઞાન અને અજ્ઞાન બંને કહેવા. એ પ્રમાણે મધ્યમ સ્થિતિ સૂત્ર પણ જાણવું.

વર્ણાદિભાવ પ્રતિપાદક સૂત્રો પાઠ માત્રથી સિદ્ધ છે. એ પ્રમાણે તેઈન્દ્રિયો, ચઉરિન્દ્રિયો પણ જાણવા. માત્ર ચઉરિન્દ્રિયને ચક્ષુદર્શન અધિક કહેવું.

જઘન્ય અવગાહનાવાળા તિર્યંચ પંચેન્દ્રિય સૂત્રમાં સ્થિતિથી ત્રિસ્થાનપતિત છે. અહીં સંખ્યાતાવર્ષાયુનો જ પંચેન્દ્રિય તિર્યંચ જઘન્યશરીરી હોય છે. પણ અસંખ્યાત વર્ષાયુ હોતો નથી. કેમકે અસંખ્યાતવર્ષાયુ, મહાશરીરી, કંકપક્ષી જેવી પાચનશક્તિ હોવાથી પુષ્ટાહારી તથા પ્રબળ ધાતૂપચયવાળા હોય છે. તેથી તેમને પુષ્કળ વીર્યપાત થાય છે. તદનુસાર ઉત્પત્તિ સમયે શરીર હોય છે. માટે તેમને જઘન્ય શરીર હોતું નથી. પણ સંખ્યાતા વર્ષાયુવાળો હોય છે. સ્થિતિ વડે ત્રિસ્થાનપતિત હોય છે. બે જ્ઞાન-બે અજ્ઞાનથી છ સ્થાન પતિત હોય. જઘન્યશરીરી તિર્યંચપંચેન્દ્રિય સંખ્યાતા વર્ષાયુવાળો અપર્યાપ્ત હોય છે, તે પણ અલ્પશરીરી તિર્યંચમાં ઉપજે છે. તેથી તેને અવધિ અને વિભંગજ્ઞાન અસંભવ છે. માટે બે જ્ઞાન, બે અજ્ઞાન કહ્યા. જે વિભંગજ્ઞાન સહિત નરકથી નીકળી સંખ્યાતા વર્ષાયુવાળા તિર્યંચ પંચે૦માં ઉપજે, તે સ્વભાવથી જ મોટા શરીરી તિર્યંચોમાં ઉપજે છે. જો એમ નહીં માનીએ તો સૂત્ર સાથે વિરોધ



થાય. - x -

ઉત્કૃષ્ટ શરીરી પંચે૦ તિર્યંચ સૂત્રમાં તેમને ત્રણ અજ્ઞાન હોવાનું કહ્યું, કેમકે શરીરની અવગાહના ૧૦૦૦ યોજન પ્રમાણ હોય તે ઉત્કૃષ્ટ અવગાહનાવાળો કહેવાય, તે સંખ્યાતા વર્ષાયુષ્ક અને પર્યાપ્ત હોય છે. તેથી તેને ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન સંભવે છે. તે ઉત્કૃષ્ટ અવગાહના વાળો સંખ્યાત વર્ષાયુ હોવાથી સ્થિતિ વડે ત્રિસ્થાન પતિત હોય છે. મધ્યમ અવગાહનામાં ચતુઃસ્થાન પતિત કહ્યું, કેમકે તે અસંખ્યાતા વર્ષાયુવાળો પણ હોય છે. યુક્તિ પૂર્વવત્.

જઘન્યસ્થિતિક તિર્યંચ પંચે૦ સૂત્રમાં બે અજ્ઞાન જ કહેવા. કેમકે જઘન્યસ્થિતિક લબ્ધિ અપર્યાપ્ત જ હોય. તેમાં સાસ્વાદન સમ્યગ્દૃષ્ટિની ઉત્પત્તિ થતી નથી. ઉત્કૃષ્ટ સ્થિતિક તિર્યંચ પંચે૦ સૂત્રમાં તેને બે જ્ઞાન, બે અજ્ઞાન હોય. કેમકે તે ત્રણ પલ્યોપમ સ્થિતિક હોય છે. જ્યારે તેને છ માસનું આયુ બાકી હોય અને વૈમાનિકનું આયુ બાંધે છે, ત્યારે તેને બે જ્ઞાન હોય છે.

મધ્યમસ્થિતિક તિર્યંચ પંચે૦ સૂત્રમાં તે સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત છે. કેમકે તે સંખ્યાતા વર્ષાયુવાળો હોય છે અને અસંખ્યાતા વર્ષાયુવાળો સમય ન્યૂન ત્રણ પલ્યોપમ સ્થિતિક પણ હોય છે, તે ચતુઃસ્થાન પતિત હોય છે.

જઘન્ય આભિનિબોધિક તિર્યંચ પંચે૦ સૂત્રમાં તે સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત હોય છે. કેમકે અસંખ્યાત વર્ષાયુષ્ક તિર્યંચ પંચે૦ જઘન્ય આભિનિબોધિક અને શ્રુતજ્ઞાન હોય છે. - x - એ કારણે જ સંખ્યાતા-અસંખ્યાતા વર્ષાયુષ્ક ચતુઃસ્થાન પતિત હોય છે.

ઉત્કૃષ્ટ આભિનિબોધિક સૂત્રમાં સ્થિતિ વડે તેને ત્રિસ્થાન પતિત કહેવા. કેમકે તે અવશ્ય સંખ્યાતા વર્ષાયુષ્ક હોય છે. સંખ્યાતા વર્ષાયુષ્ક ત્રિસ્થાનપતિત જ હોય છે. અવધિ અને વિભંગ સૂત્રમાં તેઓ સ્થિતિ વડે ત્રિસ્થાનપતિત કહ્યા. કેમકે અસંખ્યાતા વર્ષાયુષ્કને અવધિ અને વિભંગનો સંભવ છે. - x - x -

જઘન્ય અવગાહનાવાળા મનુષ્ય સૂત્રમાં મનુષ્યો સ્થિતિ વડે ત્રિસ્થાનપતિત કહેલાં છે. જઘન્ય અવગાહનાવાળો અવશ્ય સંખ્યાત વર્ષાયુષ્ક હોય છે, તે અવશ્ય ત્રિસ્થાન પતિત હોય.

જો કોઈ તીર્થંકર કે અનુત્તરોપપાતિક દેવ અપ્રતિપાતી અવધિજ્ઞાન વડે જઘન્ય અવગાહનામાં ઉત્પન્ન થાય ત્યારે અવધિજ્ઞાન પણ હોય માટે ત્રણ જ્ઞાન વડે છ સ્થાન પતિત હોય એમ કહ્યું. વિભંગજ્ઞાન ન હોય, માટે બે અજ્ઞાન કહ્યા.

ઉત્કૃષ્ટ અવગાહનાવાળા મનુષ્ય સ્થિતિથી કદાચન્યૂન૦ આદિ હોય. જો ન્યૂન હોય તો અસંખ્યાતમો ભાગ ન્યૂન હોય ઈત્યાદિ - x - કેમકે તેઓ ત્રણ ગાઉ ઉંચા હોય, સ્થિતિ જઘન્યથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન ત્રણ પલ્યોપમ હોય, ઉત્કૃષ્ટથી પલ્યોપમ હોય. - x - x - x - તેમને બે જ્ઞાન, બે અજ્ઞાન હોય. કેમકે ઉત્કૃષ્ટ અવગાહનાવાળા અસંખ્યાત વર્ષાયુષ્ક હોય છે. તેમને તથા સ્વભાવથી

અવધિજ્ઞાન અને વિભંગજ્ઞાનનો અસંભવ છે. માટે બે જ્ઞાન બે અજ્ઞાન હોય છે. તથા અવધિજ્ઞાન અને વિભંગજ્ઞાનનો અસંભવ છે. માટે બે જ્ઞાન બે અજ્ઞાન હોય છે તથા મધ્યમ અવગાહનાવાળો સંખ્યાત અને અસંખ્યાત વર્ષાયુષ્ક પણ હોય. અસંખ્યાત વર્ષાયુષ્કની પણ બે ગાઉ ઉંચાઈ હોય, માટે અવગાહના વડે ચતુઃસ્થાનપતિત સમજવો. સ્થિતિ વડે પણ ચતુઃસ્થાન પતિત જાણવો. આદિના ચાર જ્ઞાનથી છ સ્થાન પતિત છે. - x - x - સર્વ આવરણના ક્ષયોપશમથી કેવળમાં ભેદ ન હોય.

જઘન્યસ્થિતિક મનુષ્ય સૂત્રમાં તેમને બે અજ્ઞાનથી છ સ્થાનકો કહ્યા. કેમકે જઘન્યસ્થિતિક મનુષ્યો સંમૂર્છિમ હોય છે અને તે અવશ્ય મિથ્યાદૅષ્ટિ હોય છે. માટે તેમને અજ્ઞાન જ હોય છે.

ઉત્કૃષ્ટ સ્થિતિક મનુષ્ય સૂત્રમાં બે જ્ઞાન - બે અજ્ઞાન કહ્યા. અવધિ, વિભંગ અસંખ્યાતા વર્ષાયુષ્કને હોતાં નથી. મધ્યમ સ્થિતિક મનુષ્ય સંબંધી સૂત્ર, મધ્યમ અવગાહનાવાળા મનુષ્ય સૂત્ર માફક જાણવું.

જઘન્ય આભિનિબોધિક જ્ઞાનવાળા મનુષ્ય સૂત્રમાં બે જ્ઞાન, બે દર્શનો કહેવા. કેમકે આવો મનુષ્ય અવશ્ય અવધિ અને મનઃપર્યવજ્ઞાન રહિત હોય. કેમકે તેને પ્રબળ જ્ઞાનાવરણોદય હોય છે. તેથી બાકીના જ્ઞાનદર્શનનો અસંભવ હોવાથી આભિ૰પર્યાયથી તુલ્ય છે.

ઉત્કૃષ્ટ આભિનિબોધિક સૂત્રમાં સ્થિતિ વડે ત્રિસ્થાન પતિત છે. કેમકે તે અવશ્ય સંખ્યાતા વર્ષાયુષ્ક હોય છે. કેમકે અસંખ્યાત વર્ષાયુષ્કને તથાભવ્યત્વથી ઉત્કૃષ્ટ આભિનિબોધિકજ્ઞાન ન થાય.

જઘન્યઅવધિ અને ઉત્કૃષ્ટ અવધિ સૂત્રમાં અવગાહના વડે ત્રિસ્થાનપતિત કહેવો. કેમકે ઉક્ત સ્વરૂપ સૌથી જઘન્ય અવધિ જ્ઞાન મનુષ્યને પરભવથી આવેલ ન હોય. તે તદ્ભવિક અને પર્યાપ્તાવસ્થામાં જ થાય. ઉત્કૃષ્ટ અવધિ ભાવચારિત્રીને હોય. તેથી બંને અવધિ વાળા અવગાહનાથી ત્રિસ્થાનપતિત હોય. મધ્યમ અવધિ પરભવથી પણ આવેલ હોય. તેથી અપર્યાપ્તાવસ્થામાં પણ સંભવે માટે અવગાહના વડે ચતુઃસ્થાન પતિત છે. ત્રણે અવધિવાળા સ્થિતિથી ત્રિસ્થાન પતિત હોય - x - x -

ત્રણે મનઃપર્યવજ્ઞાની સ્થિતિ વડે ત્રિસ્થાનપતિત છે. કેમકે ચારિત્રવાળાને જ તે જ્ઞાન સંભવે. કેવળજ્ઞાનસૂત્રમાં કેવલી સમુદ્ઘાતને આશ્રીને અવગાહનાથી ચતુઃસ્થાનપતિત છે. - x - પણ શેષ કેવળજ્ઞાની ત્રિસ્થાનપતિત હોય છે. સ્થિતિ પણ તેમજ છે.

વ્યંતર, જ્યોતિષ્કાદિ પૂર્વવત્. એમ જીવ પર્યાયો કહ્યા.

● સૂત્ર-૩૨૨ થી ૩૨૫ :-

*[૩૨૨] ભગવન્ ! અજીવ પર્યાયો કેટલા ભેદે છે ? બે ભેદે. રૂપી અને અરૂપી અજીવપર્યાય. ભગવન્ ! અરૂપી અજીવ પર્યાયો કેટલા ભેદે છે ? ગૌતમ ! દશ ભેદે — ધર્માસ્તિકાય, ધર્મા૰ના દેશ, ધર્મા૰નીપ્રદેશ, અધર્માસ્તિકાય, અધર્મા૰ના દેશ, અધર્મા૰ના પ્રદેશ, આકાશાસ્તિકાય, આકા૰નાદેશ, આકા૰નાપ્રદેશ, અદ્ધા સમય.*

*[૩૨૩] ભગવન્ ! રૂપી અજીવપર્યાયો કેટલા ભેદે છે ? ગૌતમ ! ચાર ભેદે. સ્કંધ, સ્કંધદેશ, સ્કંધપ્રદેશ, પરમાણુ પુદ્ગલો. ભગવન્ ! તે સંખ્યાતા, અસંખ્યાતા કે અનંતા છે ? ગૌતમ ! અનંતા છે. ભગવન્ ! અનંતા કેમ કહ્યા ? ગૌતમ ! અનંતા પરમાણુ પુદ્ગલો, અનંતા દ્વીપ્રદેશિક સ્કંધ યાવત્ અનંતા દશપ્રદેશી સ્કંધ, અનંતા સંખ્યાતપ્રદેશી - અસંખ્યાતપ્રદેશી - અનંત પ્રદેશી સ્કંધ છે, માટે કહ્યું.*

*[૩૨૪] ભગવન્ ! પરમાણુ પુદ્ગલના કેટલા પર્યાયો છે ? ગૌતમ ! અનંતા. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! પરમાણુ એક પુદ્ગલ, બીજાની અપેક્ષાથી દ્રવ્ય-પ્રદેશ-અવગાહનારૂપે તુલ્ય છે. સ્થિતિથી કદાચ હીન, તુલ્ય કે અધિક છે. જો હીન હોય તો અસંખ્યાત ભાગ હીન કે સંખ્યાતભાગ કે સંખ્યાતગુણ કે અસંખ્યાત ગુણ હીન હોય. જો અધિક હોય તો અસંખ્યાતભાગ યાવત્ અસંખ્યાતગુણ અધિક હોય. કાળા વર્ણ પર્યાયથી કદાચ હીન, તુલ્ય કે અધિક હોય. જો હીન હોય તો અનંતભાગ-અસંખ્યાતભાગ-સંખ્યાતભાગ-સંખ્યાતગુણ-અસંખ્યાતગુણ-અનંતગુણહીન હોય. જો અધિક હોય તો અનંતભાગ યાવત્ અનંતગુણ અધિક હોય.*

*એ પ્રમાણે બાકીના વર્ણો, ગંધ-રસ-સ્પર્શ પર્યાયથી છ સ્થાનપતિત છે. સ્પર્શમાં શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, રૂક્ષ પર્યાય વડે પણ છ સ્થાન પતિત છે. માટે ગૌતમ ! તેના અનંત પર્યાયો કહ્યા.*

*દ્વિપ્રદેશિક સ્કંધોનો પ્રશ્ન. ગૌતમ ! અનંતા પર્યાયો છે. એમ કેમ કહ્યું ? એક દ્વિપ્રદેશી સ્કંધ, બીજાની અપેક્ષાથી દ્રવ્ય અને પ્રદેશ રૂપે તુલ્ય છે. અવગાહનાથી કદાચ ન્યૂન, તુલ્ય કે અધિક હોય. જો ન્યૂન હોય તો પ્રદેશન્યૂન અને અધિક હોય તો પ્રદેશ અધિક હોય. સ્થિતિ વડે ચતુઃસ્થાનપતિત હોય. વર્ણાદિ અને ઉક્ત ચાર સ્પર્શથી છ સ્થાનપતિત હોય.*

*એ પ્રમાણે ત્રિપ્રદેશી સ્કંધ છે. પણ અવગાહના વડે કદાચ ન્યૂન, તુલ્ય કે અધિક હોય. ન્યૂન હોય તો એક કે બે પ્રદેશ ન્યૂન અને અધિક હોય તો એક કે બે પ્રદેશ અધિક હોય. એ પ્રમાણે દશ પ્રદેશી સ્કંધ સુધી કહેવું. પણ અવગાહનામાં પ્રદેશની વૃદ્ધિ દશ પ્રદેશ સુધી કરવી. અવગાહના નવપ્રદેશ ન્યૂન જાણવી.*

*સંખ્યાતપ્રદેશી સ્કંધનો પ્રશ્ન - ગૌતમ ! અનંતાપર્યાય છે. ભગવન્ ! એમ કેમ કહ્યું ? એક સંખ્યાતપ્રદેશી સ્કંધ, બીજાથી દ્રવ્યાર્થથી તુલ્ય છે, પ્રદેશરૂપે કદાચ ન્યૂન, તુલ્ય કે અધિક હોય. જો ન્યૂન હોય તો સંખ્યાત ભાગ કે સંખ્યાતગુણ ન્યૂન હોય. અધિક હોય તો એમ જ હોય. અવગાહનાથી*

દ્વિસ્થાનપતિત, સ્થિતિથી ચતુઃસ્થાન પતિત. વર્ણાદિ અને ઉક્ત ચાર સ્પર્શથી છ સ્થાન પતિત.

અસંખ્યાતપ્રદેશી સ્કંધનો પ્રશ્ન — ગૌતમ ! અનંતા પર્યાયો છે. એમ કેમ કહ્યું ? ગૌતમ ! તે એકબીજાની અપેક્ષાથી દ્રવ્યથી તુલ્ય, પ્રદેશ અને અવગાહનાથી ચતુઃસ્થાન પતિત, વર્ણાદિ અને ઉક્ત ચાર સ્પર્શથી છ સ્થાનપતિત હોય છે.

અનંતપ્રદેશી સ્કંધનો પ્રશ્ન — ગૌતમ ! અનંતા પર્યાયો છે. એમ કેમ કહ્યું ? એકબીજાની અપેક્ષાથી દ્રવ્યરૂપે તુલ્ય, પ્રદેશથી છ સ્થાનપતિત, અવગાહના અને સ્થિતિથી ચતુઃસ્થાન પતિત છે. વર્ણાદિ ચાર પર્યાયોથી છ સ્થાન પતિત્ છે.

એકપ્રદેશાવગાઢ પુદ્‌ગલોની સંખ્યા - તે અનંતા છે. એમ કેમ કહ્યું ? એકબીજાથી તે દ્રવ્યથી તુલ્ય, પ્રદેશથી છ સ્થાન પતિત, અવગાહનાથી તુલ્ય, સ્થિતિથી ચતુઃસ્થાનપતિત, વર્ણાદિ અને ઉક્ત ચાર સ્પર્શથી છ સ્થાન પતિત છે. એ રીતે દ્વિપ્રદેશાવગાઢ સંબંધે જાણવું.

સંખ્યાતપ્રદેશાવગાઢ પુદ્‌ગલો૦ અનંતા છે. કેમકે એક બીજાની અપેક્ષા તે દ્રવ્યથી તુલ્ય છે, પ્રદેશથી છ સ્થાન પતિત છે. અવગાહનાથી દ્વિસ્થાન પતિત, સ્થિતિથી ચતુઃસ્થાન પતિત અને વર્ણાદિ તથા ઉક્ત ચાર સ્પર્શ વડે છ સ્થાન પતિત છે.

એક સમય સ્થિતિક પુદ્‌ગલો૦ અનંતા છે. કેમકે તેઓ પરસ્પર દ્રવ્યથી તુલ્ય છે, પ્રદેશથી છ સ્થાન, અવગાહનાથી ચતુઃસ્થાનપતિત, સ્થિતિથી તુલ્ય, વર્ણાદિ તથા આઠે સ્પર્શથી છસ્થાન પતિત છે. એ પ્રમાણે દશ સમય સ્થિતિક પુદ્‌ગલો જાણવા.

સંખ્યાત સમય સ્થિતિકમાં તેમજ છે, પણ તે સ્થિતિથી દ્વિસ્થાન પતિત છે. અસંખ્યાત સમયસ્થિતિક પુદ્‌ગલોમાં પણ તેમજ છે. પણ સ્થિતિ વડે તે ચતુઃસ્થાનપતિત છે.

એક ગુણકાળા પુદ્‌ગલો ? અનંતા પર્યાયો છે. એમ કેમ ? તેઓ પરસ્પર દ્રવ્યરૂપે તુલ્ય, પ્રદેશથી છ સ્થાનપતિત, અવગાહના અને સ્થિતિથી ચતુઃસ્થાનપતતિ, કાળા વર્ણપર્યાયથી તુલ્ય, વર્ણાદિ ચારેથી છ સ્થાનપતિત છે. એ પ્રમાણે દશગુણકાળા પુદ્‌ગોલ જાણવા.

સંખ્યાતગુણ કાળા પુદ્‌ગલોમાં એમજ છે, પણ સ્વસ્થાને દ્વિસ્થાનપતિત છે. એ રીતે અસંખ્યાતગુણ કાળા વર્ણમાં પણ જાણવું. પણ તે છ સ્થાનપતિત છે. આ પ્રમાણે બાકીના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શની વક્તવ્યતા અનંતગુણ રૂક્ષ પુદ્‌ગલ સુધી કહેવી.

જઘન્ય અવગાહનાવાળા દ્વિપ્રદેશી સ્કંધ ? અનંતા પર્યાયો છે. કેમકે — પરસ્પર દ્રવ્ય-પ્રદેશ-અવગાહનાથી તુલ્ય છે, સ્થિતિથી ચતુઃસ્થાન પતિત છે, વર્ણાદિ ચાર અને ઉક્ત ચાર સ્પર્શથી છ સ્થાન પતિત છે. - x - ઉત્કૃષ્ટ



અવગાહનાવાળામાં પણ એમજ જાણવું. મધ્યમ અવગાહનાવાળા દ્વિપ્રદેશી-સ્કંધ નથી.

જઘન્ય અવગાહનાવાળા ત્રિપ્રદેશી પુદ્‌ગલોની સંખ્યા ? તે અનંતા છે. દ્વિપ્રદેશી સ્કંધ મુજબ કહેવું. ઉત્કૃષ્ટ અવગાહનાવાળા સંબંધે પણ એમ જ છે. એ પ્રમાણે મધ્યમ અવગાહનામાં પણ છે.

જઘન્ય અવગાહનાવાળા ચતુઃપ્રદેશી સ્કંધમાં પણ ત્રણે અવગાહનાવાળામાં તેમજ કહેવું. પણ મધ્યમમાં અવગાહના વડે કદાચ ન્યૂન, તુલ્ય કે અધિક હોય. જો ન્યૂન હોય તો પ્રદેશ ન્યૂન, અધિક હોય તો પ્રદેશ અધિક હોય. એ પ્રમાણે દશ પ્રદેશી સ્કંધ સુધી જાણવું. પણ મધ્યમ અવગાહનામાં પ્રદેશની વૃદ્ધિ કરવી.

જઘન્ય અવગાહનાવાળા સંખ્યાત પ્રદેશી પુદ્‌ગલોની સંખ્યા ? અનંતા પર્યાયો છે. કેમકે તે સ્કંધ પરસ્પર દ્રવ્યાર્થથી તુલ્ય, પ્રદેશાર્થથી દ્વિસ્થાનપતિત, અવગાહનાથી તુલ્ય, સ્થિતિથી ચતુઃસ્થાનપતિત, વર્ણાદિ અને ચાર સ્પર્શથી છ સ્થાન પતિત છે. એમ ઉત્કૃષ્ટ અવગાહનાવાળાને પણ જાણવા. મધ્યમમાં પણ તેમજ છે. પરંતુ સ્વસ્થાનથી દ્વિસ્થાનપતિત છે.

જઘન્ય અવગાહનાવાળા અસંખ્યાતપ્રદેશી સ્કંધ વિશે પ્રશ્ન - અનંતા પર્યાયો છે. કેમકે તેઓ પરસ્પર દ્રવ્યથી તુલ્ય, પ્રદેશથી ચતુઃસ્થાન પતિત છે. વર્ણાદિ તથા ચાર સ્પર્શોથી છ સ્થાન પતિત છે. એ રીતે ઉત્કૃષ્ટ અવગાહનામાં જાણવું. મધ્યમ અવગાહના સ્કંધમાં પણ એમ જ છે. પણ સ્વસ્થાનમાં ચતુઃસ્થાનપતિત છે.

જઘન્ય અવગાહનાવાળા અનંતપ્રદેશી સ્કંધની પૃચ્છા-તેના અનંત પર્યાયો છે. કેમકે - તેઓ પરસ્પર દ્રવ્યાર્થથી તુલ્ય છે. પ્રદેશાર્થથી છ સ્થાન પતિત, અવગાહનાથી તુલ્ય, સ્થિતિથી છ સ્થાન પતિત, વર્ણાદિ અને ઉક્ત ચાર સ્પર્શ વડે છ સ્થાન પતિત છે. ઉત્કૃષ્ટ અવગાહનાવાળા અનંતપ્રદેશી સ્કંધનો પ્રશ્ન - તેના અનંતપર્યાયો છે. કેમકે — તેઓ પરસ્પર દ્રવ્યથી તુલ્ય છે, પ્રદેશથી છ સ્થાનપતિત છે. અવગાહના અને સ્થિતિ પણ ચતુઃસ્થાનપતિત છે. વર્ણાદિ અને આઠે સ્પર્શ વડે છ સ્થાનપતિત છે.

જઘન્યસ્થિતિક પરમાણુ પુદ્‌ગલોનો પ્રશ્ન - તેઓના અનંતા પર્યાયો છે. કેમકે — તેઓ પરસ્પર દ્રવ્ય-પ્રદેશ-અવગાહના અને સ્થિતિથી તુલ્ય છે. વર્ણાદિ અને બે સ્પર્શથી છ સ્થાન પતિત છે. એમ ઉત્કૃષ્ટ સ્થિતિક પરમાણુને પણ જાણવા. મધ્યમસ્થિતિકમાં પણ એમ જ છે. પરંતુ સ્થિતિ વડે ચતુઃસ્થાનપતિત છે.

જઘન્યસ્થિતિક દ્વિપ્રદેશી સ્કંધનો પ્રશ્ન - તેના અનંતા પર્યાયો છે. કેમકે — તેઓ પરસ્પર દ્રવ્ય અને પ્રદેશથી તુલ્ય છે. અવગાહનારૂપે કદાચ ન્યૂન, તુલ્ય કે અધિક હોય. જો ન્યૂન હોય તો પ્રદેશ ન્યૂન અને અધિક હોય તો પ્રદેશ અધિક હોય. સ્થિતિ વડે તુલ્ય, વર્ણાદિ અને ચાર સ્પર્શ વડે છ સ્થાનપતિત

હોય. એ પ્રમાણે ઉત્કૃષ્ટ સ્થિતિકને જાણવા. મધ્યમ સ્થિતિકમાં પણ એમ જ જાણવું, પણ સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત હોય છે. એ પ્રમાણે દશ પ્રદેશી સુધી જાણવું. પણ પ્રદેશની વૃદ્ધિ કરવી.

જઘન્ય સ્થિતિક સંખ્યાતપ્રદેશી સ્કંધનો પ્રશ્ન. તેને અનંતા પર્યાયો છે. કેમકે - તેઓ પરસ્પર દ્રવ્યથી તુલ્ય, પ્રદેશ અને અવગાહનાથી દ્વિસ્થાનપતિત, સ્થિતિથી તુલ્ય, વર્ણાદિ અને ચાર સ્પર્શથી છ સ્થાન પતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ સ્થિતિકમાં કહેવું. મધ્યમ સ્થિતિક તેમજ છે. પણ સ્થિતિથી ચતુઃસ્થાન પતિત છે.

જઘન્યસ્થિતિક અસંખ્યાતપ્રદેશીક પુદ્ગલોનો પ્રશ્ન—તેના અનંતા પર્યાયો છે. કેમકે — તેઓ પરસ્પર દ્રવ્યથી તુલ્ય છે, પ્રદેશ અને અવગાહનાથી ચતુઃસ્થાનપતિત, સ્થિતિથી તુલ્ય, વર્ણાદિ અને ઉક્ત ચાર સ્પર્શ વડે છ સ્થાનપતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ સ્થિતિક છે. મધ્યમ સ્થિતિક પણ તેમજ છે. પણ સ્થિતિ વડે ચતુઃસ્થાનપતિત છે.

જઘન્યસ્થિતિક અનંતપ્રદેશિક સ્કંધનો પ્રશ્ન-તેના અનંતા પર્યાયો છે. કેમકે - તેઓ પરસ્પર દ્રવ્યાર્થથી તુલ્ય, પ્રદેશાર્થથી છ સ્થાનપતિત, અવગાહનાથી ચતુઃસ્થાન પતિત, સ્થિતિથી તુલ્ય, વર્ણાદિ તથા આઠે સ્પર્શથી છ સ્થાન પતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટસ્થિતિક જાણવા. મધ્યમસ્થિતિક એમ જ છે. પણ સ્થિતિથી ચતુઃસ્થાન પતિત.

જઘન્ય કાળા વર્ણવાળા પરમાણુ પુદ્ગલનો પ્રશ્ન - તેના અનંત પર્યાયો છે. કેમકે — તેઓ પરસ્પર દ્રવ્ય-પ્રદેશ-અવગાહનારૂપે તુલ્ય છે, સ્થિતિથી ચતુઃસ્થાન પતિત છે, કાળા વર્ણપર્યાયથી તુલ્ય છે, બાકીના વર્ણો નથી. ગંધ, રસ, બે સ્પર્શથી છ સ્થાનપતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ કાળા વર્ણવાળા પરમાણુમાં જાણવું. મધ્યમ કાળાવર્ણવાળામાં પણ તેમજ છે. પણ સ્વસ્થાનથી છ સ્થાન પતિત છે.

જઘન્યકાળા વર્ણવાળા દ્વિપ્રદેશી સ્કંધનો પ્રશ્ન - તેના અનંતા પર્યાયો છે. કેમકે - તેઓ પરસ્પર દ્રવ્ય અને પ્રદેશથી તુલ્ય છે, અવગાહનાથી કદાચ ન્યૂન, તુલ્ય કે અધિક હોય. જો ન્યૂન હોય તો પ્રદેશ ન્યૂન હોય, અધિક હોય તો પ્રદેશ અધિક છે. સ્થિતિથી ચતુઃસ્થાન પતિત, કાળા વર્ણપર્યાયથી તુલ્ય, બાકીના વર્ણાદિ અને ચાર સ્પર્શ વડે છ સ્થાનપતિત છે. એમ ઉત્કૃષ્ટ કાળા વર્ણને જાણવા. મધ્યમ કાળા વર્ણવાળામાં પણ તેમજ છે. પરંતુ સ્વસ્થાનથી છ સ્થાન પતિત છે. એ પ્રમાણે યાવત્ દશપ્રદેશી સ્કંધ સુધી જાણવું. પરંતુ અવગાહનામાં તે પ્રમાણે જ પ્રદેશવૃદ્ધિ કરવી.

જઘન્ય ગુણ કાળા સંખ્યાત પ્રદેશી સ્કંધોનો પ્રશ્ન - તેના અનંતા પર્યાયો છે. કેમકે — તેઓ પરસ્પર દ્રવ્યથી તુલ્ય, પ્રદેશ અને અવગાહનાથી દ્વિસ્થાનપતિત



છે, સ્થિતિથી ચતુઃસ્થાનપતિત છે. કાળા વર્ણ પર્યાયથી તુલ્ય છે. બાકીના વર્ણાદિ અને ઉક્ત ચાર સ્પર્શ વડે છ સ્થાનપતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ કાળા વર્ણવાળા પણ છે. મધ્યમ કાળા વર્ણવાળા પણ એમજ છે. પણ સ્વસ્થાનથી છ સ્થાન પતિત હોય છે.

જઘન્યગુણ કાળા અસંખ્યાત પ્રદેશી સ્કંધનો પ્રશ્ન - તેઓના અનંતા પર્યાયો છે. કેમકે - તેઓ પરસ્પર દ્રવ્યથી તુલ્ય છે. પ્રદેશ અને સ્થિતિથી ચતુઃસ્થાન પતિત છે. કાળા વર્ણપર્યાયથી તુલ્ય છે. બાકીના વર્ણાદિ અને ઉક્ત ચાર સ્પર્શથી છ સ્થાન પતિત છે. અવગાહનાથી ચતુઃસ્થાન પતિત છે. એ રીતે ઉત્કૃષ્ટકાળા વર્ણવાળા છે. મધ્યમ પણ એમજ છે. પણ સ્વસ્થાનથી છ સ્થાનપતિત છે.

જઘન્ય ગુણ કાળા અનંતપ્રદેશી પુદ્ગલોનો પ્રશ્ન - તેના અનંતા પર્યાયો છે. કેમકે - તેઓ પરસ્પર દ્રવ્યથી તુલ્ય, પ્રદેશથી છ સ્થાન પતિત, અવગાહનાથી ચાર સ્થાન પતિત, સ્થિતિ પણ તેમજ, કાળા વર્ણ પર્યાયથી તુલ્ય, બાકીના વર્ણાદિ અને આઠ સ્પર્શથી છ સ્થાન પતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ કાળા વર્ણમાં જાણવું. મધ્યમ કાળા વર્ણમાં એમજ છે. પણ સ્વસ્થાનથી છ સ્થાન પતિત છે.

એ પ્રમાણે નીલ, લાલ, પીળા, ધોળા, બંને ગંધ, પાંચે રસની વક્તવ્યતા પણ કહેવી. પણ સુગંધીવાળા પરમાણુ પુદ્ગલને દુર્ગન્ધી ન કહેવા, દુર્ગંધીવાળાને સુગંધી ન કહેવા. એક રસમાં બીજા રસો ન કહેવા.

જઘન્ય કર્કશ ગુણવાળા અનંતપ્રદેશી સ્કંધનો પ્રશ્ન - તેના અનંત પર્યાયો છે. કેમકે - તેઓ પરસ્પર દ્રવ્યથી તુલ્ય, પ્રદેશથી છ સ્થાનપતિત, અવગાહના અને સ્થિતિથી ચતુઃસ્થાનપતિત, વર્ણાદિ ચારથી છ સ્થાન પતિત છે. કર્કશ સ્પર્શ પર્યાયથી તુલ્ય, બાકીના સાતે સ્પર્શ પર્યાય વડે છ સ્થાનપતિત છે. એ રીતે ઉત્કૃષ્ટ કર્કશ ગુણવાળાને જાણવા. મધ્યમ કર્કશ ગુણવાળાને એમજ જાણવા. પણ સ્વ સ્થાનથી છ સ્થાન પતિત છે. એમ મૃદુ, ગુરુ, લઘુ સ્પર્શમાં પણ કહેવું.

જઘન્ય શીતગુણવાળા પરમાણુ પુદ્ગલના પ્રશ્ન - તેના અનંતા પર્યાયો છે. કેમકે - તેઓ પરસ્પર દ્રવ્ય-પ્રદેશ-અવગાહના રૂપે તુલ્ય છે. સ્થિતિથી ચતુઃસ્થાન પતિત, વર્ણ-ગંધ-રસથી છ સ્થાન પતિત, શીત સ્પર્શથી તુલ્ય, ઉષ્ણ સ્પર્શ નથી, સ્નિગ્ધ અને રુક્ષ સ્પર્શ પર્યાયથી છ સ્થાન પતિત છે.

જઘન્ય શીતગુણવાળા દ્વિપ્રદેશી પુદ્ગલોનો પ્રશ્ન - તેના અનંત પર્યાયો છે. કેમકે - તેઓ પરસ્પર દ્રવ્ય અને પ્રદેશથી તુલ્ય છે, અવગાહનાથી કદાચ તુલ્ય, ન્યૂન કે અધિક છે. જો ન્યૂન હોય તો પ્રદેશ ન્યૂન, અધિક હોય તો પ્રદેશ અધિક હોય. સ્થિતિથી ચતુઃસ્થાન પતિત હોય. વર્ણ, ગંધ, રસપર્યાયથી છ સ્થાન પતિત છે. શીતસ્પર્શથી તુલ્ય છે. ઉષ્ણ-સ્નિગ્ધ-રુક્ષ સ્પર્શ પર્યાયથી છ

*સ્થાનપતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ શીતગુણવાળા જાણવા. મધ્યમશીતગુણવાળા પણ તેમજ છે. પણ સ્વસ્થાનથી છ સ્થાન પતિત છે. એમ દશ પ્રદેશી સ્કંધ સુધી જાણવું, પણ અવગાહના વડે પ્રદેશની વૃદ્ધિ કરવી - x -*

*જઘન્ય શીતગુણવાળા સંખ્યાત પ્રદેશી સ્કંધનો પ્રશ્ન - તેના અનંતા પર્યાયો છે. કેમકે તેઓ પરસ્પર દ્રવ્યથી તુલ્ય, પ્રદેશ અને અવગાહનાથી દ્વિસ્થાન પતિત, સ્થિતિથી ચતુઃસ્થાન પતિત વર્ણાદિથી છ સ્થાન પતિત, શીત સ્પર્શપર્યાયથી તુલ્ય, ઉષ્ણ-સ્નિગ્ધ-રૂક્ષપર્યાયથી છ સ્થાનપતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટશીત ગુણવાળા જાણવા. મધ્યમ શીતગુણવાળા તેમજ છે. પરંતુ સ્વસ્થાનને આશ્રીને તે છસ્થાનપતિત હોય છે.*

*જઘન્ય શીતગુણવાળા અસંખ્યાતપ્રદેશી પુદ્‌ગલોનો પ્રશ્ન-તેઓના અનંત પર્યાયો છે. કેમકે — તેઓ પરસ્પર દ્રવ્યથી તુલ્ય, પ્રદેશ-અવગાહના અને સ્થિતિથી ચતુઃસ્થાન પતિત, વર્ણાદિથી છ સ્થાન પતિત, શીતસ્પર્શપર્યાયથી તુલ્ય, ઉષ્ણ-સ્નિગ્ધ-રૂક્ષ સ્પર્શથી છ સ્થાન પતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ શીત સ્પર્શવાળા જાણવા. મધ્યમ૦ તેમજ છે. પણ સ્વ સ્થાનને આશ્રીને છ સ્થાન પતિત છે.*

*જઘન્ય શીતગુણવાળા અનંતપ્રદેશી પુદ્‌ગલોનો પ્રશ્ન - તેના અનંતા પર્યાયો છે. કેમકે — તેઓ પરસ્પર દ્રવ્યથી તુલ્ય, પ્રદેશથી છ સ્થાન પતિત, અવગાહના અને સ્થિતિથી ચતુઃસ્થાન પતિત, વર્ણાદિ પર્યાયથી છ સ્થાનપતિત, શીત સ્પર્શથી તુલ્ય, બાકીના સાતે સ્પર્શથી છ સ્થાનપતિત છે.*

*એ પ્રમાણે ઉત્કૃષ્ટ શીત સ્પર્શવાળા જાણવા. મધ્યમશીત સ્પર્શવાળા તેમજ છે. પણ સ્વસ્થાનથી છ સ્થાન પતિત છે. એ પ્રમાણે ઉષ્ણ, સ્નિગ્ધ, રૂક્ષ સ્પર્શમાં પણ જાણવું. પરમાણુ પુદ્‌ગલમાં તેમજ છે પણ બધાંને પ્રતિપક્ષ વર્ણાદિ ન કહેવા.*

*[૩૨૫] જઘન્ય પ્રદેશિક સ્કંધોનો પ્રશ્ન - તેઓના અનંત પર્યાયો છે. કેમકે — તેઓ પરસ્પર દ્રવ્યાર્થ-પ્રદેશાર્થથી તુલ્ય, અવગાહના રૂપે કદાચ ન્યૂન, તુલ્ય કે અધિક હોય. જો ન્યૂન હોય તો પ્રદેશન્યૂન અને અધિક હોય તો પ્રદેશ અધિક હોય. સ્થિતિ વડે ચતુઃસ્થાન પતિત, વર્ણાદિ અને ઉક્ત ચાર સ્પર્શ પર્યાયથી છ સ્થાન પતિત હોય છે.*

*ઉત્કૃષ્ટપ્રદેશવાળા સ્કંધોનો પ્રશ્ન - તેઓના અનંત પર્યાયો છે. કેમકે - તેઓ પરસ્પર દ્રવ્ય અને પ્રદેશથી તુલ્ય છે. અવગાહના અને સ્થિતિથી ચતુઃસ્થાન પતિત, વર્ણાદિ અને આઠ સ્પર્શ પર્યાયો વડે છ સ્થાન પતિત હોય છે. મધ્યમપ્રદેશ પરિમાણવાળા સ્કંધોના કેટલા પર્યાય છે ? અનંત. કઈ રીતે ? તેઓ પરસ્પર દ્રવ્યાર્થથી તુલ્ય છે, પ્રદેશાર્થથી છ સ્થાન પતિત, અવગાહના અને સ્થિતિથી ચતુઃ સ્થાન પતિત, વર્ણાદિ અને આઠ સ્પર્શ પર્યાયોથી છ સ્થાન પતિત છે.*

*જઘન્ય અવગાહનાવાળા પુદ્‌ગલોનો પ્રશ્ન - તેના અનંતા પર્યાયો છે.*



*કેમકે — તેઓ પરસ્પર દ્રવ્યાર્થથી તુલ્ય, પ્રદેશાર્થથી છ સ્થાન પતિત, અવગાહનાથી તુલ્ય, સ્થિતિથી ચતુઃસ્થાનપતિત, વર્ણાદિ અને આઠ સ્પર્શ પર્યાયથી છ સ્થાન પતિત છે. ઉત્કૃષ્ટ અવગાહનાવાળામાં એમ જ જાણવું. પણ સ્થિતિથી તુલ્ય છે. મધ્યમાવગાહના પુદ્‌ગલોના અનંત પર્યાયો છે. કેમકે — તેઓ પરસ્પર દ્રવ્યથી તુલ્ય છે, પ્રદેશથી છ સ્થાન પતિત, અવગાહના અને સ્થિતિથી ચતુઃસ્થાન પતિત, વર્ણાદિ અને આઠ સ્પર્શ પર્યાયથી છ સ્થાન પતિત છે.*

*જઘન્યસ્થિતિક પુદ્‌ગલોનો પ્રશ્ન - તેના અનંત પર્યાયો છે. કેમકે - તેઓ પરસ્પર દ્રવ્યાર્થથી તુલ્ય, પ્રદેશાર્થથી છ સ્થાન પતિત, અવગાહનાથી ચતુઃસ્થાન પતિત, સ્થિતિથી તુલ્ય, વર્ણાદિ અને આઠ સ્પર્શ પર્યાયથી છ સ્થાનપતિત છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ સ્થિતિક૦ જાણવા. મધ્યમ સ્થિતિક૦ તેમજ છે. પણ સ્થિતિથી ચતુઃસ્થાન પતિત છે.*

*જઘન્યગુણ કાળા પુદ્‌ગલોનો પ્રશ્ન - તેના અનંત પર્યાય છે. કેમકે - તેઓ પરસ્પર દ્રવ્યાર્થથી તુલ્ય, પ્રદેશાર્થથી છ સ્થાન પતિત, અવગાહના અને સ્થિતિથી ચતુઃસ્થાન પતિત, કાળા વર્ણ પર્યાયથી તુલ્ય, બાકીના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ પર્યાયથી છ સ્થાન પતિત છે - x - એમ ઉત્કૃષ્ટ કાળા વર્ણવાળા માટે જાણવું, મધ્યમ ગુણ કાળા પણ તેમજ છે. પણ સ્વસ્થાનને આશ્રીને છ સ્થાન પતિત છે.*

*કાળા વર્ણ માફક બાકીના વર્ણો, ગંધ-રસ-સ્પર્શની વક્તવ્યતા કહેવી - x -*

**● વિવેચન-૩૨૨ થી ૩૨૫ :-**

અજીવ પર્યાયો બે ભેદે - રૂપી અને અરૂપી. રૂપ એ ગંધ, રસ અને સ્પર્શનું સૂચક છે. તેથી રૂપાદિ જેને છે, તે રૂપી. તેવા રૂપી અજીવના પર્યાયો - પુદ્‌ગલના પર્યાયો કહેવાય છે. તેથી વિપરીત અરૂપી અજીવના પર્યાયો છે. રૂપી અજીવના પર્યાયો દશ ભેદે - ધર્માસ્તિકાયાદિ.

ધર્માસ્તિકાય - પ્રદેશના પ્રચયરૂપ દ્રવ્ય છે, તેના અર્દ્ધાદિ રૂપ વિભાગ તે ધર્માસ્તિકાય દેશ, તેનો નિર્વિભાગ સૂક્ષ્મ ભાગ તે પ્રદેશ. એ પ્રમાણે અધર્માસ્તિકાયાદિને કહેવા. - x - (પ્રશ્ન) અહીં પર્યાયો કહેવાને આરંભેલ છતાં દ્રવ્ય માત્રનો ઉપન્યાસ કેમ ? [ઉત્તર] પર્યાય અને પર્યાયીનો અભેદ બતાવવા માટે દ્રવ્યનો ઉપન્યાસ કર્યો છે.

તે સ્કંધાદિ પ્રત્યેક સંખ્યાતા, અસંખ્યાતા, અનંતા છે ? અનંતા છે. ''શા હેતુથી ?'' ઈત્યાદિ પાઠ સિદ્ધ જાણવું.

હવે દંડક-પાઠક્રમથી પરમાણુ પુદ્‌ગલાદિના પર્યાયો વિચારવા યોગ્ય છે. ક્રમ આ રીતે — પહેલા સામાન્યથી પરમાણુ આદિ, પછી એક પ્રદેશાદિ અવગાઢ પરમાણુ આદિ, પછી એક સમયાદિ સ્થિતિક પરમાણુ આદિ, પછી એક ગુણ કાળા આદિ, પછી જઘન્યાદિ અવગાહના, પછી જઘન્ય સ્થિત્યાદિ, પછી જઘન્ય ગુણ કાળા વગેરે,

પછી જઘન્ય પ્રદેશાદિના ભેદ વડે વિચાર કરવો યોગ્ય છે. - x -

પહેલા પરમાણુ આદિનો સામાન્ય વિચાર, પછી ક્ષેત્રાદિ સહિત પરમાણુ આદિનો વિચાર, આદિથી કાળ અને ભાવ લેવા. - x - x - પછી જઘન્ય અવગાહનાદિવાળા પરમાણુ આદિ. આદિ શબ્દથી મધ્યમ અને ઉત્કૃષ્ટ લેવા, સ્થિતિ અને કાળા વર્ણાદિના ત્રણે ભેદો લેવા. પછી જઘન્ય, ઉત્કૃષ્ટ અને મધ્યમ પ્રદેશવાળાનો વિચાર કરવો.

પહેલા પરમાણુનો વિચાર કરે છે — પરમાણુ સ્થિતિ વડે ચાર સ્થાન પતિત છે. કેમકે એક સમયથી આરંભી અસંખ્યાતાકાળ સુધી એક સ્થાને રહે છે. કાળા વગેરે વર્ણના પર્યાયથી ષટ્સ્થાન પતિત છે, કેમકે એક પરમાણુના અનંત પર્યાય અવિરોધપણે છે. - x - x -

પરમાણુથી આરંભી અસંખ્યાતપ્રદેશી સ્કંધ સુધી કેટલાંક અનંતપ્રદેશી સ્કંધોનો તથા એકપ્રદેશાવગાઢથી સંખ્યાત પ્રદેશાવગાઢ સ્કંધોને શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, રૂક્ષરૂપ ચાર સ્પર્શો હોય છે. માટે તે સ્પર્શો વડે જ પરમાણુ આદિ છ સ્થાન પતિત હોય છે. દ્વિપ્રદેશી સ્કંધ અવગાહના રૂપે કદાચ ન્યૂન, તુલ્ય કે અધિક હોય. બંને દ્વિપ્રદેશી સ્કંધો દ્વિપ્રદેશાવગાઢ, એક પ્રદેશાવગાઢ હોય ત્યારે બંને તુલ્ય અવગાહનાવાળા હોય છે. પણ જો એક દ્વિપ્રદેશાવગાઢ અને બીજો એક પ્રદેશાવગાઢ હોય ત્યારે એક પ્રદેશ ન્યૂન અને બીજો અપેક્ષાએ પ્રદેશ અધિક હોય છે. - x - ઈત્યાદિ આગળ-આગળ બે પ્રદેશાદિ ન્યૂન કે અધિક કહેવા.

સંખ્યાતપ્રદેશિક સૂત્રમાં સંખ્યાત પ્રદેશી સ્કંધ અવગાહના રૂપે દ્વિસ્થાન પતિત હોય છે. તે દ્વિસ્થાનક સંખ્યાતભાગ અને સંખ્યાત ગુણ વડે જાણવા. અસંખ્યાત પ્રદેશી સ્કંધમાં અવગાહનારૂપે ચતુઃ સ્થાનકો હોય છે. તે ચાર સ્થાનક અસંખ્યાત ભાગ, સંખ્યાત ભાગ, સંખ્યાત ગુણ, અસંખ્યાત ગુણ વડે જાણવા. અનંતપ્રદેશી સ્કંધમાં પણ અવગાહનારૂપે ચાર સ્થાનકો જાણવા. - x -

એક પ્રદેશાવગાઢ પુદ્ગલોના કેટલા પર્યાયો છે ? વગેરે સૂત્ર છે. અહીં એક પ્રદેશાવગાઢ પુદ્ગલો દ્રવ્યથી તુલ્ય અને પ્રદેશથી છ સ્થાન પતિત હોય છે. કેમકે અમુક એક પ્રદેશને આશ્રીને રહેલ પરમાણુ આદિ દ્રવ્ય છે, અને આ બીજા એક પ્રદેશને આશ્રીને રહેલ દ્વિપ્રદેશાદિ સ્કંધ પણ દ્રવ્ય છે. માટે દ્રવ્યાર્થરૂપે તુલ્ય છે. પ્રદેશાર્થથી છ સ્થાન પતિત છે. કેમકે અનંતપ્રદેશી સ્કંધની પણ એક પ્રદેશમાં અવગાહનાનો સંભવ છે. એ રીતે સ્થિતિ અને ભાવથી પણ વિચારવું.

જઘન્ય અવગાહનાવાળા દ્વિપ્રદેશી સ્કંધોના પર્યાયો કેટલા છે ? ઈત્યાદિ. દ્વિપ્રદેશીની જઘન્ય અવગાહના એક પ્રદેશરૂપ છે ઉત્કૃષ્ટ દ્વિપ્રદેશરૂપ છે. અહીં વચ્ચે અંતર ન હોવાથી મધ્યમાવગાહના નથી. - x - ત્રિપ્રદેશિક સ્કંધની જઘન્ય અવગાહના એક પ્રદેશરૂપ, મધ્યમ અવગાહના દ્વિપ્રદેશરૂપ, ઉત્કૃષ્ટ અવગાહના ત્રિપ્રદેશરૂપ છે.

ચતુઃપ્રદેશાદિમાં મધ્યમ અવગાહના બે કે તેથી વધુ પ્રદેશરૂપ થશે. તેથી અવગાહનામાં એક કે વધુ પ્રદેશ ન્યૂન-અધિક થાય. યાવત્ દશપ્રદેશીમાં મધ્યમ



અવગાહના સાત પ્રદેશ ન્યૂન કે અધિક થશે.

બાકીનું સૂત્ર સુગમ હોવાથી સ્વયં વિચારવું.

અનંત પ્રદેશી સ્કંધની ઉત્કૃષ્ટ અવગાહનાના વિચારમાં ઉત્કૃષ્ટ અવગાહનાવાળો અનંતપ્રદેશી સ્કંધ તે કહેવાય કે જે સમસ્ત લોકવ્યાપી હોય. તે અચિત્ત મહાસ્કંધ કે કેવલિસમુદ્ઘાતની અવસ્થામાં કર્મસ્કંધ જાણવો. તે બંનેનો પણ દંડ, કપાટ, મંથાન અને અંતર પૂરવા રૂપ ચાર સમયનો કાળ છે. માટે તુલ્ય કાળ છે.

બાકીના સૂત્રો સુગમ હોવાથી પદની સમાપ્તિ પર્યન્ત પૂર્વે કહેલી ભાવનાનુસાર સ્વયં જ ઉપયોગપૂર્વક વિચારવા. પણ જઘન્ય પ્રદેશવાળા સ્કંધો, દ્વિપ્રદેશિક અને ઉત્કૃષ્ટ પ્રદેશવાળા સ્કંધો સર્વોત્કૃષ્ટ અનંતપ્રદેશવાળા જાણવા.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**પદ-૫-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

-- x -- x -- x -- x -- x --

## ભાગ-૨૦ પૂરો થયો

-- o -- o -- o -- o --

# પ્રજ્ઞાપનાસૂત્ર સટીક અનુવાદ

| ભાગનો ક્રમ | | પદોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦ | પદ-૧ થી ૫ |
| ૨ | ૨૧ | પદ-૬ થી ૨૦ |
| ૩ | ૨૨ | પદ-૨૧ થી ૩૬ |

ત્રણ ભાગોમાં આ આગમ વિભાજિત છે.

# આગમ સટીક અનુવાદનું વિભાગીકરણ

| આગમનું નામ | ભાગ ક્રમાંક |
|---|---|
| આચારાંગ | ૧ અને ૨ |
| સૂત્રકૃતાંગ | ૩ અને ૪ |
| સ્થાનાંગ | ૫ થી ૭ |
| સમવાયાંગ | ૮ |
| ભગવતી | ૯ થી ૧૩ |
| જ્ઞાતાધર્મકથા | ૧૪ |
| ઉપાસકદશા, અંતકૃત્‌દશા, અનુત્તરોપપાતિકદશા, પ્રશ્નવ્યાકરણ | ૧૫ |
| વિપાકશ્રુત, ઔપપાતિક | ૧૬ |
| રાજપ્રશ્નીય | ૧૭ |
| જીવાજીવાભિગમ | ૧૭ થી ૧૯ |
| પ્રજ્ઞાપના | ૨૦ થી ૨૨ |
| સૂર્ય/ચંદ્ર-પ્રજ્ઞપ્તિ | ૨૩,૨૪ |
| જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ | ૨૫ થી ૨૭ |
| નિરયાવલિકા પંચક અને પયન્નાસૂત્રો-૧૦+૧ | ૨૮ |
| નિશીથ, વ્યવહાર, બૃહત્કલ્પ દશાશ્રુતસ્કંધ અને જીતકલ્પ | ૨૯ |
| મહાનિશીથ | ૩૦ |
| આવશ્યક | ૩૧ થી ૩૪ |
| પિંડનિર્યુક્તિ, ઓઘનિર્યુક્તિ | ૩૫ |
| દશવૈકાલિક | ૩૬ |
| ઉત્તરાધ્યયન | ૩૭ થી ૩૯ |
| નંદીસૂત્ર | ૪૦ |
| અનુયોગદ્વાર | ૪૧ |
| કલ્પ (બારસા) સૂત્ર | ૪૨ |